ISBN-978-81-973071-9-5
First Edition



**Dr. Jalpaben V. Prajapati** is serving as a Assistant Professor at Maniben M. P. Shah Mahila Arts College, Kadi since 2023. She has 10 years of Teaching Experience. She has completed B.A., M.A. in Economics. She got Gold Medal for first rank in university Exam in Bachelor of Arts, Master of Arts and also she was first rank in Master of Philosophy too. She earns Doctorate degree from Veer Narmad South Gujarat University, Surat. She has published more than 20 research papers in various National, International Journal Edited several books also published research article in UGC care listed journals. She has attended various National, International seminars, conference, workshops, etc. Her interest area is Quantity Method and research methodology and as well as Statistical Package for the Social Sciences (SPSS Software). She fond of various sports games.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com
ISBN 978-81-973071-9-5
9 788197 307195

# Labour Economics



Author
Dr. Jalpaben V. Prajapati

ISBN-978-81-973071-9-5
First Edition

# Labour Economics

**Dr. Jalpaben V. Prajapati**

**“Labour Economics”**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-9-5
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-9-5

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-9-5
First Edition

# Preface

Dear Reader,

Economic Manuscripts states that the book analyzes the economic conditions of the three main classes in modern bourgeois society. The preface also states that the book's views are the result of years of conscientious research.

Labor economics is the study of the labor market's workings and outcomes. It focuses on how employers and employees respond to wages, prices, profits, and working conditions. Labor economics also examines the suppliers of labor services (workers) and the demanders of labor services (employers) to understand the resulting patterns of wages, employment, and income.

Labor economics involves studying all that affects workers before, during, and after their working lives, such as Childcare, Education, Pay and incentives, Fertility Discrimination, Non-work time Pension Reforms Labor economists monitor employment trends, analyze labor force participation, wages, job proliferation, inflation, and other influential factors to assess a nation's economic health.

Labour markets or job markets function through the interaction of workers and employers. Labour economics looks at the suppliers of labour services (workers) and the demanders of labour services (employers), and attempts to understand the resulting pattern of wages, employment, and income. These patterns exist because each individual in the market is presumed to make rational choices based on the information that they know regarding wage, desire to provide labour, and desire for leisure. Labour markets are normally geographically bounded, but the rise of the internet has brought about a 'planetary labour market' in some sectors.

Labour is a measure of the work done by human beings. It is conventionally contrasted with other factors of production, such as land and capital. Some theories focus on human capital, or entrepreneurship, (which refers to the skills that workers possess and not necessarily the actual work that they produce). Labour is unique to study because it is a special type of good that cannot be separated from the owner (i.e. the work cannot be separated from the person who does it). A labour market is also different from other markets in that workers are the suppliers and firms are the demanders.

I am grateful to Prin. Dr. Hina M. Patel (Maniben M. P. Shah Mahila Arts college, Kadi) for her motivation and support.

I especially thanks my parents, Mr. Vishnubhai R. Prajapati and Mrs. Ushaben V. Prajapati for their love, support and blessings. I love them so much, and I would not have made

it this far without them. I am also thankful to my brothers Bhargav and Dipak for theris support. Falguni Soni has been my best friend all my life and I love her dearly and thank her for all her advice and support. I know I always have my family to count on when times are rough.

It is said that **"Behind the Success of Every Man There is the Women's"** But I will have said that **"Behind the Success of Every Women There is the Men's"** I am very thankful to my beloved husband Vivek Prajapati has been a true and great supporter and has unconditionally loved me during my good and bad times. He has been non-judgmental of me and instrumental in instilling confidence.

My special thanks to My Grand Mother In-law Mrs. Bhikhiben S. Prajapati, my Father in-law Mr. Mahendrabhai S. Prajapati and Mother in-law Mrs. Naynaben M. Prajapati for their love and blessing. I'm also thankful to my brother in law Mr. kismat and sister in law Mrs. Namrta K. Prajapati and Miss. Dharini S. Prajapati for their support.

Hence it is a pleasure to acknowledge obligation to all those who were directly or indirectly involved in my dissertation work and have rendered me help.

**Dr. Jalpaben V. Prajapati**

ISBN-978-81-973071-9-5
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | પ્રકરણ – ૧ વિષય પ્રવેશ | 1 |
| 2 | પ્રકરણ – ૨ અભ્યાસ સંબંધિત સંદર્ભ સાહિત્યસમીક્ષા | 33 |
| 3 | પ્રકરણ – ૩ સંશોધન પદ્ધતિ | 57 |
| 4 | પ્રકરણ -૪ જીનીંગ અને પ્રેસિંગ ફેકટરીનો પરિચય અને મજૂરોની સમસ્યાઓ | 76 |
| 5 | પ્રકરણ- ૫ મજુરોના કાયદાઓની જોગવાઈ | 100 |
| 6 | પ્રકરણ-૬ માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ | 109 |
| 7 | પ્રકરણ-૭ અભ્યાસના તારણો, સૂચનો અને મર્યાદાઓ | 172 |
| 8 | સંદર્ભસુચિ | 192 |

ISBN-978-81-973071-9-5
First Edition

# પ્રકરણ – ૧ વિષય પ્રવેશ

## પ્રસ્તાવના

ભારત દેશ આઝાદી પહેલા અંગ્રેજોના શાસનકાળ દરમિયાનથી જ એક ખેતી પ્રધાન દેશ તરીકે ઓળખાય છે. ઘણી બધી ખેતપેદાશોમાંથી નિકાસો થતી હતી, પરંતુ અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ભારતમાં રહેતી અંગ્રેજ સરકારની નીતિઓ દ્વારા ખેતપેદાશો પર આધારિત અને ખેતી સંલગ્ન ગૃહઉદ્યોગ મુશ્કેલીમાં આવ્યા હતા. આઝાદી બાદ કાપડ ઉદ્યોગ એ ભારતમાં સૌથી જુના ઉદ્યોગો પૈકીનો એક છે. ભારતના આર્થિક જીવનમાં કાપડ ઉદ્યોગ એક મહત્વનું સ્થાન ધરાવે છે. વિદેશી હુંડીયામણની કમાણી અને રોજગારીના સંદર્ભમાં આ સેકટરે નોંધપાત્ર યોગદાન આપ્યું છે, અને તે અર્થતંત્રના મુખ્ય આધારો પૈકી દેશ છે અને જંગી કાચી સામગ્રી અને કાપડ મેન્યુફેક્ચરિંગ બેઝ ધરાવે છે. ૨૭% જેટલી વિદેશી હુંડીયામણની કમાણી કાપડ નિકાસ અને કપડા પર આધારિત છે. ભારત વિશ્વમાં કપડા અને ગારમેન્ટનું સૌથી મોટું ઉત્પાદક છે. વિશ્વમાં કુલ સ્પિન્ડલ ક્ષમતામાં આ ઉદ્યોગ લગભગ ૨૪% હિસ્સો ધરાવે છે અને વૈશ્વિક રોટર ક્ષમતામાં તેનો હિસ્સો ૮% છે. કપાસ, ઉન, રેશમ અને શણ જેવી કાચી સામગ્રી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોવાથી અને કૌશલ્ય ધરાવતું શ્રમબળ મળી રહેતું હોવાથી ભારત એક સોર્સિંગ હર્બ બન્યું છે. પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારીના સર્જનની બાબતમાં તથા વિદેશી હુંડીયામણની ચોખ્ખી આવકના સંદર્ભમાં કાપડ ઉદ્યોગ રાષ્ટ્રીય અર્થતંત્રમાં અગ્રીણી યોગદાન આપે છે. આ સેક્ટર ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૪%, કુલ રાષ્ટ્રીય પેદાશ (GDP)માં ૩% અને દેશમાં વિદેશી હુંડીયામણના પ્રવાહમાં ૨૭% હિસ્સો ધરાવે છે. ભારતીય કાપડ ઉદ્યોગ દેશમાં ૩૫ મિલિયન લોકોને પ્રત્યક્ષ રોજગારી આપે છે અને ૧૨ મિલિયન લોકોને પરોક્ષ રોજગારી આપે છે, તથા તે કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતો ઉદ્યોગ છે. તેથી આ ઉદ્યોગમાં એકંદરે વૃદ્ધિ અને વિકાસની સીધી અસર ભારતના અર્થતંત્ર પર પડે છે.

આર્થિક આયોજનના સાત દાયકા પછી પણ બેકારી અને વસ્તી વૃદ્ધિના ભમરડામાં ભારત દેશ સતત ભીંસાતો રહ્યો છે. આ આર્થિક પરિસ્થિતિમાં અર્થતંત્રનાં એક જ વિભાગ દ્વારા ખેતીનો વિકાસ પુરતો નથી આથી ખેતીક્ષેત્રની સાથે ઓદ્યોગિકક્ષેત્રનો વિકાસ પણ આવશ્યક બની રહે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મહેસાણા જિલ્લાના જીનિંગ એકમોનો અભ્યાસ કરી મજુરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મહેસાણા જિલ્લામાં સંગઠિત ઉદ્યોગોમાં કામ કરતા મજુરોની સંખ્યા ઘણી જ વધારે છે. આવા ઉદ્યોગોમાં એન્જિનિયરિંગ, સિમેન્ટ, કેમિકલ અને પોર્ટની અંદર કામ કરતા મજુરોની સંખ્યા વધારે જોવા મળે છે. મહેસાણા, કડી, ઊંઝા, વિજાપુર, વિસનગર તાલુકામાં ઉદ્યોગોમાં કામ કરતા મજુરોની સંખ્યા વધારે જોવા મળે છે. આ ઉદ્યોગો ધીમે ધીમે બંધ થતા મજુરોની સ્થિતિ ઘણી જ કફોડી બની ગઈ છે તથા આ મજુરોનું આર્થિક-સામાજિક જીવનધોરણ ખરાબ થઈ રહેલું જોવા મળે છે. ભ્રષ્ટ અધિકારીઓને કારણે મહેસાણા જિલ્લામાં અલગ અલગ જગ્યાએ ઉદ્યોગો વિસ્તરેલા હોવાથી મજુરોને કાયમી કામ ન મળવાથી

તેઓને બેરોજગારીનો ભોગ બનવું પડે છે જેને કારણે આજે પણ બેરોજગારીનો પ્રશ્ન ઉપસ્થિત થયા કરે છે. આ ઓદ્યોગિક મજુરોનું જીવનધોરણ અને તેઓની સમસ્યાઓને સમજવાનો પ્રયાસ આ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં કરવામાં આવેલ છે.

આમ, ઔદ્યોગિક એકમોમાં મજુરો જે ફાળો આપી રહ્યા છે તેનો લાભ જેટલો ઔદ્યોગિક એકમોને પ્રાપ્ત થાય છે તેટલો મજુરોના કુટુંબને પ્રાપ્ત થતો નથી. આથી ઔદ્યોગિક મજુરોની સમસ્યા ઉદ્ભવી છે અને ૨૧મી સદીમાં પણ ઔદ્યોગિક મજુરો અને તેની સમસ્યા તરફ પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. આજે પણ એટલે કે ૨૧મી સદીમાં ઔદ્યોગિક મજુરોની સમસ્યા તરફ દુર્લક્ષ સેવામાં આવી રહ્યું છે. આથી જ ઔદ્યોગિક મજુરોની સમસ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. આથી પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા જિલ્લામાં કોટન ફેકટરીમાં કામ કરતા મજુરોનો આર્થિક અને સામાજિક અભ્યાસ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં ઔદ્યોગિક મજુરોની રૂબરૂ મુલાકાત લઈને પ્રશ્નાવલી દ્વારા તેઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેના પ્રશ્નો સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને આ પ્રયત્નને લીધે તેઓના ભવિષ્ય વિશે પણ સૂચન રહેલા છે જેને તપાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

**ઉદ્યોગની વ્યાખ્યા**

"સામાન્ય રીતે ઉદ્યોગ એટલે પેઢીઓનો સમુહ."

"ચીજ વસ્તુ, પદાર્થો અને સેવાઓના ઉત્પાદન અંગેની પ્રવૃત્તિ ઉદ્યોગ છે અને જે એકમો તેમનું ઉત્પાદન હાથ ધરે છે તેને ઔદ્યોગિક એકમો કહેવાય છે."

ચીજવસ્તુ અને સેવાઓના ઉત્પાદન માટે જમીન, મૂડી, શ્રમ અને નિયોજક સંચાલન જેવા પરિબળોની વધતા કે ઓછા અંશે જરૂરિયાત રહે છે. કેટલાક ઉદ્યોગો મૂડી પ્રધાન જોવા મળે છે તો કેટલાક ઉદ્યોગો શ્રમપ્રધાન જોવા મળે છે.

'શ્રમપ્રધાન ઉદ્યોગો એટલે કે જ્યાં વધુ પ્રમાણમાં મજુરો જોવા મળતા હોય.' 'મૂડી પ્રધાન ઉદ્યોગ એટલે જ્યાં મૂડી અને યંત્રો, સાધનસામગ્રી તથા મજુરો ઓછા જોવા મળતા હોય.'

ઐતિહાસિક દૃષ્ટિએ ઉદ્યોગોનું મુખ્યત્વે બે જૂથમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

૧. મૂળભૂત કુદરતી કે નૈસર્ગિક ઉદ્યોગો

૨. કારખાના ઉદ્યોગો

૧) પહેલા જૂથના ઉદ્યોગોમાં ચીજ વસ્તુઓના ઉત્પાદન માટે બીજા સાધનો કરતાં કુદરતી સાધન સંપત્તિનો વધુ ઉપયોગ થાય છે અને ઉત્પાદિત પેદાશો મહદ્અંશે મનુષ્યની સીધી વપરાશમાં અથવા તો બીજા ઉદ્યોગમાં કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે.

૨) જ્યારે બીજા જૂથમાં એવા પ્રકારના ઉદ્યોગો છે કે જે નૈસર્ગિક ઉદ્યોગો અને અન્ય કારખાના ઉદ્યોગો પાસેથી મેળવેલા કાચા માલનુ ઉત્પાદન પ્રક્રિયાઓ દ્વારા તેમનું સ્વરૂપ અથવા ગુણધર્મોમાં પરિવર્તન લાવી તેમની ઉપયોગિતા વધે તેવા તૈયાર માલ મુખ્યત્વે યાંત્રિક સહાય દ્વારા બનાવાય છે. આ ઉદ્યોગો કાચો માલનો ઉપયોગ

કરી વપરાશી તૈયાર માલ, મૂડી સર્જક માલ કે વપરાશની ચીજોના ઉત્પાદન માટે જરૂરી યંત્રસામગ્રીનું નિર્માણ કરે છે. યાંત્રિક મદદ, સઘન શ્રમવિભાજન, લાંબા સમય માટે કાયમી ધોરણે ભારે મૂડીરોકાણ, કાચામાલ ઉપર વિવિધ પ્રકારની પ્રોસેસ, મોટાપાયા પર ઉત્પાદન, ઉત્પાદન સ્થળ તરીકે કારખાના વગેરે લાક્ષણિકતાઓ ગણાય છે. ૧૮મી સદીમાં ઓદ્યોગિક ક્રાંતિ થતા કારખાના ઉદ્યોગોનો વિકાસ ઘણો ઝડપી બન્યો છે.

**ભારતમાં કાપડ ઉદ્યોગ- બજારનું કાળ અને વૃદ્ધિ**

કાપડ અને વસ્ત્રોના ઉદ્યોગમાં ટકી રહેવા માટે ક્ષમતાના ત્રણ પાસાં છે: સામાજિક, આર્થિક અને પર્યાવરણીય. વૈશ્વિકરણના કારણે ભારતીય કાપડ ઉદ્યોગ પર હકારાત્મક અસર પડે છે. કાપડનું ઉત્પાદન અને નિકાસ કરતા દેશોએ સ્પિનિંગ અને વિવિંગ ઉપકરણોમાં રોકાણ વધાર્યું છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વિકાસશીલ દેશો ખર્ચની બાબતમાં સ્પર્ધાત્મક ફાયદો ધરાવે છે. છતાં તેઓ વૈશ્વિક ખરીદદારોના ઊંચાં ધોરણોને પહોંચી વળવા માળખાકીય ફેરફારો લાગુ કરી રહ્યા છે.

ભારતીય કાપડ ઉદ્યોગ પુષ્કળ પ્રમાણમાં વૈવિધ્ય ધરાવે છે. હેન્ડ-સ્થન અને હાથેથી વણવામાં આવતું કાપડ સેક્ટર આ સેક્ટરમાં એક છેડે છે, જયારે મૂડી રોકાણ પર આધારિત અત્યાધુનિક મિલ સેક્ટર તેના બીજા છેડે છે. કાપડ સેક્ટરમાં સૌથી મોટો હિસ્સો વિકેન્દ્રિત પાવર લુમ્સ, હોઝયારી અને મીટીંગ સેક્ટરનો છે. કાપડ સેકટરનું કૃષિ સાથે ગાઠ જોડાણ (કપાસ જેવી કાચી સામગ્રી માટે) અને પ્રાચીન સંસ્કૃતિ અને દેશની પરંપરાઓ સાથે તેના સંબંધના કારણે બીજા દેશોના કાપડ ઉદ્યોગની સરખામણીમાં ભારતીય કાપડ ઉદ્યોગ એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ભારતીય કાપડ ઉદ્યોગ ભારત તથા વિદેશમાં અલગ અલગ માર્કેટ સેલિંગમેન્ટ માટે વૈવિધ્ય ધરાવતાં ઉત્પાદનો તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારતીય કાપડ ઉદ્યોગ ટૂંક સમયમાં ૫૦૦ અબજ ડોલરના સ્તરે પહોંચવાની ક્ષમતા ધરાવે છે. આ વૃદ્ધિનો અર્થ એવો થયો કે સ્થાનિક વેચાણ હાલના ૬૮ અબજ ડોલરથી વધીને ૩૧૫ અબજ ડોલર સુધી પહોંચશે સાથે સાથે નિકાસ પણ હાલમાં ૪૧ અબજ ડોલરના સ્તરે પહોંચાશે છેલ્લા પાંચ વર્ષમાં કાપડ ઉદ્યોગમાં રોકાણમાં ભારે વૃદ્ધિ થઇ છે. આ ઉદ્યોગમાં એપ્રિલ ૨૦૦૦ થી સપ્ટેમ્બર ૨૦૧૫ વચ્ચે ૧.૭૭ અબજ ડોલરનું સીધું મૂડી રોકાણ (FDI) કરવાયું હતું.

મેન મેડ ફાઈબર્સ (એમ. એમ. એફ.) નું આગમન એ ભારતીય કાપડ ઉદ્યોગમાં સૌથી મહત્વનું પરિવર્તન હતું. ભારતે વિશ્વના લગભગ દરેક દેશોમાં પોતાના એમ. એમ. એફ. કાપડની નવીનતા સભર રેન્જ પ્રસ્થાપિત કરી છે. એમ. એમ. એફ.ના ઉત્પાદનમાં ૧૦%ના દરે વધારો થયો હતો અને ફેબ્રુઆરી ૨૦૧૪ મહિનામાં ફિલામેન્ટ યાર્ન ઉત્પાદનવૃદ્ધિ નોંધાઈ હતી. એપ્રિલ ૨૦૧૩ થી ફેબ્રુઆરી ૨૦૧૪ વચ્ચે એમ. એમ. એફ. ઉત્પાદન લગભગ ૯% જેટલું વધ્યું હતું.

ISBN-978-81-973071-9-5
First Edition

## કાપડની નિકાસ

અગાઉના વર્ષની સરખામણીમાં ૨૦૧૩માં વૈશ્વિક કાપડ ઉદ્યોગોમાં ભારતનો હિસ્સો ૧૭.૫% વધ્યો હતો. વર્તમાન સમયમાં વિશ્વમાં ભારતની કાપડ નિકાસ ૨૦.૨ અબજ ડોલર છે. ભારતની સાથે સરખામણી કરીએ તો વૈશ્વિક કાપડ વૃદ્ધિદર માત્ર ૪.૭% હતો તેથી ભારતે ૨૩%ની વૃદ્ધિ સાથે જોરદાર દેખાવ કર્યો કહેવાય છે. તેની સરખામણીમાં ચીન અને બાંગ્લાદેશે અનુક્રમે ૧૧.૪% અને ૧૫.૪% વૃદ્ધિ નોંધાવી હતી.

કુલ વૈશ્વિક કાપડ નિકાસ ૭૭૨ અબજ ડોલરની હતી જેમાં ભારત ૫.૨% હિસ્સો ધરાવે છે. કાપડ નિકાસમાં ભારતનો હિસ્સો વધ્યો તેના માટે મુખ્યત્વે એપેરલ અને તૈયાર વસ્ત્રોના સેક્ટરની વૃદ્ધિને જવાબદાર ગણી શકાય કારણકે તે લગભગ ૪૩% જેટલો હિસ્સો ધરાવે છે. વસ્ત્રોની નિકાસના રેન્કમાં પણ સુધારો થયો છે અને ભારત ૨૦૧૨માં આઠમાં ક્રમે હતું તે ૨૦૧૩માં છઠા ક્રમે પહોંચ્યું છે. ૨૦૧૩માં ભારતની વસ્ત્રોની નિકાસ ૧૫.૭ અબજ ડોલરની હતી જયારે ૨૦૧૨માં નિકાસ ૧૨.૯ અબજ ડોલરની નોંધાઈ હતી અને ૨૦૨૦માં ૮૦ મિલિયન થયું છે. વસ્ત્રોની નિકાસ કરતા ટોચના પાંચ સપ્લાયર્સમાં વિયેતનામને બળ કરતા ભારતમાં વસ્ત્રોની નિકાસનો વૃદ્ધિદર ૨૦૧૩માં ૨૧.૮% વૃદ્ધિ સાથે થયો હતો. વૈશ્વિક રેડીમેડ ગારમેન્ટ નિકાસમાં ભારતીય નિકાસનો હિસ્સો ૩.૭% હતો.

## કાપડના પ્રકારો

'ટેક્સટાઇલ' શબ્દ – સુતરાઉ, રેશમ, સીફ્રોન, લેસ વગેરે સુંદર વસ્ત્રોની છાપ લઈને આવે છે. આવાં મોટા દેશોની મહિલાના શરીરને વીંટાયેલા હોય કે પછી આપણી રાણીઓ અને રાજકુમારીઓ દ્વારા પહેરાતાં સુંદર પોશાક હોય વસ્ત્રો હંમેશા વ્યક્તિના જીવનનો અંતર્ગત હિસ્સો રહ્યો છે. વિવિધ યુગોમાં વિવિધ પ્રકારના કપડા પહેરાર્યા છે. જેમાં રૂ, શણ અને સિલ્ક કુદરતી રેસાઓથી માંડીને રેયોન, રીફ્રોન અને મુસલીન જેવા માનવ સર્જિત રેસાઓથી બનેલા કપડાનો સમાવેશ થાય છે.

## ટકાઉ હસ્તકળા

હસ્તકળા અને હાથશાળની ચીજવસ્તુઓની બનાવટ ઘણા બધા સ્થળ સાથે સંકળાયેલી ખાસિયત હોવાથી સરકાર તરફથી મેગા હેન્ડલુમ કાલ્સટર્સ સ્કીમ ચલાવવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ કોઈ એક સ્થળે એકત્ર થયેલા ધંધામાં સંકળાયેલા કારીગરો કૌશલ્ય સંવર્ધન, માળખાગત સુવિધાઓ, કાચા માલની ઘેર બેઠા ખરીદીનો વ્યવહાર, બજાર પ્રવાહની ઉત્તમ અને સમયસર માહિતી વગેરેનો પ્રબંધ કરવામાં આવે છે. લાખો વણકરની આજીવિકા આ ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી તેમનું જીવનસ્તર ઉન્નત બનાવવા માટે આવો બૌદ્ધિક તથા આર્થિક હસ્તક્ષેપ જરૂરી છે. પરિણામે ૭ ઓગસ્ટ રાષ્ટ્રીય હાથશાળ દિવસ પ્રસંગે વણકર સમાજના કૌશલ્ય સંવર્ધન માટે વસ્ત્ર મંત્રાલય દ્વારા ઉચ્ચ તાલીમના કરાર કરવામાં આવ્યા છે. જ્ઞાન, વહેંચણી, અનુભવના વિનિમય અને રંગ ડીઝાઇનની પરંપરાની માહિતી અલગ અલગ સ્થળે વસતા વણકર સમાજમાં વિનિમય પામે તે સરકારની ગણતરી છે.

## ખાદી આધુનિક ભારતનું નિર્માણ

ખાદીનું ઉત્પાદન દુનિયામાં સૌથી મોટી ગ્રામીણ ઉત્પાદકતાનો કાર્યક્રમ છે. જેમાં હજારો કુટુંબો પોતાના ઉત્પાદનો, વચેટિયા કે જટિલ માર્કેટિંગ વિના સીધા ગ્રાહકો સુધી પહોંચાડતા હતા. તે ગ્રામીણ સમુદાયોને તેમના પ્રયાસોનું ઊંચું મુલ્ય પ્રદાન કરે છે, ત્યારે ગ્રાહકોને નાણાંના બદલામાં શ્રેષ્ઠ મુલ્ય આપે છે. એક રાષ્ટ્ર માટે તે અમુલ્ય વારસાગત અસ્કયામત છે.

ભારતમાં કે.વી.આઈ.સી.ના ઉદેશો અને કાર્યક્રમોનો અમલ કરવા ૫૦૦૦ થી વધારે સંસ્થાઓ અને ૩.૨૦ લાખથી વધારે સુક્ષ્મ ઉદ્યોગ સાહસિકોનું બહોળું નેટવર્ક કામ કરે છે. ભારતમાં કે.વી.આઈ.સી. હેઠળ ૧ કરોડથી વધારે વ્યક્તિઓ ઉત્પાદન કામગીરી મુખ્યત્વે મહિલા કેન્દ્રિત છે અને ખાદીની કાળમાં ૮૦% થી વધારે મહિલાઓ છે. ગ્રામીણ ઉદ્યોગ કાર્યક્રમમાં મહિલાઓનો હિસ્સો ૩૦% છે. ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ ક્ષેત્રનું ટનઓવર રૂ. ૪૦,૦૦૦ કરોડ છે, જેમાંથી ૪૦% આવક આજીવિકાના સહકાર તરીકે ગ્રામીણ સમુદાયોની ખાદી પ્રવૃત્તિ હેઠળ પરત મળે છે. (KYC- આપણા ગ્રાહકોને જાણવા)

## ભારતમાં ટેક્સટાઇલ

ટેક્સટાઇલની નિકાસ વર્ષ ૨૦૧૫માં ૮.૬ અબજ ડોલર હતી, જે વર્ષ ૨૦૧૭માં વધીને ૯.૩ અબજ ડોલર થવાની શક્યતા છે. ટેકનીકલ ટેક્સટાઇલ ઉદ્યોગ એવો છે, જેમાં એપ્લિકેશન અને ટેકનોલોજી સતત બદલાય છે અને એટલે નિકાસના પ્રવાહમાં પણ ફેરફાર થાય છે. ઉત્તર અમેરિકા ટેક્નિકલ ટેક્સટાઇલનું સૌથી મોટું ઉપભોક્તા છે, કારણ કે ત્યાં તેનો ઉપયોગ કરતાં ઉદ્યોગની હાજરી છે. ભારત કેનેડામાં ટેક્નિકલ ટેક્સટાઇલની નિકાસમાં તકો શોધી શકે છે, જેની સાથે વિસ્તૃત આર્થિક ભાગીદારો સમજુતી (સી.ઈ.પી.એ.) પર વાટાઘાટા થઇ છે. ટેક્નિકલ ટેક્સટાઇલ ભારતના ટેક્સટાઇલ ઉદ્યોગની અંદર સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતાં ક્ષેત્રોમાંનો એક છે. અત્યારે દુનિયામાં ટેક્નિકલ ટેક્સટાઇલ કુલ વપરાશનો આશરે ૯% હિસ્સો ભારતમાં બને છે. આઇ.ટી.એ. ટેક્નિકલ ટેકસસ્ટાઈલ ક્ષેત્રમાં ભારતનો બજાર હિસ્સો વર્ષ ૨૦૧૩માં ૧૧.૬ અબજ ડોલર હતો, જે વર્ષ ૨૦૧૭માં ૨૬ અબજ ડોલર થયેલ છે તથા ૨૦૨૦ દરમ્યાન ૮૦ મિલિયન થવાની અપેક્ષા છે.

## સિલ્ક કાપડ ઉદ્યોગ

ભારત- વિશ્વમાં બીજા ક્રમનો મોટો સિલ્ક ઉત્પાદક દેશ હોવા છતાં સિલ્કના વૈશ્વિક વેપારમાં ભારતીય સિલ્ક નિકાસનો બજાર હિસ્સો નોંધપાત્ર નથી (૧૦% થી ઓછો). આનું કારણ એ છે કે ભારતમાં ઉત્પાદન થતાં સિલ્કમાંથી ૮૫%નું વેચાણ દેશમાં જ થાય છે. આમ ભારતમાં સિલ્કની ચીજોનું વિશાળ બજાર છે. જોકે, નિકાસમાં ૧૫૫ હિસ્સો વેલ્યુએડેડ ચીજો સહિત તમામ પ્રકારના સિલ્ક ગુડ્ઝ જેમ કે નેચરલ સિલ્ક યાર્ન, સિલ્ક ફેબ્રિકસ, રેડીમેડ ગારમેન્ટસ,સિલ્ક કાર્પેટસ અને સિલ્ક વેસ્ટસનો સમાવેશ થાય છે. ભારતની સિલ્ક ચીજોની અમેરિકા, યુરોપિયન દેશો જેવા પરંપરાગત બજારો અને એશિયાના નાના

ISBN-978-81-973071-9-5
First Edition

બજારોમાં સિલ્ક ચીજોની ઘટતી માંગને કારણે આટલાં વર્ષોમાં સિલ્ક ચીજોની નિકાસ કમાણીમાં ઘટાડો થયો છે. ૨૦૧૫-૧૬માં નિકાસ કમાણી રૂ. ૨૪૯૫.૯૯ કરોડ થઇ હતી. ૧૧મી યોજના તેમજ ૧૨મી યોજનાના પ્રથમ ચાર વર્ષ દરમિયાન સિલ્ક ચીજોની નિકાસ દર્શાવવામાં આવી છે.

**શણ ક્ષેત્ર**

શણ ઉદ્યોગ? ભારતીય અર્થતંત્રમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ભારત શણ અને શણની બનાવટોનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે એટલું જ નહિ બાંગ્લાદેશ પછીનો બીજા નંબરના નિકાસકાર દેશ તરીકે ભારતની ગણના થાય છે. શણ ઉદ્યોગ લગભગ ૦.૩૭ લાખ લોકોને પ્રત્યક્ષ રોજગારી પૂરી પાડે છે અને આસપાસના ચાર મિલિયન ખેડૂતો? આજીવિકાનો આધાર શણ ઉદ્યોગ આપે છે. તેની ઢીલાશ, લંબાઈ, ચમક અને તેની મોટા પ્રમાણમાં માંગ છે. કપાસ પછીની બીજા નંબરની સૌથી મોટી શણની બનાવટો તેની વૈવિધ્યતાને કારણે છે. ચટાઈ, પડદા, ખુરશી, કાર્પેટ, કપડામાં વણાયેલા કાંતન, સુતરી, દોરડા, દોરડા બનવાનું સસ્તું કાપડ, કેનવાસ, બેઠકની ગાદી ઘરનું રાચરચીલું, ચપ્પલ વગેરે શણની બનાવટોની દેશ-વિદેશમાં ઘણી મોટી માંગ છે.

આથી કહી શકાય છે વિશ્વમાં કપાસનું મહત્વ વિશેષ જોવા મળે છે જેનો પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**અભ્યાસ ક્ષેત્રનો પરિચય**

**ગુજરાતનો પરિચય**

ગુજરાત એ ભારતના પશ્ચિમ છેડે આવેલું રાજ્ય છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે. ગુજરાતનું સૌથી મોટું શહેર અમદાવાદ છે. ગુજરાત એ ભારતનું ઔદ્યોગિક વિકસિત રાજ્ય છે. ગુજરાત રાજ્યનું નામ ગુજ્જરો પરથી પડ્યું છે. જેમણે અહી ૭૦૦ થી ૮૦૦ વર્ષો દરમિયાન રાજ્ય કર્યું હતું. તેથી ગુજરાતનું પ્રાચીન નામ કાઠીયાવાડ, ગુર્જરદેશ, સૌરાષ્ટ્ર અને લાટ છે. ગુજરાત રાજ્યની સ્થાપના ૧,મે ૧૯૬૦ના રોજ બૃહદ મુંબઈમાંથી ગુજરાતી બોલતા વિસ્તારો અલગ પાડીને કરવામાં આવી છે. આ રાજ્ય સિંધુ ખીણ સંસ્કૃતિના પુરાતન અવશેષોની પ્રમુખ જગ્યાઓ ધરાવે છે. જેમ કે લોથલ અને ધોળાવીરા. ગુજરાતે ભારતને મોરારજી દેસાઈ અને નરેન્દ્રભાઈ મોદી જેવા સિદ્ધાંતવાદી અને રાષ્ટ્રીયપ્રેમી વડાપ્રધાન પણ આપ્યા છે. તે ઉપરાંત સરદાર પટેલ કે જે ભારતના પ્રથમ ગૃહમંત્રી હતા. જેમણે ભારતના ૫૬૨ કરતા પણ વધુ રજવાડાઓનું એકત્રીકરણ કર્યું હતું. સમગ્ર ભારતના ઇતિહાસમાં ગુજરાતે ભારતના આર્થિક વિકાસમાં ખુબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે. ગુજરાત વિકસિત રાજ્યોમાનું એક ઔદ્યોગિક રાજ્ય છે જેનો ઔદ્યોગિક વિકાસ દર ૭૭% છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## ભૌગોલિક દ્રષ્ટીએ

ગુજરાત રાજ્યોના વિસ્તાર ૧,૯૬,૦૨૪ ચો. કિમી કે જે ભારતના છઠ્ઠા ક્રમાંકે આવે છે. ગુજરાત રાજ્ય ૨૬.૬ ઉત્તર અક્ષાંશથી ૨૪.૪૨ ઉત્તર અક્ષાંશ અને ૬૮.૧૦ પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો ભાગ ગુજરાત તરીકે ઓળખાય છે. ગુજરાતના વિસ્તારમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કુલ ૩૩ જિલ્લાઓ અને ૨૪૯ તાલુકા છે. જેમાં કચ્છ જિલ્લો સૌથી મોટો છે અને ડાંગ જિલ્લો સૌથી નાનો છે. કચ્છ જિલ્લો ઓછી વસ્તી-ગીચતા ધરાવે છે. જયારે ગુજરાત રાજ્યનો સુરત જિલ્લો સૌથી વધુ વસ્તી ગીચતા ધરાવે છે. ગુજરાત રાજ્ય બધા રાજ્યો કરતા સૌથી વધુ લાંબો દરિયાકિનારો ધરાવે છે જેની લંબાઈ ૧૬૦૦ કી.મી. છે. ગુજરાત રાજ્યમાં કુલ ૪૦ બંદરો છે. જેમાં કંડલા બંદર સૌથી મોટું અને જુનું છે ગુજરાતના મુખ્ય પાકો કપાસ, મગફળી, બાજરી, શેરડી, અને તમાકુ છે આ ઉપરાંત જુવાર ઘઉં, ડાંગર વગેરે પાકો પણ થાય છે.

## કુલ વસ્તી

વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યની કુલ વસ્તી ૬,૦૪,૩૯,૬૯૨ છે. જેમાં ૩,૪૬,૯૪,૬૦૯ ગ્રામ્ય અને ૨,૫૭,૪૫,૦૮૩ શહેરી વસ્તી છે.

## સાક્ષરતાનું પ્રમાણ

ગુજરાત રાજ્યમાં ૨૦૧૧માં સાક્ષરતા દર ૭૮.૦૩% છે. જેમાં ૮૫.૧૫% પુરુષોનો દર અને સ્ત્રીઓનો દર ૬૯.૬૮% છે.

## વસ્તીગીચતા

ગુજરાતમાં દર ચોરસ કિમીએ વસ્તીનું પ્રમાણ ૩૯૧.૪૫ છે.

## જાતિનું પ્રમાણ

ગુજરાતમાં ૨૦૧૧માં દર હજાર પુરુષોએ ૯૧૯ સ્ત્રીઓ છે. જે રાષ્ટ્ર કરતાં ઘણું ઓછુ ગણી શકાય.

## વસ્તી વૃદ્ધિ દર

ભારતમાં ૨૦૧૧ થી વસ્તીવૃદ્ધિ દર ૧૭.૬૪% છે. ગુજરાતમાં વસ્તીવૃદ્ધિ દર ૧૯.૨% છે વર્ષ ૨૦૧૪માં દુનિયાના ૧૮૮ દેશોમાં HDI માં ૦.૬૦૯ આંક સાથે HDIમાં ભારતનો ક્રમ ૧૩૦મો છે. જયારે ગુજરાતનો ક્રમ ભારતના બધા રાજ્યોમાં ૧૧મો છે. (સંદર્ભ જનરલ નોલેજ ૨૦૧૭)

## ગુજરાતની આબોહવા

ગુજરાત મોસમી આબોહવા વાળો પ્રદેશ છે. ગુજરાત રાજ્યમાં ઉત્તર ભાગમાંથી કર્કવૃત પસાર થાય છે. કચ્છ અને બનાસકાંઠા જિલ્લાએ રણપ્રદેશો છે. ગુજરાત રાજ્યમાં દરિયાકિનારાના પ્રદેશોમાં દરિયાઈ આબોહવા અનુભવાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## ગુજરાતનાં સ્થાન, સીમા અને વિસ્તાર:

**સ્થાન** : ભારતના પશ્ચિમ ભાગમાં, અરબ સાગરના કિનારે

**અક્ષાંશ** : ૨૦° ૧' થી ૨૪° ૪' ઉત્તર અક્ષાંશ

**રેખાંશ** : ૬૮° ૪' થી ૭૪° ૪' પૂર્વ રેખાંશ

**કર્કવૃત્ત** : રાજ્યના ઉત્તર ભાગમાંથી (પ્રાંતિજ અને હિંમતનગર વચ્ચેથી) પસાર થાય છે.

**કટિબંધ** : રાજ્યનો મોટો ભાગ ઉષ્ણ કટિબંધમાં

**ક્ષેત્રફળ** : ૧,૯૬,૦૨૪ ચોરસ કિ.મી.

**ઉત્તર-દક્ષિણ લંબાઈ** : ૫૯૦ કિ.મી.

**પૂર્વ-પશ્ચિમ પહોળાઈ** : ૫૦૦ કિ. મી.

**સીમા** : ઉત્તર સરહદે કચ્છનું મોટું રણ અને પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ, ઈશાન સરહદે રાજસ્થાન રાજ્ય, પૂર્વ સરહદે મધ્ય પ્રદેશ રાજ્ય, અગ્નિ અને દક્ષિણ સરહદે મહારાષ્ટ્ર રાજ્ય અને પશ્ચિમ સરહદે અરબ સાગર.

**દરિયાઈ સીમા** : ૧,૬૦૦ કિ.મી.

**અખાત** : પશ્ચિમે કચ્છનો અખાત અને દક્ષિણે ખંભાતનો અખાત

**મહાબંદર** : કંડલા (મુક્ત વ્યાપારક્ષેત્ર)

**મધ્યમ કક્ષાના બંદરો**: માંડવી, નવલખી, બેડી, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર, સિક્કા, સલાયા અને મગદલ્લા

**વિકસતા બંદરો** : વાડીનાર, પીપાવાવ, દહેજ

**આંતરરાષ્ટ્રીય હવાઈ મથક** : અમદાવાદ

**અન્ય હવાઈ મથકો**: રાજકોટ, ભુજ, જામનગર, ભાવનગર, વડોદરા, કેશોદ, પોરબંદર, સુરત, કંડલા

**રેલવે માર્ગ** : ૫, ૬૫૬ કિ. મી.

**સડક માર્ગ** : ૭૨,૧૬૫ કિ. મી.

**ઔદ્યોગિક વસાહતો** : ૧૭૧

## વિવિધ ખેત પેદાશોમાં ગુજરાત

વિવિધ ખેતી જેવી કે ડુંગરી, બટાકા, કેળા, તથા એરંડા જેવા પાકોની ઉત્પાદકતામાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન ધરાવે છે જયારે મગફળી, સરસવ, કપાસ, ઈસબગુલ, તમાકુ તથા ચીકુ જેવા પાકોની ઉત્પાદકતામાં સમગ્ર ભારતમાં ગુજરાત બીજા ક્રમે આવે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## કપાસના ઉત્પાદનમાં ગુજરાતનું સ્થાન

૧૯૯૭-૯૮ના અંતે ગુજરાતમાં કપાસ હેઠળનો વિસ્તાર ૧૫૨૬ હાજર હેકટર હતો. ભારતમાં કપાસ હેઠળના વિસ્તારનો ગુજરાતનો ટકાવારી હિસ્સો ૧૬.૯૨% જેટલો જોવા મળે છે. ગુજરાતમાં કપાસનું ઉત્પાદન પણ સમગ્ર ભારત કરતા ઊંચું જોવા મળે છે. સમગ્ર ભારતમાં ગુજરાતનો કપાસનો ઉત્પાદનનો હિસ્સો ૨૧.૯૯% રહેલો છે. જયારે આ પ્રમાણ ભારતમાં ૧૨૭૭૪ હાજર ગાંસડીનું રહેલું હતું.

## મહેસાણા જિલ્લાનો પરિચય

"ગામઠી ભાષામાં મેહોણા અને સામાન્ય રીતે મેં'સાણા તરીકે ઓળખાતો મહેસાણા જિલ્લો ઉત્તર ગુજરાતમાં આવેલો છે. જિલ્લાનું નામ ધરાવતું મહેસાણા શહેર જિલ્લાનું વડુમથક છે. ૨૩.૧૫° ઉત્તર અક્ષાંશ અને ૭૨.૦૯° થી ૭૨.૨૬° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ મહેસાણા જિલ્લામાંથી કર્કવૃત્ત પસાર થાય છે.

**૧.૧ મહેસાણા જિલ્લાનો નકશો**




મહેસાણા જિલ્લાની ઉત્તર દિશાએ બનાસકાંઠા, દક્ષિણે અમદાવાદ- ગાંધીનગર, પૂર્વે સાબરકાંઠા અને પશ્ચિમે પતન જિલ્લો આવેલો છે. મહેસાણા જિલ્લામાં કુલ નવ તાલુકા આવેલા છે. જેમાં મહેસાણા, વિજાપુર, કડી, જોટાણા, બેચરાજી, વિસનગર, વડનગર, ખેરાલુ, ઊંઝા અને સતલાસણાનો સમાવેશ થાય છે. જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૪૪૮૪.૧૦ ચોરસ કી.મી. છે. જિલ્લામાં કુલ વસ્તી ૨૦,૨૭,૭૨૭ (૨૦૧૧ની વસ્તી ગણતરી) છે. જેમાં ૮૪.૨૬% લોકો શિક્ષિત છે. જિલ્લાની યશકલગીમાં અનેક પીંછાઓ છે. "જેમાં પ્રાચીન કલા સંસ્કૃતિના બેસુમાર અવશેષો, શિલ્પ સ્થાપત્યો, નર્તન, ભવાઈ અને સંગીતના ઉદગમસ્થાનો શ્વેતક્રાંતિની ધરોહર, પ્રયોગશીલ ખેતી, સહકારી પ્રવૃત્તિ, પશુપાલન, કુદરતી વાયુ અને તેલનો અખૂટ ભંડાર અને એશિયાભરમાં ખ્યાત નામ ધરાવતા ઊંઝાના ખેતીવાડી ઉત્તપન્ન બજારનો સમાવેશ થાય છે.

### મહેસાણા નગર (ગામ)ની સ્થાપના

"અલ્લાઉદીન ખીલજીએ ગુજરાત પર ચઢાઈ કરી વઘેલા વંશના છેલ્લા રાજા કરણસિંહ વાઘેલાને યુદ્ધમાં હરાવી ગુજરાત અને હિન્દુઓની પરંપરાગત રાજધાની અણાહીલવાડ પાટણમાં પોતાની રાજ્યસત્તા સ્થાપી. આથી પુજાજી ચાવડાનું ધારાપુર રાજ્ય અલ્લાઉદીન ખીલજીએ તેમને પોતાના રાજ્યના સેનાપતિ બનાવ્યા. આ સમયે અણાહીલવાડ પાટણમાં જુદી-જુદી નવ ઠકરાતો ચાલતી હતી. આ ઠકરાતો ના ત્રાસથી અલ્લાઉદીન ખીલજીએ એવી જાહેરાત કરી કે જે કોઈ આ બહારવડીયોનો નાશ કરશે તેને આ અણાહીલવાડ પાટણનો પ્રદેશ આપવામાં આવેશે. આ કામ બહાદુર અને હોંશિયાર પુજાજીએ હાથમાં લીધું. તેમણે ૧૬૦૦૦ સૈનિકો સાથે અંબાસણમાં પડાવ નાખી સૌ પ્રથમ ડભલામાં દેહવિહાલને, ગોઝારીયામાં મહિપાલ વિહાલને, અંબોડા ગમે અખેરાજને, લોડરમાં લાલવિહાલને, વરસોડા ગામે વચ્છરાજ હિલને, અનોડીયા ગામે ઉદેરાજને અને ડાંગરવા ગામે ડાગળ વિહાલને મારીને સાત ઠકરાતો જીતી ગયા. પરંતુ તેઓ પીલવાઇના જોધાઓ અને વડોસણના ધંધુમલને જીતી ન શકતા લાચારીવશ તે પાછા અણાહીલવાડ પાટણ અલ્લાઉદીન ખીલજી પાસે આવ્યાં. સાત ઠકરાતોને ભોય ભેગી કરીને પુજાજી આવ્યાં હોવાથી અલ્લાઉદીન ખીલજીએ ખુશ થઇ વિહલવાડનો આખો પ્રદેશ ભેટમાં આપ્યો. તે ઉપરાંત કેટલાક ગામો બક્ષિસ તરીકે આપ્યા. પુજાજી ચાવડાએ અંબાસણ મુકામે ગાદી કરી ત્યાં જ રાજધાની સ્થાપી. ૪૬ વર્ષ રાજ્ય કરી પુજાજી ચાવડા અવસાન પામ્યા.

આ પુજાજી ચાવડાને બે પુત્રો (૧) મેસાજી ચાવડા અને (૨) વણવીરજી ચાવડા. આમાં મેસાજી ચાવડાએ વિક્રમ સવંત ૧૪૧૪ એટલે કે ઈ.સ. ૧૩૮૫માં ભાદરવા સુદની દશમે તોરણવાળી માતાની સ્થાપના કરી મહેસાણા ગામનો પાયો નાખ્યો હતો. તે પછી ગામના વસવાટનું તોરણ બાંધવામાં આવ્યું. આ મેસાજી ચાવડાના નામ પરથી શહેર (ગામ)નું નામ મેં'સાણા થયું અને પછી ધીરે ધીરે મહેસાણા નામ થયું."

### આઝાદ ભારતનો મહેસાણા જિલ્લો:

"૧૪મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ અખંડ ભારતના બે ભાગ ભારત અને પાકિસ્તાન નામે બે દેશ અલગ થયા અને ૧૪મી ઓગષ્ટ પાકિસ્તાન અને ૧૫મી ઓગષ્ટ ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયો. આઝાદી પછી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ દેશના ૫૬૨ દેશી રજવાડાઓને અખંડ ભારતમાં જોડવા એકમત કર્યા. જેમાં વડોદરા રાજ્ય ગાયકવાડ સરકારનો પણ સમાવેશ થયો હતો. આથી આઝાદ ભારતના મહેસાણા જિલ્લા પર હવે કોઈ રાજાનું શાસન ન રહ્યું. પણ મહેસાણા પ્રાંત હવે મહેસાણા જિલ્લા તરીકે બૃહદ મુંબઈ રાજ્યનો એક હિસ્સો બન્યો. આ વખતે મહેસાણા પ્રાંતના પેડામહાલ અંતરસૂબાનો સમાવેશ ખેડા જિલ્લામાં કરવામાં આવ્યો."

### અલગ ગુજરાત રાજ્યનો મહેસાણા જિલ્લો

૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાતી ભાષાવાળા ભારતના પશ્ચિમી પ્રદેશને બૃહદ મુંબઈ રાજ્યથી અલગ ગુજરાત રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. અલગ ગુજરાત રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓમાંથી મહેસાણાને એક જિલ્લો બનાવવામાં આવ્યો. આ મહેસાણા જિલ્લામાં મહેસાણા, પાટણ, કલોલ, માણસા, વિજાપુર,

ISBN-978-81-973071-9-5
First Edition

વિસનગર, ઊંઝા, સિદ્ધપુર, સમી, હારીજ, ચાણસ્મા, ખેરાલુ, વડનગર, સતલાસણા, બેચરાજી જેવા મુખ્ય શહેરોનો સમાવેશ થતો હતો. જેનું વડુ મથક જિલ્લાનું નામ ધરાવતું મહેસાણા શહેર હતું.

## મહેસાણાનું વિભાજન

સમુદ્રની સપાટીથી ૨૬૫ ફુટની ઊંચાઈએ આવેલા અને ૨૦.૨૭ લાખ જનસંખ્યા ધરાવતા મહેસાણા જિલ્લાનું છેલ્લા પાંચ દાયકા દરમિયાન બે વખત વિભાજન થયું છે. સૌ પ્રથમ ૧૯૬૪ દરમિયાન મહેસાણા જિલ્લાનું વિભાજન કરી કલોલ અને માણસા જેવા મુખ્ય શહેરોને નવનિર્માણ પામેલા ગાંધીનગર જિલ્લામાં સમાવવામાં આવ્યાં. ત્યારબાદ ૨ ઓક્ટોબર ૧૯૯૭માં રાષ્ટ્રીય જનતા પાર્ટીની સરકાર સમયે મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ મહેસાણા જિલ્લાના ઉત્તર-પશ્ચિમી આંતરિયાળ વિસ્તારોનો વિકાસ માટે અલગ પાટણ જિલ્લાની જાહેરાત કરી અને મહેસાણા જિલ્લાના સિદ્ધપુર, સમી, ચાણસ્મા અને હારીજના વિસ્તારોને પાટણ જિલ્લામાં સમાવવામાં આવ્યાં. જેનો અમલ વર્ષ ૨૦૦૦માં થયો. આ સિવાય મહેસાણા જિલ્લામાં ખેરાલુ તાલુકાનું વિભાજન કરી સતલાસણા અને વડનગર બે નવા તાલુકાઓ બનાવવામાં આવ્યાં. ઉપરાંત બેચરાજીનો તાલુકો ચાણસ્મા પણ પાટણ જિલ્લામાં સમાવતાં બેચરાજીને પણ નવો તાલુકો બનાવવામાં આવ્યો.

આમ ૧૯૯૭માં મહેસાણા જિલ્લાનું વિભાજન થતાં ચાર નવા તાલુકા અને પાંચ જુના તાલુકાઓ મળી કુલ નવ તાલુકા વર્તમાન સમયે અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૨માં રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કરેલી જાહેરાત અનુસાર જિલ્લાના મહેસાણા અને વિસનગર તાલુકાઓમાંથી અલગ ગોઝારીયા અને જોટાણા તાલુકાઓ બનાવામાં આવ્યાં. જેનો અમલ ૧૫ ઓગસ્ટ ૨૦૧૩થી થયો. પરિણામે મહેસાણા જિલ્લો ભવિષ્યમાં અગિયાર તાલુકાઓ ધરાવતો હશે.

## વર્તમાન મહેસાણા જિલ્લાનો પરિચય

મહેસાણા તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો મહત્વનો તાલુકો છે.  મહેસાણા આ જિલ્લા તેમ જ તાલુકાનું મુખ્ય મથક છે. ૧૯૯માં મહેસાણા જિલ્લાનું વિભાજન થયા બાદ ૨૦૧૩થી મહેસાણા જિલ્લો કુલ ૧૦ તાલુકામાં વહેંચાયેલો છે. જેમાં મહેસાણા, કડી, જોટાણા, બેચરાજી, વિજાપુર, વિસનગર, વડનગર, ઊંઝા, ખેરાલુ અને સતલાસણા તાલુકાઓનો સમાવેશ થાય છે. આમ ૧૯૯૭માં મહેસાણા જિલ્લાનું વિભાજન થતાં પાંચ નવા તાલુકા અને પાંચ જુના તાલુકાઓ મળી જિલ્લામાં કુલ દસ તાલુકા વર્તમાન સમયે અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન મહેસાણા જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૫૬૦૦ ચો.કિ.મી. છે. મહેસાણા જિલ્લો ૨૩.૧૫° થી ૨૩.૫૩° ઉત્તર અક્ષાંશ અને ૭૨.૦૬° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. જિલ્લાની કુલ વસ્તી ૨૦,૨૭,૭૨૭ (૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે) છે. ઉત્તર સરહદમાં બનાસકાંઠા જિલ્લો છે અને પશ્ચિમમાં પાટણ જિલ્લાની સરહદ છે. દક્ષિણમાં અમદાવાદ જિલ્લા અને દક્ષિણ-પૂર્વમાં ગાંધીનગર જિલ્લા છે. પૂર્વમાં સાબરકાંઠા જિલ્લો છે.

મહેસાણામાં ઘણી મોટી શૈક્ષણિક સંસ્થાઓની હાજરી છે શહેરથી ૧૦ કિમી દૂર આવેલા ગણપત યુનિવર્સિટી, આઈ.ટી, એન્જિનિયરિંગ, ફાર્મસી, કૃષિ, વિજ્ઞાન, મેનેજમેન્ટ, કળા અને વાણિજ્ય જેવા ક્ષેત્રોમાં વિશેષતા આપે છે. ગુજરાત પાવર એન્જીનિયરિંગ કૉલેજ અને સેક્રોની ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટમાં અભ્યાસક્રમો આપે છે. પ.ભ. પટેલ કોલેજ ઓફ ફાર્મસીએ કોર્સ ફર્નીસીની ઓફર કરી છે. તેઓ ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી સાથે જોડાયેલા છે. સાર્વજનિક કેળવણી મંડળ ટ્રસ્ટ ઉત્તર ગુજરાતમાં અનેક શાળાઓ ચલાવે છે. તે ફાર્મસી, નર્સિંગ, હોમિયોપેથીના ક્ષેત્રમાં શિક્ષણ પણ આપે છે. ત્યાં ૧૨૬ વર્ષનો ટી.જે. હાઇસ્કૂલ કોમ્પલેક્ષમાં ગુરુકુલ ઇંગ્લીશ મિડિયમ સ્કૂલ છે. આ શાળા વર્ષ ૨૦૧૨માં ઇંગ્લીશ મધ્યમ શરૂ કરી છે. શ્રેષ્ઠ અંગ્રેજી શિક્ષણ પૂરું પાડવાનું લક્ષ્ય એન.જી. જેવી ઘણી પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા છે. ઇન્ટરનેશનલ સ્કૂલ, જે મહેસાણામાં સી.બી.એસ.ઈ.ની અગ્રણી શાળાઓ પૈકી એક છે. હવે મહેસાણા તાલુકાની વિસ્તૃત માહિતી જોઈએ.

## મહેસાણા તાલુકાની માહિતી

### મહેસાણા તાલુકાનું સ્થાન

"મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મોજે મહેસાણા તાલુકાનું મુખ્ય મથક મહેસાણા આવેલું છે. મહેસાણા તાલુકો ૨૩.૩૬ ઉત્તર અક્ષાંશ અને ૭૨.૨૩ અંશ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાનો ભૌગોલિક ૮૩૨.૬૪ ચો. કી. છે."




### મહેસાણા તાલુકાનો ભૌગોલીક વિસ્તાર

"જેમાં ચોખ્ખો વાવેતર વિસ્તાર ૭૧૫૦૧ હેક્ટર છે. જે પૈકી ૭૦૩૦૧ કુલ ચોખ્ખો પિયત વિસ્તાર છે. પિયતના સાધનોમાં પાતાળ કુવા- ૩૦ અને ખાનગી પાતાળ કુવા- ૧૯૬૦ છે તથા સરકારી નહેરની લંબાઈ ૫૧ કી.મી છે."

ISBN-978-81-973071-9-5
First Edition

## નદીઓ

મહેસાણા તાલુકામાંથી ખારી નદી તથા રૂપેણ નદી પસાર થાય છે જે ચોમાસાની ઋતુ સિવાય લગભગ ખાલી જ હોય છે.

## આબોહવા અને વરસાદ

તાલુકાની આબોહવા વિષય હોય છે. ઓછામાં ઓછું તાપમાન શિયાળાની ઋતુમાં ૧૨.૪૦ સેલ્સિયસમાં છે. સરેરાશ વરસાદ ૬૨૫ મી.મી. છે. વરસાદ અનિયમિત છે વરસાદની શરૂઆત ૧૫મી જુન પછી થાય છે અને ઓક્ટોમ્બરની શરૂઆતમાં વિદાય થાય છે.

## મહેસાણા જિલ્લાની વસ્તીનું પ્રમાણ અને ગીચતા

મહેસાણા તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૮૩૨.૬૪ ચો.કી. છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગીચતા ૫૫૪ની છે. કુલ વસ્તીમાં ૨,૪૧,૧૧૫ પુરુષો અને ૨,૨૦,૨૦૫ સ્ત્રીઓ છે. દર હાજર પુરુષ દીઠ સ્ત્રીઓની સંખ્યા ૯૧૩ છે. તાલુકાની કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિનું પ્રમાણ ૮.૨% છે. ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ૧૫ ગામો છે અને મહેસાણા એક શહેર છે.

વસ્તી એ આર્થિક, સામાજિક તેમજ જિલ્લાના વિકાસ માટે અગત્યનું પાસું છે. મહેસાણા જિલ્લાની વસ્તી દર્શાવતું કોષ્ટક નીચે પ્રમાણે છે.

**કોષ્ટક ૧.૧ મહેસાણા જિલ્લાની વસ્તી દર્શાવતું**

| | ગ્રામીણ | | | શહેરી | | | કુલવસ્તી | | | દાયકાનો વસ્તી વૃદ્ધિદર | | | વસ્તી ગીચતા | દર હાજર પુરુષોએ સ્ત્રીઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | | |
| ૧૯૯૧ | ૬૫૯૩૨૬, ૪૦.૧૯ | ૬૩૨૨૧૬, ૩૮.૫૪% | ૧૨૯૧૫૪૨, ૭૮.૭૫% | ૧૮૧૩૯૧, ૧૧.૦૫% | ૧૬૭૩૧૮, ૧૦.૨૦% | ૩૪૮૭૦૯, ૨૧.૨૫% | ૮૪૦૭૧૭, ૫૧.૨૫% | ૭૯૯૫૩૪, ૪૮.૭૫% | ૧૬૪૦૨૫૧, ૧૦૦% | - | - | - | ૩૭૯ | ૯૫૧ |
| ૨૦૦૧ | ૭૩૭૨૪૬, ૪૦.૧૧% | ૬૮૮૯૨૯, ૩૭.૪૮ | ૧૪૨૬૧૭૫, ૭૭.૬૦ | ૨૧૬૫૯૬, ૧૧.૭૮% | ૧૬૫૧૨૧, ૧૦.૬૧% | ૪૧૧૭૧૭, ૨૨.૪૦% | ૯૫૩૮૪૨, ૫૧.૯૦% | ૮૮૪૦૫૦, ૪૮.૧૦૫ | ૧૮૩૭૮૯૨, ૧૦૦% | ૧૦.૪૨ | ૧૮.૦૬ | ૧૨.૦૪ | ૪૨૦ | ૯૨૭ |
| ૨૦૧૧ | ૪૭૪૪૬૩ | ૪૪૪૫૮૧ | ૯૧૯૦૪૪ | ૩૪૪૨૭૬ | ૩૧૮૧૫૩ | ૬૬૨૪૨૯ | ૮૧૮૭૩૯ | ૭૬૨૭૩૪ | ૧૫૮૧૪૭૩ | - | - | - | - | - |

**(સ્રોત: વસ્તી ગણતરી અહેવાલ,૧૯૯૧,૨૦૦૧,૨૦૧૧)**

વર્ષ ૧૯૯૧ની તુલનામાં વર્ષ ૨૦૦૧માં કુલ વસ્તીમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનો વસ્તી વૃદ્ધિ દર નીચો જોવા મળે છે. જેના કારણમાં પુત્ર ઘેલછા અને સ્ત્રી જન્મ માટેનો લોકોનો અણગમો જવાબદાર

ગણી શકાય.જિલ્લામાં દાયકાનો શહેરી વસ્તી વૃદ્ધિદર ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર કરતાં ૭.૬૪% વધારે છે. જેના કારણેમાં રોજગારી મેળવવા તેમજ શહેરી આકર્ષણ જેવા કારણથી ગામડામાંથી લોકો સ્થળાંતર કરી શહેરોમાં સ્થાયી થાય છે.

## જંગલો અને જમીનની વિગત

મહેસાણા તાલુકામાં જંગલો નીચે કોઈ જમીન આવેલી નથી. કાયમી ગૌચર અને ચરણની જમીન ૪૮૪૫ હેક્ટર છે. તાલુકામાં ગોરાડુ અને ફળદ્રુપ જમીન આવેલ છે.

## મુખ્ય પાકો

મહેસાણા તાલુકામાં મુખ્ય પાકો ઘઉં, બાજરી, રાયડો, કપાસ, જુવાર, દિવેલા વગેરે છે.

## રસ્તા અને રેલ્વે

તાલુકાના બધા જ ગામડાઓ રસ્તાથી જોડાયેલા છે. મુંબઈ- દિલ્હી હાઇવે રોડ તાલુકામાંથી પસાર થાય છે. તેમજ તાલુકામાં અમદાવાદ- દિલ્હી, અમદાવાદ- પાટણ, મહેસાણા- વિરમગામ, વડનગર, ખેરાલુ તથા અમદાવાદ-મહેસાણા, મહેસાણા-તારંગા વાયા વિસનગર, વડનગર, ખેરાલુ તથા આંબલીયાસણ ગામ- વિજાપુર તાલુકાને જોડતી મીટરગેજ રેલ્વે લીન પસાર થાય છે. મહેસાણા તાલુકામાંથી ૧૮ કી.મી. બ્રોડગેજ તથા ૨૮. કિ. મી. મીટરગેજ લીન પસાર થાય છે.

## મહેસાણા તાલુકાની આંકડાકીય માહિતી

**કોષ્ટક ૧.૨ મહેસાણા તાલુકાની આંકડાકીય માહિતી**

| ક્રમ | તાલુકાનું નામ | મહેસાણા |
|---|---|---|
| ૧. | તાલુકાનું મુખ્ય મથક | મહેસાણા |
| ૨. | કુલ રેવન્યુ ગામોની સંખ્યા | ૧૧૫ |
| ૩. | કુલ ગ્રામ પંચાયતોની સંખ્યા | ૧૩૦ |
| ૪. | સ્વતંત્ર ગ્રામ પંચાયતની સંખ્યા | ૧૨૬ |
| ૫. | જૂથ ગ્રામ પંચાયતની સંખ્યા | ૦૧ |
| ૬. | જૂથ ગ્રામ પંચાયતનું નામ | ભકડીયા-ગેરતપુર |

(માહિતી સ્ત્રોત- મહેસાણા તાલુકા પંચાયતની વેબસાઈટ પરથી ૨૦૨૦)

## તાલુકાની વસ્તી

**ગ્રામ્ય:**- ૩,૧૩,૧૨૮

**શહેરી:**- ૧,૪૮,૧૯૨

**કુલ** :- ૪,૬૧,૩૨૦

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક ૧.૩ મહેસાણા તાલુકાની વસ્તી**

| ક્ષેત્ર | દર હજારે સ્ત્રીઓની સંખ્યા | ૦-૬ વર્ષના ઉમંરની બાળકોની સંખ્યા | સાક્ષરતાની ટકાવારી | વસ્તી વૃદ્ધિ દર |
|---|---|---|---|---|
| ગ્રામ્ય | ૯૨૫ | ૪૫૬૮૦ | ૭૪.૪૦ | |
| શહેરી | ૮૮૮ | ૫૮૦૨ | ૮૫.૫૦ | |
| કુલ | ૯૧૩ | ૫૧૪૮૨ | ૭૮.૦૦ | ૧૨.૦૪ |

(માહિતી સ્રોત- મહેસાણા તાલુકા પંચાયતની વેબસાઈટ પરથી ૨૦૨૦)

## આઉટ ગ્રોર્થ એરિયાની વસ્તી

૧. **નાગલપુર**:- ૩૦,૨૫૫

૨. **દેદીયાસણ**:- ૧૧૬૭

૩. **પાલાવાસણા**:- ૩૪૫૮

## તાલુકાનો ગ્રામ્ય વિસ્તાર:-

૧. **શહેરી વિસ્તાર**:- ૧૬.૭૫

૨. **ગ્રામ્ય વિસ્તાર**:- ૮૩૨.૬૪

૩. **ગ્રામ્ય વિસ્તારમાં વસ્તીની ગીચતા (દર ચો.કિમી)**:- ૩૮૪

૪. **શહેર વિસ્તારમાં વસ્તીની ગીચતા (દર ચો.કી.મી.)**:- ૮૮૪૭

## તાલુકામાં નગરપાલિકાનું નામ અને સંખ્યા

૧. મહેસાણા (ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી દેવા સદન)

## મહેસાણા તાલુકામાં કુલ કુટુંબોની સખ્યા

૧. **ગ્રામ્ય**:- ૬૧,૩૭૭

૨. **શહેરી** :- ૧૦,૦૮૬

૩. **કુલ**:- ૭૧,૪૬૩

## ૨૦૦૭ની પશુધન ગણતરી મુજબ પશુઓની સંખ્યા

૧. **ગૌધન**:- ૩૦,૯૨૬

૨. **ભેંસો**:- ૧, ૩૬,૪૫૩

૩. **ઘેટા**:- ૩૨૪

૪. **બકરા**:- ૧૨,૯૦૪

૫. **અન્ય પશુધન**:- ૧૭૨૮

૬. **કુલ પશુધન (સ્વાન સિવાય)**:- ૧, ૮૨,૯૩૫

ISBN-978-81-973071-9-5
First Edition

**૭. મરઘા, બતકા:-** ૩,૨૧૫

**૮. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા:-** ૧૦

**૯. સરકારી દવાખાનું (ડીસ્પેન્સરી):-** સાંથલ

**૧૦. આયુર્વેદીક દવાખાના:-** ૧. મરતોલી, ૨. દેલોલી

**૧૧. પશુ દવાખાના:-** મહેસાણા

**૧૨.પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર:-**

૧. લાંઘણજ,

૨.આંબલીયાસણ,

૩.બલોલ,

૪.મોટીદાઉ,

૫. કટોસણ,

૬. ગોઝારીયા

**૧૩. બધા હેતુ માટે વીજળીકરણ છે. :-** ૧૧૪ (૧૦૦%)

**૧૪. તાલુકા સીડ ફાર્મ:-** જગુદણ

**૧૫. કુલ પ્રાથમિક શાળાઓની સંખ્યા:-** ૧૮૩

**૧૬. પગાર કેન્દ્રો –** ૧૯,

**૧૭. શિક્ષણની સંખ્યા:-** ૧૫૧૯

**૧૮. શાળાના હયાત ઓરડાની સંખ્યા –** ૧૬૦૧

**૧૯. ખૂટતા ઓરડાની સંખ્યા:-** ૮૧

**જમીનનું વર્ગીકરણ**

**૧. કુલ ખેડવા લાયક જમીનો:-** ૭૨,૧૭૦

**૨. ગૌચર અને ચરણની જમીન:-** ૪,૮૪૫

**૩. બિન ખેતી:-** ૬,૧૯૮

**૪. ખેડવા લાયક પડતર:-** ૭૦

**૫. ચાલુ પડતર:-** ૫૪૦

**૬. ચોખ્ખો વાવેતર:-** ૯૧,૫૦૧

**૭. દુબર વાવેતર:-** ૧૫,૦૮૬

- **સાર્વજનિક પુસ્તકાલયો:-** ૧૧૫
- **યુવક મંડળો:-** ૯૭
- **મહિલા મંડળો:-** ૩૩

ISBN-978-81-973071-9-5
First Edition

- **બાલ મંદિરો:-** ૪૪
- **આંગણવાડી કેન્દ્રો:-** ૩૫૭
- **પ્રોઢ શિક્ષણ કેન્દ્રો:-** ૧૫૫
- **સખી મંડળો:-** ૭૮૪
- **કેન્દ્રીય વિદ્યાલય:-** ૧
- **માધ્યમિક શાળાઓ:-** ૬૨
- **ઉચ્ચતર માધ્યમિક શાળાઓ :-** ૨૧
- **કોલેજો:-**
    1. **એજ્યુકેશન:-** ૨
    2. **વિજ્ઞાન:-** ૧
    3. **આર્ટસ:-** ૧
    4. **લો:-** ૧
    5. **ફાઈન આર્ટસ:-** ૧
    6. **હોમિયોપેથીક:-** ૧
    7. **એન્જીનીયરીંગ:-** ૨
    8. **ફાર્મસી:-** ૨
    9. **અન્ય:-** ૪

## મહેસાણા જિલ્લા શિક્ષણ

માનવીના વિકાસ દ્વારા આર્થિક તેમજ સામાજિક પરિવર્તન લાવવા માટે શિક્ષણ ખુબ જ મહત્વ ધરાવે છે. છેલ્લા બે દાયકામાં મહેસાણા જિલ્લાના શિક્ષણમાં આવેલા પરિવર્તનો દર્શાવતું કોષ્ટક નીચે પ્રમાણે છે.

**કોષ્ટક ૧.૪ મહેસાણા જિલ્લાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક**

| વર્ષ | ગ્રામીણ | | | શહેરી | | | કુલ વસ્તી | | | દાયકાનો વસ્તી વૃધ્ધિ દર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** | **પુરુષ** | **સ્ત્રી** | **કુલ** |
| ૧૯૯૧ ટકા | ૪૩૪૫૨૧ ૬૫.૭૦ | ૨૭૩૯૧૫ ૪૩.૩૨ | ૭૦૮૪૩૬ ૫૪.૮૫ | ૧૩૨૮૫૯ ૭૩.૨૪ | ૯૮૨૬૪ ૫૮.૭૨ | ૨૩૧૧૨૩ ૬૬.૨૭ | ૫૬૭૩૮૦ ૬૭.૪૮ | ૫૬૭૩૮૦ ૪૬.૫૫ | ૯૩૯૫૫૯ ૫૭.૨૮ | -- | -- | -- |
| ૨૦૦૧ ટકા | ૫૩૩૧૫૨ ૭૨.૩૧ | ૩૫૦૧૬૪ ૫૨.૨૭ | ૮૯૩૩૧૬ ૬૨.૬૩ | ૧૭૩૮૦૯ ૮૦.૨૪ | ૧૩૫૧૭૨ ૬૯.૨૭ | ૩૦૮૯૮૧ ૭૫.૦૦ | ૭૦૬૯૬૧ ૭૪.૧૧ | ૪૯૫૩૩૬ ૫૬.૦૦ | ૧૨૦૨૨૯૭ ૬૫.૪૧ | ૨૬.૦૯ | ૩૩.૬૮ | ૨૭.૯૬ |

**(સ્ત્રોત: વસ્તી ગણતરી અહેવાલ, ૧૯૯૧,૨૦૦૧)**

ISBN-978-81-973071-9-5
First Edition

જિલ્લામાં વર્ષ ૧૯૯૧ ની તુલનામાં વર્ષ ૨૦૦૧માં શિક્ષણના પ્રમાણમાં ૨૭.૯૬%નો વધારો જોવા મળે છે. જેના કારણમાં લોકોની શિક્ષણ તરફની સભાનતા અને આંતર માળખાકીય સુવિધાઓમાં થયેલો વધારો ગણી શકાય. જિલ્લામાં ગ્રામીણ વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં શિક્ષાનું પ્રમાણ ઊંચું જોવા મળે છે.

**ભાષા**

મહેસાણા જિલ્લામાં વસતા લોકોમાં ગુજરાતી ભાષા મુખ્ય ભાષાનું સ્થાન ધરાવે છે વસ્તી ગણતરી પ્રમાણે કુલ વસ્તી લોકો ગુજરાતી ભાષા છે. જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તાર પ્રમાણ દરેક મુખ્ય બોલનારનું એ કાળ વિભાજન આ મુજબ છે.

**કોષ્ટક ૧.૫ ભાષા બોલનારની આંકડાકીય માહિતી**

| ક્રમ | મુખ્ય ભાષા | કુલ વસ્તીના ટકા | | | દરે ભાષાની ગ્રામ્ય શહેરી વિસ્તારની ટકાવારી | |
|---|---|---|---|---|---|---|
| ૧. | ગુજરાતી | ૯૬.૯૪ | ૯૮.૮૧ | ૮૮.૩૧ | ૮૮.૮૩ | ૧૬.૧૭ |
| ૨. | મરાઠી | ००.૧૭ | ००.०२ | ००.८૯ | ૭.૨૬ | ૯૨.૭૪ |
| ૩. | હિન્દી | ००.૪૨ | ००.૧૫ | ૧.૬૮ | ૨૮.૨૬ | ૭૧.૫૦ |
| ૪. | સિંધી | ००.૩૨ | ००.०૪ | ૧.૬૦ | ૧૦.૪૫ | ૮૯.૫૫ |
| ૫. | ઉર્દુ | ૧.૮૨ | ००.८૬ | ૬.૨૬ | ૩૮.૯૬ | ૬૧.૦૪ |
| ૬. | મારવાડી | ००.૧૧ | ००.०૯ | ૦.૧૯ | ૬૮.૮૯ | ૩૧.૧૧ |
| ૭. | રાજસ્થાની | ००.૧૨ | ००.०૨ | ૦.૫૮ | ૧૪.૭૭ | ૮૫.૨૩ |
| ૮. | પંજાબ | ००.०૩ | - | ૦.૧૬ | ૬.૮૨ | ૯૩.૧૮ |
| ૯. | અન્ય | ००.०૭ | ૦.૩૩ | ૦.૩૩ | ૧૩.૭૩ | ૮૬.૨૭ |

**(સંદર્ભ ગુજરાતી ભાષાનો વિશ્વકોષ - ભારત ૨૦૦૧)**

આ તારણ બતાવે છે કે ગુજરાતી અને મારવાડી ભાષાનો મુખ્ય ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. તે સિવાયની ભાષાના ભાષાકીયનું પ્રમાણ શહેરમાં વધુ છે.

## જિલ્લાની છ અગત્યની માતૃભાષા

**કોષ્ટક ૧.૬ જિલ્લાની માતૃભાષાની માહિતી**

| ક્રમ | માતૃભાષાનું નામ | ભાષાક પ્રમાણ |
|---|---|---|
| ૧ | ગુજરાતી | ૨૦૩૩૨૪૬ |
| ૨ | ઉર્દુ | ૨૭૩૬૫ |
| ૩ | કચ્છી | ૩૭૭ |

| | | |
|---|---|---|
| ૪ | હિન્દી | ૧૫૧૭૩ |
| ૫ | મરાઠી | ૨૭૧૯ |
| ૬ | સિંધી | ૬૮૧૬ |

**(સંદર્ભ ગુજરાતી ભાષાનો વિશ્વકોષ - ભારત ૨૦૦૧)**

## જોવાલાયક સ્થળો

મહેસાણા તાલુકામાં ધાર્મિક, ઐતિહાસિક અથવા પુરાનતત્વની દ્રષ્ટીએ મહત્વ ધરાવતા જોવાલાયક સ્થળો જેવા કે, મહેસાણા શહેરમાં મહત્વના મંદિરોમાં તોરણવાળી માતા, બ્રહ્માણી માતા, અંબાજી માતા, સોમનાથ મહાદેવ તથા સીમંધર જૈન મંદિર તથા સ્વામિનારાયણ મંદિર આવેલા છે. મહેસાણા તાલુકામાં શંકુઝ વોટર પાર્ક, આખજ શક્તિ કુંડ, પાલોદર જોગણીય માતાજીનું મંદિર વગેરે ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળો આવેલા છે.

## દૂધસાગર ડેરી

મહેસાણા શહેરમાં આવેલી દૂધસાગર ડેરી સહકારી ધોરણે દૂધ ઉત્પાદન કરતી અમુલ પછીની એશિયાની બીજી સૌથી મોટી ડેરી છે. અને ઉત્તર ગુજરાતની પ્રથમ હરોળની ડેરી છે. દૂધસાગર ડેરીની સ્થાપના ઈ.સ. ૧૯૬૦માં માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ (ચૌધરી) એ કરી હતી. જેમાં ૨૦૦૬- ૦૭માં કુલ ૧૩૦૭ મંડળીઓ અને ૪,૬૫,૯૮૬ સભાસદોનો સમાવેશ થયો હતો. દૈનિક સરેરાશ ૧.૪૨ મિલિયન લીટર દૂધ ડેરી દ્વારા એકઠું કરવામાં આવે છે અને તેને પ્રોસેસ કરી દૂધ, છાશ, ઘી, બટર, દુધનો પાવડર, માવો, મીઠાઈ વગેરેનું વેચાણ કરવામાં આવે છે.

આધુનિક ટેકનોલોજીથી દૂધની ગુણવત્તા અને જથ્થાની ચકાસણી કરવામાં આવે છે. પાંચ શીત કેન્દ્રો આ કામગીરી સંભાળે છે. દૂધ વ્યવસાય સાથે સંકળાયેલ ઉત્પાદકોને જાગૃત કરવા ડેરી દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. અનેક લોકોને રોજગારી આપતી દૂધસાગર ડેરી મહેસાણા ઉપરાંત એક સમયે મહેસાણાનો તાલુકો અને વર્તમાન જિલ્લો એવા પાટણને પણ આવરી લે છે. આમ, અનેક લોકોને રોજગારી આપતી દૂધસાગર ડેરી મહેસાણા જિલ્લાની આર્થિક તાકાતની આધારશીલા છે.

## ઓ.એન. જી.સી. મહેસાણા

ઓ.એન.જી.સી. મહેસાણા એસેટની સ્થાપના ૧૯૬૭માં એક નાના પ્રોજેક્ટ તરીકે થઇ હતી. એસેટનું મુખ્ય કાર્યાલય મહેસાણા- અમદાવાદ હાઇવે પાસે પાલાવાસણા ખાતે આવેલું છે. મહેસાણા ઓ.એન.જી.સી. એસેટનું કાર્યક્ષેત્ર ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા મહેસાણા, પાટણ, ગાંધીનગર અને અમદાવાદ આશરે ૬૦૦૦ કી.મી. માં ફેલાયેલું છે.

ઓ.એન.જી.સી. (તેલ અને કુદરતી વાયુ પંચ)નું મહેસાણા એસેટ કુલ ૨૮ ફિલ્ડ, ૩૭ પ્લાન્ટ, ૭ ડ્રીલીંગ રીંગો અને ૧૯ વર્ક ઓવર્સ રીંગ સાથે કાર્યરત છે. જિલ્લાના શોભાસણ, જગુદણ, નંદાસણ, લીંચ, જોટાણા, ઉત્તર કડી, સાંથલ, બેચરાજી, લણવા બગેરે મુખ્ય તેલ ક્ષેત્રોમાંથી ૧૧૦૦ થી ૨૨૦૦ મીટરની

ISBN-978-81-973071-9-5
First Edition

ઊંડાઈએથી ખનીજ તેલ ઉત્પન્ન કરવામાં આવે છે. ગુજરાતના અર્થતંત્રમાં ઓ.એન.જી.સી., મહેસાણા એસેટનો મહત્વનો ફાળો છે. દર વર્ષ રોયલ્ટી સ્વરૂપે કરોડોની રકમ ગુજરાત સરકારણે મળે છે.

### શંકુઝ વોટર પાર્ક, મહેસાણા

મહેસાણા અમદાવાદ એક્સપ્રેસ હાઇવે પર મહેસાણાથી આશરે ૧૫ કી.મી. દુર અમીપુરા ગામ પાસે શંકરભાઈ ચૌધરી દ્વારા એક વિશાળ વોટરપાર્ક બનાવવામાં આવ્યો છે. મહેસાણા જિલ્લાની શોભા વધારવા આ વોટરપાર્કમાં ગરમીની સિઝનમાં દુરદુરથી અનેક લોકો નાહવા અને પાણી સાથે આનંદ મસ્તી કરવા ઉમટી પડે છે.

### સીમંધર મંદિર

મહેસાણામાં મોઢેરા ચાર રસ્તાની નજીક જૈન ધર્મનું આશરે ચાલીસ વર્ષ જુનું સીમંધર સ્વામીનું વિહરમાન ૧ તીર્થ કારણનું સુપ્રસિદ્ધ જૈન દેરાસર આવેલ છે. જ્યાં હજારો શ્રદ્ધાળુઓ આ દેરાસરના દર્શનનો લાભ લે છે.

### આખજ શક્તિકુંડ

આખજ ગામથી ઉત્તર દિશા તરફ શિવ મંદિરને અડીને એક કુંડ આવેલો છે. જે શક્તિકુંડ તરીકે ઓળખાય છે. ઈતિહાસકારો મુજબ ઘણા ડેવ દેવીઓની મૂર્તિઓ આખજના શક્તિકુંડના ગવાક્ષમાંથી મળી આવેલ છે. આં કુંડમાંથી મળી આવેલી કેટલીક મૂર્તિઓ આજ દિન સુધી ભારતભરની શિલ્પસૃષ્ટિમાં આપ્રપ્ય ગણાય છે.

### રામોસણા મેલડી માતાનું મંદિર

મહેસાણાથી આશરે ૨ કી. મી. દુર આવેલ સુપ્રસિદ્ધ મેલડી માતાનું શક્તિપીઠ આવેલું છે. જેમાં વર્ષોથી હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજી દર્શનનો લાભ લે છે.

### પાલોદરનું જોગણી માતાનું મંદિર

મહેસાણાથી પાંચ કી.મી. દુર આવેલ હજારો શ્રદ્ધાળુઓનું આસ્થાનું સ્થળ એટલે મા જોગણી માતાનું મંદિર. જ્યાં વર્તમાન વર્ષનું ભવિષ્ય જોવામાં આવે છે. જેમાં વર્ષ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીના દર્શનનો લાભ લે છે.

### મરતોલી ખાતે ચેહર માતાનું મંદિર

મહેસાણાથી આશરે ૨૫ કી.મી. દુર આવેલું સુપ્રસિધ માં કેશર ભવાની (ચેહર માતા) નું મંદિર આવેલું છે. મંદિરમાં આશરે ૯૦૦ વર્ષ જૂની વરખડીનું ઝાડ આવેલું છે. જે આસ્થાનું સ્થાન છે. જ્યાં માતાજીના ભક્તો માટે અન્નક્ષેત્ર પણ ચાલુ કરવામાં આવેલ છે. અહિયાં ચૈત્ર સુદ ૧૩ થી પૂનમ સુધીનો મેળો ભરાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

આમ સંશોધક દ્વારા પસંદ કરાયેલ મહેસાણા તાલુકો મહેસાણા જિલ્લાનું મુખ્ય મથક છે. ઉપરાંત મોટા ભાગની આર્થિક સંપતિના રક્ષક તરીકે પણ મહેસાણા તાલુકાની કામગીરી છે. આ પ્રકરણમાં મહેસાણા તાલુકાની માહિતી આઝાદી પૂર્વે તેમજ આઝાદી બાદ મહેસાણા ગામની સ્થાપના અને તેના ઈતિહાસની માહિતી ઉપરાંત તાલુકાની આંકડાકીય માહિતી આપવામાં આવેલી છે.

## મહેસાણા જિલ્લાના તાલુકાની સમજુતી

**કોષ્ટક ૧.૭ ૨૦૧૧ની મહેસાણા જિલ્લાની તાલુકાની વસ્તી દર્શાવતું કોષ્ટક**

| તાલુકા | વસ્તીની સંખ્યા ૨૦૧૧ | પુરુષો | સ્ત્રીઓ |
|---|---|---|---|
| સતલાસણા | ૮૯,૫૪૬ | ૪૬,૦૩૬ | ૪૩,૫૧૦ |
| ખેરાલુ | ૧૧૧,૯૩૫ | ૫૭,૬૫૬ | ૫૪,૨૭૯ |
| ઊંઝા | ૧૧૮,૪૩૧ | ૬૧,૩૨૬ | ૫૭,૧૦૫ |
| વિસનગર | ૧૯૯,૧૭૩ | ૧૦૩,૨૯૬ | ૯૫,૮૭૭ |
| વડનગર | ૧૧૭,૬૫૫ | ૬૦,૩૪૦ | ૫૭,૩૧૫ |
| વિજાપુર | ૨૩૨,૧૪૧ | ૧૨૦,૫૧૨ | ૧૧૧,૬૨૯ |
| મહેસાણા | ૩૪૪,૮૨૫ | ૧૭૯,૬૫૪ | ૧૬૫,૧૭૧ |
| બેચરાજી | ૯૯,૫૮૮ | ૫૧,૧૫૨ | ૪૮,૪૩૬ |
| કડી | ૨૬૮,૧૭૯ | ૧૩૮,૭૬૭ | ૧૨૯,૪૧૨ |

**(મહેસાણા જિલ્લા પંચાયતની વેબસાઈટ પરથી ૨૦૧૯)**

મહેસાણા જિલ્લામાં લઘુ તેમજ મોટા ઉદ્યોગો વિકાસ પામ્યા છે. શ્વેતક્રાંતિની દરરોજ સરેરાશ ૨૧૦૦ લિટર (દૂધસાગર ડેરી- ૨૦૦૭-૦૮) દુધની આવક મેળવી ગુજરાતમાં અગ્રેસર રહેલી દૂધસાગર ડેરીએ આ જિલ્લાને ‘દૂધના શહેર’ ની ઓળખ અપાવી છે. મહેસાણા જિલ્લાનું ગૌરવ ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં સ્થાન ધરાવે છે. એમ પણ કહેવાય છે કે જીરૂં, વરિયાળી અને ઈસબગુલની કિંમત સૌથી પહેલા અહીંયા નક્કી થાય ત્યાર પછી વિશ્વમાં તેની કિંમત બોલાવા લાગે છે. વળી,મહેસાણા તેલ અને કુદરતી ગેસ નિગમનું એક સ્થળ અહી આવેલું છે જે સમગ્ર ભારતમાં સૌથી વધુ તેલ ઉત્પાદન કરતુ સ્થળ છે. ગુજરાતના અર્થતંત્રમાં તેલ અને કુદરતી ગેસ નિગમનો મહત્વનો ફાળો છે. એક અર્થમાં તેલ અને કુદરતી ગેસ નિગમ મહેસાણા માટે ઔદ્યોગિક ક્રાંતિનું સ્વરૂપ ગણી શકાય. આ સિવાય કપાસની જીનીંગ ફેક્ટરીઓ અને ઓઈલ મિલોનો પણ ઝડપી અને બહુ મોટા પ્રમાણમાં વિકાસ થયો છે. મહેસાણા જિલ્લાનો કડી અને વિજાપુર તાલુકો કપાસના જીનીંગ ઉદ્યોગમાં અગ્રેસર છે, જેને અત્યારે ગુજરાતને ‘કોટન સીટી’ તરીકેનું પણ બહુમાન મળ્યું છે. આ ઉપરાંત જિલ્લામાં રસાયણો, દવા, ટાઈલ્સ ઉદ્યોગો પણ આવેલા છે. વર્ષ ૨૦૦૭-૦૮ માં ઇકો ટુરીઝમ, એગ્રોફૂડ, પેપર એન્ડ પેકેજીંગ, સેનેટરી આઈટમ્સ, મરીન એન્જીનીયરીંગ, ઈન્ટીગ્રટેડ ટેક્ષટાઈલ્સ  જેવા નવા ઉદ્યોગોના સમજુતી કરાર પણ કરવામાં આવ્યા છે.

ISBN-978-81-973071-9-5
First Edition

### મહેસાણા તાલુકો:

મહેસાણા જિલ્લો ગુજરાતના ઇશાન ખૂણે આવેલો છે. જિલ્લાનું વહિવટી વડું મથક મહેસાણા શહેર છે. ચાવડા વંશના મેહસાજી ચાવડાએ મહેસાણાની સ્થાપના કરી હતી. તેમણે શહેરના તોરણનું બાંધકામ કર્યું હતું અને તોરણ માતાનું મંદિર વિક્રમ સંવત ૧૪૧૪ ભાદરવા સુદ દસમ (ઇ.સ. ૧૩૫૮) ના રોજ બંધાવ્યું હતું. તેનો ઉલ્લેખ ઇ.સ. ૧૯૩૨ની જયસિંહ બ્રહ્મભટ્ટની કવિતામાં મળે છે. સંવત ૧૮૭૯ના મણિલાલ ન્યાલચંદના પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથમાં પણ તેનો ઉલ્લેખ છે. તેમાં મેહસાજીએ ચામુંડા મંદિર બંધાવ્યું હોવાનું જણાવાયું છે. જોકે એ સ્પષ્ટ છે કે નગરની સ્થાપના રાજપૂત શાસન દરમિયાન થઇ હતી. અન્ય એક કથા અનુસાર મેહસાજીએ નગર વિક્રમ સંવત ૧૩૭૫ (ઇ.સ. ૧૩૯૮)માં કરી હતી. ગાયકવાડે બરોડા જીતી લીધુ અને બરોડા સ્ટેટની સ્થાપના કરી. ઉત્તર ગુજરાતમાં તેમણે તેમનું શાસન વિસ્તૃત કર્યું અને પાટણને મુખ્ય મથક બનાવ્યું, ત્યારબાદ મુખ્ય મથક કડી અને પછી ૧૯૦૨માં મહેસાણા ખાતે ખસેડવામાં આવ્યું. બરોડા રાજ્યનો ઉત્તર વિભાગ ૮ મહાલોમાં વિભાજીત હતો. ગાયકવાડ રાજ્યે મહેસાણા સાથે વડોદરાને જોડતી રેલ્વે લાઇનની ૨૧ માર્ચ ૧૮૮૭માં શરૂ કરી હતી. સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ રાજમહલ તરીકે ઓળખાતો મહેલ વિક્રમ સંવત ૧૯૫૬માં તેમના પુત્ર ફતેહ સિંહરાવ માટે બંધાવ્યો હતો, જે હવે ડિસ્ટ્રીક કોર્ટ તરીકે વપરાય છે. મહેસાણા જિલ્લામાં દસ તાલુકા છે. મહેસાણા, કડી, વિસનગર, વિજાપુર, વડનગર, ખેરાલુ, બેચરાજી, સતલાસણા, જોટાણા અને ઉંઝા છે.

### ઊંઝા તાલુકો

ઉંઝા તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલો તાલુકો છે. ઉંઝા નગર તાલુકાનું મુખ્ય મથક છે. ઉંઝા તાલુકામાં ૩૨ ગામોનો સમાવેશ થાય છે. ગુજરાતનાં પોતાના લોક-મનોરંજક નાટ્ય સ્વરૂપે જાણીતી 'ભવાઈ'નું ઉદગમ સ્થાન મહેસાણા જિલ્લાનું ઉંઝા ગામ છે. ઉંઝામાં આવેલું ઉમિયાધામ સદિયોથી કડવા પાટીદાર સમાજના કુળદેવીનું મંદિર છે, પરંતુ સમગ્ર વિસ્તારમાં એ તમામ સમાજો માટે આસ્થાનું કેન્દ્ર છે. જો કે હાલ આ શ્રદ્ધાસ્થળ પાટીદારો સાથે જોડાયેલાં આંદોલનની ગતિવિધિઓનું પણ બનેલું છે.સાબરમતી અને રૂપેણ નદી તેમજ અરવલ્લીની પર્વતમાળાઓ આ જિલ્લાને કુદરતી સૌંદર્ય આપે છે.

**કોષ્ટક – ૧.૮ ઊંઝા તાલુકાની વસ્તી**

| | |
|---|---|
| વસ્તી | **૧,૭૫,૫૩૯** |
| લિંગ પ્રમાણ | ૯૨૭ |
| સાક્ષરતા | ૭૯.૫% |

**(Censues of india 2001 – villages and towns)**

ISBN-978-81-973071-9-5
First Edition

## કડી તાલુકો

કડી તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લામાં આવેલો તાલુકો છે. કડી તાલુકામાં ૧૧૧ જેટલા ગામોનો સમાવેશ થાય છે.

**કડી તાલુકાની સામાન્ય માહિતી નીચે પ્રમાણે છે.**

- પાક: બાજરી, જુવાર, કપાસ, ઘઉં, રાયડો, ઘોડાજીરૂ
- પાલતુ પ્રાણીઓ: ગાય, ભેંસ, ઉંટ, ગધેડા, બકરા
- ખનીજો: ખનીજતેલ, પેટ્રોલીયમ વાયુઓ
- રેલમાર્ગ: ૧૫ કિ.મી.
- રસ્તાઓ: રાજય ધોરીમાર્ગો, પંચાયત માર્ગો

**કોષ્ટક – ૧.૯ કડી તાલુકાની વસ્તી**

| **વસ્તી** | **૩,૪૧,૪૦૭** |
|---|---|
| લિંગ પ્રમાણ | ૯૨૧ |
| સાક્ષરતા | ૮૧.૯૭% |

**(Censues of india 2001 – villages and towns)**

## ખેરાલુ તાલુકો

ખેરાલુ તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. ખેરાલુ તાલુકામાં કુલ ૫૨ ગામોનો સમાવેશ થાય છે. ઘઉં, બાજરી, દીવેલા, રાયડો, વરીયાળી અને જુવાર અહીંના મુખ્ય પાકો છે.

**કોષ્ટક – ૧.૧૦ ખેરાલુ તાલુકાની વસ્તી**

| વસ્તી | ૧,૩૩,૭૭૮ |
|---|---|
| લિંગ પ્રમાણ | ૯૪૦ |
| સાક્ષરતા | ૭૫.૭૯% |

**(Censues of india 2001 – villages and towns)**

## બેચરાજી તાલુકો

બેચરાજી તાલુકો અથવા બહુચરાજી તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો તાલુકો છે. (બહુચરાજી) બેચરાજી તાલુકામાં કુલ ૫૨ ગામનો સમાવેશ થાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## વડનગર તાલુકો

વડનગર તાલુકો ભારત દેશના ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો તાલુકો છે. વડનગર તાલુકામાં કુલ ૪૩ ગામનો સમાવેશ થાય છે.

**કોષ્ટક – ૧.૧૧ વડનગર તાલુકાની વસ્તી**

| | |
|---|---|
| વસ્તી | **૧,૪૫,૪૪૫** |
| લિંગ પ્રમાણ | ૯૫૪ |
| સાક્ષરતા | ૭૦.૭% |

**(Censues of india 2001 – villages and towns)**

## વિજાપુર તાલુકો

વિજાપુર તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. આ તાલુકામાં ૬૫ ગામોનો સમાવેશ થાય છે.

**કોષ્ટક – ૧.૧૨ વિજાપુર તાલુકાની વસ્તી**

| | |
|---|---|
| વસ્તી | **૨,૫૭,૬૯૯** |
| લિંગ પ્રમાણ | ૯૨૭ |
| સાક્ષરતા | ૮૪.૮૮ |

**(Censues of india 2001 – villages and towns)**

## વિસનગર તાલુકો

વિસનગર તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. વિસનગર તાલુકામાં કુલ ૫૮ ગામોનો સમાવેશ થાય છે.

વાલમ (તા.વિસનગર) ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા મહેસાણા જિલ્લામાં આવેલા કુલ ૧૦ (દસ) તાલુકાઓ પૈકીના એક એવા વિસનગર તાલુકામાં આવેલું એક ગામ છે. વાલમ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી તેમજ પશુપાલન છે. આ ગામમાં મુખ્યત્વે ઘઉં, જીરુ, વરિયાળી, બાજરી, કપાસ, દિવેલી તેમજ શાકભાજીના પાકની ખેતી કરવામાં આવે છે. આ ગામમાં પ્રાથમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, પંચાયતઘર, આંગણવાડી તેમ જ દૂધની ડેરી જેવી સવલતો પ્રાપ્ત થયેલી છે. વાલમ ગામનો હાથિયાનો ઉત્સવ પ્રખ્યાત છે. વાલમ ગામમાં એક પુરાણી વાવ આવેલી છે. વાલમ ગામમાં મહાદેવ મંદિર, કૃષ્ણ મંદિર, સુલેશ્વરી માતાનું મંદિર આવેલુ છે. ચૈત્ર વદ નોમના દિવસે રાત્રે હાથીયા-ઠાઠું મહોત્સવ ઉજવવામાં આવે છે. વાલમ ગામ વિસનગરથી ૧૦ કિ.મી.ના અંતરે ઊંઝા જવાના રસ્તે આવેલું છે. વાલમ પાસે રૂપેણ નદી વહે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક – ૧.૧૩ વિસનગર તાલુકાની વસ્તી**

| | |
|---|---|
| વસ્તી | **૨,૬૨,૨૪૬** |
| લિંગ પ્રમાણ | ૯૨૪ |
| સાક્ષરતા | ૮૬.૯૫% |

**(Censuses of india 2001 – villages and towns)**

## સતલાસણા તાલુકો

સતલાસણા તાલુકો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલા મહેસાણા જિલ્લાનો મહત્વનો તાલુકો છે. સતલાસણા મહેસાણા તાલુકાનું મુખ્ય મથક છે. સતલાસણા તાલુકામાં કુલ ૬૫ ગામોનો સમાવેશ થાય છે.

આ વિસ્તાર એક સમયે મહી કાંઠા એજન્સી તરીકે પ્રચલિત હતો, જે હાલ ગઢવાડા વિસ્તાર તરીકે પ્રચલિત છે. અહીં નજીકમાં કૈલાશ ટેકરી શિવમંદિર આવેલ છે, જ્યાં શ્રાવણ માસના આઠમના રોજ મેળો ભરાય છે. અહીં જોવાલાયક સ્થળોમાં ધરોઈ બંધ, તારંગા જૈન મંદિર અને ધરોઈ નદી વિસ્તાર છે.

**કોષ્ટક –૧.૧૪ સતલાસણા તાલુકાની વસ્તી**

| | |
|---|---|
| વસ્તી | **૮૯,૫૪૬** |
| લિંગ પ્રમાણ | ૯૪૫ |
68)**અહલાવત આર.પી.એસ. (૨૦૦૫)** ના મતે ગુજરાતમાં સામાન્ય રીતે ઉપદ્રવ કરતી જિવાતોના નિયંત્રણ માટે કિટાનાશિ રસાયણોનો ઉપયોગ પુરેપુરી જાણકારી વિના આડેધડ થવાને કારણે લીલી ઈયળ, લશ્કરી ઈયળ, લીલા તડતડીયા અને સફેદ માખી જેવી જીવાતોમાં દવા સામે પ્રતિકારક શક્તિ જોવા મળેલ છે. આ પરિસ્થિતિને પ્રોત્સાહન આપતા વિવિધ પરિબળો પૈકીનું એક પરિબળ બિનજરૂરી એકની એક દવાનો ઉપયોગ અને તેનાથી પરભક્ષી અને પરજીવી કીટકોનો નાશ થતાં આ પરિસ્થિતિ સર્જાય છે અને જીવાત નિયંત્રણમાં નિષ્ફળતા મળે છે. આ પરિસ્થિતિને અટકાવવા માટે ભલામણ કરેલ યોગ્ય કિટનાશિક દવાઓનો સમયે માત્રાએ ઉપયોગ તેમજ કિટ નિયંત્રણની અન્ય પદ્ધતિઓનો સમાવેશ કરવાથી કપાસની ખેતી વધુ નફાકારક બની શકે છે. પરાજીવી વગેરેની ઓળખ ખૂબ જ અગત્યની છે. કપાસ પકવતા ખેડૂતો જો આ કાર્યક્રમનો

ISBN-978-81-973071-9-5
First Edition

સામૂહિક ધોરણે અમલ કરે તો જીવાતોમાં પ્રતિકારક શક્તિ ઘટાડવા સાથે કીટ નિયંત્રણનો ખર્ચ પણ ઘટશે અને સર્જાયેલ પરિસ્થિતિમાંથી ધીરે ધીરે બહાર નીકળી શકશે.

69)**મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા (૨૦૦૭)**: - સફળ હેજ કાનૂનમાં કપાસના જિનરો હવે ઝડપથી જોડાઈ શકશે,મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઇન્ડિયા હવે ભાવિ કોમોડિટી એકસચેંજમાં જિનેટિકલી મોડીફાઇડ બીટી કોટનનું વેચાણ શરૂ કરવા આયોજન કરી રહ્યું છે. હાલમાં તે એક બીટી કપાસના કોન્ટ્રાક્ટની ચકાસણી કરી રહ્યું છે, જે કપાસ-ગાંસડીઓ તરીકે લિસ્ટેડ થશે. જેઓ પોતાની પોઝીશન હેજ કરી શકશે તેવા કપાસ જિનરો માટે આ કોન્ટ્રાક્ટ ખાસ કરીને ઘડી કાઢશે. વિવિધ પ્રકારની કપાસની જાતો પરંતુ સંશોધન જારી છે અને જો આ કોન્ટ્રાક્ટ રજૂ થશે તો તે સૌથી શ્રેષ્ઠ અનુકૂળ કદ ઉપર આધારિત હશે. બીટી-કપાસની ગાંસડી ફ્યુચર્સ કોન્ટ્રાક્ટ લોન્ચ કરવાના છે. પછીથી અન્ય કદના કોન્ટ્રાક્ટ પણ શરૂ કરાય એમ છે. દેશમાં કપાસની પ્રોસેસ અને કાચું રૂ વેચતા ભારતીય જિનરોને બીટી-કપાસના કોન્ટ્રાક્ટ થી ભારે ફાયદો થશે. જિનરો તેમજ નિકાસકારો માટે આ કોન્ટ્રાક્ટ હેજિંગ સાધન બની રહેશે. હવે થોડાં વર્ષમાં દેશમાં કપાસનું વિશેષ ઉત્પાદન થશે અને નિકાસો વધવાની સંભાવના છે. હાલમાં સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લામાં સુરેન્દ્રનગર કોટન ઓઇલ એન્ડ ઓઇલ સિડ્સ એસોસિયેશન લિ. ખાતે માત્ર 'કલ્યાણ' અથવા 'ઈ-૭૯૭' કપાસની જાત જ વેચાય છે. વર્ષ ૨૦૦૮માં કમોડિટી એક્સચેન્જ બીટી કપાસ ફ્યુચર્સ કોન્ટ્રાકટ શરૂ કરવા વિચારે છે. સુરેન્દ્રનગર કોટન ઓઇલ એન્ડ ઓઇલ સિડ્સ એસોસિયેશન લિ. થોડા વર્ષ પહેલાં ગુજરાતમાં 'કલ્યાણ' કપાસની લગભગ ૧૫ લાખ ગાંસડી થતી હતી. એ આંક ૫ લાખ જેટલો નીચો આવ્યો છે એટલે વર્ષ ૨૦૦૮થી બીટી કપાસ કોન્ટ્રાક્ટ શરૂ કરવા વિચારી રહ્યા છે. જોકે આ કોન્ટ્રાક્ટ થી માત્ર જિનરોને ફાયદો થશે અને ખેડૂતો લાભથી વંચિત રહેશે.

70)**સિંઘ ઉપેન્દ્ર., 'સૌરાષ્ટ્ર વિસ્તારની જીનિંગ મિલોમાં આયકરનો સર્વે'(૨૦૦૭)**:- આવકવેરા ખાતા રાજકોટ દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭માં સૌરાષ્ટ્ર વિસ્તારની જીનિંગ મિલોમાં શાપર-વેરાવળની એક સહિત પાંચ કોટન જિનિંગ મિલોને ઝપટમાં લીધા બાદ વધુ બે કોટન જિનિંગ મિલો પર સર્વે હાથ ધરાયો હતો. આ સર્વેના અંતે વધુ બેનામી વ્યવહારો ખૂલવાની સંભાવના વ્યક્ત થઇ રહી હતી. રાજકોટ આવકવેરા ખાતાના ચિફ કમિશનર ઉપેન્દ્ર સિંઘની આગેવાની આધારે રેન્જ-૨ના અધિકારીઓ જોડાયા હતા.આ અંગે સૌરાષ્ટ્રના જીનિંગ અને પ્રેસિંગ ઉદ્યોગ જગતમાં ખળભળાટ મચી ગયો હતો.

71) **પટેલ દિલીપભાઈ (૨૦૦૬)** : પટેલ દિલીપભાઇ કહે છે કે વર્ષ ૨૦૦૬ - ૦૭ ના બજેટમાં ટેકસટાઈલ ક્ષેત્રે આપેલી રાહતમાં સ્પિનિંગ ઉદ્યોગને પુરતુ પ્રોત્સાહન નહીં મળે તો જીનીંગ પ્રેસિંગ ઉદ્યોગકારોને મનોભાવોને વ્યક્ત કરતાં કહે છે કે રાજ્યમાં ૮૦૦થી વધુ જીનિંગ અને પ્રેસિંગ યુનિટ ધમધમી રહ્યા છે. ગુજરાત રાજ્યમાંથી કુલ કપાસ ઉપજના ૯૦ ટકા જેટલો કપાસ અન્ય રાજ્યના

વેપારી દ્વારા ખરીદી લઈ જવામાં આવે છે તેથી રાજ્ય સરકાર આ મુદ્દાને કેન્દ્રમાં રાખી નક્કર આયોજન કરશે તો ટેક્સટાઇલ ઉદ્યોગ રાજ્યને નવા વિકાસના દ્વાર ઉપર ઉભો કરી દેશે અને ખેડૂતોને કપાસના પુરતા ભાવ મળી રહેશે. જીનીંગ-પ્રેસિંગ યુનિટો માટે સ્પીનીંગ ઉદ્યોગ જીવાદોરી સમાન ગણવામાં આવે છે માટે સરકારે આ દિશામાં વિચારવું જોઈએ.

72)**આચાર્ય એસ, પટેલ બી.બી. (૧૯૯૮)**:- આચાર્ય એસ, પટેલ બી.બી. ના મત મુજબ ભારતીય રૂમાં વધારે પ્રમાણની દૂષિતતાને લીધે બદનામી હોવા છતાં તે રૂ નિકાસ કરનાર અગ્રેસર દેશોમાં પાછળથી આગળ પડતું છે. આઇ.ટી.એમ.એફ.ઝ્યુરીમ (૧૯૯૭) ની મોજણી મુજબ દુનિયાની ૨૦ ટકાની સરેરાશના પ્રમાણમાં ઝિમ્બાબ્વે અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોના ૩ ટકાની સરખામણીએ યાંત્રિક રીતે પૅકિંગ કરવામાં આવે છે, તેની સરખામણીમાં ભારતમાં તે ક્રિયા હાથથી કરવામાં આવે છે. ઉત્તમ પ્રકારના કપાસ પેદા કરવા માટે હાથથી છૂટા પાડવાની પ્રક્રિયા કરતાં બીજી કોઈ પદ્ધતિ વધારે સારી નથી.

73)**સિંગ S.K. (૧૯૮૮) ઔધોગિક કામદારોની ઉત્પાદકતા**નાં :- સિંગ S.K. ઔધોગિક કામદારોની ઉત્પાદકતાનાં જણાવે છે કે આ અભ્યાસમાં ઔદ્યોગિક કામદારોની ઉત્પાદકતાને તપાસવામાં આવી છે. આ માટે ત્રણ બાબતો સત્તા, મૂલ્યો અને કામની વિગતોને ધ્યાનમાં લીધી છે. આ ચલ રાશિ મુજબ મજૂરોની ઉત્પાદકતા પર કેવી અસર થાય છે, તે જોવું જરૂરી છે. ઔધ્યોગિક પદ્ધતિની સફળતાનો મુખ્ય આધાર વધારે ઉત્પાદકતા પર રહેલો છે. જે સાધનોના સકારાત્મક ઉપયોગથી મેળવી શકાય છે. જેમાં મુખ્યત્વે શ્રમિકો છે. મોટાભાગે ઔદ્યોગિક એકમોના મેનેજરો આ પાસા પર ધ્યાન આપવાને બદલે ટેકનિકલ પાસાપર ધ્યાન આપે છે. આ બાબતને દુર કરવાનો પ્રયત્ન આ અભ્યાસમાં થયો છે.

a. આ અભ્યાસમાં મજૂરોની ઉત્પાદકતાની અસરો તપાસવા માટે ૬ મૂલ્યોની જાણકારી મેળવેલ છે. સૌધ્ધાંતિક મૂલ્યો, કલાના મૂલ્યો, આર્થિક મૂલ્યો, સામાજિક મૂલ્યો, ધાર્મિક મુલ્યો અને રાજ નૈતિક મૂલ્યો આ પુસ્તક કુલ પાંચ પ્રકરણમાં વિભાજીત કરેલ છે. પ્રથમ પ્રકરણમાં દેશના આર્થિક વિકાસમાં ઉત્પાદકતાની ભૂમિકા અને ઉત્પાદકતાને અસર કરતા પરિબળોની ચર્ચા કરી છે. બીજા પ્રકરણમાં અભ્યાસની સમસ્યા સંશોધનની પરિકલ્પનાઓ અને વિવિધ અભ્યાસની પદ્ધતિઓની ચર્ચા કરેલ છે. ત્રીજા પ્રકરણમાં માહિતીને કોષ્ટકમાં ગોઠવવામાં આવેલ છે. તેનું વિશ્લેષણ કરેલ છે.

આ અભ્યાસના મુખ્ય તારણો નીચે મુજબ છે.

(૧) ઉત્પાદકતા એ કપાસ પર આધારિત છે.

(૨) ઔદ્યોગિક માળખા મુજબ મજુર મંડળનું વલણ ઉત્પાદનના સ્તર પર મોટી અસર કરે છે.

(૩) કામનો પ્રકાર અને કામની પરિસ્થિતિ મજૂરોની ઉત્પાદકતા પર હકારાત્મક અસર કરે છે.

74)**Chitra K. New Industrial Delhi** - (૨૦૦૯)

a. આ પુસ્તકમાં નવી ઔદ્યોગિક નીતિ અને મજૂર સંબંધોના પાસાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. પુસ્તકના પહેલાં પ્રકરણમાં ભારતની ઔદ્યોગિક નીતિની ચર્ચા કરવામાં આવી છે. બીજા પ્રકરણમાં ૧૯૬૦ પછીના ગુજરાતના ઔદ્યોગિક પ્રગતિનો અહેવાલ આપવામાં આવ્યો છે. ગુજરાતનો મુખ્ય કાપડ ઉદ્યોગ હતો ત્યાર પછી કેમિકલ્સ, પેટ્રોકેમિકલ્સ, ઇજનેરી-ફાર્મોસ્યુટીકટીલ્સ, ખેતી પર આધારિત ઉદ્યોગો, દવા ઉદ્યોગોનો વિકાસ થયો છે. ત્રીજા પ્રકરણમાં ઔદ્યોગિક નીતિ અને ૧૯૮૦ સુધીની સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ ચારમાં ઉત્પાદક અને સંબંધોની ચર્ચા કરી છે. જેમાં એડમ સ્મિથના વિચારોની ચર્ચા રજૂ કરી છે. સ્મિથના વિચાર પ્રમાણે ઇજારાશાહી નહીં પરંતુ હરીફાઈ એ જ  સમાજ માટે આવકાર્ય  છે. આ ઉપરાંત  આ પ્રકરણમાં માર્ક્સના મૂડીવાદના સિદ્ધાંતો જોખમ અને અનિશ્ચિતતાનો સિદ્ધાંત ઔદ્યોગિકરણ પરની અસરોની ચર્ચા કરી છે. સોલોએ હરીફાઈ અને મજુર બજારનાં સંબંધ વિષયક માહિતી રજૂ કરી છે. આ પ્રકરણમાં "High Road Models Labor Relations"ની વિસ્તૃત ચર્ચા કરી છે.

b. છેલ્લે ઝડપી ઔદ્યોગિકીકરણ અને વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સવલતોમાં વધારો કરવો પડશે. ઝડપી ઔદ્યોગિક વિકાસની સાથે આધુનિક ધંધાકીય પદ્ધતિના અસ્તિત્વને કારણે મજૂરોની નવી સમસ્યાઓ અને મજુર કલ્યાણના પ્રશ્નો ઊભા થશે. જે માટે અગાઉના મજૂરોની કલ્યાણનીતિ નકામી થઈ ગઈ છે. જી.ડી.પી.માં વધારો કરવા માટે નવા કાયદાઓ મેનેજમેન્ટની તરફેણમાં ઘડવામાં આવ્યા છે. જેથી મજુર નેતાઓ અને મજુર સંઘોએ જાગૃત થઇને નવા ઔદ્યોગિક સંબંધો વિકસાવવા જોઈએ.

75)**Rao M.G. & P.S. Yadupardithya New Delhi** - (૧૯૯૩)

a. સ્વતંત્રતા પછી ભારતમાં ઔદ્યોગિક મજુરોની સમસ્યાઓ અને ઔદ્યોગિક સંબંધો વિશે ખૂબ જ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. મજબૂત મજૂર મંડળોનો અભાવ નિયોજકો સામે લડવા માટેના ફંડની અછત અને સુગ્રથિત મજુર નીતિનો અભાવ તેવા વગેરે કારણોને લીધે ઔદ્યોગિક મજુર સમસ્યા પર ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે.

b. ઔદ્યોગિક મજુર ઘણા પાસા સાથે સંકળાયેલા છે, જેમકે ગેરહાજરી, હેરફેર, વેતનનિતી વળતર વ્યવસ્થાપન, ખાનગીકરણ, કલ્યાણલક્ષી કાર્યક્રમો વગેરે બાબતો સાથે મજૂરો ગાઢ રીતે સંકળાયેલ છે, જે આર્થિક સમસ્યાઓને ઘટાડવા માટે ઉપયોગી છે. આ અભ્યાસમાં નાના-નાના પ્રિન્ટિંગ પ્રેસના સંદર્ભમાં મજૂરોની સમસ્યાઓનો અભ્યાસ કરેલ છે. આ પુસ્તકમાં મજૂરોની સમસ્યા અંગે વાસ્તવિક માહિતી દર્શાવવામાં આવી છે. જે મોટાભાગે પ્રાથમિક અને સહાયક માહિતી પર આધારિત છે. આ પુસ્તક મોટાભાગે વહીવટ કરનારાઓની અને નીતિ

ઘડનારાઓ અને જેઓ ઔધોગિક સંબંધોના વ્યવસ્થાપન સાથે સંકળાયેલ છે, તેઓને વધારે મદદરૂપ થાય તેમ છે.

**76) Mamoria C.B.** (૧૯૮૩)

a. આ અભ્યાસમાં લેખક કે ભારતના ઔદ્યોગિક કામદારોની પાયાની બાબતોની ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. આ પુસ્તકમાં મજૂરોની ભરતી, વેતન, બોનસ, આરોગ્ય વગેરે બાબતોની ચર્ચા કરી છે. ભરતીની પદ્ધતિઓ કઈ કઈ છે. ભારતમાં મોટેભાગે કામદારોની ભરતી કે નિર્માણ કોન્ટ્રાક્ટર દ્વારા થાય છે. એટલે કે કરારી મજૂરોનું પ્રમાણ લેબર માર્કેટમાં વધારે જોવા મળે છે. વેતનમાં પણ અસમાનતાઓ જોવા મળે છે. કામદારોના આરોગ્ય વિષયક ધોરણ ખુબજ નીચા જોવા મળે છે. માલિકો તરફથી કોઈ વિશેષ સગવડો કે લાભો મળતા નથી.

b. આ ઉપરાંત ઔદ્યોગિક ઉત્પાદનમાં કામદારોની ઉત્પાદકતાની અસર કેટલી અને કેવી થઇ છે તે બાબત ઉપર પણ પ્રકાશ પાડવામાં આવેલ છે.

**77) Breman Sen** (૨૦૧૦)

a. જૈન બર્મને તેમના પુસ્તકમાં ભારત ચીન અને ઇન્ડોનેશિયામાં થતું મજૂરોનું સ્થળાંતર વિશેની ચર્ચા કરે છે. આ સ્થળાંતરીત મજૂરો કઈ રીતે અસંગઠિત ક્ષેત્રમાં જોડાય છે અને અનિશ્ચિત કામના કલાકો, ઓછા વેતનો અને સંસ્થાકીય આશ્રય વગર કેવી રીતે કામ કરે છે તે બધી બાબતને વિગતે રજૂ કરી છે. આ અભ્યાસનો મુખ્ય ધ્યેય સ્થળાંતરીત મજૂરોની રોજગારીની ચર્ચા છે. જૈન બર્મને એશિયાનો જુદા જુદા ભાગોમાં નાના-નાના અભ્યાસ કર્યા છે. શહેરી અર્થતંત્રમાં નીચેના કાર્ય અને જીવનશૈલીને તપાસી વર્તમાન દુનિયાનું શું બની રહ્યું છે, તે સમજવા ઐતિહાસિક અને તુલનાત્મક દર્શન કરવું જરૂરી છે.

b. જૈન બર્મને આ પુસ્તકને ચાર વિભાગોમાં વહેંચ્યુ છે. પહેલાં વિભાગમાં ધી એગ્રીયન બેંક ગ્રાઉન્ડ માં દક્ષિણ એશિયા અને દક્ષિણ પશ્ચિમ એશિયામાં મજુરો વિશે ખુબ રસપ્રદ ચર્ચા કરી છે. બીજા વિભાગમાં લિવિંગ ધ વિલેજ બીહાઇન્ડમાં કલકત્તાનો સર્વે કર્યો છે. જેમાં ગ્રામિણ ક્ષેત્રમાંથી સ્થળાંતર થયેલ મજુરોની સ્થિતિ તપાસી છે. ત્રીજા વિભાગમાં શહેરી અર્થતંત્ર અને કામ કરતા સમુદાયની ચર્ચા કરી છે.ચોથા વિભાગમાં ગ્રામિણ મજુરોની તપાસ કરેલ છે. આ ઉપરાંત ચીનમાં ગ્રામિણ વિસ્તારમાંથી શહેરી વિસ્તાર તરફ થયેલ મજુરોના સ્થળાંતરની ચર્ચા કરી છે.

c. સમગ્ર અભ્યાસમાં મજુરોના સ્થળાંતરના કારણો અને તેઓ શહેરમાં આવીને કેવી રીતે કામ મેળવે છે અને તેમને કેવાં અનુભવો થાય છે વગેરે બાબતો પર દ્રષ્ટિપાત કર્યો છે. નીતિ ઘડનારાઓની ઉપેક્ષાના કારણે આ વર્ગ કે સમૂહ વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવી શકતો નથી.

**78) Sudarshna Ratna M (૨૦૦૯)**

આ અભ્યાસમાં સ્ત્રીઓની શ્રમદળમાં ભાગીદારી અને તેઓની નિર્ણય શક્તિમાં કયા મુખ્ય ચાવીરૂપ પરિબળો અસર કરે છે, તે જાણવાનો પ્રયત્ન કરે છે. સ્ત્રીઓ મુખ્યત્વે કયા પ્રકારનું કામ કરે છે, તેમાં તેમને કંઈ સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તેમના વિકાસમાં કયા પરિબળો અવરોધરૂપ બને છે, તે બાબત પર પ્રકાશ પાડવાની કોશિશ કરી છે. સ્ત્રીઓને કેટલું વેતન ચૂકવવામાં આવે છે, તેમને કયા પ્રકારના લાભો મળે છે, તેમનો પણ અભ્યાસ કરેલ છે, આ સમગ્ર અભ્યાસ શહેરી વિસ્તારની સ્ત્રીકામદારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. અભ્યાસમાં એવું પણ સુચન કરેલ છે કે કૌટુંબિક અને ઘરેલું કામના સંદર્ભમાં થતા નિર્ણયોને શ્રમબજારના કાર્યવાહીના સંદર્ભમાં સમજવાની જરૂર છે. કૌટુંબિક સબંધો સ્ત્રીના કામની પસંદગીની બાબતમાં અસર કરે છે. આ સંશોધન કાર્ય દિલ્હી શહેરની સ્ત્રીકામદારોને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ છે. આ સંશોધનમાં કુલ શ્રમદળમાં સ્ત્રીઓની ભાગીદારી નું પ્રમાણ તેમનું શિક્ષણ, આવક, વૈવાહિક દરજ્જો વગેરે બાબતોના મુદ્દાઓનો અભ્યાસ કરેલ છે.

**79) Bhindikar Kishor (૨૦૧૧)**

a. વર્તમાન સમયમાં મજુર બજારમાં થતી ચડ-ઊતરની ચર્ચા એ સારું એવું ધ્યાન ખેંચ્યું છે. એક એવી દલીલ કરવામાં આવી છે કે મજુર બજારની જડતા એ આર્થિક વિકાસને અસર કરે છે અને તેનું કારણ બેરોજગારી છે. ભારતમાં મેન્યુફેકચરિંગ ક્ષેત્રે મજૂરોની અનિયમિતતાએ મજુર કાયદાઓના કારણે પેઢીનો વિકાસ ધીમો પડી જાય છે. જેના પરિણામે મજુર બજારમાં બે અસરો ઊભી થાય છે, એક તો ઊંચો આર્થિક વિકાસ અને વધુ રોજગારી અને બીજી બાજુ એવી પણ શંકા થાય છે કે બજારને વધુ સુરક્ષિત બનવાથી બેરોજગારી વધે છે. મૂડીવાદની તરફેણમાં આવકોનું સર્જન થાય છે. આ અભ્યાસ મુજબ ભારતમાં કરાર મુજબની મજૂરી અને સંજોગોવસાત ભારતમાં રોજગારીનું સર્જન થાય છે. જેને કારણે મજુર તરીકે રાખનાર માલિકની તરફેણમાં આવકની વહેંચણી થાય છે.

b. વર્તમાન ઉત્પાદન પદ્ધતિ મુજબ અસંગઠિત નિયમિત રોજગારી મેળવતા મજૂરોની સંખ્યામાં વધારો થયો છે, જ્યારે અવિધિસરના મજૂરોની સંખ્યામાં વધારો થયો છે. ભારતમાં તાજેતરના વર્ષોમાં કેટલીક અગત્યની નીતિઓની શરૂઆત થયેલ છે જે મજુર બજારમાં થયેલ ચડ-ઊતરની પરિસ્થિતિને અસર કરશે. આ ઉપરાંત આ અભ્યાસમાં ભારતીય મજૂર બજારનું માળખું અને રોજગારીના પ્રકારોની ચર્ચા કરી છે. જુદી જુદી પ્રવૃત્તિમાં કાયમી અને કામચલાવ મજૂરોનું પ્રમાણ કેટલું છે, તેમજ વર્ગીકરણ માટે ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૪-૦૫ના નેશનલ સેમ્પલ માંથી માહિતી મેળવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**૪૦)વિદ્યુત જોષી (૨૦૦૩) : -**

વિદ્યુત જોષીના મતે જુદાજુદા ક્ષેત્રોમાં કામ કરતા અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો ઉપરના તેના અભ્યાસમાં સ્થળાંતરિત શ્રમિકોના પ્રશ્નોની ચર્ચા કરી છે. આ અભ્યાસ અનુસાર સ્થળાંતરિત શ્રમિકો અન્ય રાજ્યોના અથવા તો અન્ય જિલ્લાઓના હોય છે તેઓને સ્થાનિક લોકો સાથે સંપર્ક હોતો નથી. તેઓ મોટેભાગે મૌસમી શ્રમિકો હોય છે. જેઓ ખાણ, ઇટ, ચૂનાના ભઠ્ઠાઓ, બાંધકામ ક્ષેત્ર, મીઠાના કારખાનાઓમાં અથવા ખેતીમાં કામ કરતા હોય છે. તેવા શ્રમિકો આજે અહીં તો બીજા દિવસ બીજા સ્થળે કામ કરતા હોય છે. તેઓ ટેકનોલોજીકલ રીતે પણ અલ્પવિકસિત હોય છે.

**સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણ - ૨માં દેશમાં અને વિદેશમાં થયેલા વિવિધ પ્રકારના કપાસ પરનાં સંશોધનો, પ્રેસિંગ ઉદ્યોગ પરનાં સંશોધનો, મજૂરોની સામાજિક - આર્થિક સમસ્યા ઉપર થયેલી વિચારણા રજૂઆત કરેલ છે.

**રિસર્ચ ગેપ**

ઉપરોક્ત દર્શાવેલ સંબંધિત સંદર્ભ સાહિત્યની સંશોધન વિષય પર ખૂબ જ ઉંડી અસર જોવા મળે છે. મોટાભાગના સંદર્ભ સાહિત્ય પરથી તારણ નીકળે છે. કોટન ફેકટરીમાં કામ કરતા મજુરોની પરિસ્થિતિ પરથી જાણી શકાય છે કે તેઓની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ નબળી જોવા મળે છે પણ એની સાથે તેઓની પરિસ્થિતિમાં સુધારો પણ થતો જોવા મળ્યો છે. વિવિધ સંદર્ભ માહિતી પરથી જાણી શકાય છે કે મજુરોને રોજગારી ઉપરાંત કેટલીક સુવિધાઓ અને ઓછી મજૂરીએ દ્વારા આવક પ્રાપ્ત થાય છે એટલે કે તેઓની આવક ઉત્પાદકતા અને રોજગારીમાં ફેરફાર થયો છે કે નહીં તે સાહિત્ય સમીક્ષા સ્પષ્ટ થાય છે. મહેસાણા જિલ્લામાં મજૂરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પર ના અભ્યાસો ખૂબ જ ઓછા છે, અથવા તો નહિવત થયા છે.

કોરોના મહામારીના કારણે ૨૦૨૦ માં કેટલાક મજૂરો બેકાર બની ગયા હતા. આ સમયમાં ઉદ્યોગ ધંધા બંધ હોવાથી રોજગારી પર ભારણ વધ્યું છે. જેને કારણે બીજા રાજ્યના વધુ રોજગારી પ્રાપ્ત કરવા હેતુ સ્થળાંતર કરી રહ્યા છે. તાજેતરમાં મહેસાણા જિલ્લામાં કોટન ફેકટરીમાં કામ કરતા મજૂરો પર નો અભ્યાસ ઓછો થઈ રહેલો જોવા મળે છે.

આ અગાઉ થયેલા અભ્યાસો અને આ અભ્યાસમાં તફાવત એ છે કે મજૂરોની માત્ર આર્થિક સ્થિતિ પર અભ્યાસ થયેલ છે. સ્ત્રી મજૂર પર અભ્યાસ થયેલા છે તથા કપાસની ખેતી પર અભ્યાસ થયેલ છે. આથી આ અભ્યાસમાં મજૂરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગે આ એક નાનો પ્રયત્ન કરવા માં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરના સંશોધન સંબંધિત સાહિત્યની સમીક્ષા પરથી કેટલાંક ઉપસ્થિત થતા પ્રશ્નો-:

I. શું મહેસાણા જિલ્લામાં કપાસની કોટન ફેકટરીનું મહત્વ જોવા મળે છે?
II. શું મહેસાણા જિલ્લામાં કોટન ફેકટરીમાં કામ કરતા મજૂરોને પૂરતા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થાય છે.?
III. મહેસાણા જિલ્લામાં કોટન ફેકટરીમાં કામ કરતા મજૂરોને શું પૂરતા પ્રમાણમાં વેતન પ્રાપ્ત થાય છે.?
IV. જો મહેસાણા જિલ્લો ગુજરાતના ઉદ્યોગોમાં કોટન ફેકટરીમાં આગળ પડતો હોય તો તેનો અભ્યાસ કરવો જરૂરી બને છે.?
V. મહેસાણા જિલ્લામાં ઉદ્યોગ ક્ષેત્રે કોટન ફેકટરીનો ફાળો કેટલો ચકાસવો.?
VI. મહેસાણા જિલ્લાના તાલુકામાં કોટન જિનિંગ ફેકટરીનો વિકાસ થતાં તેઓની રોજગારી વધે જ છે કે નહીં તે ચકાસી.?
VII. કોટન ફેકટરીમાં કામ કરતા મજૂરોની આર્થિક સામાજિક પરિસ્થિતિમાં સુધારો થયો છે કે નહીં.?

કોટન ફેકટરીમાં કામ કરતા મજૂરોની તાલુકાઓનો વિકાસ થયો છે કે નહીં તે ચકાસવું.?

ISBN-978-81-973071-9-5
First Edition

# પ્રકરણ – ૩ સંશોધન પદ્ધતિ

## પ્રસ્તાવના

સમગ્ર વિશ્વમાં કપાસ ઉદ્યોગનું વિશેષ મહત્વ જોવા મળે છે. અર્થકારણના સંદર્ભમાં કહી શકાય છે કે ભારતનું ત્રીજા વિશ્વની સમસ્યાઓમાં સ્થાન જોવા મળે છે. ભારતમાં વિવિધ પ્રકારની સમસ્યાઓનો સમાવેશ થાય છે જેમકે ગરીબી, બેકારી, વસ્તીવધારો, આવકની અસમાન વહેંચણી વગેરે જોવા મળે છે તથા વિવિધ ઉદ્યોગ ક્ષેત્રે વિવિધ પ્રકારની અનેક સમસ્યાઓ જોવા મળે છે. ભારતને કપાસનું ઉદભવ સ્થાન ગણવામાં આવે છે. એવી જ રીતે ગુજરાત રાજ્યના મહેસાણા જીલ્લાના તાલુકામાં પણ ઘણી કોટન જીનીંગ ફેકટરી ચાલે છે અને તેમાં ઘણા બધા મજુરો કામ કરે છે કોટન ફેકટરીમાં મજુરો, ટેક્નેશિયન, ખરીદ-વેચાણ સાથે સંકળાયેલ વ્યક્તિ તથા હિસાબના જાણકાર, કમ્પ્યુટરના જાણકાર વગેરે વિવિધ જાતના માણસોની જરૂરિયાત પડે છે. આ ફેકટરીમાં રોજગારી મેળવવા માટે ખાસ પ્રકારના શિક્ષણ કે તાલીમની જરૂરિયાત હોતી નથી. સામાન્ય શિક્ષણની જરૂરિયાત હોતી નથી સામાન્ય શિક્ષણની જરૂરિયાત પડે છે. છતાં કામની સફળતા અને ઝડપ માટે ATIRA માંથી ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. આજે પણ ભારતમાં ખેતીક્ષેત્રે, રોજગારી આર્થિક વિકાસમાં મહત્વનો હિસ્સો ધરાવે છે. આથી ભારતમાં ઝડપી આર્થિક વિકાસ-રોજગારી વૃદ્ધિ માટે ઓદ્યોગિક વિકાસ અનિવાર્ય છે.

મહેસાણા જિલ્લામાં ખાસ કરીને સંગઠિત ઉદ્યોગોમાં કામ કરતા મજૂરોની સંખ્યા વધુ પ્રમાણમાં જોવા મળે છે જેમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેકટરી ક્ષેત્રે કામ કરતા મજૂરોની સ્થિતિ કેવા પ્રકારની જોવા મળે છે, મજૂરોનું સામાજિક – આર્થિક રીતે શોષણ થાય છે કે નહિ, જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોની હાલતમાં સુધારો થયો કે નહિ, પૂરતા પ્રમાણમાં રોજગારી પ્રાપ્ત થાય છે કે નહિ, કાયમી ભરતી કરાય છે કે હંગામી ધોરણે, જીવનધોરણમાં સુધારો થયો છે કે નહિ વગેરેની સમસ્યાઓની સમજુતી મેળવવા માટે પ્રસ્તુત સંશોધનમાં અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## કપાસ અથવા રૂ ના ઉદભવ અને ઈતિહાસ

ઈ.સ. પૂર્વે ૪૦૦૦ વર્ષના ઋગ્વેદના સમયથી ભારતમાં રૂ નો કાપડ ઉદ્યોગ પૂર્ણ કળાએ વિકસિત થયેલો હતો. આ બાબતનો નિર્દેશ ઋગ્વેદના અશ્વલાયન સૂત્રમાં છે. ઈ.સ. પૂર્વે ભારતનું કાપડ બેબીલોનમાં વેચાતું રૂ, ઈ.સ. પૂર્વેના ૮૦૦ વર્ષના મનુસ્મૃતિમાં પણ રૂ ના કાપડ વિશે ખાસ નિર્દેશ છે. રામાયણ, મહાભારત અને પુરાણોમાં પણ રૂ ના કાપડ વિશે વિવિધ વર્ણનો છે. પૂર્વે ૭૦૦ વર્ષ યુરોપમાં હિન્દુસ્તાનનું કાપડ નિકાસ થતું હતું. હિન્દુસ્તાનના કાપડની આંતરાષ્ટ્રીય માંગ હતી. હિંદનું કાપડ કેરોથી પેકિંગ સુધી અને યુરોપના સર્વે બજારોમાં પ્રખ્યાત હતું.

(બિડવૂડ ૧૯૮૦)

ઈ.સ. ૩૭૨ પૂર્વે લખાયેલા ચાણક્યનાં કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં રૂ ના ઉત્તમ કપડા હિંદમાં પશ્ચિમ પ્રદેશોમાં બનતા હતા. તેનું વર્ણન મહાન સિકંદરે સિંધુ નદી ઉતરીને ઈરાનના કિનારાથી ટીગ્રીસ નદી સુધી વહાણ ચલાવવા મોકલેલા એડમીરલની આરસકના વચનથી એવું માલૂમ પડે છે કે હિંદીઓ જે વસ્ત્ર પરિધાન કરે છે તે જેમાંથી બને છે. તે ચીજ છોડવા પર ઉગે છે અને લીનથી વધુ સફેદ, સુંદર અને સફાઈદાર હોય છે. આમાંથી ઘૂંટણથી નીચે પહોચે તેવા સદાર તૈયાર કરી તે લોકો પહેરે છે. તેમજ માથું અને ખભા ઢંકાય તેવા બુરખા પણ બનાવી વાપરે છે. આ પરથી સ્પષ્ટ સાબિત થાય છે કે હિન્દુસ્તાન રૂના કાપડ ઉદ્યોગનું દુનિયામાં જન્મ સ્થાન છે. આ વાતને વિશ્વ વિખ્યાત લેખક એચ.જી.વેલ્સે પોતાના Outline of World History નામના પુસ્તકમાં પૃષ્ઠ – ૮ માં સ્વીકારેલી છે. આદિ અવસ્થામાં પણ અર્ચન સ્ત્રીઓ રૂમાંથી સુતર બનાવતી અને તેમાંથી કાપડ પણ બનાવતી.

મોગોલોના વખતમાં હિંદનો કપડાનો ઉદ્યોગ વિકાસની ચરમસીમા પર હતો. ખુદ અકબર આ ધંધાને ઉત્તેજન આપતો હતો. અમદાવાદ, પાટણ, વડોદરા, ભરૂચ, સુરત, લાહોર, મુલતાન, સક્કર, મચ્છલીપટ્ટામ, મદ્રાસ, આર્કોટ, કાશી અને નાસિક પ્રખ્યાત કાપડ ઉધોગના સ્થળો હતા. આમ આદિકાળથી વિશ્વકક્ષાએ ભારતીય રૂ શ્રેષ્ઠ રહ્યું છે. પરિણામ સ્વરૂપે આંતરરાષ્ટ્રીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. [વેલ્સ, ૧૯૬૮]

માનવ જીવનમાં આદિકાળથી જ કપડાનું સ્થાન મહત્વનું રહ્યું છે. 'રોટી, કપડા અને મકાન' એ સૂત્રમાં પણ માનવજીવન ટકાવી રાખવા માટે મહત્વના એવા અનાજ પછીનો બીજો ક્રમ કપડાને આપવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે વિશ્વના બધા જ દેશોમાં કપાસનું વાવેતર થાય છે. વિશ્વમાં બધા જ દેશોમાં કપાસનું વાવેતર થાય છે. વિશ્વમાં કાપડ ઉદ્યોગમાં જરૂરી રેસા પૈકી ૭૦ થી ૭૫% કપાસનો ઉપયોગ થાય છે. તેના બિયામાંથી મળતા તેલનો ઉપયોગ વનસ્પતિ ઘી બનાવવા તથા ખાદ્યતેલ તરીકે થાય છે. આ ઉપરાંત ઢોરના પૌષ્ટિક ખોરાક તરીકે કપાસિયા ખોળનો ઉપયોગ પશુ આહાર તરીકે થઇ શકે છે.

## કપાસનું જીનીંગ અને પ્રેસિંગનો અર્થ

જીનીંગ શબ્દ એ ગ્રીક ભાષાના 'જોન્ગો' પરથી ઉતરી આવ્યો છે. સ્પેનીશ અને ઇટાલિયન ભાષામાં તેને 'જીનેગા' કહેવામાં આવે છે. ફ્રેંચ ભાષામાં 'જીનીંગ' અને જર્મન ભાષામાં 'જેનીંગ' કહેવામાં આવે છે. આ રીતે જીનીંગ એટલે કે 'લોઢવુ' અને પ્રેસિંગ એટલે કે 'દબાવાવું' એવા શબ્દની ઉત્પત્તિ જોવા મળી છે.

## કપાસનું જીનીંગ

"કપાસમાંથી રૂ અને કપાસીયા અલગ કરવા માટે રૂપાંતરની પ્રક્રિયા દરમ્યાન યંત્રો દ્વારા રૂના તંતુમાંથી કપાસીયા (બીજ) અલગ કરવામાં આવે છે. આવા યંત્રોને ચરખા કે જીન કહે છે અને આખી પ્રક્રિયાને જીનીંગ કે લોઢાણ કહે છે."

ISBN-978-81-973071-9-5
First Edition

ગુજરાતમાં ત્રણ પ્રકારના ચરખા જોવા મળે છે.

૧. સિંગલ રોલર જીન

૨. ડબલ રોલર જીન

૩. સો રોલર જીન

## કપાસનું પ્રેસિંગ

અનાજ, કઠોર, મગફળી વગેરે માલસામાનની સરખામણીમાં જો રૂ ને છુટ્ટં ભરવામાં આવે તો ઘણી જગ્યા રોકે છે અને હેરફેર કરવામાં પણ તકલીફ રહે છે. રાષ્ટ્રમાં જેમ જેમ મિલોનો વિકાસ થયો છે તેમ તેમ કપાસની જરૂરીયાત વધતી ગઈ છે. તેથી દુરના અંતર સુધી કપાસ લાવવું લઇ જવું જરૂરી બન્યું અને તેનું વહન એ અગત્યની બાબત બની માટે તેનું કદ નાનું બને તે માટે પ્રક્રિયા કરીને ગાંસડી બનાવવાની પ્રક્રિયા શરુ થઇ. કપાસની ગાંસડી બનવવાની પ્રક્રિયાને કપાસનું પ્રેસિંગ કે ગાંસડીકરણ કહે છે. અત્યારે નક્કી કરેલ માપ મુજબ ૧૭૦ રૂ ઓની એક ગાંસડી બનવવામાં આવે છે. કપાસની ગાંસડી બાંધવાની પ્રેસિંગની કામગીરી જેટલી સારી તેટલી કપાસની ગાંસડીઓની ગુણવત્તા સારી રહે છે. કપાસની ગુણવત્તાની દ્રષ્ટીએ ગાંસડીકરણની અગત્યતા ખુબ જ વધી ગઈ છે.

## ભારતના બજારમાં કપાસનું મહત્વ

ભારતમાં કાપડનો ઉદ્યોગ મોટામાં મોટો ઉદ્યોગ છે. આ ઉદ્યોગના વિકાસના મૂળમાં દેશમાં થતો કપાસ પાક રહેલ છે. કપાસનું મોટાપાયા પર ઉત્પાદન થવાના પરિણામે ફાર્મ અને બજારો અસ્તિત્વમાં આવેલા છે. જેના કારણે મોટા પ્રમાણમાં રોજગારીમાં તકોનું સર્જન થયેલ છે. તેની સાથે સંકળાયેલા ઉદ્યોગોનો પણ મોટા પ્રમાણમાં વિકાસ થયેલ છે. ભારતીય અર્થતંત્રને વિકાસના પંથે લઇ જવામાં કપાસ ઉદ્યોગોનો મહત્વનો ફાળો આપી રહ્યા છે. રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા વૈશ્વિક સ્તરે ભારતનો હિસ્સો ફક્ત ૩.૧ ટકા જેટલો જ છે. આજે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણના પરિણામે આંતરરાષ્ટ્રીય વ્યાપારોનો વ્યાપ વધતા હરીફાઈનો સામનો કરવા દેશે મુલ્ય અને ગુણવત્તાની દ્રષ્ટીએ સ્પર્ધામાં ઉભા થયેલા પડકારોનો સામનો કરવા સજ્જ થવું પડશે. તે સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. [પટેલ, ૨૦૦૪]

ભારતમાં કપાસ એક વેપારીકરણની દ્રષ્ટીએ મૂળભૂત પાક છે. દુનિયામાં સૌથી મોટો વિસ્તાર ૯૦ લાખ હેકટર છે. પરંતુ દુનિયામાં આપને માલ તૈયાર કરવામાં ત્રીજા નંબર છીએ. ૧૯૫૦-૫૧ માં એવરેજ કપાસની ઉપજ ૮૮ કી.ગ્રામ થી વધારી ૩૭૬ કી. ગ્રામ પ્રતિ હેકટર ૨૦૦૩-૦૪ માં થઇ હતી. દેશનાં અર્થતંત્રમાં કપાસ અતિ મહત્વનો ભાગ ભજવે છે. કાપડ ઉદ્યોગનો લગભગ ૬૫ ટકાનો કાચો માલ પૂરો પાડે છે અને ૬૦ લાખ લોકો કપાસ વાવેતર, વેચાણ, પ્રેસિંગ સાથે સંકળાયેલાનાં રીપોર્ટ થયા છે. કપાસનો કાપડ ઉદ્યોગ બીજા દેશના કાપડ ઉદ્યોગમાં ભારતનો ફાળો મહત્વનો છે. ભારત સરકાર દ્વારા જુદી-જુદી સ્કીમો ચાલુ કરીને અને વિજ્ઞાનની નવી ટેકનોલોજીના સહયોગથી તેને ખેડૂત સુધી પહોચાડી સંશોધનને પરિણામે દેશનું કપાસનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારી શકાય છે.

### ભારતમાં જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગોનું મહત્વ

દુનિયામાં ઘણા દેશોમાં કપાસની ખેતી મોટા પાયા પર થાય છે. ૨૦૦૫-૦૬ના વર્ષમાં કપાસના ઉત્પાદનમાં ચીન ૩૫.૫ ટકાસાથે પ્રથમ જ્યારે ભારત ૨૧.૮ ટકા સાથે બીજા ક્રમે હતો. જ્યારે ૨૦૦૬-૦૭માં ચીન ૩૫.૫ ટકા ઉત્પાદન સાથે પ્રથમ અને ભારત ૨૪ ટકા સાથે બીજા ક્રમે અને યુ.એસ. ૧૯ ટકા સાથે ત્રીજા ક્રમાંકે હતા. આ રીતે જોતા ભારતમાં કપાસની ખેતી ઘણા જ મોટા પાયા ઉપર થાય છે. તે આંકડા ઉપરથી સાબિત થાય છે. ભારતમાં ૨૦૦૦-૦૧મા ૮૭.૭૬ લાખ હેકટરમાં કપાસનું વાવેતર થયું હતું અને તેમાં ૧૪૦ ગાંસડીઓનું (૧૭૦ કિલો) ઉત્પાદન થયું હતું અને હેકટર દીઠ ૩૦૮ કિલોનું ઉત્પાદન થયું હતું અને ૦.૬ લાખ ગાંસડીની નિકાસ થઇ હતી.

ભારતના ઘણા રાજ્યોમાં કપાસની ખેતી થાય છે. એમાં મુખ્ય રાજ્યોમાં ગુજરાત, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, હરિયાણા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક રહ્યા છે. આ બધા રાજ્યોમાં કપાસના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે સ્થાન ધરાવે છે. ૨૦૦૨-૦૩મા ૧૬.૩૪ લાખ હેકટરમાં વાવેતર થયું હતું અને ૩૦.૫૦ લાખ ગાંસડીનું (૧૭ કિલો) ઉત્પાદન થયેલ છે. જયારે ૨૦૦૨-૦૩માં ૧૬.૪૭ લાખ હેકટર જમીનમાં વાવેતર થયેલ અને ૫૦ લાખ ગાંસડીઓનું ઉત્પાદન થયેલ જે ૨૦૦૨-૦૩ના વર્ષની તુલનામાં  ઘણું જ સારું એવું ઉત્પાદન કહી શકાય છે. ૩૧ લાખ  ગાંસડીઓનાં ઉત્પાદન સાથે મહારાષ્ટ્ર બીજા નંબરે અને ૨૭.૪૦ લાખ ગાંસડીઓનાં ઉત્પાદન સાથે આંધ્રપ્રદેશ ત્રીજા સ્થાને રહ્યું હતું. ૨૦૦૪-૦૫માં ગુજરાતમાં ૧૯.૦૬ લાખ હેકટરમાં કપાસનું વાવેતર થયું હતું. જ્યારે ઉત્પાદન ૭૩ લાખ ગાંસડીઓનું ઉત્પાદન થયેલ એજ રીતે ૨૦૦૫-૦૬ માં ૧૯.૦૬ લાખ હેકટરમાં વાવેતર થયેલ  અને ૮૯ લાખ ગાંસડીઓનું ઉત્પાદન થયેલ છે. એક હેકટર દીઠ ૭૯ કિલોનું ઉત્પાદન થયું હતું. ૨૦૦૬-૦૭ના આંકડા તપાસતા ગુજરાતમાં ૨૩.૯૦ લાખ હેકટર જમીનમાં કપાસનું વાવેતર થયું હતું. ૧૦૦ લાખ ગાંસડીનું ઉત્પાદન થયું હતું અને મહારાષ્ટ્રમાં ૩૧.૨૪ લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થયું હતું અને ૫૨ લાખ ગાંસડીઓનું ઉત્પાદન થયું હતું અને બીજા સ્થાને રહ્યું હતું અને આંધ્રપ્રદેશ ૩૪ લાખ ગાંસડીઓના ઉત્પાદન સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું. આમ ઉપરોકત આંકડા તપાસતા કપાસના ઉત્પાદનમાં ગુજરાત ખુબ જ મહત્વનું સ્થાન ધરાવે છે.

ભારતનો જીનિંગ પ્રેસિંગ ઉદ્યોગ આજે કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે. એક તરફ જ્યારે આ ઉદ્યોગ ઉત્પાદન અને ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય ધોરણો હાંસલ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક સફળતા પ્રાપ્ત કરી રહ્યો છે ત્યારે બીજી તરફ આ ઉદ્યોગ પરંપરાગત ટેકનોલોજી જુના બની ચૂકેલા પ્લાન્ટ અને સાધનસામગ્રી ટકી ના શકે એવું ઉત્પાદનનું ધોરણ, તાલીમ તથા માનવ શક્તિનો અભાવ રૂની મર્યાદિત જમા સરકારી નિયમો અને બીજા કેટલાક નિયંત્રણો ના બોજ હેઠળ દબાયેલી છે. જો ભારતને તેની આંતરિક તાકાત મજબૂત કરવી હોય તો અમેરિકા, ચીન અને પાકિસ્તાનની જેમ ભારત ટેકસટાઇલ અને રૂ બંનેનો ઉત્પાદન કરે છે. એમ મિલ ઓનર્સ એસો.ના જનરલ સેક્રેટરી વાય વી. તામ્હણે કહ્યું છે કે,

ચિંતા ઉત્પાદનની ગુણવત્તા મોંઘી વીજળી, જૂની પુરાની માળખાકીય સવલતો અને શ્રમ કાયદાઓ છે. ભારતમાં રૂ હેક્ટર દીઠ ઉત્પાદન માત્ર ૩૮૬ કિલો છે જ્યારે ઓસ્ટ્રેલિયામાં ૧૭૦૦ કિલો અને ઇજિપ્તમાં ૧૮૦૦ કિલો છે. રૂ ઉત્પાદનની હેક્ટર દીઠ વાર્ષિક સરેરાશ વિશ્વમા ૫૫૦ કિલો છે. તેથી પણ ઓછું ઉત્પાદન આપણે ત્યાં થાય છે. ભારતમાં ૧ કિલોવોટ વીજળીના ૧૧ સેન્ટ ચૂકવવા પડે છે. અમેરિકા, પાકિસ્તાન અને ઇન્ડોનેશિયામાં વીજળી ખર્ચ કિલો વોટ ૩ થી ૪ સેટ આવે છે.

## વિષય વસ્તુની પસંદગી

ગુજરાત રાજ્યની ઉત્તર દિશાઓ આવેલો મહેસાણા જીલ્લો ઉત્તર ગુજરાતમાં આગવું સ્થાન ધરાવે છે. જીલ્લામાં વરસાદનું પ્રમાણ મોટે ભાગે માધ્યમ રહે છે. ખેતી ક્ષેત્રનુ પ્રાધાન્ય જોવા મળે છે. તેની સાથે નાના અને માધ્યમ કદના ઉદ્યોગોનો વિકાસ પણ થયેલો છે. ૨૦૧૬ની વસ્તી ગણતરી પ્રમાણે મહેસાણા જીલ્લામાં સાક્ષરતાનું પ્રમાણ ૮૪.૨૬% છે જેમાં ૯૧.૮૮% પુરુષો અને ૭૬.૧૨% સ્ત્રી સાક્ષરતા છે. જે ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, સાબરકાઠાં જીલ્લા કરતા વધારે જોવા મળે છે. જીલ્લામાં ખેતી ક્ષેત્રે હરિયાળી ક્રાંતિની અસર જોવા મળે છે. ખેતીની સાથે –સાથે મહેસાણા જીલ્લામાં પશુપાલન અગત્યનો વ્યવસાય બની ગયો છે. જિલ્લાના મોટાભાગના ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે. જેમને પશુપાલનનો વ્યવસાય આર્થિક દ્રષ્ટીએ અનેકગણો ઉપયોગી સાબિત થયો છે અને તેમાં પણ જીલ્લામાં આવેલી ‘દૂધ સાગર ડેરી’ એ પશુપાલનના વ્યવસાયમાં વૃદ્ધિ કરવામાં સિંહ ફાળો ભજવ્યો છે. પરંતુ વર્તમાન સમયે વધતી જતી વસ્તીને કારણે જમીનનું નાના-નાના ખંડોમાં ઉપવિભાજન અને ખંડ વિભાજન થતું જાય છે. પરિણામે ખેડાણ ઘટકો નાના અને બિન આર્થિક બની રહ્યા છે. જેના લીધે ખેત-ઉત્પાદકતા નીચી જઈ રહી છે. ઉપરાંત જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોમાં અનિયમિત વરસાદ અને કુવા ટ્યુબવેલ દ્વારા જમીનમાંથી ખેચાતા જતા વધુ પડતા પાણીને કારણે જમીનમાં પાણીના તળ દિન- પ્રતિદિન વધુને વધુ ઉંડા ઉતરતા જય છે. પરિણામે ખેતી ઉપરાંત પશુપાલનની વ્યવસાય સામે પણ અનેક સમસ્યાઓ ઊભી થઇ છે. આ ઉપરાંત વધતાં જતા શિક્ષણને કારણે જીલ્લામાં શિક્ષિત બેકારીની સંખ્યામાં પણ દિન- પ્રતિદિન નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. આ વધતી જતી બેકારી ઘટાડી આવા બેકાર લોકોની રોજગારી પૂરી પડતો જીલ્લાની કોઈ મહત્વની ફેકટરીઓ કે ઇન્ડસ્ટ્રીઓ હોય તો તે “કોટન ઇન્ડસ્ટ્રીઓ” છે. મહેસાણા જીલ્લામાં એકાદ-બે શહેરોને બાદ કરતા મોટાભાગના શહેરો અને ગામડાઓમાં કોટન જીનીંગ ફેકટરીઓ જોવા મળે છે. જ્યાં અનેક બેકાર લોકોને રોજગારી મળી રહે છે ઉપરાંત ગ્રામીણ યોજનાને કારણે ૨૪ કલાક સિંગલ ફેઇઝ વીજળી ઉપલબ્ધ થાય છે. પરિણામે કેટલાક તાલુકાઓમાં કોટન જીનીગ ફેકટરીઓ વિકસેલી જોવા મળે છે. મહેસાણા જેવા ખેતી પશુપાલન અને ઉદ્યોગોની દ્રષ્ટિએ આગળ પડતા જીલ્લામાં રોજગારીના સાધન તરીકે તથા આર્થિક ઉપજન બાબતે આ કોટન ફેકટરીઓ કેટલું મહત્વ છે ? તેનો અભ્યાસ રસપ્રદ ગણાય છે. ગામડાઓમાં આ જીનીંગ ફેક્ટરીઓની શું પરિસ્થિતિ છે? જીનીંગ ફેકટરીઓનો વિકાસ કેટલો જરૂરી ગણાય તેમજ કામદારોને રોજગારી મળી રહે જ્ઞાતિગત, જાતિગત શિક્ષણનું પ્રમાણ સામાજિક દ્રષ્ટીએ

ISBN-978-81-973071-9-5
First Edition

મહત્વનું બને છે. કોટન જીનીંગ ફેક્ટરીઓની મજુરો પર આર્થિક અને સામાજિક અસરો છે. તેના પણ આભ્યાસ રસપ્રદ વિષય છે. આથી “મહેસાણા જીલ્લામાં જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેનો અભ્યાસ” પી.એચ.ડી ના વિષય તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

### સંશોધનનું શીર્ષક

“મહેસાણા જીલ્લામાં જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેનો અભ્યાસ.”

ઉપરોક્ત શીર્ષકવાળા અભ્યાસનું ભૌગોલિક કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામિણ વિસ્તાર પુરતું મર્યાદિત છે. આ પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ ફેક્ટરીઓમાં કામ કરતા મજુરોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મજુરોના જીવન પર થતી અસરોનો તથા સામાજિક પ્રશ્નો અને જીવન ધોરણનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

### સંશોધનના હેતુઓ

અર્થતંત્રમાં ઔદ્યોગિક ક્ષેત્રે ઉત્પાદનના મુખ્યત્વે ચાર સાધનો જોવા મળે છે જેમાં શ્રમ એ વિશિષ્ટ પ્રકારનું સાધન છે. ચીજવસ્તુ અને સેવાઓના ઉત્પાદનમાં શ્રમ અને મૂડીના સાધનો મહત્વના છે. દિનપ્રતિદિન ઔદ્યોગિક ક્ષેત્રે મજુરોની સમસ્યાઓ વધતી જતી જોવા મળે છે.

આ સંશોધન એ મજુરોના સામાજિક અને આર્થિક વિકાસને લગતો હોવાથી તેમાં કેટલાક ઉદેશો પણ જોવા મળે છે. સૌ પ્રથમ તો જીનીંગ ફેકટરીના વિકાસમાં કેટલા મજુરો રોજગારી મેળવે છે. તેમજ કેટલા મજુરો જીનીંગ ફેકટરીમાં કાર્યરત છે. આ મજૂરોની આવકનું પ્રમાણ કેટલું છે? તેઓએ સ્થળાંતર કરેલ છે? તેમના જીવનધોરણમાં આર્થિક રીતે કોઈ સુધારો થાય છે. આમ, આ અભ્યાસને નવી દિશા સુચન મળે છે આથી, મજુરોના સંશોધન દ્વારા તેના કેટલાક ઉદેશો પણ જોવા જરૂરી બની રહે છે.

૧. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોની વ્યક્તિગત માહિતીનો અભ્યાસ કરવો.
૨. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોના શિક્ષણ સંબંધિત માહિતીનો અભ્યાસ કરવો.
૩. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોના કુટુંબની માસિક આવક અને ખર્ચની માહિતી તપાસ્વી.
૪. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજુરોના ઉદ્યોગ સંબંધિત માહિતી ચકાસવી.(સમયગાળો, સ્થળાંતર,કામના કલાકો,સુવિધાઓ,મજૂરોની સંખ્યા, કામની ચાલતી પાળીઓ વગેરે)

ISBN-978-81-973071-9-5
First Edition

૫. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોની કૌટુંબિક અને સામાજિક માહિતીનો અભ્યાસ કરવો.

૬. મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોના વેતન માળખાનો અભ્યાસ કરી આર્થિક પરિસ્થિતિ તપાસ્વી.

**સંશોધનની પરિકલ્પના**

પી.વી. યંગના મત મુજબ....

"પરિકલ્પના એ એક એવો કેન્દ્રીય વિચાર છે કે જે ફળદાયી સંશોધનનો આધાર બને છે."

સામાન્ય રીતે પરિકલ્પના એટલે એક પ્રકારની ધારણા એવો અર્થ જોવા મળે છે. પરિકલ્પના મુખ્યત્વે ત્રણ પ્રકારની જોવા મળે છે. જે આ મુજબ છે.

**સંખ્યાકીય પરિકલ્પના : નિરાકરણીય પરિકલ્પના (Null Hypothesis)**

સમષ્ટિના પ્રચલો વિશે અથવા સમષ્ટિના સંભાવના વિતરણ વિષે અગાઉથી કરેલી ધારણાને સંખ્યાકીય પરિકલ્પના (Statistical Hypothesis) કહેવામાં આવે છે. આ પરિકલ્પનાની ચકાસણી ઉપલબ્ધ નિદર્શની માહિતીના આધારે કરવામાં આવે છે. જો સંખ્યાકીય સંખ્યાકીય પરિકલ્પનામાં સમષ્ટિના તમામ પ્રચલો વિશે અનુમાન (ધારણા) કરવામાં આવે તો તેને સાદી પરિકલ્પના (Simple Hypothesis) કહેવામાં આવે છે. તેને $H_0$ વડે દર્શાવાય છે. પરંતુ જો સમષ્ટિના અમુક જ પ્રચલો વિશે ધારણા કરવામાં આવી હોય તો તે સંયુક્ત(મિશ્ર) પરિકલ્પના કહેવામાં આવે છે. સંયુક્ત પરિકલ્પનામાં બધા જ પ્રચલો વિશે ધારણા કરવામાં આવી હોય તો તે સંયુક્ત(મિશ્ર) પરિકલ્પના કહેવામાં આવે છે. સંયુક્ત પરિકલ્પનામાં બધા જ પ્રચલો વિષે અનુમાન કરવામાં આવતું નથી.કોઈ પણ સમષ્ટિના પ્રચાર વિષે અગાઉથી કરવામાં આવતી ધારણાને નિરાકરણીય પરીકલ્પના કહેવામાં આવે છે.

**વૈકલ્પિક પરિકલ્પના (Alternative Hypothesis)**

નિરાકરણીય પરિકલ્પનાની વિરુદ્ધની પરિકલ્પનાને વૈકલ્પિક પરિકલ્પના કહેવામાં આવે છે. સંકેતમાં તેને $H_૧$ વડે દર્શાવાય છે.

કોઈપણ ક્ષેત્રનો અભ્યાસ શરૂ કરતા પહેલા સંશોધન કારે પરિકલ્પના કરવી જરૂરી છે. પરિકલ્પના એવા પ્રકારનું વિધાન છે. જેનો ઉત્તર હકારાત્મક અથવા નકારાત્મક પ્રાપ્ત થઇ શકે છે. જીનીંગ ઉદ્યોગમાં મજુરોના અભ્યાસ માટેની પરિકલ્પનાઓ આ મુજબ છે.

કોઈપણ સંશોધન કરવા માટે સંશોધન દ્વારા પરિકલ્પનાઓનું ઘડતર થાય છે. પરિકલ્પનાએ સંશોધનનો આરંભ છે. પરિકલ્પના ઘડાયા પછી માહિતી મેળવીને તેની ચકાસણી કરવામાં આવે છે. ચકાસણીના અંતે પરિકલ્પના સાચી કે ખોટી પુરવાર થાય છે. પરિકલ્પના એક એવું કામચલાઉ સામાન્યીકરણ છે જેની યથાર્થતાની ચકાસણી હજુ બાકી છે.

ISBN-978-81-973071-9-5
First Edition

૧. મજૂરોની ઉંમર અને તેમના કામના કલાકો વચ્ચે આંકડાશાસ્ત્રીય સાર્થક સંબંધ જોવા મળતો નથી.

૨. મજૂરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક વચ્ચે આંકડાશાસ્ત્રીય સાર્થક સંબંધ જોવા મળતો નથી.

૩. મજૂરોની ઉંમર અને માસિક આવક વચ્ચે આંકડાશાસ્ત્રીય સાર્થક સંબંધ જોવા મળતો નથી.

૪. મજૂરોના કામના કલાકો અને માસિક આવક વચ્ચે આંકડાશાસ્ત્રીય સાર્થક સંબંધ જોવા મળતો નથી.

૫. મજૂરોના વેતનની ચુકવણીનું ધોરણ અને દૈનિક વેતન વચ્ચે આંકડાશાસ્ત્રીય સાર્થક સંબંધ જોવા મળતો નથી.

**સંશોધન સમસ્યા કથન**

ભારત દેશમાં ગુજરાત રાજ્ય માધ્યમિક રીતે વિકસિત રાજ્ય ગણાય છે. કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત દેશમાં બીજા ક્રમે આવે છે. ગુજરાતના વિકાસના વલણોનું પૃથક્કરણ કરતાં એવું જોવા મળે છે કે ઔદ્યોગિક વિકાસ મોટેભાગે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કેન્દ્રિત થયેલ છે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દક્ષિણના ઉમરગામ થી શરૂ કરીને ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેર સુધી ફેલાયેલો છે. આમ મહેસાણા જિલ્લામાં નવા ઉદ્યોગ તરીકે જિનિંગ કોટન ફેકટરીનો વિકાસ ખૂબ જ મહત્વ ધરાવે છે.

મોટા કદના, મધ્યમ કદના અને નાના તથા ગૃહ ઉદ્યોગોનો વિચાર કરીએ તો વિવિધ જિલ્લાઓમાં ઉદ્યોગો કેન્દ્રિત થયેલા જોવા મળે છે. દરેક જિલ્લા અને તાલુકાનો પ્રાદેશિક વિકાસ સમતોલ રીતે વિકસે અને સમગ્ર ગુજરાત રાજ્ય સમૃદ્ધ ઔદ્યોગિક રાજ્ય બને તે જરૂરી બની રહે છે. સમય અને શક્તિની મર્યાદાને કારણે સમગ્ર ગુજરાતના જીનીંગ ઉદ્યોગોનો અભ્યાસ થઇ શકે તેમ નથી. આથી પ્રસ્તુત અભ્યાસમાં માત્ર મહેસાણા જિલ્લાના જીનીંગ ઉદ્યોગોમાં કામ કરતા મજુરોના પ્રશ્નો અને તેના ઉકેલ માટે કરવામાં આવેલો છે. જેમાં મજુરો પાસે પ્રશ્નાવલી ભરાવીને સમસ્યા જાણવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. તથા તેના વિશ્લેષણ માટે નિર્દેશન પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ તથા સર્વેક્ષણ પદ્ધતિ વગેરેનો ઉપયોગ કરવામાં આવેલો છે. મહેસાણા જિલ્લાના જીનીંગ ઉદ્યોગોમાં કામ કરતા મજુરોને જુદી જુદી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. પ્રસ્તુત અભ્યાસમાં મજુરોની આર્થિક અને સામાજિક સમસ્યા સંબંધિત અભ્યાસ કરવામાં આવેલો છે. જેમાં મજુરોની આર્થિક અને સામાજિક મુશ્કેલીઓ, આવક ખર્ચનો, કામના કેટલા કલાકોના બદલે વેતન વગેરે સમસ્યાઓનો જાણવાનો પ્રયાસ કરવામાં આવેલો છે. જિનિંગ ઉદ્યોગોમાં મજુરોને ઓછા વેતનને પણ કરવો પડે છે. મજુરોનું શારીરિક માનસિક શોષણ કરવામાં આવે છે. વેતન નીચા હોવાને કારણે મજુરોનું જીવનધોરણ પણ નીચી કક્ષાનું જોવા મળે છે. આવક નીચી હોવાને કારણે મજુરોના બાળકો વ્યવસ્થિત શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. આમ તેમને નીચી ગુણવત્તાવાળો આહાર,

નીચી કક્ષાના મકાનમાં વસવાટ તથા આરોગ્ય ક્ષેત્રે પણ પૂરતી સારવાર પ્રાપ્ત થતી નથી. પ્રસ્તુત અભ્યાસમાં મજુરો જુદા જુદા પ્રકારે ખર્ચ કઈ રીતે કરે છે તેનો અભ્યાસ પણ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસમાં મજુરોની સામાજિક બાબતો પણ જાણવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા મજુરો રોજગારીની અછત હોવાને કારણે તેઓ કામની શોધમાં શહેરો તરફ આકર્ષાય છે. એટલે કે ગ્રામીણ ક્ષેત્ર માંથી મજુરો શહેરો તરફ સ્થળાંતર કરે છે. તેનો અભ્યાસ પણ સંશોધનમાં કરવામાં આવેલો છે. આમ, અભ્યાસમાં જિનિંગ ઉદ્યોગોના મજુરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેનો અભ્યાસ કરવામાં આવેલો છે.

**સંશોધન અભ્યાસનું કાર્યક્ષેત્ર**

આ સંશોધન અભ્યાસનો વિસ્તાર જિલ્લા પૂરતો મર્યાદિત છે. તેમાં પણ જિલ્લામાંથી પસંદ કરેલા તાલુકોમાથી જીનિંગ ઉદ્યોગો અને તેમાંથી પસંદ કરાયેલા મજુરો પૂરતો અભ્યાસ કરવામાં આવેલો છે. આ અભ્યાસમાં મહેસાણા જિલ્લાના ૧૦ તાલુકાના જિનિંગ એકમોનો અભ્યાસ કરવામાં આવેલ છે. મહેસાણા, કડી, બહુચરાજી ,ઊંઝા, વિજાપુર, વિસનગર, જોટાણા,વડનગર, ખેરાલુ અને સતલાસણાનો સમાવેશ થાય છે. પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા જિલ્લાના ઉપરોક્ત તાલુકાઓના જિનિંગ એકમોનો યદચ્છ રીતે અભ્યાસ કરવામાં આવેલ છે. બૃહદલક્ષી પ્રકારનો આ અભ્યાસ નાની દ્રષ્ટિ ખર્ચાળ બની જતા આ અભ્યાસમાં મહેસાણા જિલ્લાના જીનિંગ ઉદ્યોગનો અભ્યાસ કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

આ અભ્યાસ ક્ષેત્રમાં ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાને પસંદ કરવામાં આવ્યો છે. જેમાં મહેસાણા જિલ્લાના ૧૦ તાલુકામાંથી કડી, વિસનગર અને વિજાપુર આ ત્રણ તાલુકામાં જ કોટન જીનિંગ ફેક્ટરી હોવાથી ત્રણ તાલુકામાંથી જીનીંગ ફેકટરીના ૪૪૦ ઉત્તરદાતાઓ પસંદ કરવામાં આવ્યા છે. એટલે કુલ ૪૪૦ ઉત્તરદાતા ઓને આ અભ્યાસમાં સાથે લેવામાં આવ્યા છે. જેમાં આ તમામ ઉત્તરદાતાઓની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. જેમાં આ ૪૪૦ ઉત્તરદાતાઓ એ બક્ષીપંચ, અનુસુચિત જાતિ અને અનુસુચિત જન જાતિ વગેરે જાતિનો સમાવેશ થાય છે.

**અભ્યાસનું મહત્વ**

ભારતમાં ઈ.સ.૧૯૫૧થી પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. દેશનો આર્થિક વિકાસ ઝડપી બને તે હેતુથી બીજી પંચવર્ષીય યોજનામાં (૧૯૫૬) ઔદ્યોગિક ક્ષેત્રને વધુ મહત્વ અપાયું છે. પ્રોફેસર મહાલનોબિસ એ  બીજી પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિકરણ ઉપર વધુ ભાર આપ્યો હતો. ભારત જેવા વિકસતા દેશમાં ગરીબી અને બેકારીની સમસ્યા વધુ ગંભીર બનતી જાય છે. ઈ.સ.૧૯૫૪માં પ્રોફેસર લેવિસે 'Dualistic Model for Economic Growth' મોડેલ રજૂ કર્યું હતું જેમાં વિકાસની વ્યૂહરચનાઓ સમજાવવામાં આવી છે. ઉદ્યોગ ક્ષેત્રે મૂડીરોકાણ અને પરિણામે મજુરોની માંગ વધે છે. એટલે કે ખેતી ક્ષેત્રે રોકાયેલા વધુ મજુરો માટે કોઈ પણ પ્રકારની રોજગારીની નવી તકો ઊભી થતી નથી

ISBN-978-81-973071-9-5
First Edition

જ્યાં પ્રચ્છન્ન બેકારી જોવા મળે છે. આમ, ખેતીક્ષેત્ર મજુરોની સંખ્યા વધુ હોવાથી મજુરોનું સ્થળાંતર જરૂરી બની રહે છે.

ગ્રામીણક્ષેત્રે વસ્તી વધતી જતાં ખેતી પર વસ્તીનું ભારણ વધેલું જોવા મળ્યું છે. ગ્રામીણ સમાજના લોકો રોજગારી મેળવવા માટે શહેરમાં સ્થળાંતર કરે છે. આ વ્યક્તિઓને રોજગારી પૂરી પાડવા માટે ઔદ્યોગિક ક્ષેત્ર મહત્વની ભૂમિકા ભજવે છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં જીનીંગ ઉદ્યોગનો મહત્વનો ફાળો રહ્યો છે. જીનીંગ ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલીક સહાય અને પ્રોત્સાહન મળે છે. આજ જીનીંગ કોટન ફેકટરી રોજગારી સર્જન કરવામાં મહત્વનો ફાળો આપે છે. મહેસાણા જિલ્લામાં કુલ ૪૪૦ ઔદ્યોગિક ક્ષેત્રો છે. જેમાં કડી, વિજાપુર અને વિસનગર ખાતે જિનિંગ કોટન ઉદ્યોગો વધુ વિકસેલા જોવા મળ્યા છે. જિનિંગ કોટન ફેકટરીમાં મહેસાણા જિલ્લાના અને ગુજરાત રાજ્ય તથા ગુજરાત બહારના લોકોને પણ રોજગારી આપવામાં આવે છે. જીનીંગ ઉદ્યોગમાં રોજગારી મેળવનાર મજુરોની આમ કેટલીક સમસ્યાઓ જોવા મળે છે.

આ અભ્યાસ દ્વારા પસંદ કરેલ વિસ્તારના મજૂરોની સ્થિતિનું ચિત્ર જાણી શકાય છે. મજુરો પોતાના જીવન ધોરણમાં સુધારો કરવા પ્રયાસ કરે છે. તે જાણવા હેતુ આ સંશોધન ઉપયોગી બને છે જેમ આધુનિક પદ્ધતિ કાર્ય કરવાની તેમના વેતનમાં કોઈ વધારો કે ઘટાડો તો નથી થયો તેની સાથે બિન ઉદ્યોગમાં કામ કરતા મજુરો કરતા ગૃહ ઉદ્યોગ- નાના ઉદ્યોગોમાં મજુરોના વેતનમાં શું તફાવત છે. તે બાબત અગત્યની છે. તેવી જ રીતે કોટન માર્કેટયાર્ડના મજુરોના જીવન ધોરણમાં સુધારો દ્વારા વિકાસ થાય છે તે મહત્વ ધરાવે છે. આ સિદ્ધાંતો દ્વારા મજુરોને રોજગારી મળી ત્યાંથી માંડીને  આજની પરિસ્થિતિમાં શું તફાવત છે. તે સરખાવી શકાય અને નબળી કડીઓ શોધી તેને દુર કરી મજુરોને વધારે સારું જીવનધોરણ પ્રાપ્ત થાય છે.

## સંશોધન અભ્યાસની પદ્ધતિઓ

પ્રવર્તમાન સંશોધન અભ્યાસ મહેસાણા જિલ્લાના જિનિંગ ફેકટરીના મજુરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં એક અભ્યાસ અંતર્ગત જરૂરી માહિતી મેળવવા માટે માહિતીના બંને સ્રોત પ્રાથમિક માહિતીના સ્રોત અને ગૌણ માહિતીના સ્રોતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસ મહેસાણા જિલ્લાના જીનિંગ ઉદ્યોગોના મજુરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

સંશોધન માટે પસંદ કરેલા વિષયની પ્રાથમિક સમજ મેળવવાના હેતુથી આ વિષય સાથે સંકળાયેલા નિષ્ણાંતો સાથે રૂબરૂ મુલાકાત ગોઠવી અભ્યાસ કરવામાં આવેલ છે. તે દ્વારા આ વિશેના અભ્યાસ માટે કયા કયા ક્ષેત્રોમાંથી માહિતી મળી શકે યાદી અલગ તૈયાર કરવામાં આવી છે. તથા માહિતી પૂરી પાડી શકે તેવી વ્યક્તિઓ આને સંસ્થાઓની યાદી તૈયાર કરી તેમની પાસેથી માહિતી મેળવવા અંગેનો અનુકુળ સમય નક્કી કર્યા બાદ તેમની પાસેથી યોગ્ય માહિતી મેળવવા મુલાકાત યોજવામાં

ISBN-978-81-973071-9-5
First Edition

આવેલી છે. આમ આ અભ્યાસની માહિતી મેળવવામાં આવી છે. આ સંશોધન અભ્યાસમાં મુખ્યત્વે ત્રણ પદ્ધતિ દ્વારા મેળવવામાં આવી છે.

૧. મુલાકાત પદ્ધતિ

૨. પ્રશ્નાવલી પદ્ધતિ

૩. ગૌણ માહિતી પદ્ધતિ

**મુલાકાત પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રાથમિક માહિતી એકઠી કરવા માટે ઔદ્યોગિક એકમોના માલિકો અને મજુરોની મુલાકાત યોજીને મહેસાણા જિલ્લાના ૧૧૦ જિનિંગ ઉદ્યોગોના માલિકો અને ૧૧૦ એકમોના ૪ - ૪ મજુરો એટલે કે ૧૧૦ × ૪ = ૪૪૦ જિનિંગ ઉદ્યોગોની મજુરોની પ્રત્યેક મુલાકાત લેવામાં આવી છે. આમ પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મહેસાણા જિલ્લાના એકમોના ૪૪૦ મજુરોની પ્રત્યક્ષ મુલાકાત યોજી તેઓની સાથે વાતચીત કરી પ્રશ્નો પૂછી અને આ વાતચીત અને પ્રશ્નોના યોગ્ય નિચોડ દ્વારા માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

**પ્રશ્નાવલી પદ્ધતિ**

આ વિષયના અભ્યાસ માટે પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. મજુરો માટેની પ્રશ્નાવલીને મુખ્યત્વે આઠ વિભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે. કોઇપણ સંશોધન કરતી વખતે સંશોધકે કઈ સંશોધન પદ્ધતિ અપનાવવી એ બાબત સૌધ્ધાંતિક રીતે સંશોધકની ઈચ્છા પર નિર્ભર રહેતી હોય છે. પરંતુ સંશોધકે તેમાં પુરેપુરો મુક્ત હોતો નથી. સંશોધન કરવા માટે જુદી-જુદી અભ્યાસ પદ્ધતિઓ અને માહિતીના સ્રોત છે. જે સંશોધન થાય છે તે કેવી માહિતી પર આધારિત છે એટલે કે સંશોધનમાં કેવા પ્રકારની માહિતીની આવશ્યકતા છે? તે માટેની પદ્ધતિઓ કઈ છે? વગેરે વિશેનો નિર્ણય સંશોધનના મુખ્ય બાબતને ધ્યાને લઈને કરવામાં આવે છે.

આ પદ્ધતિમાં મહેસાણા જીલ્લામાં આવેલા તાલુકાઓમાંથી દરેક તાલુકાની જીનીંગ ફેકટરીઓમાં કામ કરતા મજુરો પાસે પ્રશ્નોતરી ભરાવીને તેનો સર્વે કરીને તારણો સૂચનો દર્શાવામાં આવે છે.

સંશોધનનો આધાર માહિતી પર રહેલો છે. સંશોધનના વિષયને લગતી ભૂતકાળ અને વર્તમાન કાળની બધી વિગતો વ્યાપક અર્થમાં માહિતી ગણી શકાય માહિતીમાં બનાવો, અનુભવો, આંકડાઓ, વિચાર, વલણ, માન્યતાઓ, મુલ્યો, સામાજિક ધોરણો વગેરેનો સમાવેશ થાય છે.

માહિતી બે પ્રકારની હોય છે.

૧. પ્રાથમિક માહિતી

૨. ગૌણ માહિતી

ISBN-978-81-973071-9-5
First Edition

### ૧. પ્રાથમિક માહિતી

સંશોધનમાં પ્રથમિક માહિતી એટલે એવી માહિતી કે જે સંશોધકે પોતાની જાતે જ કે અન્ય કોઈ અધિકૃત વ્યક્તિઓ દ્વારા માહિતી મેળવેલી હોય તો તે પ્રાથમિક માહિતી છે. એટલે સંશોધક પોતે અધિકૃત સંસ્થા, આ ગણકો પોતાની જાતે તથા અન્ય કોઈ વ્યક્તિઓ પાસેથી પૃથ્થકરણની જે માહિતી ઓળખવામાં આવે છે તે પ્રાથમિક માહિતી છે. ટૂંકમાં સંશોધક પોતે સીધો કામદારોના પ્રત્યેક્ષ સંપર્કથી કે કોઈ પોતે નીમેલા વ્યક્તિ દ્વારા માહિતી મેળવે છે. તો તે માહિતી પ્રથમ પ્રાથમિક માહિતી છે.

પ્રાથમિક માહિતી માટે મહેસાણા જિલ્લાના શહેરો અને ગામડાઓમાં જીનીંગ કોટન ફેક્ટરીઓમાં માલિકો તથા મજૂરોની યદ્ચ્છ નિદર્શન મુલાકાત પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસમાં કોટન જીનીંગ ફેકટરીઓમાં કામ કરતાં  ૪૪૦ મજૂરોનો સમાવેશ કર્યો છે. આ મજૂરોની સાચી અને વાસ્તવિક માહિતી મેળવવા માટે ભૂતકાળના સંશોધનોનો અભ્યાસ કરીને તેમજ બનાવો તેમનો અભ્યાસ હાથ ધર્યો હતો. મજુરો અને તેના કુટુંબો પાસેથી જરૂરી માહિતી મેળવવા જે પ્રશ્નાવલી તૈયાર કરી હતી તેમાં મજૂરોની વ્યક્તિગત માહિતી કૌટુંબિક માહિતી, તેમની શિક્ષણ વિષયક માહિતી, ભૂતકાળ રોજગાર વિષયક માહિતી, વર્તમાન રોજગાર વિષયક માહિતી, તેમની આવક, ખર્ચ અને બચત અંગેની માહિતીનો સમાવેશ કરી તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રાથમિક માહિતીના સ્ત્રોતો

### ૨. ગૌણ માહિતી

કોઈ સંસ્થાએ મેળવેલી માહિતીઓ, દસ્તાવેજો, અભ્યાસો અને સાહિત્યો મેળવેલા છે કે સંગ્રહ કર્યા છે તેમાંથી કોઈ સંશોધક માહિતી મેળવે તો તેને ગૌણ માહિતી તરીકે ઓળખવામાં આવે છે. ટૂંકમાં સંશોધક પોતે અન્ય સંસ્થઓ પાસેથી કે વ્યક્તિઓએ મેળવેલી માહિતી હોય તેમાંથી માહિતી મેળવેલ છે તો તે માહિતી ગૌણ માહિતી તરીકે ઓળખાવી શકાય. ગૌણ માહિતી અધિકૃત ન્યુઝ પેપરો, સામયિકો અને સંસ્થાઓ પાસેથી મેળવવામાં આવે છે. એક શાળામાં હોશિયાર વિદ્યાર્થીઓને પુરસ્કાર કે સ્કોલરશીપ આપવાની છે તેવા સંજોગોમાં સંશોધક શાળાના આચાર્ય પાસેથી કે શિક્ષક પાસેથી છેલ્લા ત્રણ વર્ષના પરિણામો કે અન્ય માહિતી મળે છે તો તે ગૌણ માહિતી તરીકે ઓળખાવી શકાય.

અભ્યાસની ગૌણ માહિતી સરકાર દ્વારા પ્રકાશિત વિગતો, આંકડા બ્યુરો, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, માહિતી કેન્દ્રો રાજ્ય ઉદ્યોગ કમીશનરની કચેરી, વિવિધ વર્તમાનપત્રો, Economics Times, કાપડ ઉદ્યોગને લગતા મેગેઝીનો તેમજ કોટન- કાપડ ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રતિષ્ઠિત વ્યક્તિઓની મુલાકાત લઇ જે કોઈ માહિતી મળી છે તેનો આ અભ્યાસમાં ઉપયોગ કર્યો છે.

## અભ્યાસ ક્ષેત્રની પસંદગી

કોઈ પણ સંશોધનમાં અભ્યાસ કરવા માટે તેની પસંદગી વધુ મહત્વની બની રહે છે. સંશોધન અભ્યાસ માટે તેના વિષય વિશેની માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે. અભ્યાસનો વિસ્તાર અને તેના નિર્દેશકો

ISBN-978-81-973071-9-5
First Edition

જરૂરી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાના દસ તાલુકાઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. યદ્દચ્છ રીતે દસ તાલુકાઓમાંથી માત્ર ત્રણ તાલુકાઓમાં જ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીઓ જોવા મળે છે.

### વિસ્તારની પસંદગી

મહેસાણા જિલ્લામાં કુલ દસ તાલુકાઓ જોવા મળે છે. જેમાં કડી, મહેસાણા, બેચરાજી, જોટાણા, વિસનગર, વિજાપુર, વડનગર, સતલાસણા, ખેરાલુ અને ઊંઝા તાલુકાનો સમાવેશ થાય છે. જેમાંથી માત્ર કડી, વિસનગર અને વિજાપુર ત્રણ તાલુકામાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેકટરીઓ જોવા મળે છે. જેની માહિતી કોષ્ટક ૩.૧માં દર્શાવેલ છે.

### કોષ્ટક ૩.૧ તાલુકાઓની પસંદગી




### નિર્દશન પસંદગી

આ સંશોધનમાં "મહેસાણા જીલ્લામાં જીનીંગ - પ્રેસિંગ ફેક્ટરીઓમાં કામ કરતા મજૂરોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ અંગેનો અભ્યાસ" ના વિષયમાં મહેસાણા જિલ્લાના દસ તાલુકાઓમાંથી યદ્દચ્છ નિર્દશન રીતે ત્રણ તાલુકોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં કુલ ત્રણ તાલુકોમાથી કુલ ૧૧૦ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીઓ જોવા મળે છે. તેમાંથી યદ્દચ્છ રીતે ૧૧૦ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરી દીઠ ૪ મજૂરોની પસંદગી કરવામાં આવેલ છે. આમ, કુલ ૪૪૦ મજૂરોની પસંદગી કરવામાં આવેલ છે. જેની માહિતી કોષ્ટક ૩.૨માં દર્શાવામાં આવેલ છે.

## કોષ્ટક ૩.૨ પસંદ કરેલ તાલુકાઓ અને મજુરો

| ક્રમ | તાલુકો | કુલ એકમો | પસંદ કરાયેલા એકમો | મજૂરોની પસંદગી |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | કડી | ૭૧ | ૭૧ | ૨૮૪ |
| ૩ | ઊંઝા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | બેચરાજી | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | સતલાસણા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | વિજાપુર | ૨૯ | ૨૯ | ૧૧૬ |
| ૭ | વિસનગર | ૧૦ | ૧૦ | ૪૦ |
| ૮ | વડનગર | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | ખેરાલુ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | જોટાણા | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ એકમો -મજૂરોની સંખ્યા | | ૧૧૦ | ૧૧૦ | ૪૪૦ |

(સંદર્ભ - સંશોધકે પ્રાપ્ત કરેલ પ્રાથમિક માહિતીના આધારે.)

### સંશોધન અભ્યાસનું પૃથ્થકરણ/ વિશ્લેષણ

સંશોધન અભ્યાસ દરમિયાન (૨૦૨૦-૨૧) માહિતીના પ્રાથમિક અને દ્વિતીય સ્રોતમાંથી એકત્ર કરાયેલ માહિતીના પૃથ્થકરણ માટે જરૂરી અને અનુરૂપ વિવિધ આંકડાકીય પ્રવૃત્તિઓને અનુસરવામાં આવે છે. આમ ઉપરોક્ત પ્રવિધિઓને અનુસરીને તેના આધારે પરિકલ્પનાની તપાસ કરવામાં આવેલ છે અને અંતે જરૂરી તારણો અને સૂચનો દર્શાવવામાં આવેલ છે.

માહિતીનું પૃથક્કરણ કરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે જેની વિસ્તૃત માહિતી આ મુજબ જોવા મળે છે.

### સરવાળા

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીને આધારે ગોઠવણી કર્યા બાદ યોગ્ય ગોઠવણી કરવા માટે અને સંશોધન યોગ્ય ગણતરી કરવા માટે સરવાળાનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં જુદા જુદા કોષ્ટકોમાં જુદી જુદી રીતે સરવાળાનો ઉપયોગ કરી શકાય છે.

### ટકાવારી

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતી અલગ અલગ વિભાગની હોવાથી તેને યોગ્ય કોષ્ટકમાં દર્શાવીને તેનું ટકાવારી પ્રમાણ દર્શાવવામાં આવે છે.

**કોષ્ટક**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીનું વર્ગીકરણ કરીને તેને પ્રશ્નો મુજબ કોષ્ટકમાં આંકડાકીય સ્વરૂપે ગોઠવી શકાય છે.

**આલેખ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીને તેના પ્રશ્ન અને જવાબ મુજબ આલેખ કે આકૃતિના સ્વરૂપમાં મુકવામાં આવે છે.

**સરેરાશ**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીને યોગ્ય ટકાવારી અને સરેરાશ સ્વરૂપે રજુ કરી શકાય છે.

સૂત્ર X = Σfixi ÷ n

**$x^2$- પરીક્ષણ**

$x^૨$ વિતરણની મદદથી કરવામાં આવતા સાર્થકતા પરીક્ષણોને $x^૨$ પરીક્ષણ કહેવામાં આવે છે. $x^૨$ પરીક્ષણની શોધ ૧૮૭૫માં સૌપ્રથમ હેલમર્ટ કરેલી. ત્યારબાદ ઈ.સ.૧૯૦૦માં સ્વતંત્ર રીતે તેની ફરીથી શોધ કાર્લ પીયરસને કરી હતી.

**$x^2$ વિતરણની મર્યાદાઓ અને ઉપયોગીતા**

- નિદર્શમાં મેળવેલ માહિતીને એ રીતે શક્ય બનાવવી જોઈએ કે જેથી સ્વતંત્ર્યની માત્રા શૂન્યથી વધુ થાય.
- કોઈપણ વર્ગમાં નિરીક્ષત અથવા અપેક્ષિત આવૃત્તિની કિંમત ' ૫' કરતા નાની ના હોવી જોઈએ. જો એકાદ વર્ગની આવૃત્તિ '૫' કરતા ઓછી હોય તો તેને બાજુના વર્ગ સાથે જોડીને સંયુક્ત વર્ગ બનાવવો જોઈએ.
- હમેશા નિરપેક્ષ આવૃત્તિઓ વાપરવી જોઈએ. સાપેક્ષ આવૃત્તિ વાપરી શકાય નહિ.
- નિદર્શના નિરીક્ષણો નિરપેક્ષ હોવા જોઈએ.
- સૈધાંતિક વિતરણ મેળવવા જરૂરી બધકો એકધાતી હોવા જોઈએ.

**સાર્થકતાની કક્ષા (Significance Level)**

નિરાકરણીય પરિકલ્પના સાચી હોય અને પરીક્ષણ દ્વારા તેનો અસ્વીકાર થાય તો તેને સંભાવનાને સાર્થકતાની કક્ષા કહેવામાં આવે છે. સામાન્ય રીતે ૫% અથવા ૧ %ની સાર્થકતાની કક્ષા પસંદ કરવામાં આવે છે. ૫% સાર્થકતાની કક્ષાનો એવો અર્થ થાય છે. કે સાચી પરિકલ્પનાની અસ્વીકાર કરવાની સંભાવના ૦.૦૫ છે, એટલે કે ૧૦૦ માંથી ૫ પરિણામોનો અસ્વીકાર કરવામાં આવે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**સહસંબંધ**

"બે પરિવત્યના મૂલ્યમાં એકસાથે ફેરફાર થતા હોય અને તે બંને પરિવત્યો વચ્ચે પ્રત્યક્ષ કે પરોક્ષ કાર્યકારણ સંબંધ હોઈ શકે તો તેમની વચ્ચે સંબંધ છે તેમ કહેવાય."

બે પરિવર્તનોના મૂલ્યમાં થતાં ફેરફારની દિશા ઉપરથી સહસંબંધના બે પ્રકાર પાડી શકાય છે

**૧) ધન સહસંબંધ**

બે પરિવ્યતોના મૂલ્યમાં એક જ દિશામાં ફેરફાર થતો હોય એટલે કે એક પરિવર્તન મૂલ્યમાં વધારો થતો હોય તો બીજા સંબંધિત પરિવર્ત્યો માં પણ વધારો થાય અથવા એક પરિવર્તન મૂલ્યમાં ઘટાડો થતો હોય તો બીજા સંબંધિત પરિવર્તનના મૂલ્યમાં ઘટાડો થાય તો આવા સંબંધ ધન સહસંબંધ કહે છે.

**૨) ઋણ સહસંબંધ**

કેટલીક વખત કાર્યકારણના સંબંધને લીધે બે પરિવર્તનોમાં વિરુદ્ધ વિરુદ્ધ દિશામાં ફેરફારો થતા હોય છે. એટલે કે એક પરિવર્તનને મૂલ્યમાં જ્યારે વધારો થતો હોય ત્યારે બીજા પરિવર્તન મૂલ્યમાં ઘટાડો થતો હોય છે અને જ્યારે એક પરિવર્તનના મૂલ્યમાં ઘટાડો થતો હોય ત્યારે બીજા પરિવર્તનના મૂલ્યમાં વધારો થતો હોય છે. આને ઋણ સંબંધ કહેવામાં આવે છે.

કોષ્ટક ૩.૩

| સહ સંબંધાકનું અર્થઘટન |
|---|
| ૦.૨૦ થી ઓછો બહુ જ ઓછો સહ સંબંધ બતાવે છે. |
| ૦.૨૦ થી ૦.૪૦ સુધીનો આંક ઓછો સંબંધ બતાવે છે. |
| ૦.૪૦ થી ૦.૭૦ સામાન્ય સહસંબંધ સંબંધ બતાવે છે. |
| ૦.૭૦ થી ૦.૯૦ નોંધપાત્ર સંબંધ બતાવે છે. |
| ૦.૯૦ થી ૧.૦૦ ઉચ્ચ સહસંબંધ સંબંધ બતાવે છે. |

**'t' પરીક્ષણ**

બે નિર્દશો વચ્ચે જણાયેલા તફાવત બંને સમષ્ટિમાં અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે નક્કી કરવા માટે વપરાતી આંકડાશાસ્ત્રીય ચકાસણીને ટી-પરીક્ષણ કહે છે. ટી - પરીક્ષણ એક પ્રકારનો ક્રાંતિક ગુણોત્તર છે. ટી પરીક્ષણમાં ટી ગુણોત્તર ગણવામાં આવે છે. આ ગુણોત્તરની મદદથી નિર્દશના માપ પરથી સમષ્ટિનું માપ જાણી શકાય છે.

**આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ**

માહિતીના આધારે વર્ગીકરણ અને કોષ્ટક તૈયાર કર્યા બાદ અર્થઘટન કરવા હેતુસર અલગ અલગ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં પ્રસ્તુત અભ્યાસમાં કાઈવર્ગે અને સહસંબંધ જેવી આંકડાકીય ગાણિતિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## માહિતીનું અર્થઘટન

પસંદ કરેલ મહેસાણા જીલ્લામાં ચાલતા કોટન ઉદ્યોગોમાં કામ કરતા મજુરો પાસેથી રૂબરૂ દ્વારા મેળવી છે. નાના ઉદ્યોગોનો ઈતિહાસ ઈન્ટરનેટ દ્વારા મેળવી શકાય છે.

કોટન ઉદ્યોગો ચાલતા હોય તેવા કુટુંબો પાસેથી માહિતી મેળવી છે. આ ઉપરાંત અભ્યાસના મુખ્ય હાર્દ સમી મજૂરોની રૂબરૂ મુલાકાત દ્વારા નોંધવામાં આવી છે. આ અનુસુચિમાં પસંદ કરેલ મજુરો કુટુંબ માહિતી રોજગારી સ્થળે આવે છે. તેમને જે વેતન મળે છે. તેનાથી તેમના કુટુંબોની જરૂરિયાતો પૂરી થાય છે. તેમના કુટુંબને રહેઠાણ ભાડું તથા તે સ્થળે અન્ય સગાવડો મળી રહે છે. તે બાળકો શિક્ષણ મેળવે છે. તેમજ તેમના જીવન ધોરણમાં પરિવર્તન સુધારો થાય છે. તેનું પૃથ્થકરણ કરેલ છે.

આમ, મહેસાણા જીલ્લામાં મજુરોના સામાજિક સ્થિતિ અંગે તમામ પ્રશ્નોનો અભ્યાસમાં પૃથ્થકરણ કરે છે. પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત થયેલી માહિતીને કોષ્ટોકમાં રજુ કરીને એને સરળ આંકડાકીય પદ્ધતિઓ જેવી કે સરેરાશ ટકાવારી, આવૃત્તિવિતરણ અને આલેખો વગેરેનો ઉપયોગ કરીને તારણો મેળવવામાં આવશે. ઉપરાંત વિવિધ પરિબળો વચ્ચેના સબંધ તપાસવા માટે આંકડાશાસ્ત્રની આંકડાકીય વિશ્લેષણની વિવિધ પધ્ધતિઓમાંથી સરેરાશ પધ્ધતિ, આલેખ, t-ટેસ્ટ, સહસબંધાંક તથા $X^2$ પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવશે. ઉપરોકત તમામ પ્રકારના વિશ્લેષણ માટે કોમ્પ્યુટર સોફ્ટવેર SPSS (Statistical Package for Social Science) નો ઉપયોગ કરવામાં આવશે.

## માહિતીનું વિશ્લેષણ

આ સંશોધન અભ્યાસમાં મજુરો પાસેથી પ્રાપ્ત થયેલ માહિતી દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૧. પ્રાપ્ત કરેલ માહિતીના આધારે મહેસાણા જિલ્લાના પસંદ કરવામાં આવેલી કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાંથી મજૂરોની વ્યક્તિગત માહિતી કુટુંબનું કદ, વ્યક્તિની ઉંમર, શૈક્ષણિક ઉત્તર વ્યક્તિઓની સંખ્યા વગેરે વિશ્લેષણ કરવામાં આવેલું છે.

૨. માહિતીના આધારે દરેક બાબતોને આઠ વિભાગમાં વહેંચવામાં આવેલ છે જેનું વિશ્લેષણ કરવામાં આવેલું છે.

૩. પ્રાપ્ત માહિતીના આધારે મજૂરોએ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે કે નહીં તથા તેઓ તેમના બાળકોને શિક્ષણ અપાવે છે કે નહીં વગેરે બાબતોનું વિશ્લેષણ કરાયું છે.

૪. પ્રાપ્ત થયેલી માહિતીના આધારે મજૂરોની સામાજિક આર્થિક અને ઉદ્યોગ સંબંધિત વિશેષ સમસ્યાઓનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૫. પ્રાપ્ત થયેલી માહિતીના આધારે સામાજિક આર્થિક વિભાગમાં મજૂરોની સામાજિક અને આર્થિક સ્થિતિ, જીવનધોરણ વેતન દર મોજશોખની વસ્તુઓ પાણીની સુવિધા મિલકતનો પ્રકાર તથા કેટલા સમયથી સ્થળાંતર કરેલ છે વગેરે માહિતી નું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

૬. પ્રાપ્ત થયેલી માહિતીના આધારે મજૂરો કેટલા સમયથી કેટલા કલાક આ કલાક મુજબ કેટલું વેતન ચૂકવાય છે વેતન શેના આધારે અપાય છે નિયમિત ચૂકવાય છે કે અનિયમિત તથા આ વેતન ઉપરાંત કેટલીક સુખ-સુવિધાઓ પાડવામાં આવે છે વગેરે બાબતોનું કરવામાં આવેલું છે.

૭. પ્રાપ્ત કરેલ માહિતીના આધારે મજૂરોને તેમના વેતન માંથી બાળકોને શિક્ષણ આપી શકે છે કે નહીં બચત કરી શકે છે કે નહીં તથા આવે તે માહિતી કે તેઓ કયા પ્રકારની મિલકત ખરીદી શકે છે વગેરે બાબતોનું વિશ્લેષણ કરવામાં આવેલું છે.

૮. પ્રાપ્ત કરેલ માહિતીના આધારે મજૂરો તેમને સામાજિક અને આર્થિક સુખ-સુવિધાઓ પ્રાપ્ત કરી શકે પણ પ્રાપ્ત કરે છે કે નહીં તથા તેમની સ્થિતિ કેવી જોવા મળે છે વગેરે બાબતોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૯. પ્રાપ્ત કરેલ માહિતીમાંથી મજૂરો કેટલા સમયથી આ ઉદ્યોગમાં જોડાયેલ છે તથા આ વ્યવસાય સિવાય અન્ય કયા વ્યવસાયમાં કામગીરી બજાવે છે તેઓની માસિક આવક કેટલી જોવા મળે છે વગેરે બાબતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

૧૦. પ્રાપ્ત થયેલ માહિતીના આધારે કેવા પ્રકારનો ખોરાક લેશે તથા તેમના આરોગ્યની જાળવણી માટે નજીકના સ્થળે દવાખાનાની સુવિધા છે કે નહીં તથા ખરાબ આરોગ્ય દરમિયાન રજા પાડતાં કપાત પગાર છે કે નહીં વગેરે બાબતોનું વિશ્લેષણ કરાયું છે.

૧૧. પ્રાપ્ત થયેલી માહિતી ના આધારે મજૂરોની શારીરિક બિમારી થતા મજૂરોનો પગાર કપાય છે તથા કેટલું વેતન દર કપાય છે તેનું વિશ્લેષણ કરવામાં આવેલું છે.

૧૨. પ્રાપ્ત માહિતીના આધારે મજૂરોને કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે વિનામૂલ્યે નિવાસ્થાન, વીજળી ખર્ચ પાણીની સુવિધા વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય જોવા મળે છે જેવી વગેરે બાબતોનું વિશ્લેષણ કરાયું છે.

૧૩. પ્રાપ્ત થયેલ માહિતીના આધારે આ વ્યવસાય સાથે જોડાતા આરોગ્ય પર કોઈ ખરાબ અસર જોવા મળે છે કે નહીં, જોવા મળે છે તો કેવા પ્રકારના રોગ જોવા મળે છે જેની અસર કુટુંબના વ્યક્તિઓ પર થાય છે કે નહીં વગેરે બાબતોનું વિશ્લેષણ કરાયું છે.

૧૪. પ્રાપ્ત થયેલ માહિતીના આધારે મજૂરોને કેટલા મહિના સુધી રોજગારી પ્રાપ્ત થાય છે તે બાબતનું વિશ્લેષણ કરાયું છે.

**અભ્યાસની મર્યાદાઓ**

૧. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પ્રશ્નાવલી આધારિત પ્રત્યક્ષ મુલાકાત દ્વારા પ્રાથમિક માહિતી ઉપર આધારિત છે.

૨. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક માહિતી દ્વારા પ્રતુત કરેલ હોવાથી માનવીય ક્ષતિઓ જોવા મળી શકે છે. પ્રાપ્ત કરેલ માહિતી મજુરો દ્વારા અધુરી પૂરી પાડવામાં આવી હોઈ શકે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

૩. સદર અભ્યાસ મહેસાણા જિલ્લા પુરતો માર્યાદિત છે. આ અભ્યાસના તારણો વધુ વાસ્તવિક બનાવવા માટે મોટી સંખ્યામાં મજૂરોની પસંદગી કરવી જોઈએ પરંતુ એ મહેસાણા જીલ્લા પુરતું મર્યાદિત છે.

૪. મજૂરોની અજ્ઞાતને કારણે મજુરો તેમના વેતન કામના કલાકોની જાણકારી રાખતા નથી તેની અભ્યાસની માહિતી તેમની સ્મરણ શક્તિ પરથી નોંધવામાં આવી છે.

૫. છેલ્લા પાંચ વર્ષની માહિતીને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરેલ છે. માત્ર કપાસની સિઝનમાં જ મજુરો મળી રહે છે તે પુરતી માહિતી મળી રહે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## પ્રકરણ -૪. જીનીંગ અને પ્રેસિંગ ફેકટરીનો પરિચય અને મજૂરોની સમસ્યાઓ

### પ્રસ્તાવના

વર્તમાન સમયમાં દેશ કે રાજ્ય માટે ઉદ્યોગીકરણ એ દેશની સામાજિક-આર્થિક વિકાસ એ મહત્વનો છે. ઔધોગિક વિકાસ જો સંતુલનની સાથે ઝડપી કરવામાં આવે તો તેના દ્વારા વ્યાજબી કિંમત રાખીને લોકોને ચીજ વસ્તુઓ પૂરી પાડી શકાય છે તથા વિશાળ પ્રમાણમાં રોજગારની તકો પણ ઉભી કરી શકાય છે. આમ, લોકોને રોજગારી મળતા લોકોની આવક પણ વધારી શકાય છે.

ભારત દેશમાં ગુજરાત રાજ્યમાં આર્થિક અને પ્રાદેશિક અસમાનતા દુર કરવા માટે તથા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રોજગારીની તકોમાં વૃદ્ધિ કરવાના ઉદેશ્યથી ગુજરાત સરકારે ઈ.સ. ૧૯૫૧થી રચવામાં આવેલી પંચવર્ષીય યોજનાઓમાં ઉદ્યોગીકરણને મહત્વ આપવામાં આવ્યું હતું. ૧૯૬૦ સુધી ઔધોગિક પ્રવૃતિના ક્ષેત્રે કાપડ અને સંલગ્ન ઉદ્યોગનું પ્રાધાન્ય હતું. જયારે ૧૯૬૦ના દાયકામાં ઔધોગિક પાયામાં વિવિધતા લાવવાની શક્યતાઓ ઉભી થઇ કારણકે આ દસકા દરમ્યાન રાજ્યમાં તેલ અને કુદરતી વાયુની શોધ શક્ય બની હાતી. તથા આ જ દશકામાં રીફાઇનરી રસાયણિક ખાતરના ઉદ્યોગ અને પેટ્રો કેમિકલ સંકુલની સરેરાશ વાર્ષિક વૃદ્ધિ છેલ્લા દશકા દરમ્યાન લગભગ ૬.૫% અંદાજવામાં આવી છે રાજ્યના આ સેક્ટર તરફ દ્રષ્ટિ કરતા જણાયું કે રાજ્યના આ સેક્ટરમાં ૨,૮૫,૦૦૦ કરતા વધુ નાનાં ઉદ્યોગો અને ૧૬૦૦૦ કરતા વધુ મધ્યમ અને મોટા પાયા પરના ઔધોગિક એકમોનો સમાવેશ થાય છે તથા રાજ્યે દેશના ઉત્પાદન મૂલ્યમાં ૧૦.૬૪% હિસ્સોથી અને કારખાના સેક્ટરમાં ૧૦.૦૮%ના ઉમેરાયેલ મૂલ્યોથી રાજ્ય તેનું બીજુ સ્થાન જાળવી રાખવામાં સફળ બન્યું છે.

પૃથ્વી ઉપર સૌથી બુદ્ધિશાળી અને તાર્કિક પ્રાણીને પોતાના શારીરિક અને સામાજિક અસ્તિત્વ ટકાવી રાખવા માટે તથા જીવન- નિર્વાહ માટે કોઈને કોઈ આર્થિક ઉત્પાદનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલું છે. શરુઆતમાં ભડકતું જીવન જીવતો મનુષ્ય જેમ-જેમ જીવન નિર્વાહની નવી-નવી રીતો વિકસાવતો ગયો. ખેતી, પશુપાલન પર નભતો મનુષ્ય ઔદ્યોગિક ક્રાંતિની સાથે જોડાતો રહ્યો છે. ટેકનોલોજીના આ આધુનિક યુગમાં પણ ભારત જેવા ખેતીપ્રધાન અને અતિ વસ્તીવાળા દેશમાં આજે પણ ૬૦% માનવ શ્રમ ખેતીમાંથી રોજગારી મેળવે છે. આજે પણ ભારતમાં ખેતીક્ષેત્રે, રોજગારી આર્થિક વિકાસમાં મહત્વનો હિસ્સો ધરાવે છે. આથી ભારતમાં ઝડપી આર્થિક વિકાસ-રોજગારી વૃદ્ધિ માટે ઔદ્યોગિક વિકાસ અનિવાર્ય છે.

### ભારતમાં ઉદ્યોગીકરણની શરૂઆત

ભારતમાં આઝાદી મળ્યા બાદ ઈ.સ. ૧૯૪૭માં બહુ જ જુજ વપરાશી ઉદ્યોગો અસ્તિત્વમાં હતા. ભારતનાં ઔધોગિક ક્ષેત્રમાં ટેક્ષટાઈલ અને ખાંડ ઉઘોગ મહત્વના હતા. ભારતમાં આઝાદી સમયે ઔદ્યોગિક માળખું વૈવિધ્ય પૂર્ણન હતું. ગુજરાત રાજ્યની અલગ રાજ્ય તરીકે સ્થાપના ૧ મે,૧૯૬૦ના દિવસે થઇ. આ પૂર્ણ ગુજરાતમાં મુંબઈ રાજ્યનો એક ભાગ હતું. ૧૯૬૦ સુધી રાજ્યમાં ઔધોગિક પ્રવૃતિના ક્ષેત્રે કાપડ

ISBN-978-81-973071-9-5
First Edition

અને સંલગ્ન ઉદ્યોગોનું પ્રાધાન્ય હતું. ૧૯૬૦ પછી મજુરો પંચવર્ષીય યોજનામાં ઔધોગિક વિકાસને અગ્રિમતા આપવામાં આવી છે. તેના લીધે ગુજરાતના ઔધોગિક વિકાસમાં ૧૯૬૦ પછી વિવિધતા આવી છે.

૧૯૬૦ના દાયકામાં રીફાઇનરી, રસાયણિક ખાતરના ઉદ્યોગો પેટ્રોલ-કેમિકલ્સ સંકુલની સ્થાપના, ડેરી પ્લાન્ટની સ્થાપના ખનીજ સંપતિના ઉપયોગ આધારિત ઉદ્યોગોની સ્થાપના થઇ. જે ગુજરાતમાં ઔધોગિક વિકાસને વેગ આપે છે અને ઔષધ રાસાયણિકોની પેદાશ, ડેરી બનાવટો, સ્ટીલ બનાવટો, સિમેન્ટ, યંત્ર, ઓજારો વગેરે. સમગ્ર દેશના ઉત્પાદનમાં ગુજરાત મીઠાના ઉત્પાદનના ૭૦% સોડા એસમાં ૮૭% હવા અને ગેસ કોમ્પ્રેસમાં ૪૬% કોસ્ટક યુક્ત રાસાયણિક ખાતરમાં ૪૪% નાઈટ્રોજનયુકત, રાસાયણિક ખાતરમાં ૪૨%, તમામ કાપડમાં ૨૦% જેટલો હિસ્સો દેશોના ઉત્પાદનમાં ધરાવે છે.

પ્રગતિકારક ઉદ્યોગો જેવા કે ટેક્ષટાઈલ ઉધોગોનું મહત્વ ૧૯૫૬માં ૪૭% હતું. પરંતુ ધીરે-ધીરે ઓદ્યોગિકીકરણનો વ્યાપ વધતા તેનું મહત્વ ઘટતું  ગયું છે. ૧૯૮૦- ૮૧માં ટેક્ષટાઇલ ઉદ્યોગનું મહત્વ ફક્ત ૧૨.૩% જ રહેવા પામ્યું છે. આમ ધીરે ધીરે ભારતીય ઔધોગિક ક્ષેત્રેમાં પ્રણાલિકાગત ઉદ્યોગનું મહત્વ ઘટતું ગયું છે અને બિન પ્રણાલિકાગત ઉદ્યોગનું મહત્વ વધ્યું ગયું છે. તેમ છતાં આજે પણ ભારતીય ઔધોગિક ક્ષેત્રેમાં ટેક્ષટાઇલ કાપડ ઉદ્યોગ મહત્વનો રહ્યો છે.

## વિવિધ ખેત પેદાશોમાં ગુજરાત

વિવિધ ખેતી જેવી કે ડુંગરી, બટાકા, કેળા, તથા એરંડા જેવા પાકોની ઉત્પાદકતામાં ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન ધરાવે છે જયારે મગફળી, સરસવ, કપાસ, ઇસ્બગુલ તમાકુ તથા  ચીકુ જેવા પાકોની ઉત્પાદકતામાં સમગ્ર ભારતમાં ગુજરાત બીજા ક્રમે આવે છે.

### કપાસના ઉત્પાદનમાં ગુજરાતનું સ્થાન

૧૯૯૭- ૯૮ના અંતે ગુજરાતમાં કપાસ હેઠળનો વિસ્તાર ૧૫૨૬ હાજર હેકટર હતો. ભારતમાં કપાસ હેઠળના વિસ્તારનો ગુજરાતનો ટકાવારી હિસ્સો ૧૬.૯૨% જેટલો જોવા મળે છે. ગુજરાતમાં કપાસનું ઉત્પાદન પણ સમગ્ર ભારત કરતા ઊંચું જોવા મળે છે. સમગ્ર ભારતમાં ગુજરાતનો કપાસનો ઉત્પાદનનો હિસ્સો ૨૧.૯૯ % રહેલો છે. જયારે આ પ્રમાણ ભારતમાં ૧૨,૭૪૪ હાજર ગાંસડીનું રહેલું હતું.

### રાજ્યમાં ઔદ્યોગિક સ્થાનીકરણ તરહ

રાજ્યમાં ઔદ્યોગિક સ્થાનીકરણ મોટા ભાગે મોટા શહરોમાં જેવા કે અમદાવાદ,વડોદરા,સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર તથા વાપી વિસ્તારમાં કેન્દ્રિત થયો છે આ તમામ પ્રદેશોમાં રાજ્યની પ્રોત્સાહક ઔધોગિક વિકાસ નીતિને કારણે તથા સાદર પ્રદેશમાં ઔધોગિક એકમના વિકાસ માટે પૂર્વ જરૂરી સવાલો ઉપલબ્ધિને કારણે રાજ્યમાં એકંદરે સંતુલિત ઔધોગિક વિકાસ સાધી શકાય.

ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસની એ ખાસયિત રહેલી છે કે આ ક્ષેત્રનો પાયો વૈવિધ્યપૂર્ણ રીતે વિકલ્પે છે સુતરાઉ રેસા, સુતરાઉ કાપડ, કાર્બનિક અને અકાર્બનિક રસાયણો ઔષધો અને ઔષધ રસાયણોની પેદાશ, કૃષિ વિષયક રસાયણો, ડેરીની બનાવટો, સ્ટીલ બનાવટો સિમેન્ટ, યંત્ર, ઓજારો વગેરે જેવી યંત્રો સામગ્રી વગેરેના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં રાજ્યનો હિસ્સો ઘણો મોટો છે આ સંદર્ભમાં કેટલીકની દ્રષ્ટિ પેદાશોમાં સમગ્ર દેશોમાં ઉત્પાદનના રાજ્ય કેટલો હિસ્સો ધરાવે છે તેનો વિગતવાર અભ્યાસ કરતા જણાયું છે કે મીઠું ૭૦%, સોડા એશ ૮૭%, હવા અને ગેસ કોમ્પ્રેસર ૪૬%, ફોસ્ફેક્ટ યુક્ત રસાયણિક ખાતર ૪૪% દેશના ઉત્પાદનમાં ધરાવે છે.

## રાજ્યમાં ઔદ્યોગિક પ્રગતિ

ગુજરાતમાં ચાલુ ઉદ્યોગની સંખ્યા તથા તેમાં રોજગાર મેળવેલ કામદારોની સરેરાશ સંખ્યા વિશે ઉલ્લેખ કરી એ તો જાણશે કે રાજ્યમાં ૧૯૬૦માં ૩૬૪૯ જેટલા ઉદ્યોગ કાર્યરત હતા. જેમાં કામદારોની દૈનિક સરેરાશ સંખ્યા ૩,૪૬,૪૬૨ હતી. આ ક્ષેત્રમાં ઉત્તરોતર પ્રગતિ થઇ છે અને ૧૯૯૮માં ચાલુ ઉદ્યોગની સંખ્યા ૧૯,૫૬૫ જેટલી થઇ જયારે સાદર ઉદ્યોગમાં કુલ કામ કરતા કામદારોની સરેરાશ દૈનિક સંખ્યા ૮,૬૧,૭૯૫ થઇ.

## સહકારી ઔદ્યોગિક ક્ષેત્ર

ગુજરાત રાજ્ય સહકારી ક્ષેત્રમાં પણ અન્ય રાજ્યોની સર્વ્યગમીમાં મહત્વનું સ્થાન ધરાવે છે રાજ્યમાં સહકારી ઉદ્યોગ સાહસો તરીકે સફળ સાબિત થયેલ જે કેટલાક ફેડરેશન તથા મંડળો છે તેમાં ખાંડના કારખાના સેક્ટરમાં ખાંડની સહકારી મંડળીઓનું ફેડરેશન ડેરીની બનાવટો અને ગુજરાત સહકારી દૂધ ખરીદ વેચાણ ફેડરેશન તેલના સેક્ટરમાં ગુજકો માસોલ ઇફકો પેટ્રોકીલ્સ સહકારી મંડળી વગેરેનો સમાવેશ થાય છે.

વર્તમાન સમયમાં વિશ્વના વિકસિત રાષ્ટ્રો, વિકસતાં રાષ્ટ્રો અને અલ્પ વિકસિત રાષ્ટ્રો એમ ત્રણ વિભાગ જોવા મળે છે. આ ત્રણ પ્રકારના દેશોમાં અર્થતંત્ર તરફ નજર કરીએ તો જણાય છે કે જે દેશો ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ આગળ છે તે મોટાભાગે વિકસિત રાષ્ટ્રો છે. વિકસિત દેશોમાં ઔદ્યોગિક વિકાસ ઊંચો હોય છે. ભારતનો સમાવેશ વિકાસના રાષ્ટ્ર તરીકે થાય છે. એટલે કે ભારતમાં ઔદ્યોગિકીકરણની શરૂઆત થઈ ગઈ છે.

ભારતીય અર્થતંત્રમાં ગુજરાત રાજ્ય ઔદ્યોગિક દ્રષ્ટિએ મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતને ઇન્ડસ્ટ્રીયલ પાવર હાઉસ નો દરજ્જો શકાય તેમ કહી શકાય. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં મલ્ટીનેશન, ખાનગી, જાહેર કંપનીઓ અને સરકારી ક્ષેત્રનો ફાળો છે. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયા કિનારો છે. ૪૧ જેટલા બંદરો છે. પાકા રસ્તાઓ, નેશનલ હાઈવે, એરપોર્ટ વગેરે અનુકૂળતાઓ ઔદ્યોગિક એકમોના વિકાસમાં સહાય રૂપિયા થાય છે. ગુજરાતમાં ૧૯૬૦ સુધી ઔદ્યોગિકક્ષેત્રે કાપડ અને તેને આનુસંગિક

ઉદ્યોગોનું પ્રાધાન્ય હતું. આર્થિક વિકાસના સિદ્ધાંતો સામાન્ય રીતે એવું સૂચવે છે કે જેમ જેમ અર્થતંત્રમાં ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા ઝડપી બને છે તેમ તેમ શહેરીકરણ અને વિકાસ ઝડપી બને છે.

ગુજરાતમાં ૧૯૬૦ પછી ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ સતત થતો ગયો છે. જેથી રોજગારીની તકોમાં વધારો થતો ગયો છે. મજુરોની માંગ વધે છે. વર્તમાન સમયમાં ખેતી પર વસ્તીનું ભારણ વધે છે. તેમજ ખેતી ક્ષેત્રે ઉત્પાદનમાં પણ ઘટી છે. તેથી ગામડાઓમાં બેરોજગારીની ગંભીર પરિસ્થિતિ ઊભી થઇ છે જેને હળવી કરવા માટે ઔદ્યોગિક એકમોની સંખ્યા વધે તે જરૂરી છે. અર્થતંત્રના મુખ્ય સ્ત્રોત છે એક કૃષિ ક્ષેત્ર અને બીજુ ઔદ્યોગિક ક્ષેત્ર. ભારત ગામડાઓનો બનેલો દેશ છે ગ્રામીણ ક્ષેત્રમાં સૌથી વધુ રોજગારી ખેતીક્ષેત્ર પૂરી પાડે છે. રૂ રાષ્ટ્રીય અર્થવ્યવસ્થામાં અગત્યનો ભાગ ભજવતું હોવાથી ભારતમાં ઘણો અગત્યનો રોકડિયો પાક છે.

દેશમાં અંદાજે લગભગ ૪૦૦૦ જીનીંગ એકમો છે. જે કપાસ પર પ્રક્રિયા કરે છે, તે ગ્રામ્ય વિસ્તારમાં હજારો માણસોને રોજગારી પૂરી પાડે છે. હાલ ભારતમાં કાપડ ઉદ્યોગમાં વપરાતી કાચામાલ પૈકી રૂ નો ફાળો ૮૦% થી ૮૫% થવા જાય છે. આર્થિક વ્યવસ્થામાં રૂ ના પાકની અત્યંત અગત્યતા છે.

## વિશ્વમાં રૂનો પ્રદેશ

કપાસનો છોડ પૃથ્વીના બન્ને પડમાં વિષુવૃતની બન્ને બાજુ એટલે ૪૫ અક્ષાંશ ઉતરે અને ૩૪ અક્ષાંશ દક્ષિણે ઉગે છે. કપાસનો છોડ કાયમી અને બારમાસી છોડ હોય છે. પ્રયત્નપૂર્વક વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉગાડવામાં આવે છે. કપાસનો છોડ કાયમી બનાવી શકાય છે પણ ખેતરોમાં વરસાદ અથવા જળસિંચન ઉપર આધાર રાખવો પડતો હોવાથી તે બારમાસી ઉગાડવામાં આવે છે.

## વિશ્વ વેપાર સંસ્થા અને કોટન ફેકટરી

વિશ્વ વેપાર સંસ્થા (WTO) એ માલ સામાન અને સેવાઓ ના આંતરરાષ્ટ્રીય વેપાર નું સંચાલન અને નિયમન કરતી કાયમી વિવિધ સરકારો વચ્ચે ની સંસ્થા છે. સ્વીઝરલેન્ડ માં જીનીવામાં મુખ્ય મથક ધરાવતી આ સંસ્થા કાયદેસરનો પાયો ધરાવે છે. આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થા (IMF) અને વિશ્વ બેંક(WORLD BANK) જેવા સમાન ધોરણ મુજબ ખાસ અધિકારો અને સંરક્ષણ ભોગવે છે. વિશ્વ વ્યાપાર સંસ્થા (WTO- World Trade Organization) એક જ માત્ર સંસ્થા છે જે જુદા જુદા દેશો વચ્ચેના વેપાર ના નિયમો નું કામ કરે છે. જે વિશ્વના મોટાભાગના વેપાર કરતા દેશોના કરારો કરે છે. આ સંસ્થા નું ધ્યેય માલ ઉત્પાદકો અને સેવા આપનારાઓ તથા આયાત-નિકાસ કરનારાઓને તથા તેમનો ધંધો કરવા મદદ કરવી અને બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટન વુડ સંમેલન મુજબ આંતરરાષ્ટ્રીય વેપાર સંસ્થા (International Trade Organization) બનાવવા માટે IMF અને IBRD (WORLD BANK) ની રૂપરેખા મુજબ પગલા લેવામાં આવ્યા હતા, પણ તે સફળ ન થતા. ૧ જાન્યુઆરી,૧૯૯૫ મા જ્યારે વિશ્વ વેપાર સંસ્થા WTOનુ ગઠન થયું ત્યારે GATT ઇતિહાસમાં વિલીન થઈ ગયું. WTO એ GATT નો અનુગામી છે. એપ્રિલ મહિનાના મોસ્કોમાં માર્કેશ શહેરમાં GATT ના સભ્યોએ WTO ની સ્થાપના માટે સહી ઓ કરી. ૧૯૯૫,

ISBN-978-81-973071-9-5
First Edition

૧ જાન્યુઆરીથી WTO નું કામકાજ ૧૨૮ સભ્યો દેશો સાથે શરૂ કર્યું. જેની સંખ્યા ૨૦૦૨માં ૧૪૪ થઈ છે. વિશ્વ વેપાર સંસ્થા બધા સભ્ય દેશોના પ્રતિનિધિઓની બનેલી કક્ષાની સમિતિ એ મુખ્ય હતી. સર્વોચ્ચ કક્ષાના નીતિ નિયમો બનાવી આ સમિતિ છે. WTO ના કાર્યક્ષેત્રમાં આવતા કોઈપણ વ્યાપાર કરાર હેઠળની સંબંધિત બધી જ બાબતોને લગતા નીરવ સમિતિ લે છે. સામાન્ય સભા જે કરારના અમલ અને પ્રધાન કક્ષાના નિર્ણય ઉપર નિયમિત રીતે ધ્યાન રાખે છે. આ ઉપરાંત બીજી મુખ્ય સમિતિઓમાં માલ સામાનના વ્યાપારની સમિતિ સેવાઓના વેપારની સમિતિ અને બૌદ્ધિક મિલકતના અધિકારના વેપારને લગતા પાસાઓની સમિતિનો સમાવેશ થાય છે. આ ત્રણ સમિતિઓ જેને ઉપસમિતિ તરીકે ઓળખવામાં આવે છે.

### વિશ્વ બજારમાં જીનીંગ ઉદ્યોગનું સ્થાન

વિશ્વ બજારમાં કપાસના ઉત્પાદનમાં ભારત મુખ્ય દેશ છે. સૌથી વધારે વિસ્તાર કપાસનો અને કપાસ વાપરવામાં બીજા નંબરે છે. ૨/૩ ભાગ કપાસના ચીન, અમેરિકા, પાકિસ્તાન, ઉઝ બેકિસ્તાન અને ભારતમાં તૈયાર થાય છે. વોશિંગ્ટનમાં આવેલી આંતરરાષ્ટ્રીય સલાહકાર સમિતિ દ્વારા કરવામાં આવેલા હમણાંના અભ્યાસમાં એવું દર્શાવવામાં આવ્યું છે રૂ ના ઉત્પાદનમાં ફક્ત ભારતમાં જ નહીં વિશ્વના બીજા દેશોમાં પણ ઘટકો જોવા મળ્યા છે. ઉત્પાદન કરતા મોખરાના દેશોની તુલના રૂ ની કિંમત પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે. ઓસ્ટ્રેલિયા રૂ ના નિકાસકાર તરીકે ઝડપી આગળ વધી રહ્યું છે. તેનું મુખ્ય કારણ અધ્યતન જીનીંગ સગવડો છે. તેની મદદથી આંતરરાષ્ટ્રીય ધોરણનું રૂ તૈયાર કરી શકાય છે. આપણા પડોશી દેશો ચીન અને પાકિસ્તાન પણ આ દિશામાં પ્રગતિ કરી રહ્યા છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનની જાન્યુઆરી ૧૯૯૫માં સ્થાપનાના થઇ એવું સૂચવે છે કે જાન્યુઆરી ૨૦૦૫થી આંતરરાષ્ટ્રીય બજાર દુનિયાના બધા દેશો માટે કોઈપણ પ્રકારની રોકટોક વગર ખુલ્લું રહેશે જેનો લાભ વિકસેલા દેશો સાથે વિકસતા દેશો પણ મહત્તમ રીતે ઉઠાવી શકશે. આવી આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી રહેવા માટે અને ઊંચી ગુણવત્તાના ધોરણનું તૈયાર કરવા તથા આ ઉપરાંત આધુનિકીકરણ સાથે દેશનું રોજગારીનું નિર્માણ થાય તે તકેદારી રાખવી પડશે. તેની સાથે જીનીંગ થતા રૂ અને કપાસિયા અલગ થાય તો તે કપાસના પિલાણ મિલોમાં થાય છે. જેના પરિણામે તેની હેરફેરમાં પીલાણ પછી તૈયાર થતા તેલ અને ખોળની હેરફેર દ્વારા પણ મજૂર વર્ગની રોજગારી પ્રાપ્ત થઇ શકે છે.

### જીનીંગ ઉદ્યોગનું રોજગારી સર્જનમાં સ્થાન

જીનીંગ ઉદ્યોગનો સૌથી જમા પાસુ એ છે કે તેને દ્રષ્ટિએ ગણાવી શકાય પરંતુ પ્રારંભિક તબક્કે જે મહત્વનું હતું તે આજે ૨૦૨૦- ૨૧માં રહ્યું નથી. કારણકે આજે આ ઉદ્યોગમાં પણ આધુનિક ટેકનોલોજીએ સ્થાન પ્રાપ્ત કર્યું છે. છતાં જીનીંગ ઉદ્યોગમાં વર્ગની મોટી જરૂરિયાત છે. જ્યારે પ્રેસિંગ ઉદ્યોગમાં ભૂતકાળમાં જે કાર્ય કરતા હતા તે કાર્ય મોટાભાગે આજે યંત્રો અને વાહનો દ્વારા થાય છે. આર્થિક અને સામાજિક પછાત વર્ગના મજુરો માટે જીનીંગ ઉદ્યોગ આશીર્વાદ રૂપ બન્યો છે. આ ઉદ્યોગમાં વપરાતાં વાહનો ચલાવવા માટે

ISBN-978-81-973071-9-5
First Edition

પણ રોજગારી મળી રહે છે. તેમજ કપાસ ખરીદી વખતે વજન, ભરાઈ, ઊતરાઈમાં મજુરોનો સવિશેષ ફાળો છે જેના પરિણામ સ્વરૂપે રોજગારીનું પ્રમાણ વધે છે. તેમ છતાં મુશ્કેલી તે છે કે જીનીંગ ઉદ્યોગમાં કાર્યકુશળ મજુરોને પણ વેતન ખૂબ જ લઘુતમ પ્રમાણમાં ચૂકવવામાં આવે છે. આથી આર્થિક રીતે શોષણ થાય છે તેમજ મહિલાઓને પુરુષોની તુલનાએ ન્યુનત્તમ વેતન ચૂકવવામાં આવે છે. ૨૦૧૦-૧૧ના વેતનનો પ્રમાણે મહિલાઓને ૧૦૦ રૂપિયા અને પુરુષોને ૧૫૦ રૂપિયા દૈનિક વેતન તરીકે આપવામાં આવે છે પરંતુ તેમને ૧૦ -૧૨ કલાકનો શ્રમ આપવો પડે છે. (SOURCE Wage Rates in Rural India 2011-12 & Report of the working group for the minimum wages Act, 1948 for the yaer 2011)

**જીનીંગ ઉદ્યોગની વિશેષતાઓ**

આ ઉદ્યોગનો કાચો માલ કૃષિ ઉત્પાદન માંથી પ્રાપ્ત થાય છે. પરંતુ કૃષિનો આધાર કુદરત ઉપર છે કારણ કે ભારતની ખેતી કુદરત ઉપર આધારિત જોવા મળતી હતી પરિણામે વરસાદ અપૂરતો અને અનિશ્ચિત હોય તો કપાસના ઉત્પાદન ઉપર પ્રતિકુળ અસર પડે છે. આ સમયે આ ઉદ્યોગ માટે કાચા માલના પ્રશ્નો સર્જાય છે.આ ઉદ્યોગની ઉત્પાદન પદ્ધતિ શ્રમ લક્ષી છે. ઉત્પાદન માટે ચાલક શક્તિ તરીકે વીજળીની પ્રાપ્તિ અને ખાસ પ્રશ્નો ઊભા થતા નથી પરંતુ ઉત્પાદન પ્રક્રિયામાં કોઇ સંગઠન ન હોવાને કારણે લઘુતમ વેતન જ મળે છે. આ ઉદ્યોગના નિયોજકો તેમની કામગીરી સેવાઓનું મૂલ્ય જાતે નક્કી કરી શકાતું નથી પરંતુ તેમ ને પ્રવર્તમાન બજાર ભાવોને સ્વીકારીને ચાલવાનું હોય છે.

આધુનિક ઔદ્યોગિક એકમો માટે રૂપિયા બે કરોડ કે તેથી વધુ મૂડીની જરૂર પડે છે. પરિણામે બેન્કો કે ઔદ્યોગિક અન્ય સંસ્થાઓ તરફથી પૂરતા પ્રમાણમાં સમયસર લોન પ્રાપ્ત થતી નથી જેને કારણે સ્વતંત્ર મૂડી કે સગા સંબંધીઓ પાસેથી નાણા પ્રાપ્ત કરવાની અને ભાગીદારી ધોરણે ઓછી મૂડી થી કામ શરૂ કરવા આ સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. આ ઉદ્યોગનો મુખ્ય હેતુ સલામત નફો મેળવવાનો હોય છે મહત્તમ નફો એ બાબત નિયોજક માટે ભૂતકાળ બની ચૂકી છે આમ, આર્થિક સુધારાઓ પછી યોગ્ય બજારની પ્રાપ્તિ, કામગીરીમાં સુધારો, બજાર પ્રતિષ્ઠા વગેરે પરિબળોએ આ ઉદ્યોગમાં પણ ઉમેરાય છે.

જીનીંગ ઉદ્યોગ હોય તેની રૂપાંતરિત પેદાશ ઉદ્યોગો માટે તૈયાર થાય છે તથા પ્રેસિંગ થયેલ રૂ ની ગાંસડીઓ સુતરાઉ ઉદ્યોગની કાપડની મિલોને માટે તૈયાર કરે છે. આથી કહી શકાય છે કે ઉત્પાદનનો આધાર કાચામાલની પ્રાપ્તિ પર રહેલો છે. કાપડની મિલો બંધ થતી જાય સુતરાઉ ઉદ્યોગમાં મંદી પ્રવર્તતી હોય તો તેની સીધી અસર જીનીંગ ઉદ્યોગ ઉપર થાય છે.

**ભારતમાં જીનીંગ પ્રેસિંગ ઉદ્યોગની સંખ્યા**

હિન્દુસ્તાનમાં ૨૦૧૦-૧૧ના વર્ષ પ્રમાણે ૩૩૭૨ જીનીંગ અને પ્રેસિંગ એકમો છે. તેમાંથી ૧/૩ એકમોમાં ૫૦ વર્ષ જૂના યંત્રો છે. બાકીના ૧/૨ યંત્રો ૨૦ વર્ષ જૂના છે. આમ મોટાભાગ જીનીંગ અને પ્રેસિંગ યંત્રો જુના છે. વળી ૧/૪ એકમો માં ૧૦થી ઓછા જીનીંગ યંત્રો છે માત્ર ૪ ટકા જીનીંગ ઉદ્યોગમાં ૭૦થી વધારે જીનીંગ યંત્રો છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ભારતમાં ૧૯૫૪માં જીનીંગ અને પ્રેસિંગના એકમોમાં ૧૩૭000 માણસો કામ કરતા હતા જોકે હાલમાં તેમાં અંદાજે બે લાખ મજુરો કામ કરે છે. ખૂબ મર્યાદિત વિસ્તારમાં જીનીંગ એકમ નું પ્રમાણ વધારે છે તેની વિરુદ્ધ કેટલાક વિસ્તારમાં જીનીંગ એકમોને નું પ્રમાણ  જજ છે જે નીચે મુજબ જોવા મળે છે.

**ભારતમાં જીનીંગ અને પ્રેસિંગ એકમો રાજ્યવાર ૨૦૧૧નું કોષ્ટક**

| ક્રમ | રાજ્ય | જીનીંગ | પ્રેસિંગ | કમ્પોઝીટ | ૨૦૧૧ |
|---|---|---|---|---|---|
| ૧ | આંધ્રપ્રદેશ | ૫૧૨ | ૩૯ | ૫૯ | ૬૧૦ |
| ૨ | આસામ | ૦૦ | ૦૦ | ૦૬ | ૦૦૬ |
| ૩ | ગુજરાત | ૩૪૯ | ૨૪ | ૨૪૩ | ૫૨૬ |
| ૪ | હરિયાણા | ૫૮ | ૦૧ | ૮૧ | ૧૪૦ |
| ૫ | કર્ણાટક | ૩૨૩ | ૨૧ | ૫૯ | ૪૦૩ |
| ૬ | મધ્યપ્રદેશ | ૨૦૧ | ૧૪ | ૯૪ | ૩૦૯ |
| ૭ | મેઘાલય | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦૨ |
| ૮ | ઓરિસ્સા | ૦૪ | ૦૦ | ૦૭ | ૦૧૧ |
| ૯ | પંજાબ | ૫૧ | ૦૧ | ૮૮ | ૧૪૦ |
| ૧૦ | રાજસ્થાન | ૧૧૩ | ૦૦ | ૬૯ | ૧૮૬ |
| ૧૧ | મહારાષ્ટ્ર | ૪૯૬ | ૧૪ | ૧૮૭ | ૬૯૭ |
| ૧૨ | તમિલનાડું | ૩૧૧ | ૧૪ | ૧૭ | ૩૪૨ |
| | કુલ | ૨૩૨૮ | ૧૩૨ | ૯૧૨ | ૩૩૭૨ |

(રીપોર્ટ ઓફ ધી ટેક્ષટાઈલ કમિટી મુંબઈ – ૨૦૧૧)

## મહેસાણા જિલ્લામાં ઉદ્યોગો

મહેસાણા જિલ્લામાં લઘુ તેમજ મોટા ઉદ્યોગો વિકાસ પામ્યા છે. શ્વેતક્રાંતિની અને દરરોજ સરેરાશ એક ૨૧000 લિટર દૂધની આવક મેળવી ગુજરાતમાં અગ્રેસર રહેલી દૂધસાગર ડેરી એ આ જિલ્લાને દૂધના શહેરની ઓળખ અપાવી છે. મહેસાણા જિલ્લાનું ગૌરવ ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ છે જે એશિયાની સૌથી મોટી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં સ્થાન ધરાવે છે એમ પણ કહેવાય છે કે જીરું વરિયાળી અને ઇસબગુલની કિંમત સૌથી પહેલા અહીંયા નક્કી થાય ત્યાર પછી વિશ્વમાં તેની કિંમત બોલવા લાગે છે વળી મહેસાણામાં તેલ અને કુદરતી ગેસ નિગમનું એક સ્થળ ક્યાં આવેલું છે જે સમગ્ર ભારતમાં સૌથી વધુ તેલ ઉત્પાદન કરતું સ્થળ ગણાય છે. ગુજરાતના અર્થતંત્રમાં તેલ અને કુદરતી ગેસ નિગમનું મહત્વનો ફાળો છે એક અર્થમાં તેલ અને કુદરતી ગેસ નિગમ મહેસાણા માટે ઔધોગિક ક્રાંતિનું સ્વરૂપ ગણી શકાય છે. આ સિવાય કપાસની ફેક્ટરીઓ અને ઓઇલ મિલનો પણ ઝડપી અને બહુ મોટા

પ્રમાણમાં વિકાસ થયો છે. મહેસાણા જિલ્લાનું કડી, વિસનગર અને વિજાપુર તાલુકો કપાસના જીનીંગ ઉદ્યોગમાં અગ્રેસર છે જેને અત્યારે ગુજરાતની કોટન સીટી તરીકેનું બહુમાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત જિલ્લામાં રસાયણો દવા પણ આવેલા છે વર્ષ ૨૦૦૭ - ૦૮ માં ઈકો ટુરિઝમ, એગ્રો ફૂડ પેપર એન્ડ પેકેજીંગ સેનેટરી આઈટમ મરીન એન્જિનિયરિંગ ઇન્ટિગ્રેટેડ ટેક્સટાઇલ જેવા નવા ઉદ્યોગોના સમજૂતી કરાર પણ કરવામાં આવ્યા છે.

### આ ઉદ્યોગને લીધે મહેસાણા જિલ્લાને થયેલ ફાયદો ટુકમાં

આ ઇન્ડસ્ટ્રીઝના વિકાસને લીધે કડીને દરેક પ્રકારના વ્યવસાયમાં સમૃદ્ધિ વધી છે. ખુબ જ મોટા પાયાના હેતુથી બહારના વિસ્તાર માંથી કામદારો મોટા પ્રમાણમાં આવતા હોવાથી અન્ય ધંધા રોજગાર જેવા કે કારીયાણા, કાપડ, વાસણ, હોટલ, રેસ્ટોરન્ટ, બાંધકામ પ્રવૃત્તિ વગેરેમાં રોજગારીમાં વધારો થવા પામ્યો છે. આ ઇન્ડસ્ટ્રીઝમાં માલિકો દ્વારા ઉદાર હાથે દાન આપવામાં આવતું હોવાથી શાળા, કોલેજ, વ્યવસાય, તરફી સંસ્થાઓ, તથા અન્ય સંસ્થા ઓને વિકાસ થવા પામ્યો છે. જે ચીન રોટીરી, લાયસન્સ કલબ જેવી સામાજિક સંસ્થાઓને N.G.O પ્રવૃતિ માટે દાનનો પ્રવાહ પુષ્કળ મળવાથી આવી સંસ્થા ઓનો પણ વિકાસ ખુબ જ થયો છે.

### મહેસાણા જિલ્લામાં જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગની પ્રક્રિયા

કપાસની ખરીદી કરીને દ્વારા કપાસને એકમમાં લાવવામાં આવે છે ત્યારબાદ તેને ચટામાં ખુલ્લા અથવા તો શેડ કરેલા ચટામાં રાખવામાં આવે છે.

૧) જ્યારે જીનીંગ અને પ્રેસિંગની પ્રક્રિયા શરૂ કરવાની હોય છે. ત્યારે સૌપ્રથમ ચટામાં રહેલા કપાસ ઉપર પાણીનો છંટકાવ કરવામાં આવે છે. જેનાથી ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે અને વજન ઘટ ના થાય અને ગાંસડીની ગુણવત્તા સારી થાય તે માટે આ પ્રથમ તબક્કાનું કાર્ય પૂર્ણ થાય અને એના પછીના તબક્કાનું કાર્ય શરૂ થાય છે.

૨) લોડર મશીનની મદદથી ચટામાં રહેલા કપાસને કોડી ક્લીનર મશીનમાં નાખવામાં આવે છે. કોડી ક્લીનર મશીન દ્વારા કપાસમાં રહેલો કોડી કાચો કપાસની પેશીઓને દૂર કરવામાં આવે છે અહીં બીજા તબક્કાનું કાર્ય પૂર્ણ થાય છે.

૩) કપાસ કોડી ક્લીનર દ્વારા કલીન થયા પછી તેને ચટાથી  એકમના સુધી પહોંચાડવાનો હોય છે જેની બે પદ્ધતિઓ છે.

**અ) બેલ્ટ સિસ્ટમ** જેમાં બેલ્ટ દ્વારા ચટાથી એકમના શેડ સુધી સુધી કપાસની પહોંચાડવામાં આવે છે.

**બ) શકશન સિસ્ટમ** આ પદ્ધતિમાં ચટાથી કપાસને એકમના શેડ સુધી આ પદ્ધતિ હવાના દબાણનો ઉપયોગ કરે છે. હવાના દબાણથી કપાસને ખેંચીને પહોંચતો કરવામાં આવે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોક્ત બંને પદ્ધતિમાંથી એક પદ્ધતિથી કપાસને ચટાથી એકમના શેડ સુધી પહોંચાડવામાં આવે છે અહીના તબક્કાનું કાર્ય પૂર્ણ થાય છે. કપાસ ચટમાંથી એકમના શેડ સુધી પહોંચે ત્યારબાદ તેને ચરખા સુધી પહોંચાડવાની ત્રણ પદ્ધતિઓ છે.

૧ શકશન સિસ્ટમ

૨ ટ્રોલી સિસ્ટમ

૩ બેલ્ટ સિસ્ટમ

ઉપરોક્ત ત્રણેય સિસ્ટમમાંથી આપણે અગાઉ સમજણ મેળવી તે પ્રમાણે શકશન સિસ્ટમ હવાના દબાણથી કામ કરે છે અને બેલ્ટ અને ટ્રોલી સિસ્ટમ ફરતી રહે છે અને સેન્સર જ્યારે તેને સિગ્નલ પાસ કરે ત્યારે ચરખાને જરૂરિયાત મુજબ  આપે છે અમે જ્યારે ચરખો ભરાઈ જાય ત્યારે સેન્સર પાછો સિગ્નલ પાસ કરે બેલ્ટ કે ટ્રોલી કપાસ ચરખાને આપવાનો બંધ કરી દે છે આમ આ પદ્ધતિઓ કામ કરતી હોય છે.

૪) ચરખાને કપાસ મળી જાય પછી ચરખાની કામગીરી શરૂ થાય છે. ચરખા રૂ અને કપાસિયા અલગ કરવાનું કામ કરે છે. કપાસિયા અલગ થયા પછી કન્વીનર દ્વારા કપાસ અને તેના શેડમાં પહોંચાડવામાં આવે છે. અને જુઓ ઓઈલ હોય તો ત્યાં કન્વીનરની મદદથી પહોંચાડવામાં આવે છે. રૂ ને આગળની પ્રક્રિયા માટે તેના પછીના તબક્કામાં મોકલવામાં આવે છે.

૫) ચરખા માંથી રૂ અલગ થયા પછી તેને બેલ્ટ સિસ્ટમ દ્વારા સુપર ક્લીનર મશીનને પહોંચાડવામાં આવે છે. આ મશીન રૂ માં રહેલી પત્તી અને બાકીનો વધારાનો કચરો દૂર કરી રૂને સ્વચ્છ કરે છે. અહીંયા આ તબક્કાની કામગીરી પૂર્ણ થાય છે.

૬) પ્રેસિંગ મશીન સુપર ક્લીનર દ્વારા સ્વચ્છ કરેલા રૂ ને હવે પ્રેસિંગ મશીન કરી ગાંસડીના સ્વરૂપમાં રૂપાંતર કરે છે. પ્રેસ મશીન સિંગલપેટી અને ડબલ પેટી એમ બે પ્રકારના હોય છે. મોટાભાગે અત્યારે ડબલ પેઢીના પ્રેસ મશીન મોટાભાગના જીનીંગ અને પ્રેસિંગ એકમો માં જોવા મળે છે. અંતમાં ગાંસડી તૈયાર થયા પછી તેને મજૂરો પોલીસ દ્વારા ગાંસડીને તેના શેડમાં ગોઠવી દે છે. આમ જીનીંગ અને પ્રેસિંગ એકમની પ્રક્રિયા ચટાથી શરૂ થઈ અને તેની ગાંસડી તૈયાર થાય ત્યાં પૂર્ણ થાય છે.

આ પદ્ધતિ જે એકમોમાં ઓનલાઈન સિસ્ટમ હોય છે ત્યાંની છે અત્યારે મોટાભાગના જીનીંગ અને પ્રેસિંગ એકમોમાં ઓનલાઈન પદ્ધતિથી જ કાર્ય થાય છે જ્યાં મેન્યુલ સિસ્ટમ હોય છે ત્યાં પ્રક્રિયા થોડી જટિલ હોય છે ઓનલાઈન સિસ્ટમ આ બધી જ મશીનની મદદથી કાર્ય થાય છે અને મેન્યુઅલ સિસ્ટમમાં મજૂરો દ્વારા કાર્ય થાય છે.

અત્યારે આધુનિકીકરણનો પવન ફૂંકાય છે જ્યારે મોટાભાગના જીનીંગ અને પ્રેસિંગ એકમમાં ગાંસડીની ગુણવત્તા સારી બને અને વિદેશી બજાર સામે હરીફાઈમાં ટકી રહેવા માટે ઓનલાઈન સિસ્ટમ અપનાવી છે આના પરિણામે નિકાસમાં પણ વધારો થઇ રહ્યો છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## જીનીંગ ક્ષેત્રના મજુરોની સમસ્યાઓ

ભારત દેશ એ અનેક આર્થિક સમસ્યાઓથી ઘેરાયેલો છે. જેમાં શહેરી જીનીંગ ક્ષેત્રમાં કામ કરતા મજુરોના પ્રશ્નો વધુ ગંભીર છે. ભારતના કુલ શ્રમદળમા જીનીંગમાં કામ કરતા મજુરોનું પ્રમાણ આશરે ૩૦ ટકા જેટલું છે. આ ચિત્ર અસંગઠિત હોવાથી આ મજુરો અસ્થિર પણ છે. તેઓ કાયમી મજુરો ની જેમ રોજગારી, વેતન તથા અન્ય લાભો પ્રાપ્ત કરી શકતા નથી. અર્થકારણના દરેક ક્ષેત્રમાં અસંગઠિત મજુરો આર્થિક પ્રવૃત્તિ કરતા જોવા મળે છે. જેમાં કારખાના ક્ષેત્રમાં, બાંધકામ ક્ષેત્ર, વેપાર-વાણિજ્ય, વાહન વ્યવહાર, હોટલ અને રેસ્ટોરન્ટ દરેક અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં જોવા મળે છે. કોઈ ક્ષેત્રમાં તેનું પ્રમાણ વધારે હોય છે. જીનીંગના મજુરોની સમસ્યાઓ વિશિષ્ટ અને ગંભીર સ્વરૂપે જોવા મળે છે. જીનીંગ ક્ષેત્રના મજુરોની જેમાં બેકારી, અર્ધબેકારી, ગરીબી, કુટુંબ નું મોટું કદ, કામની અયોગ્ય પરિસ્થિતિ, પીવાના પાણીની અછત, આપૂર્તિ આરોગ્ય સુવિધાઓ, નબળી સોદા શક્તિ, ભરતી પ્રથાના અનિષ્ટો, નીચુ જીવનધોરણ, દેવાદાર પણું, સ્થળાંતરના પ્રશ્નો, સામાજિક પ્રશ્નો તેમજ અન્ય પ્રશ્નો વગેરે બાબતો જીનીંગ ક્ષેત્રમાં કામ કરતા મજુરોમાં જોવા મળે છે.

જીનીંગ ક્ષેત્રમાં કામ કરતા મજુરોમાં અનેક પ્રશ્નો જોવા મળે છે. જેમાં આવાસના પ્રશ્નો, ગીચ વસવાટોના પ્રશ્ન, વધતી જતી ભાવ સપાટીનો પ્રશ્ન, કુપોષણ અને ભૂખમરા ઉપરાંત ગંદા વસવાટના પ્રશ્નો થાય છે. વાહન વ્યવહાર વધવાથી પ્રદુષણના પ્રશ્નો પણ પેદા થાય છે. આ તમામ પ્રશ્નોનો વધુ ભોગ જીનીંગ ક્ષેત્રના મજુરો બનેલા છે. રાષ્ટ્રીય શ્રમ પંચ દ્વારા જીનીંગ ક્ષેત્રના મજુરોના પ્રશ્નો હાલની તકે પણ સમાધાન કરી શકાયું નથી. જીનીંગ ક્ષેત્રના મજુરોમાં બેકારી, અર્ધ બેકારી, નીચો જીવનધોરણ અને વ્યસનોથી વર્તમાન સમયમાં ગંભીર સમસ્યાઓ સર્જાય છે. જીનીંગ ક્ષેત્રના મજુરોના પ્રશ્નો દિવસે ને દિવસે વિકટ સ્વરૂપ ધારણ કરે છે. તેનો અભ્યાસ એ મહત્વનો બની જાય છે. જીનીંગ ક્ષેત્રના મજુરોના સામાજિક-આર્થિક પ્રશ્નોનો અભ્યાસ કરવો એ આ વિષય નું હાર્દ છે.

## જીનીંગ ક્ષેત્રના પ્રશ્નો

જીનીંગ ક્ષેત્રના મજુરો તેમના શારીરિક શ્રમ કાર્ય દ્વારા દૈનિક વેતન પ્રાપ્ત કરીને અનિશ્ચિત રોજગારી અને અપૂરતા વેતન વચ્ચે તેમનું જીવન ગુજારે છે. શહેરી જીનીંગ ક્ષેત્રના મજુરો જુદા જુદા અનેક ક્ષેત્રોમાં કામ કરે છે. તેમાં તેમની કેટલીક સમસ્યાઓ કે પ્રશ્નો જોવા મળે છે જે આ મુજબ છે.....

## રોજગારીમા અસ્થિરતા:

જીનીંગ ક્ષેત્રમાં કામ કરતા મજુરો દૈનિક ધોરણે અને કામચલાઉ સમય માટે જ રોજગારી પ્રાપ્ત કરે છે. દૈનિક ધોરણે જ રોજગારી મળતી હોવાથી વેતન પણ એ જ રીતે ચૂકવવામાં આવે છે. કામની મોસમના સમય દરમિયાન જ્યારે કામનું પ્રમાણ વધતું જાય છે ત્યારે જીનીંગ ક્ષેત્રના મજુરો ને કામે લગાડવામાં આવે છે. જુદા જુદા ક્ષેત્રો જેમકે બાંધકામ ઉદ્યોગ કે અન્ય ક્ષેત્રોમાં જે તે બાંધકામ ઉદ્યોગ,

ISBN-978-81-973071-9-5
First Edition

જીનીંગ ઉદ્યોગ કે અન્ય ક્ષેત્રોમાં જે તે સમયે માટેની કામ પૂરતા આ ક્ષેત્રના મજુરો ને કામે લગાડવામાં આવે છે. આ મજુરોની રોજગારીમાં અનિશ્ચિતતા અને અસ્થિરતા જોવા મળે છે. દૈનિક ધોરણે કામ કરતા હોવાથી કે છૂટક મજૂરી કરતા હોવાથી તેઓને જુદા માલિકો પાસે પણ કામ કરવા જવું પડે છે અથવા એક જ માલિકને ત્યાં લાંબા સમય સુધી કામ મળ્યું હોય તો પણ તેમની રોજગારી કામ ચલાવવું ગણીને તેમને દૈનિક ધોરણે જ વેતન ચૂકવવામાં આવે છે આમ કોઈપણ પ્રકારના કાયમી મજુર તરીકે ના લાભો આપવામાં આવતા નથી.

અમુક ક્ષેત્રની કામગીરી મોસમી હોવાથી મોસમ સિવાયના સમયમાં કામ બંધ રહે છે. ત્યારે મજુરોને રોજગારી મેળવવા માટે જુદી જુદી જગ્યાએ કામ કરવા જવું પડે છે. આથી તેનું કૌટુંબિક અને સામાજિક જીવન અસ્થિર બની જાય છે. અસંગઠિત ક્ષેત્રના મજુરો આ રીતે જીવન જીવતા હોવાને કારણે તેમના સંતાનોના ભાવિને પણ અંધકારમય બનાવે છે. આમ શહેરી અસંગઠિત ક્ષેત્રના મજુરોમા રોજગારીની અસ્થિરતા એ ગંભીર સમસ્યાને ઊભી કરે છે. જે અર્થતંત્રના વિકાસની અવરોધક બનાવવામાં આવે છે.

### અકુશળ મજુરો અને ઓછા લાભ

જીનીંગ ક્ષેત્રના મોટાભાગના મજુરો અકુશળ કે અર્ધ કુશળ છે સોનીને પણ દૈનિક ધોરણે કામ અને વેતન મળતું હોવાથી તેઓને ખાસ કોઈ લાભ મળતા નથી. જીનીંગ ક્ષેત્રે અકુશળ કે અર્ધ કુશળ મજુરો વધુ પ્રમાણમાં જોવા મળે છે. કારખાના  ક્ષેત્રે, બાંધકામ ક્ષેત્રે, જીનીંગ ક્ષેત્રે વેપાર-વાણિજ્ય ક્ષેત્રે, વાહન વ્યવહાર, હોટલ, રેસ્ટોરન્ટ વગેરેમાં મોટાભાગના મજુરો અકુશળ કે અર્ધ કુશળ છે. બાંધકામ ક્ષેત્રમાં કામ કરતાં તમામ મજુરોને આ પરિસ્થિતિને કારણે તેઓને વધુ કોઈ લાભ મળતા નથી આ પ્રશ્ન જીનીંગ ક્ષેત્રના મજુરોનો પણ  છે.

### અયોગ્ય કામની સ્થિતિ

કોટન જીનીંગ ક્ષેત્રના મજુરોની મુખ્ય અને ગંભીર સમસ્યા એ છે કે આ ક્ષેત્રના મજુરોને કામની સ્થિતિ અસહ્ય હોય છે જેમાં બાંધકામ ક્ષેત્રના અને જીનીંગ ક્ષેત્રના કામ કરતા મજૂરોને ખુલ્લામાં કામ કરવું પડે છે ઠંડી, ગરમી અને વરસાદ વચ્ચે તેઓને કામ કરવાનું રહે છે. આ ક્ષેત્રના મજુરોને સતત શારીરિક પરિશ્રમ કરવાનો હોય છે. જીનીંગ ક્ષેત્રના મજુરો અભણ જોવા મળે છે. જેના લીધે કુટુંબીજનો અને બાળક સભ્યોને પણ સતત શારીરિક પરિશ્રમ કરવો પડે છે. આથી આ મજુરોની સ્થિતિ વધુ દયાજનક જોવા મળે છે. જીનીંગ ક્ષેત્રના મજુરોને માટે ખાસ કોઇ અસરકારક કાયદાઓ બન્યા નથી અને જે કાયદાઓ છે તેનો યોગ્ય રીતે અમલ થયો નથી આથી આ મજુરોએ સતત શારીરિક પરિશ્રમ કરવાનો રહે છે. પરિસ્થિતિ હોય છે એ જ પરિસ્થિતિમાં કામ કરવાનું રહે છે. જેના લીધે તેમને ચામડીના શ્વાસને લગતા અને ફેફસાને લગતા અનેક રોગોનો ભોગ બનવું પડે છે. આમ કામની યોગ્ય પરિસ્થિતિ એ જીનીંગ ક્ષેત્રના મજુરો માટેની ગંભીર સમસ્યાઓનું સર્જન કરે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

### યોગ્ય તાલીમ અને શિક્ષણનો અભાવ

જીનીંગ ક્ષેત્રના મજુરોની મુખ્ય સમસ્યા એ છે કે આ ક્ષેત્રમાં જોડાયેલા મોટા ભાગના મજુરો બિન તાલીમ પામેલા અને અશિક્ષિત જોવા મળે છે. આ મજુરોને કોઈપણ પ્રકારની સંસ્થાગત તાલીમ પ્રાપ્ત થયેલ હોતી નથી. તેઓ તેમની કામગીરી તેમના કુટુંબીઓ મિત્રો છે અને કુશળ મજુરોના માર્ગદર્શન હેઠળ પ્રાપ્ત કરે છે. જીનીંગ ક્ષેત્રના મજુરોના કુટુંબો ગરીબી રેખા નીચે જીવતા હોવાથી તેઓને નાની ઉંમરથી જ કુટુંબનો જીવનનિર્વાહ ચલાવવા માટે શ્રમકાર્ય કરવું પડે છે. તેથી તેઓ શિક્ષણ મેળવી શકતા નથી. શહેરી અસંગઠિત ક્ષેત્રના મજુરો કોઈપણ પ્રકારની શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી. તેમાં તે કારણે અનુરૂપ તાલીમ પામેલા હોતા નથી. આમ જીનીંગ ક્ષેત્રના મજુરોમાં તાલીમ અને શિક્ષણનો અભાવ ગંભીર પ્રશ્નો સર્જે છે.

### સ્થળાંતરનો પ્રશ્ન

જીનીંગ ક્ષેત્રના મજુરોનો મુખ્ય પ્રશ્ન એ છે કે તેઓ સ્થળાંતર લક્ષી અને ગતિ લક્ષી હોય છે આ ચિત્રના મજુરોને નિયમિત રીતે સતત એક જ સ્થળે રોજગારી પ્રાપ્ત થતી નથી તેની રોજગારી મેળવવાના હેતુથી કોઈ અન્ય સ્થળે સ્થળાંતર કરવું પડે છે જેમાં બીજા શહેરોમાં જવું પડે છે અને તેથી તેઓ સતત સ્થળાંતર કરતાં જણાય છે. આ ક્ષેત્રના મજુરોએ મજુરોને એક જ માલિક દ્વારા લાંબા સમય સુધી એક જ માલિક પાસેથી કામ પ્રાપ્ત થતું નથી તેથી કાર્યનું સ્થળ અને કાર્ય માલિકો સતત બદલાતા રહે છે. રોજગારી મેળવવા માટે જ જીનીંગ ક્ષેત્રના મજુરો ગતિશીલ અને સ્થળાંતર લક્ષી જોવા મળે છે નહીં કે વધુ વેતન અને વધુ લાંબો પ્રાપ્ત કરવા હેતુથી આ ક્ષેત્રના મજુરો એક સ્થળેથી બીજા સ્થળે અને એક ગામથી બીજા ગામમાં કે શહેરમાં અને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવાનું વલણ ધરાવે છે આમ સતત સ્થળાંતર એ જીનીંગ ક્ષેત્રના મજુરોમાં ગંભીર સમસ્યા સર્જે છે.

### મજુરોમાં ગતિશીલતાનો પ્રશ્ન

કરકસર હેતુને સિદ્ધ કરવા હેતુથી એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં જવાની હેતુપૂર્વકની હિલચાલને ગતિશીલતા કહી શકાય છે. શહેરી જીનીંગ ક્ષેત્રમાં ગતિશીલતા એ વેતન, કાર્યપદ્ધતિ અને જીવન લક્ષ આ સંદર્ભે જોવા મળે છે. શહેરી બાંધકામોના ક્ષેત્રમાં મજુરોને વધુ વેતન મળે તો તે આ જ ક્ષેત્રમાં બીજી જગ્યાએ કામ કરવાનું પણ પસંદ કરે છે. તેમજ એક શહેર માંથી બીજા શહેરમાં કામ કરવા પણ જાય છે. તેઓનું કહેવું એમ છે કે અમારું ધ્યેય વધુ નાણા કમાઈને વતનમાં મોકલવાનો છે જેથી વધુ વેતન મળે તો તે અન્ય શહેરમાં કામ કરવા માટે પણ જાય છે. જીનીંગ ક્ષેત્રના મજુરો વર્ગમાં ભૌગોલિક ગતિશીલતા વધુ જોવા મળે છે. ભૌગોલિક ગતિશીલતા એટલે કાર્ય કરવા માટે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે ફરે છે. ભૌગોલિક ગતિશીલતાની પ્રક્રિયામાં મજુરો કાર્યસ્થળને કાયમી બનાવી શકતા નથી. અહીં વ્યવસાય કે રોજગારી અતિ અલ્પકાલીન હોય છે. ભૌગોલિક ગતિશીલતામાં કારણોના વ્યક્તિગત આર્થિક

પ્રોત્સાહનો, બેકારી, શ્રમ, બજારનો વિસ્તાર વચ્ચે તફાવત, કૌટુંબિક અને સામાજિક કારણો છે. જીનીંગ ક્ષેત્રના મજુરોમા રોજગારીની અનિશ્ચિતતા અને આવકની સ્થિતિમાં અચોક્કસતા અને અનિશ્ચિતતા જોવા મળે છે તેથી ગતિશીલતા એ અસંગઠિત ક્ષેત્રના અનેક સમસ્યાઓ પ્રવૃતિ બની રહે છે.

**કુટુંબનું મોટું કદ**

જીનીંગ મજુરોના મુખ્ય પ્રશ્નમાં તેના કુટુંબના સભ્યોની વધુ સંખ્યાનો છે. જીનીંગ ક્ષેત્રમાં ઘણા કુટુંબો ખૂબ જ પછાત હોવાથી તેઓમાં શિક્ષણની દ્રષ્ટિએ નિરક્ષરતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેમજ જૂની માન્યતાઓ અને અંધશ્રદ્ધા જીવનારા આ અસંગઠિત વર્ગ કુટુંબ નિયોજનમા માનતો નથી. માટે આવક પ્રાપ્ત કરનાર કુટુંબમાં એક જ સભ્ય હોય અને બીજા બધા તેને આધારિત જીવન હોય છે. મોટા ભાગની આવક માંની આવક એ કુટુંબના સભ્યો પાછળ ખર્ચાઈ જાય છે કુટુંબનો કદ મોટું હોવાથી પ્રાથમિક જરૂરિયાતો સંતોષાતી નથી તેમજ તેને પોષણ આહાર પ્રાપ્ત થતો નથી. શિક્ષણ ખર્ચ નહિવત હોય છે. આરોગ્ય અંગેની સુવિધાઓ પણ પ્રાપ્ત થઈ શકતી નથી. આવા શહેરી અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં મજુરોમાં તેના કુટુંબમાં મોટું કદ હોવાથી રોટી, કપડા અને મકાન જેવી પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષી શકાતી નથી. અસંગઠિત ક્ષેત્રમાં કુટુંબનું મોટું કદ તે અનેક ગંભીર સમસ્યાઓ સર્જે છે.

**વિશિષ્ટીકરણનો અભાવ**

જીનીંગ ક્ષેત્રમાં કામ કરતાં મજુરોમાં વિશિષ્ટીકરણ નો અભાવ જોવા મળે છે. એવો એક જ કાર્ય અને એક જ સ્થળે લાંબા સમય સુધી કરી શકતા નથી. તેઓની કામગીરી સતત બદલાતી રહે છે. તેથી એક જ કાર્યમાં વિશિષ્ટીકરણ સાધી શકતા નથી. સંગઠિત ક્ષેત્રના મજુરોની તુલનાએ અસંગઠિત ક્ષેત્રના મજુરો ની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા ઓછી હોય છે. તેથી આ ક્ષેત્રના મજુરોને વિશિષ્ટીકરણના અભાવને કારણે આર્થિક લાભો પ્રાપ્ત થતા નથી. અસંગઠિત ક્ષેત્રના મજુરોને કામની અસ્થિરતા, અનિશ્ચિતતા તેમજ સાતત્યના અભાવને કારણે વિશિષ્ટીકરણના કોઈ લાભો પ્રાપ્ત થતા નથી. આમ વિશિષ્ટીકરણનો અભાવે શહેરી અસંગઠિત ક્ષેત્રના મજુરો માટે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

**નીચા વેતનનો પ્રશ્ન**

શ્રમ એ માનવ શક્તિ છે. જે કોઈ મજુર શારીરિક, માનસિક કે બંને કાર્યમાં પ્રયોજાય છે. તેના કાર્ય કરવા બદલ કરનારને નાણાકીય આર્થિક બદલો મળે છે જેને વેતન કહે છે. શહેરી અસંગઠિત ક્ષેત્રના મજુરોનો મુખ્ય પ્રશ્ન નીચા વેતન અંગેનો છે. જે મજુરોની ગંભીર સમસ્યા બની રહી છે. નીચા વેતનને લીધે  લીધે મજુરો તેમના જીવનધોરણમાં અતિ મુશ્કેલીનો સામનો કરે છે કારણકે વેતન એ મજુરો માટે આજીવિકા માટેનું એકમાત્ર સાધન અને અગત્યનો આવકનો સ્ત્રોત હોય છે. આ ક્ષેત્રના મજુરોમાં વેતન તફાવત કાર્ય પ્રમાણે, વિસ્તાર પ્રમાણે સ્થળાંતરની પ્રક્રિયાને વેગ આપવામાં મહત્વનો ભાગ ભજવે છે. શહેરી અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા અને તેના શ્રમ કાર્યના બદલામાં નીચું વેતન ચૂકવવામાં આવે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

તેમજ બિન નાણાકીય લાભ પણ પ્રાપ્ત થતા નથી. આમ શહેરી અસંગઠિત ક્ષેત્રના મજુરોમા વેતનના નીચા દર એ અનેક સમસ્યાઓ સર્જે છે.

### સીઝનનો સમયગાળો

કોટન જીનીંગ અને પ્રેસિંગનો સમય-ગાળો ઓક્ટોમ્બર થી મે સુધી ચાલે છે. વર્ષના માત્ર છ કે આંઠ મહિના ચાલતો આ ધંધો સીઝનમાં ૨૪ કલાક ચાલે છે. તથા ચોમાસાની સિઝનમાં આ ધંધો લગભગ બંધ હોય છે. તેની ઓફ સીઝન ગણાય છે.

### ભારતના ઔદ્યોગિકના પ્રશ્નો

ભારત એક કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલ દેશ છે. પરંતુ લાંબા સમય સુધી કૃષિ ક્ષેત્ર નભી શકતો નથી. આધુનિક યુગ સાથે તાલ મિલાવવા માટે અધિકરણ ની એક જરૂરિયાત નહીં પરંતુ અનિવાર્યતા બની રહી છે. પરંતુ આ ઔધોગિકરણ એ બધી જ સમસ્યાઓનો હાલ છે પરંતુ વાસ્તવમાં આ ઉદ્યોગીકરણ જ બધી સમસ્યાઓનું મૂળ છે. આર્થિક વિકાસમાં અવરોધક એવી અનેક સમસ્યાઓમાં ઔદ્યોગિક મજુરોની સમસ્યાઓ ધ્યાન ખેંચી લે તેવી છે. ઔદ્યોગિક મજુરોની સમસ્યાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેમકે....

I. ઔદ્યોગિક મજુરોનું યંત્રવત્ જીવન
II. ઔદ્યોગિક મજુરોનો લાભ જેટલો ઔદ્યોગિક એકમ ને મળે છે તેટલો જ લાભ સમી કોના કુટુંબને મળતો નથી.
III. કામના વધુ કલાકો
IV. કામની યોગ્ય પરિસ્થિતિ
V. સ્ત્રી મજુરો અને બાળ મજુરોની સમસ્યાઓ
VI. પ્રદૂષણ અને તેની મજુર ઉપર થતી ખરાબ અસર
VII. કેમિકલના વધુ પડતા ઉપયોગને કારણે લોકો પર થતી ખરાબ અસર
VIII. રોજગારીની અનિશ્ચિતતા
IX. શ્રમના સંગઠનોની નિષ્ફળતા
X. અપૂરતું પોષણ
XI. ઓછું વેતન

જેવી અનેક સમસ્યાઓનો સામનો અધિક્ષક કોને કરવો પડે છે, પરંતુ આ સમસ્યાઓનો હલ કરવા માટે પૂરતા પ્રયાસ કરવામાં આવેલ નથી. જેના માટે સરકાર દ્વારા કેટલીક સરકારી માધ્યમિક નીતિઓ અમલમાં મુકવામાં આવેલ છે. આમ છતાં કેટલીક સમસ્યાઓ વર્તમાન સમયમાં ઉદ્યોગ ક્ષેત્રે જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## સરકારની ઔદ્યોગિક નીતિ

ભારત સરકારે બીજી પંચવર્ષીય યોજના બાદ ઔદ્યોગિકરણની નીતિ અમલમાં મૂકી છે. સરકારે આર્થિક વિકાસ માટે, નાના અને મોટા ઉદ્યોગોના વિકાસ માટે, કુદરતી સાધનોની જાળવણી માટે, પ્રદૂષણ ઘટાડવા માટે તેનો ઉલ્લેખ કર્યો છે. પ્રથમ યોજના છઠ્ઠી એપ્રિલ ૧૯૫૦ - ૫૧ થી ૧૯૫૫ - ૫૬ ભારત સરકારે સૌપ્રથમવાર નીતિની જાહેરાત કરી હતી. બીજી પંચવર્ષીય યોજના ૧૯૫૫ - ૫૬ થી ૧૯૯૬૦-૬૧માં સરકારી જાહેર અને ખાનગી વિભાગોને એકબીજાના પૂરક ગણીને સહકારથી કામ કરવા માટે પ્રયાસ કરવાનું અનુમોદન કર્યું હતું.

આજ સુધીની અનેક યોજનાઓમાં ઉદ્યોગ તરફ ધ્યાન આપવામાં આવ્યું હોવા છતાં ઉદ્યોગ ક્ષેત્રે કામ કરતા મજુરોની સ્થિતિ આજે પણ અનેક રીતે સમસ્યારૂપ છે. સહકારી ઔદ્યોગિક મજુરોના કલ્યાણ માટે કેટલાક કાયદાઓ ઘડ્યા છે જેમકે...

I. મજુરોના અઠવાડિયાનાં કામના ૪૮ કલાકો
II. રજાઓની જોગવાઈઓ
III. મજુરોની તંદુરસ્તી
IV. મજુરોની સલામતી
V. મજુરોનું કલ્યાણ
VI. મજુરોના ન્યુનત્તમ જીવનધોરણની જોગવાઈઓ
VII. અઢાર વર્ષની વયે નોકરી પ્રવેશ માટેની ન્યૂનતમ ઉંમર

આમ અનેક કાયદાઓ કરતા હોવા છતાં એકમોમાં અમલ કરવામાં આવેલ નથી જે સરકારની બેદરકારી કહી શકાય છે. સરકારે ઔદ્યોગિક મજુરો માટે અમુક લઘુતમ વેતન નક્કી કર્યા છે. પરંતુ વસ્તી વિસ્ફોટને કારણે શ્રમની માંગ કરતાં શ્રમનો પુરવઠો વધી જતાં મજુરોને લઘુતમ વેતન કરતાં પણ નીચા વેતન દર એ કામ કરવાની ફરજ પડે છે. આમ ઓછા વેતને કારણે મજુરોનું જીવનધોરણ ખૂબ જ નીચું જોવા મળે છે. પરંતુ મજુરો બેકારીની ચિંતામાં આ નીચા વેતન દર એક કામ કરવાનું પણ સ્વીકારી લે છે. પરિણામે માલિકો દ્વારા મજુરોનું આર્થિક અને સામાજિક રીતે શોષણ થાય છે. સરકારી કાયદા પ્રમાણે મજુરોને ૮ કલાક કામ કરવાનું હોય છે એમ છતાં લોકો પાસેથી ૮ કલાકને બદલે ૧૦ થી ૧૨ કલાક કામ લેવામાં આવે છે. આમ સરકારે સમાન કામ કરવા માટે સરકારનો કાયદો ઘડ્યો હોવા છતાં તેનું પાલન થતું નથી. આજે પણ ઔદ્યોગિક એકમો બધા સમાન કામ માટે સ્ત્રીઓને પુરુષો કરતાં ઘણાં જ ઓછા વેતન ચૂકવાય છે. એટલું જ નહીં સ્ત્રીઓને માતૃત્વ લાભ યોજના અને બીજી સરકારી યોજનાઓનો પણ પૂરતો લાભ મળતો નથી.

### ખરાબ આર્થિક પરિસ્થિતિ

ઔદ્યોગિક મજુરોની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેઓને લઘુતમ વેતન ધારા પ્રમાણે વેતન ચૂકવવામાં આવતું નથી. તેઓને લઘુતમ વેતન કરતાં પણ ખૂબ જ નીચા દરે વેતન ચૂકવવામાં આવે છે. પરિણામે તેમનું જીવનધોરણ ખૂબ જ નીચું ગયું છે. તેઓની મોટા ભાગની આવક અન્ન, વસ્ત્ર, રહેઠાણ કે પ્રાથમિક ચીજવસ્તુઓની ખરીદીમાં ખર્ચ થાય છે. આમ, છતાં તેઓ યોગ્ય પ્રમાણમાં પૂરતો પોષ્ટિક આહાર પણ મેળવી શકતા નથી. તેઓ નિમ્ન કક્ષાનું એટલે કે હલકી ગુણવત્તા યુક્ત આહાર લે છે. આમ, મજુરો પાસે ગુણવત્તાયુક્ત કહી શકાય તેવી કોઈ પણ સુવિધા તેમને પ્રાપ્ત થતી નથી. આમ, ઔદ્યોગિક મજુરોનું  જીવન ખરાબ આર્થિક પરિસ્થિતિમાં પસાર થાય છે.

### રોજગારીની અનિશ્ચિતા

ઔદ્યોગિક મજુરોના ગંભીરતમ પ્રશ્ન રોજગારીના છે. તેઓને રોજગારીની કોઈપણ જાતની સલામતી નથી. આજે દિન-પ્રતિદિન ઔદ્યોગિક એકમો બંધ થઈ રહ્યા છે. આથી તેમાં કામ કરતા મજુરોને છુટા કરવામાં આવે છે. આ ઉપરાંત કારખાનાઓમાં યાંત્રીકરણ અને સ્વયંસંચાલિત પદ્ધતિને કારણે મજુરોને છુટા કરવામાં આવે છે. આથી પણ મજુરો ને  રોજગારીનો પ્રશ્ન ઉભો થાય છે.

### વેતન તફાવત

એક જ ક્ષેત્રમાં કામ કરતા મજુરોમાં પણ વેતનમાં વ્યાપક તફાવત જોવા મળે છે. મજુરોને તેમની કુશળતા પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે. કુશળતા પ્રમાણે મજુરોમાં મુખ્યત્વે કુશળ, અકુશળ, અર્ધ કુશળ, બિનકુશળ, વધારે કુશળ, સૌથી વધારે કુશળ અને સૌથી વધારે અકુશળ એમ સાત પ્રકાર પાડવામાં આવ્યા છે.આમ, મજુરોને તેમની કુશળતા પ્રમાણે વેતન ચૂકવવામાં આવે છે. અર્ધ કુશળ, બિનકુશળ, મજુરોને ઓછા વેતન ચૂકવવામાં આવે છે. જ્યારે કુશળ અને વધુ કુશળ મજુરોને વધુ વેતન પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત એક સરખા જ ઔદ્યોગિક એકમોમાં પણ વેતન દરમાં તફાવત જોવા મળે છે. જેનો આધાર સંચાલક ઉપર છે.

### સ્ત્રી પુરુષ વેતન દરમાં તફાવત

આજે સ્ત્રી પુરુષની સમોવડી બની છે. આજે તે પુરુષને ખભે ખભા મિલાવી કામ કરી રહી છે. એક પણ ક્ષેત્ર એવું નથી કે જ્યાં સ્ત્રી પાછળ હોય, ઔદ્યોગિક એકમોમાં પણ સ્ત્રી પુરુષ સમોવડી થઈ કામ કરી રહી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લામાં ઘડિયાળ ઉદ્યોગોમાં સ્ત્રીઓની સામેલગીરી નોંધપાત્ર છે. ઘડિયાળ ઉદ્યોગોમાં ૮૦%  સ્ત્રી મજુરો જોવા મળેલ છે. આમ છતાં આજે પણ ૨૧મી સદીમાં પણ સ્ત્રીઓને અન્યાય થઇ રહ્યો છે. એક જ સરખા કાર્ય માટે સ્ત્રીઓને પુરુષ કરતા ઘણા નીચા વેતન દરે કામ કરવું પડે છે. સમાન કામ માટે સમાન વેતનનો કાયદો હોવા છતાં તેનો અમલ થતો નથી. ઉત્પાદનમાં પણ સ્ત્રીઓનો હિસ્સો મહત્વનો હોવા છતાં પણ સ્ત્રી પુરુષ વેતન દરમાં તફાવત પ્રવર્તે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**ગરીબી**

"ગરીબી એટલે કે જે વ્યક્તિ જીવવાની પાયાની સુવિધાઓ જેમ કે અનાજ, કપડા, આરોગ્ય, રહેઠાણ, કઠોળ, શાકભાજી જેવી વગેરે સુવિધાઓથી વંચિત રહી જતું હોય તેને એક ગરીબ કહે છે."

ગરીબીએ અભાવની સ્થિતિ છે. સમાજમાં કેટલાક લોકોને જે ચીજ વસ્તુ અને સેવા વિપુલ પ્રમાણમાં મળે છે. તે બીજા અનેક લોકોને મળી શકતી નથી. તે વસ્તુઓ કે સેવાઓના અભાવની સ્થિતિને ગરીબી કહેવામાં આવે છે. ગરીબીના અર્થ ને સારી રીતે સમજવા અને  કરવા અર્થશાસ્ત્રીઓ ગરીબીના ખ્યાલને તેના સ્વરૂપને આધારે મુખ્ય બે પ્રકારે સમજાવી શકાય છે.

**૧) સાપેક્ષ ગરીબી અને**

**૨) નિરપેક્ષ ગરીબી**

**સાપેક્ષ ગરીબી** એટલે કે જ્યારે કોઈ એક વ્યક્તિની તુલના બીજી વ્યક્તિની આવકની સાથે કરવામાં આવે છે ત્યારે તેને બીજી વ્યક્તિની સરખામણીમાં સાપેક્ષ ગરીબ કહેવાય છે. એટલે કે સાપેક્ષ ગરીબીને બીજા તુલનાત્મક નામે ઓળખવામાં આવે છે. કારણ કે સાપેક્ષ ગરીબીમાં દ્વારા તેનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. સંપૂર્ણ ગરીબીને મોટાભાગે વિકસિત દેશોમાં વધુ જોવા મળે છે.

**નિરપેક્ષ ગરીબી** એટલે કે સંપૂર્ણ ગરીબી. જે વ્યક્તિ પ્રાથમિક જીવન  જરૂરિયાતોથી વંચિત રહી જતી હોય તે વ્યક્તિને નિરપેક્ષ ગરીબી કહે છે. આથી નિરપેક્ષ ગરીબીને સંપૂર્ણ ગરીબીના નામે પણ ઓળખવામાં આવે છે. નિરપેક્ષ ગરીબી મોટાભાગે અલ્પ વિકસિત દેશોમાં વધુ જોવા મળે છે. નિરપેક્ષ ગરીબીનો ખ્યાલ નક્કી કરવા માટે ગરીબીરેખા નો ઉપયોગ કરવામાં આવે છે.

**૩) ગરીબી રેખાનો અર્થ**

ગરીબીના માપન માટે આવક, ખર્ચ કે જીવન ધોરણની નિશ્ચિત સપાટીને ગરીબી રેખા કહેવામાં આવે છે. આ રેખાની નીચે હોય તે ગરીબ અને આ રેખાની ઉપર હોય તે ગરીબ નથી એમ કહી શકાય. આ ધોરણ મુજબ ગરીબીને માપવા માટે બે પદ્ધતિનો ઉપયોગ થાય છે.

૧. ન્યુનતમ વપરાશ ખર્ચનું ધોરણ

૨. ન્યુનતમ કેલરીનું ધોરણ

૧.) ગરીબી રેખા નક્કી કરવા માટે ૧૯૬૨ માં ભારત સરકારે એક જૂથની રચના કરી હતી. આ જૂથે ઇ. સ. ૧૯૬૦-૬૧ માં પ્રવર્તમાન ભાવોને આધારે વાર્ષિક માથાદીઠ રૂ.૨૪૦ ના વપરાશ ખર્ચ ને ન્યુનતમ ધોરણ તરીકે સ્વીકાર્યું હતું. ૨૪૦/૧૨ રૂ.એ વ્યક્તિ ઓછામાં ઓછા પ્રતિમાસ ખર્ચવાની જરૂર પડે છે.

**ન્યુનતમ કેલેરીનું ધોરણ**-: ખોરાક એ માનવીનું જીવન ટકાવવા અતિ આવશ્યક જરૂરિયાત હોવાથી ગરીબીનું પ્રમાણ નક્કી કરવા માટે દૈનિક આહારમાંથી પ્રાપ્ત થતી કેલરીનો આધાર લેવામાં આવ્યો. ભારતના સંદર્ભમાં પ્રત્યેક વ્યક્તિએ તેના દૈનિક આહારમાં થી ૨૨૫૦ કેલરી મળવી જોઈએ. તેવું મોટા ભાગના વિદ્વાનો સ્વીકારે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

પ્રોફેસર. ડી. ટી. લાકડાવાલાના અધ્યક્ષ પદે ગરીબીરેખાની પુનઃ વ્યાખ્યા આપવા માટે એક પેનલની રચના કરવામાં આવેલ તેમાં તેમણે એવું તારણ રજૂ કર્યું કે, ગરીબી રેખાને નક્કી કરવાનું અતિ કઠિન છે. આમ છતાં તેને નક્કી કરવા માટે કેલરીનું  ધોરણ વધુ વ્યવહારુ ગણાવી શકાય.

આ કેલેરીના ધોરણ અનુસાર ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૦૦ કેલેરી અને શહેરી વિસ્તારમાં ૨૧૦૦ કેલેરી જેટલો પોષ્ટિક આહાર લોકો મેળવી શકતા હોય તો તે ગરીબી રેખાની ઉપર છે. તેમ કહેવાય અને આનાથી ઓછી કેલેરી દૈનિક ખોરાક માંથી મેળવતા લોકો ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે એમ ચોક્કસ કહી શકાય છે. જો કે આ માપન પણ પૂરતું નથી જ કારણ કે રાજ્યવાર ખોરાકની વસ્તુઓની ધોરણ બદલાતું હોય છે. તેમજ ભાવો પણ બદલાતા હોય છે. આમ છતાં પણ ગરીબીની રેખા નક્કી કરવા માટે કેલેરીનું ધોરણ વાસ્તવિકતાથી અત્યંત નજીક ગણાવી શકાય છે.

ભારતમાં ઇ. સ.૧૧૯૯- ૨૦૦૦માં જોવા મળેલ છે,કે ૨૬% લોકો ગરીબી રેખાની નીચે જીવે છે. મજુરોની વસ્તી વધારાને કારણે લઘુત્તમ વેતન કરતાં પણ નીચા દરે કામ કરવું પડે છે, અને તેને કારણે તેઓ ગરીબી રેખા નીચે જીવે છે. તેઓ પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક આહાર પણ મેળવી શકતા નથી.

**વધુ કલાક કામ**

ભારતીય ઉદ્યોગોના કાયદા પ્રમાણે મજુર પાસે ૮ કલાક કામ કરવાનો કાયદો છે. તેને બદલે મોટા ભાગના ઉદ્યોગોમાં મજુરો પાસે ૧૦ થી ૧૨ કલાક કામ લેવામાં આવે છે. આમ જ મજુરો પાસે વધુપડતું કામ લેવામાં આવતું હોવાથી મજુરોમાં થાક, કંટાળો આવે છે. અને વધુ પડતા કામને લીધે કામ પણ બોજારૂપ બની જાય છે.

**સ્થળાંતરની સમસ્યા**

ભારતએ ગામડાનો બનેલો દેશ છે. ભારતના ગ્રામ્ય ક્ષેત્રે કૃષિનો જ વિકાસ થયેલો છે. કૃષિ ક્ષેત્રે વધુ વસ્તીને કારણે બધી જ વસ્તુને સમાવી શકાતી નથી. ખેતી સિવાયના અન્ય આનુસંગિક ઉદ્યોગોનો વિકાસ બહુ અલ્પ પ્રમાણમાં થયો હોવાથી સ્થળાંતરની સમસ્યા ઉદ્ભવે છે. સ્થળાંતરને કારણે ઉદ્યોગોને મજુરો પ્રાપ્ત થાય છે પરંતુ તેની સાથે બીજા અનેક પ્રશ્નો જેવા કે,

૧. શહેરીકરણના પ્રશ્નો

૨. પ્રદુષણના પ્રશ્નો ઉદભવે છે.

**અકસ્માતની સમસ્યા**

ઉદ્યોગમાં મજુરોની કામ કરવાની જગ્યા ઘણી સાંકડી હોય છે. આ સાંકડી જગ્યામાં એક સાથે અનેક મજુરો કામ કરતા હોય છે. આથી અકસ્માતના પ્રશ્નો ઉદભવે છે. અકસ્માત મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે.

૧. જેમાં મજુર મૃત્યુ પામે,

૨. કાયમી અક્ષમતા (ઉ.દા. મોટી ઈજા જેવી કે હાથ પગનું કપાઈ જવું)

ISBN-978-81-973071-9-5
First Edition

૩. આંશિક અક્ષમતા- (ઉ.દા. ચાર કે છ મહિના બીમાર રહેવું)

આવા સંજોગોમાં સરકારના કાયદા પ્રમાણે ઔદ્યોગિક એકમો દ્વારા મજુરોને સલામતી પૂરી પાડવામાં આવતી નથી. જોકે સૌરાષ્ટ્રમાં અને રાજકોટ જિલ્લામાં કારખાનામાં અકસ્માત થવાનો સંભવ ખૂબ ઓછો છે.

## કાર્ય જનિત રોગોનું વધુ પ્રમાણ

મજુરોમાં કાર્યજનિત રોગોનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે. મજુરોમા કારખાનામાં કેમિકલ અને પ્રદૂષણમાં કામ કરવાનું હોવાથી અનેક રોગોનો ભોગ મજુર બને છે.જેમ કે,

૧. વધુ પડતાં કેમિકલનાં ઉપયોગને કારણે પણ મજુર અનેક રોગોનો ભોગ બને છે.

૨. ગંદા પાણીને લીધે મેલેરિયા, ટાઈફોડ.

આ ઉપરાંત વધુ પડતા કામને લીધે પેટના રોગો, મરડો, કોલેરા જેવા અનેક રોગોનો મજુર ભોગ બને છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં ઔદ્યોગિક મજુરોના પ્રશ્નોનો અભ્યાસ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. ઔધોગિક મજુરોના પ્રશ્નોને ઉકેલવા માટેના પ્રયાસો કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. ઉત્પાદનમાં મજુરોનું યોગદાન અતિ મહત્વનું છે. આથી ઉદ્યોગોમાં ઉત્પાદકતા વધારવા માટે પણ મજુરોના આર્થિક પ્રશ્નો ઉકેલાય તે માત્ર જરૂરી જ નહિ પણ અતિ આવશ્યક છે.

## જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગની આધુનિક પ્રક્રિયા

મહેસાણા જીલ્લાની જીનીંગ પ્રેસિંગ પ્રક્રિયાને આધુનિક બનાવવા ઉત્પાદન પદ્ધતિ ગુણવત્તાયુક્ત હોવી જોઈએ. ભારતીય ઔધોગિક ક્ષેત્રની આંકડાકીય ગુણવત્તા નિયંત્રણ શાખા તરફથી ૧૯૫૨માં પ્રારંભિક માહિતી અપાઈ છે. તે મુજબ ૧૯૯૪ પહેલા ખાસ આધુનિક સાધન પદ્ધતિની અમલવારી પદ્ધતિ મહેસાણા જીલ્લામાં જોવા મળતી નથી. આધુનિક પદ્ધતિ મુજબ નીચે પ્રમાણે પગલાં લેવામાં આવે તો કોટન ક્ષેત્રે વધુ પ્રગતિ કરી શકાય છે.

- કપાસ કસ્તર સાથે લોટમાંથી સેમ્પલ
- ગુણવત્તાસભર ફાયબરના સંયુક્ત લોટની પદ્ધતિ
- કસ્તર દૂર કર્યા પછી જીન ફેક્ટરીમાં જીનીંગ પ્રક્રિયા
- કાર્ય પદ્ધતિ પર નિયમિત ચેકિંગ-સુપરવિઝન
- કપાસ લોઢવાની પ્રક્રિયાનું "In house Testing"
- લોર્ટ મુજબ કુલ કપાસના જથ્થાની શુદ્ધકરણ પ્રક્રિયા અંદાજ
- ભાવ નિયંત્રણ ગુણવત્તા સુધારણા પ્રોગ્રામ માટે લઘુતમ પ્રીમિયમ વ્યવસ્થા

ઉપરોક્ત આદર્શ પગલાનું અનુકરણ કરવાનો પ્રયત્ન હાલ થઈ રહ્યો છે.

## જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગમાં ઉપયોગી સાધનો

વૈશ્વિકરણ અને હરીફાઈના યુગમાં કોઈ પણ ઉદ્યોગો સ્પર્ધામાં ટકી રહેવા અને વિસ્તરવા માટે પોતાની પેદાશોની ગુણવત્તામાં સતત સુધારો કરવા ઉપરાંત નવી નવી વસ્તુઓ બજારમાં મુકવાની હોય છે. વસ્તુઓ અને સેવાઓની ગુણવત્તામાં સતત સુધારો કરવાનો હોય છે. બજારમાં ટકી રહેવા નવી નવી સર્વશ્રેષ્ઠ વસ્તુઓ વ્યાજબી ભાવે બજારમાં મુકતા હોય છે. ઉત્પાદકોએ ઓછા ખર્ચે વધારે ઉત્પાદન કરવાનું હોય છે. વસ્તુ વિકાસ, વસ્તુ સુધારણા, ગુણવતા સુધારણા વગેરે માટે ટેકનોલોજીનું અપગ્રેડેશન આધુનિકરણ અને સંશોધન તથા વિકાસનાં પ્રયાસો ખૂબ જરૂરી છે.

વિકસિત દેશોમાં ઉધોગ સંશોધન અને  વિકાસ કામગીરી માટે સારા પ્રમાણમાં ખર્ચ થાય છે  ત્યા ઉદ્યોગોને પોતાનો અલાયદો સંશોધન અને વિકાસ વિભાગ હોય છે. પરંતુ આપણે ત્યાં ઉદ્યોગો ઓછો ખર્ચ કરે છે. મોટા માતબર ઉધોગો સિવાય અલાયદી રીતે સંશોધન અને વિકાસ વિભાગ રાખવામાં આવતો નથી. આજે એ સિવાય ચાલી શકે તેમ નથી. આ માટે કેન્દ્ર અને રાજય સરકારો ઔદ્યોગિક ક્ષેત્રોમાં વેગ મળે તે માટે પ્રોત્સાહન આપે છે. ગુજરાત સરકારે ૨૦૦૪માં અધ્યાદેશ બહાર પાડીને સંશોધન વિકાસ કામગીરી માટે સંસ્થાઓ અને ઉદ્યોગોને સહાય આપવાનું નકકી કર્યું છે.

ઔદ્યોગિક સંશોધન અને વિકાસ કામગીરી બે રીતે થાય છે. ઉદ્યોગો પોતાની પેદાશનાં સંદર્ભમાં આ માટે અલાયદી વ્યવસ્થા ઉભી કરી કામગીરી કરી શકે છે. પરંતુ ગુજરાતનાં મોટાભાગનાં નાના મધ્યમ ઉદ્યોગોમાં આ પ્રકારની ક્ષમતા નથી. આથી સરકાર સંશોધન સંસ્થાઓને સંશોધન વિકાસ સહાય આપે છે. ઉદ્યોગ સંશોધન સંસ્થા પાસેથી તેમને જરૂરી સંશોધન વિકાસ સેવાઓ મેળવે છે. આ રીતે પણ સંશોધન વિકાસ કામગીરીને વેગ મળી શકે સરકાર એમ ઈચ્છે કે ઈજનેરી રસાયણ, ટેક્ષટાઈલ, ગારમેન્ટ અને ખેતી વગેરે ક્ષેત્રોમાં " સેન્ટર ઓફ એકસેલન્સ " સ્થપાય જે સંસ્થાઓ નવી પેદાશો અને નવી ટેકનોલોજી માટે કાર્યરત છે તેને પ્રોત્સાહન આપવામાં આવે છે.

## પરંપરાગત ટેકનોલોજી

ભારતીય જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગ ઘણા વર્ષ પુરાણો છે. ઔદ્યોગિક પ્રગતિ દરેક ક્ષેત્રમાં થવા છતાં રોલર જીનીંગ ઉદ્યોગ હજુ પણ જૂની પુરાણી ટેકનોલોજીથી કામ કરે છે. હાલની રોલ જીનીંગ ટેકનોલોજીમાં ફક્ત કપાસની ઉપર પીલવા માટેનું મશીન મશીન છે. આપણા દેશમાં મોટા ભાગનો કપાસ કે જે ખેતરમાંથી આવતો હોય છે. તેનું સીધું જીનીંગ કરવામાં આવે છે. સામાન્ય રીતે કપાસમાં પથ્થરો, અપરિપક્વ કપાસ, પત્તી પ્લાસ્ટિક, કાગળ ધૂળના રજકણો વગેરે જેવી અશુદ્ધિઓ પણ હોય છે. આવા પ્રકારની પદ્ધતિ ભારત સિવાયના અન્ય દેશોમાં જોવા મળતી નથી. આ ઉપરાંત કપાસમાં રહેલી અશુદ્ધિઓ કાઢ્યા વગર તેનું જીનીંગ થતું જોવા મળે છે જેના પરિણામે કપાસ ક્રોસિંગ ખર્ચ ઘણો જ વધારે આવે છે અને કપાસની ગુણવત્તા બગડે પણ છે. વળી આપણા રોલર જીનીંગની કન્ડિશન પણ મોટાભાગની ફેક્ટરીઓમાં ઘણી ખરાબ જોવા મળે છે. જીનીંગ કરવા માટે જે લેધર અને છોકરીઓનો ઉપયોગ થાય છે

તે ખરેખર ઘણી ઉતરતી કક્ષાના હોય છે. લેધરમાં તેનું વજન વધારવા માટે ઘણીવાર માટી પણ ભેળવવામાં આવે છે. પીચ પ્રમાણે થેલીઓમાં આંકડા પડી ગયા હોય છે ઘણી જગ્યાએ તૂટેલી હોય છે.

## આધુનિકીકરણ

હાલમાં ગાંસડીઓ બાંધવાના પ્રેસ જુના છે. પરિણામે આ પ્રદેશોમાં મજૂરોની વધારે જરૂરિયાત પણ રહે છે. તેમજ આપણે જ મશીનો વડે બાંધવામાં આવતી ગાંસડીઓની બધી જ બાજુથી ઢાંકી શકાતુ નથી પરિણામે અપૂરતી ઢાંકેલી ગાંસડીઓને લીધે કપાસ પણ દુષીત થાય છે. મોટાભાગે ગાંસડીઓ બાંધવા માટેનું પેકિંગ મટીરીયલ જેવું કેશણ, કાપડ અને લોખંડની પટ્ટી નિર્ધારિત ગુણવત્તા ધરાવતું નથી જેને લીધે કપાસની ગુણવત્તા પણ બગડે છે અને ગાંસડીઓની હેરફેર વખતે પેકિંગ મટીરીયલ ફાટી જવાથી નુકસાન થાય છે જ્યારે વિદેશમાં ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે જેના પરિણામે ઓછા મજૂરે વધુ ઉત્પાદન અને કપાસ એ સારી ગુણવત્તા પ્રાપ્ત કરી શકાય છે.

કાપડની મિલોમાં પહેલું ખાતું બ્લો રૂમનું છે. આખા તમા ગાંસડીઓમાંથી છુટ્ટુ કરેલુ રૂ મૂકવામાં આવે છે અને તેમાંથી કચરો દૂર કરવામાં આવે છે. આમ કરતાં જે રૂમમાં ખાધ પડે છે તેને બ્લો રૂમની ખાધ કહે છે બ્લો રૂમની નીચેના ત્રણ કારણો પર આધારિત છે. (પાઠક ૧૯૭૨)

૧) રૂની જાત ૨) રૂમાં થયેલું મિશ્રણ ૩) બ્લો રૂમની ખાતામાં વાપરવામાં આવતું યંત્ર....

## ફેકટરીના દરવાજે તોલમાપ માટે વે બ્રીજ

ફેકટરીના દરવાજા પાસે વેબ્રીજ જોવા મળે છે. જેની મદદથી કપાસ અને કપાસનું વજન કરવામાં આવે છે. આ વેબ્રીજની કેપેસીટી ૨૫ ટનથી ૫૦ ટન સુધીની અલગ અલગ જોવા મળે છે. તે માટે ૫ થી ૭ લાખ સુધીનું મૂડીરોકાણ થાય છે.

## કપાસના સંગ્રહ માટે પાકા પ્લેટફોર્મ કવર કરેલ શેડ સાથે

જીનીંગ હાઉસમાં કપાસના પાકા શેડ પર ખરીદ કરેલ કાચા કપાસની જાળવણી અને સંગ્રહ થાય છે. જેના પરિણામે કપાસમાં ભળતા કીટી-કસ્તરનું પ્રમાણ ઘટાડી શકાય છે. આ ઉપરાંત કુદરતી પરિબળો જેવા કે તાપ, વરસાદ, ધૂળ અને અન્ય રજકણોથી બચાવી શકાય. પરંતુ, આ પ્રકારના કવર કરેલ શેડ મોટા કદના યુનિટોમાં જોવા મળ્યા છે. મધ્યમ અને નાના કદના યુનિટમાં પાકા પ્લેટફોર્મ જોવા મળે છે. અપવાદરૂપ યુનિટોમાં આ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જો દરેક યુનિટમાં કવર કરેલ પાકા શેડ તૈયાર કરવામાં આવે તો ઘાટીથી બચાવી શકાય છે.

## ઓટોમેટિક કન્વેયર બેલ્ટ સીસ્ટમ (કપાસ જીનમાં લાવવા)

આ પધ્ધતિ મુજબ ગ્રાઉન્ડમાં રાખેલ કપાસને ઓટોમેટીક કન્વેયર સીસ્ટમ દ્વારા જીન હાઉસમાં રહેલી ટ્રોલીમાં શરૂઆતમાં સપ્લાય થાય છે. ટ્રોલી દ્વારા દરેક ચરખામાં જીનીંગ થઈ કપાસ કપાસીયા અલગ થઈ કપાસ બ્લોર અથવા બેલ્ટ સીસ્ટમ દ્વારા રૂને પાલાહોલ સુધી લઈ જવામાં આવે છે અને

ISBN-978-81-973071-9-5
First Edition

કપાસીયા કન્વીનર મારફત જીનહાઉસની બહાર સીધી જ બોરી ભરવામાં આવે છે અથવા તો શેડ પર ઢગલો થાય છે.

**ડબલ રોલર જીન**

જીનીંગ પ્રક્રિયા કરવામાં સિંગલ રોલર ચરખા અને ડબલ રોલર ચરખાનો ઉપયોગ થાય છે. પરંતુ આધુનિક સમયમાં મોટા ભાગે ડબલ રોલર ચરખાનો ઉપયોગ થતો જોવા મળ્યો છે. જેમાં ૪૮, ૫૪ અને ૬૦ ની સાઈઝના ચરખાઓ બજાજ, નેફ્રા, જાદવ અને યુ.ડી.ઈ. જેવી કંપનીના જોવા મળ્યા છે. જેની ઉત્પાદન કેપેસીટી અલગ અલગ જોવા મળી છે. ૪૮ ની સાઈઝના ચરખા ૬૦ થી ૭૦ કિલો રૂની ઉપજ આપે છે અને ૫૪ ની સાઈઝના ચરખાની ઉત્પાદન શકિત ૭૦ થી ૮૦ કિલો જોવા મળી છે. જયારે ૬૦ની સાઈઝના ચરખા ૧૦૦ કિલો જેટલી રૂની ઉત્પાદન શકિત ધરાવે છે, આ પ્રકારના ચરખાઓ જોવા મળ્યા નથી. જેના માટે ચરખાદીઠ ખરીદ કિંમત એંશી હજાર થી એક લાખ દશ હજાર સુધીની જોવા મળી છે.

**પ્રિકલીનર મશીન**

મોટાભાગનો કપાસ ખેતરોમાંથી આવેલ હોય છે. તેનું સીધું જ જીનીંગ કરવામાં આવે છે. સામાન્ય રીતે કપાસમાં પથ્થરો, અપરિપકવ કપાસ, પત્તી, પ્લાસ્ટીક, કાગળ વગેરે અશુદ્ધિઓ હોય છે. આ માટે કપાસનું શુદ્ધિકરણ પ્રિકલીનીંગ મશીન દ્વારા કરવું ઘણું જરૂરી ગણાય. પ્રિક્લીનર મશીન કપાસના બોલને છૂટા પાડે છે અને તેના પર ચોંટેલો કે વચ્ચે છૂપાયેલ કચરો દૂર કરે છે. સામાન્ય રીતે દેશી કપાસ જેવા કે વી-૭૯૭, ગુજરાત-૧૩ વગેરે જેવી જાતોમાં કચરાનું પ્રમાણ ઘણું વધારે હોય છે. પરંતુ,જો પ્રિકલીનીંગ મશીનનો ઉપયોગ કરવામાં આવે તો લગભગ ૪૫ થી ૫૦ ટકા જેટલું કચરાનું પ્રમાણ ઘટાડી શકાય. પ્રિકલીનરની રૂના રેસાના ગુણધર્મો પર કોઈ આડઅસર પડતી નથી. હાઈબ્રીડ કપાસમાં લૂઝ કચરાનું પ્રમાણ ઓછું હોય છે. પરંતુ તેમાં અપરિપકવ કપાસનું પ્રમાણ વધુ જોવા મળે છે. તો આવી જાતના કપાસ માટે અલગ પ્રકારના પ્રિકલીનરનો ઉપયોગ થાય છે. જેના પરિણામે કપાસમાં રહેલ લગભગ ૭૦ ટકા જેટલી અપરિપકવ (કોડી) દૂર કરી શકાય છે અને કપાસમાં રહેલ સિડકોટ્સનું પ્રમાણ ઘટે છે. તેથી જીનીંગ મશીનની ઉત્પાદકતામાં વધારો થાય છે.

**ઓટો ફીડર મશીન**

જીનીંગ યુનિટમાં ચરખાની ઉપર ઓટોફીડર મશીન મુકવામાં આવેલ છે. કન્વેયર મારફત ઓટો ફીડરમાં આવેલ કપાસને મીકસ કરી ચરખામાં સપ્રમાણ નાખવાનું કાર્ય કરે છે. આ ઓટોફીડર મશીનમાં જાળી ફીટ કરેલી હોવાથી ગોંગળી, માટી, કસ્તર, રેસા વગેરેને ઓટોફીડરની બહાર લગાવેલા સુપડામાં જુદા પાડે છે અને શુધ્ધ કપાસ મોટા ભાગે ફીડરમાંથી પસાર કરી ચરખામાં જવા દે છે. પરિણામે કપાસ ચોખ્ખું તૈયાર થાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## લિન્ટ કલીનર (પોસ્ટ જીનીંગ મશીન)

સામાન્ય રીતે કલ્યાણ, ગુજરાત- ૧૩ જેવા કપાસમાં કચરાનું પ્રમાણ ૧૦ થી ૧૫ ટકા જેટલું હોય છે. હાઈબ્રીડ કપાસમાં સીડ-કોટસ તથા ટૂંકા રેસાઓનું પ્રમાણ વધારે હોય છે. ખરેખર આ કચરાના વધારે પ્રમાણને લીધે મીલોમાં બનતા સુતરની ગુણવતા બગડે છે. તદ ઉપરાંત મીલની ઈમ્પોર્ટેડ કિંમતી મશિનરીના નાજુક પાર્ટસને ઘણો ઘસારો પડે છે. ત્યાં રોટર જેવી મશીનરીમાં સુતરની તૂટફાટ વધી જાય છે. માટે પોસ્ટ કલીનીંગ મશીનનો ઉપયોગ કરવો હિતાવહ છે. કપાસનું જીનીંગ થયા બાદ લૂઝ કપાસને પોસ્ટ જીનીંગ મશીનમાં પસાર કરવાથી ૩૫ થી ૪૦ ટકા કચરો દૂર કરી શકાય છે. પરિણામે અપરિપકવ તથા ટૂંકા તારો કપાસમાંથી દૂર થાય છે.

## બેલીંગ પ્રેસ (ડબલ બોકસ)

સૌ પ્રથમ પાલાહોલમાં આવેલા કપાસને ભેજ આપી પાલાહોલમાંથી કપાસને ટોપલા મારફત પ્રેસની પેટીમાં ભરવામાં આવે છે. પેટીમાં કપાસ ભરતી વખતે તેને દબાવી પેટી બંધ કર્યા બાદ પ્રેસ દ્વારા દબાણ આપી ગાંસડી તૈયાર કરવામાં આવે છે. જેમાં ગાંસડીનું અંદાજિત વજન ૧૬૫ થી ૧૮૦ કિલો સુધી રહે છે. અહીં ગાંસડીના સ્ટાન્ડર્ડ માપ મુજબ વજન જળવાતું હોતું નથી અને આવા મશીનોમાં લગભગ ૪૦થી વધુ પ્રમાણમાં ઈલેકટ્રીક પાવર વપરાય છે તથા તેની મીકેનીકલ કન્ડીશન નબળી થઈ ગયેલ હોય છે. આ ઉપરાંત નોન ઓટોમેટીક પ્રેસ હોવાથી કપાસના પ્રેસીંગ કરવામાં વધુ મજૂરની જરૂરીયાત ઊભી થાય છે.જેના કારણે માનવસર્જિત અશુદ્ધિઓમાં પણ વધારો થાય છે. આવા પ્રકારની ખામીઓ દૂર કરવા માટે આધુનિક પ્રેસ દ્વારા કપાસની ગાંસડીઓ તૈયાર કરવામાં આવે છે ત્યાં ગાંસડીનું ૧૭૦ કિલો સ્ટાન્ડર્ડ વજન જળવાઈ રહે છે. જેની કાર્ય પધ્ધતિ નીચે પ્રમાણે છે.

- ડબલ સ્ટેજને બદલે સીંગલ સ્ટેજ
- ૧૭૦ કિલો વજનની પ્રમાણસર કદની ગાંસડીઓ તૈયાર કરવા યોગ્ય પરિણામ ધરાવતું પ્રેસ
- કપાસની ગાંસડીનું યોગ્ય પેકિંગ થઈ શકે અને આ દરમ્યાન સમાન દબાણ આપવા રેમ એસેમ્બલી, પિસ્ટન રોડ
- ગાંસડીનું યોગ્ય રીતે વજન થઈ શકે તેની ખાત્રી માટે પ્રેસ બોકસની ઓછામાં ઓછી ૧૮ ફૂટ ઉંડાઈ (૨૦ ફૂટ ઉંડાઈ વધુ સારી) જો મિકેનિકલ ટ્રમ્પરનો ઉપયોગ થાય તો નવ ફીટની ઉંડાઈ હોય છે.

## ફાયર હાઈડ્રન્ટ સીસ્ટમ

જીનીંગ-પ્રેસીંગ યુનિટની સૌથી અગત્યની બાબત ગણાવી શકાય. કપાસ, કપાસ મશીનરી ઉપરાંત અન્ય સામગ્રીની જાળવણીના હેતુથી દરેક યુનિટમાં ફાયર સીસ્ટમ બેસાડવામાં આવે છે. આ સીસ્ટમથી આગના બનાવોના સમયે આગને નિયંત્રિત કરવામાં ઉપયોગી બને છે. આ સીસ્ટમ દ્વારા આગના સમયે

પાણીનો છંટકાવ ફૂવારા મારફત થતાં સરળતાથી અને ઝડપથી આગ નિયંત્રિત કરી શકાય છે. પરંતુ, આ સીસ્ટમ ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળી છે. મોટા ભાગે વાલ સીસ્ટમની મદદથી આગને નિયંત્રિત કરવાની વ્યવસ્થા જોવા મળી છે.

**જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગની વિશેષતાઓ**

- આ ઉદ્યોગનો કાચો માલ કે તૈયાર માલ છે પરંતુ તેનો આધાર વરસાદ પર રહેલો છે આ વરસાદ અપૂરતો અને અનિયમિત હોય તો કપાસના ઉત્પાદન પર પ્રતિકુળ વરસાદની પરિણામે અસર થાય છે આવા સમયે આ ઉદ્યોગ માટે કાચા માલના પ્રશ્નો સર્જાય છે.
- આ ઉદ્યોગમાં  ઉત્પાદન પદ્ધતિ શ્રમ લક્ષી ઉત્પાદન પદ્ધતિ નો ઉપયોગ થાય છે ઉત્પાદન માટે ચાલક શક્તિ તરીકે વીજળી ની પ્રાપ્તિ અંગે ખાસ પ્રશ્ન નથી પરંતુ ઉત્પાદન પ્રક્રિયામાં વિશિષ્ટીકરણ છે.
- આ ઉદ્યોગના નિયોજકો તેમની કામગીરી સેવાનું મૂલ્ય જાતે નક્કી કરી શકતા નથી અને પ્રવર્તમાન બજાર ભાવને સ્વીકારીને તેઓને ચાલવાનું હોય છે.
- આધુનિક કે કામો માટે રૂપિયા બે કરોડ કે તેથી વધુ મૂડીની જરૂર પડે છે પરિણામે બેન્કો કે આદ્યોગિક અન્ય સંસ્થાઓ તરફથી પુરતાં પ્રમાણમાં સમયસર લોન પ્રાપ્ત નથી થતી. સગા સંબંધીઓ પાસેથી નાણાં મેળવવાની અને ભાગીદારી ધોરણે ઓછી મૂડી થી કામ શરૂ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.
- રૂમાં વધારે પ્રમાણમાં કચરો હોવાને લીધે ગાંસડીનું હેરફેર ખર્ચ અને ડીઝલનો ખર્ચ વધે છે.
- પ્રેસિંગ ઉદ્યોગ જ્યારે તેની રૂપાંતરિત પેદાશ ઉદ્યોગને આપે છે અને પ્રેસિંગ થયેલ રૂની ગાંસડીઓ ઉદ્યોગની કાપડમીલ અને આપવામાં આવે છે ત્યારે કપાસના પીલાણ માટે ઓઇલને આપવામાં આવે છે આથી કહી શકાય કે ઉત્પાદનનો આધાર કાચામાલની પ્રાપ્તિ પર છે તે જ રીતે બજાર પ્રાપ્તિ પર પણ છે.
- આમ આ ઉદ્યોગના નિયંત્રકો સામાન્ય ઉપભોક્તાઓ નથી અને તેઓ પણ તે રીતે ઉદ્યોગ ની કામગીરી સ્વતંત્રપણે અને ઉદ્યોગ પર આધારિત રહે છે.
- કાપડની મીલો બંધ પડી જતાં  સુતરાઉ ઉદ્યોગ મા મંદી પ્રવર્તી હોવાથી તેની સીધી અસર જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગ પર થાય છે.

**સમીક્ષા**

પ્રસ્તુત આ પ્રકરણમાં રાજ્યમાં કપાસનું મહત્વ, જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગનું મહત્વ, જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગના સાધનોની માહિતી, મહેસાણા જિલ્લામાં જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગની પ્રક્રિયા, જીનીંગ અને પ્રેસિંગ ઉદ્યોગમાં કામ કરતા મજૂરોની સમસ્યાનો પરિચય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરેલ છે.

# પ્રકરણ- ૫. મજુરોના કાયદાઓની જોગવાઈ

## પ્રસ્તાવના

કારખાનાંઓ કે અન્ય પ્રકારના ઉત્પાદન-એકમોમાં કામ કરતા શ્રમિકોના ન્યાયોચિત અધિકારોને ધારાકીય પીઠબળ આપવાના હેતુથી પસાર કરવામાં આવેલા કાયદાઓ. આ કાયદાઓનો અભ્યાસ બે મુખ્ય વિભાગમાં કરીશું : (૧) આઝાદી પૂર્વેના કાયદાઓ, (૨) આઝાદી પછીના કાયદાઓ. ન્યાયી સમાજવ્યવસ્થા અને જીવનમૂલ્યોનું જતન કરે તેવી વ્યવસ્થા માટેના કાયદાનું શાસ્ત્ર. કાયદાનું શાસન સુસંસ્કૃત સમાજ માટે અનિવાર્ય ગણાય છે. કાયદાના શાસનમાં કાયદાના નિયમો પ્રમાણે વ્યવસ્થિત રીતે ન્યાયી સમાજવ્યવસ્થા વિકસે અને માનવીય મૂલ્યોનું જતન થાય એવી વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આમ થવા માટે કાયદાના સુનિશ્ચિત સિદ્ધાંતો અને જોગવાઈઓ હોવાં જરૂરી છે. સમાજની વ્યવસ્થા ગોઠવવા માટે તથા ગતિશીલ સમાજમાં નવાં સામાજિક અને આર્થિક પરિબળોના સમાવેશ માટે કાયદામાં ફેરફાર થતો રહે એ જરૂરી છે. આમ કાયદા કરવાની પ્રક્રિયા નિરંતર ચાલુ રહે તે સમાજના હિતમાં જરૂરી છે, જેથી પ્રત્યેક સામાજિક સમસ્યાના ઉકેલ માટે યોગ્ય કાયદો ઘડી તે પ્રમાણે ધાર્યું પરિણામ લાવી શકાય. આમ કાયદા, કાયદા ઘડવાની સંસ્થા તથા કાયદાનો અમલ કરનારી વ્યવસ્થા એ વ્યવસ્થિત સમાજનાં અનિવાર્ય અંગો છે.

પ્રાચીન કાળમાં કાયદાની મહત્તા સ્વીકારાયેલી હોવાનું જણાય છે. પ્રાચીન ગ્રીસમાં પ્લેટોએ કાયદાની મહત્તા સ્વીકારેલી અને કાયદાના ગ્રંથોને પ્રજાના શ્રેષ્ઠ સાહિત્ય તરીકે ગણાવ્યા હતા અને કાયદાએ પ્રજાનું શાણપણ વધારવાનું કાર્ય કરવું જોઈએ એમ જણાવ્યું છે. ઍરિસ્ટોટલે પણ રાજકારણ કરતાં કાયદાને વધારે મહત્વ આપ્યું છે કારણ કે રાજકારણથી તાત્કાલિક પ્રશ્નોનો નિકાલ કરી શકાય, પણ કાયદાથી તો લાંબા ગાળાની અસરો નિપજાવી શકાય. રોમનકાળમાં, સામ્રાજ્યની વહીવટી વ્યવસ્થા માટે તથા તેની પ્રજાઓમાં સમાજજીવન વ્યવસ્થિત રાખવા માટે કાયદાની જરૂરિયાત વધારે સમજાઈ હતી. સિસેરોએ તો જણાવ્યું હતું કે કાયદો એટલે લિખિત તર્ક.

## કાયદો એટલે શું?

કોઈ પણ દેશ કે રાજ્યમાં જે નિયમો કે સિદ્ધાંતો હસ્તક નાગરિકોને ન્યાય અપાતો હોય છે, જેને અનુસરીને રાજ્યો-રાજ્યો વચ્ચેના, રાજ્ય અને નાગરિકો વચ્ચેના તથા પરસ્પર નાગરિકો વચ્ચેના વિવાદોનો નિકાલ કરવામાં આવતો હોય છે તથા જેને આધારે શાંતિ અને વ્યવસ્થા જળવાતી હોય છે તે નિયમો કે સિદ્ધાંતોનો સંપુટ.

લૉર્ડ મોલ્ટનના શબ્દોમાં, ‘Law is the crystallized Commonsense of the Community’. અર્થાત્ કાયદો એ સમાજની કોઠાસૂઝનું સ્ફટિક સ્વરૂપ ગણાય. આવું જ ડૉક્ટર જ્હૉન્સને કહ્યું છે કે કાયદો

ISBN-978-81-973071-9-5
First Edition

માનવકલ્યાણ માટેના માણસજાતના અનુભવોને આધારે કાર્ય કરતા માનવની વિવેકબુદ્ધિનું પરિણામ છે. માનવીની મહાન ઉપલબ્ધિઓમાંની એક ઉપલબ્ધિ તે કાયદો છે.

માનવજીવનમાં કાયદાની અસર એટલી બધી વ્યાપક હોય છે કે માણસના જન્મથી મૃત્યુ સુધી અને તે પછી પણ કાયદો તેને ઘેરીને ઊભો હોય છે. એટલે કોઈ એમ પૂછે કે 'કાયદો ક્યાં છે ?' તો એ પ્રશ્ન સામે ઉત્તર સ્વરૂપે બીજો પ્રશ્ન પૂછવો પડે કે 'કાયદો ક્યાં નથી ?' અર્થાત્, કાયદો સર્વત્ર છે. કાયદો મનુષ્યોને માર્ગદર્શન આપે છે, મનુષ્યોનું જીવન નિયંત્રિત કરે છે, યોગ્ય સમયે ગુનેગારને શિક્ષા પણ કરે છે. આટલું પૂરતું ન હોય તેમ ક્યારેક તો તે મનુષ્યોનો એમના જન્મ અગાઉ સાથીદાર બને છે અને મૃત્યુ પછી પણ સાથે જ રહે છે. આ દ્દષ્ટિએ જોતાં તે મનુષ્યોનો વફાદાર પરંતુ બેરહમ સાથીદાર છે. તે માનવજીવનનું એક અવિચ્છિન્ન અંગ બની ગયો છે. તેથી એક રોમન સૂત્રમાં યોગ્ય જ કહ્યું છે કે 'ubi societus ibi jus – જ્યાં જ્યાં સમાજ, ત્યાં ત્યાં કાયદો.' કાયદા વિનાનું જીવન, કાયદા વિનાનો સમાજ અકલ્પ્ય છે. કાયદો એટલે સમગ્ર જગતના અનુભવનો નિચોડ અને તેનું ડહાપણ. કાયદો હમેશાં ડાહ્યો હોતો નથી પરંતુ સમગ્રપણે અને અંતમાં, જેઓ તેનો અમલ કરે છે તેઓના કરતાં તે વધુ ડહાપણવાળો છે. કાયદાઓ કરતાં વધુ ડાહ્યા થવાનો પ્રયત્ન કરવો એ એવી બાબત છે જે કરવાની સારા કાયદાઓએ મનાઈ કરી છે.

'કાયદો એ જગતની સૌથી વધુ મૂલ્યવાન એવી બે વસ્તુઓ ન્યાય અને સ્વાતંત્ર્ય-નો રક્ષક અને સમર્થક છે.'

## મજુરોના કાયદાઓ અને જોગવાઈઓ

### ૧) વેતનની ચુકવણી અંગેનો કાયદો, ૧૯૩૬

આ કાયદા દ્વારા ઉત્પાદન એકમોમાં કામ કરતા શ્રમિકોના વેતનની ચુકવણી અંગે વિવિધ પ્રાવધાનો કરવામાં આવ્યાં છે. આ કાયદાની મુખ્ય જોગવાઈ મુજબ ઉત્પાદન એકમમાં કામ કરતા દરેક મજૂરને તેને ચૂકવવાપાત્ર સમગ્ર વેતનની ચુકવણી કરવાની જવાબદારી સામાન્ય રીતે દરેક માલિક કે નિયોજકની રહેશે. શ્રમિકોને વેતન ચૂકવવાની જવાબદારી ઉત્પાદન-એકમના જે અધિકારીની છે, તે અધિકારી સમયના સંદર્ભમાં વેતનના દરો નિર્ધારિત કરશે તથા નિયમિત રીતે વેતન ચૂકવવાની તિથિ નક્કી કરશે. કાયદામાં એવું પણ સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે કે દરેક શ્રમિકને ચૂકવાતું વેતન નાણાંના પ્રવર્તમાન સિક્કાઓ અથવા ચલણી નોટોમાં ચૂકવવાનું રહેશે તથા કાયદાએ નિર્ધારિત કરેલ કપાત સિવાય અન્ય કોઈ પણ પ્રકારની કપાત વેતનની રકમમાંથી કરી શકાશે નહિ. રાજ્ય-સરકાર કે તેના સ્થાને અન્ય માન્ય અધિકારીની પૂર્વસંમતિ વગર શ્રમિકના કોઈ કૃત્ય અથવા ત્રુટિ કે ભૂલ માટે તેને દંડ કરી શકાશે નહિ. શ્રમિકની બેદરકારી, ઉપેક્ષા કે અવહેલનાને લીધે ઉત્પાદન-એકમને જો કોઈ નુકસાન થાય તો માત્ર તે નુકસાનની રકમ જેટલી જ રકમ તેની પાસેથી વસૂલ કરી શકાશે  તેનાથી વધુ નહિ.

ISBN-978-81-973071-9-5
First Edition

આ કાયદાની એક અન્ય મહત્વની જોગવાઈ મુજબ દરેક માલિકની એ ફરજ ગણાશે કે તે પોતાના હસ્તકના શ્રમિકોના કામ વગેરે અંગે જરૂરી રજિસ્ટરો અને રેકૉર્ડો ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી રાખે અને તેની સાચવણી કરે.

કોઈ શ્રમિકનું અવસાન થતાં તેને ચૂકવવાપાત્ર વેતનની બાકી રકમ તેણે પોતાના વતી નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિ(nominee)ને ચૂકવવાની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે; પરંતુ જે કિસ્સામાં શ્રમિકે પોતાના વતી અધિકૃત વ્યક્તિની નિમણૂક કરી ન હોય અથવા અન્ય કોઈ વાજબી કારણસર નિયુક્ત વ્યક્તિને રકમ ચૂકવી શકાય તેમ ન હોય ત્યારે શ્રમિકના ખાતે બોલાતી રકમ કાયદા દ્વારા નિર્ધારિત અધિકારીને સોંપવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**૨) ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭** :

ઔદ્યોગિક એકમોના માલિકો અને મજૂરો વચ્ચે ઉદભવતા વિવાદોની તપાસ કરવાનો તથા તે વિવાદોનું નિરાકરણ કરવાનો આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ છે. તેનો અમલ ૧ એપ્રિલ, ૧૯૪૭ના રોજથી થયેલો છે. આ કાયદામાં આપેલ ઔદ્યોગિક વિવાદની વ્યાખ્યા મુજબ જો કોઈ માલિક તેના હસ્તકના કોઈ શ્રમિકને છૂટો કરે, બરતરફ કરે, તેની છટણી કરે અથવા અન્ય કોઈ રીતે તેની નોકરીનો અંત લાવે ત્યારે તેને લીધે માલિક અને શ્રમિક વચ્ચે જો કોઈ વિવાદ ઊભો થાય તો તે વિવાદ ઔદ્યોગિક વિવાદ ગણાશે.

આ કાયદા મુજબ આ પ્રકારના ઔદ્યોગિક વિવાદોના નિરાકરણ માટે જે માળખું ઊભું કરવામાં આવ્યું છે તેમાં (૧) કામદારો અને માલિકોની સંયુક્ત સમિતિની રચના, (૨) સમાધાન અધિકારીઓની નિમણૂક, (૩) સમાધાન પંચની નિમણૂક, (૪) તપાસ-પંચની રચના, (૫) શ્રમ-ન્યાયાલયોની રચના, (૬) ટ્રિબ્યૂનલની રચના, (૭) રાષ્ટ્રીય ટ્રિબ્યૂનલોની રચના વગેરેની જોગવાઈ કરવામાં આવી છે. આ વિશેની વિગતો સંક્ષેપમાં નીચે મુજબની છે :

(૧) માલિકો અને મજૂરો વચ્ચેના સંબંધોમાં સુધારો થાય તે હેતુથી બંનેના પ્રતિનિધિઓની મળેલી સંયુક્ત સમિતિઓ સ્થાપવાની જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી, જે કારખાનાના રોજબરોજના કામકાજ દરમિયાન બંને વચ્ચે ઘર્ષણનાં કારણો દૂર કરવા માટે પ્રયત્નશીલ રહેશે. જે ઔદ્યોગિક એકમોમાં ૧૦૦ અથવા તેનાથી વધુ સંખ્યા ધરાવતા શ્રમિકો કામ કરતા હોય તેવા એકમોમાં આવી સમિતિઓ રચવા માટે જરૂરી નિર્દેશ આપવાની સત્તા સરકારણે આપવામાં આવી છે.

(૨) કેટલાક ઉદ્યોગો માટે તથા કેટલાક વિસ્તારો માટે સમાધાન-અધિકારીઓ નીમવાનું આ કાયદામાં પ્રાવધાન કરવામાં આવ્યું. આવી રીતે નીમવામાં આવેલા અધિકારીઓ વિવાદ સાથે સંકળાયેલા સંબંધિત પક્ષોને એકબીજા સાથે બેસીને વિવાદનું સમાધાન કરવા ઉત્તેજન આપશે અને તેમના પ્રયત્નોની સફળતા/નિષ્ફળતા અંગે સરકારણે અહેવાલ સુપરત કરશે એવી આ કાયદામાં જોગવાઈ કરવામાં આવી.

(૩) ઔદ્યોગિક વિવાદોના નિરાકરણ માટે આવશ્યક જણાય તો સરકારણે સમાધાન સમિતિ નીમવાની સત્તા આપવામાં આવી; જેમાં એક તટસ્થ ચૅરમૅન ઉપરાંત દરેક પક્ષના બે અથવા ચાર પ્રતિનિધિઓ રહેશે

અને આવી સમિતિ સમક્ષ સરકાર દ્વારા જે વિવાદ રજૂ કરવામાં આવશે તેનું નિરાકરણ કરવાની સત્તા તેને આપવામાં આવી છે. આ સમિતિ તેને સોંપવામાં આવેલ વિવાદના નિરાકરણ માટે તેણે કરેલ કાર્યવહી તથા તેની સફળતા/નિષ્ફળતા અંગે સરકારણે પોતાનો અહેવાલ મોકલશે એવી આ કાયદામાં જોગવાઈ કરવામાં આવી.

**૩) વેતન ચુકવણી ધારો, ૧૯૩૬:**

રોયલ કમીશનની ભલામણો આધારે આ કાયદો પસાર કરવામાં આવેલ છે. રોયલ કમિશને પોતાના અહેવાલમાં જણાવ્યું કે ફેક્ટરીમાં અનેકવિધ રીતોનો આશ્રય લઈને ઓછા વેતન આપવામાં આવે છે. કામદારોને વેતન નિયમિત અને પુરેપુરો મળતો રહે, અને હેતુને ધ્યાનમાં રાખીને આ કાયદો ઘડવામાં આવ્યો છે.બિનઅધિકૃત કપાતો (Deduction)નો આશ્રય ન લેવામાં આવે અને કામદારોને વ્યવસ્થિત અને નિયમિત રીતે પગાર મળતો રહે તે આ કાયદાનો હેતુ છે. મુંબઈહાઇકોર્ટેઅરવિંદ મિલ્સ લિ. વિ. કે. આર. ગાડગીલના કેસમાં આવલોકન કર્યું કે આ કાયદાનો સામાન્ય હેતુ કામે રખાયેલ વ્યક્તિઓને તેમનું વેતન નિશ્ચિત રીતે અને કોઈપણ જાતની- બિન-અધિકૃત કપાત સિવાય નિયમિતઅંતરે ચુક્વાવું જોઈએ.આ કાયદો મુજબ કામદારોનો વેતન ચલણી સિક્કાઓમાં અથવા ચલણી નોટોમાં ચુકવવું જોઈએ.આ કાયદો ફેકટરીના કામદારો, રેલ્વેના અને ઔદ્યોગિક સાહસના કામદારોને લાગુ પડે છે. સમગ્ર ભારતમાં આ કાયદો લાગુ પડે છે. આ કાયદો તા. ૨૮ માર્ચ, ૧૯૩૭ના રોજ અમલમાં આવેલ છે. ૧૯૭૫માં, ૧૯૬૪માંઅને ૧૯૮૨માં આ કાયદાને સુધારવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારે પોતાને આ કાયદાની ક. ૧(૫) અને ક. ૨૪ હેઠળ મળેલ સત્તાની રુએ જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં રેલ્વે, ખાણો કવોરી, હવાઈ પરિવહન સેવા અને તેલક્ષેત્રોના સાહસોમાં કામે રખાયેલ કામદારોને આ કાયદો લાગુ પડેલ છે.

આ કયદો દીવાની સ્વરૂપનો નાથ, પરંતુ દંડાત્મક કાયદો (Penal Law) છે. કામદારોનેકાયદેસર વેતન નહિ આપવા બદલ માલિક માટેની શિક્ષાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

**આ કાયદો કોને લાગુ પડે છે?**

૧. આ કાયદો કોઈ કારખાનામાં કામે રખાયેલ વ્યક્તિઓની પગાર ચુકવણીને લાગુ પડે છે. આકાયદો રેલ્વે વહીવટીતંત્રના રેલ્વે કોન્ટ્રાક્ટરે કે સબ- કોન્ટ્રાક્ટરે સીધી કે આડકરતી રીતે રેલ્વે પર કામ કરવા રોકેલ કામદારોને આ કાયદો લાગુ પડે છે. વળી ૧૯૮૨ થી કરાયેલ સુધારા મુજબઆ કાયદો ક. ૨ના ક્લોઝ (ii)ના સબ ક્લોઝ(એ) થી(જી)માંનિદર્ષ્ટિ કરાયેલ કોઈ ઔદ્યોગિક સંસ્થા કે અન્ય સંસ્થામાં કામે રખાયેલ કામદારોને પણ આ કાયદો લાગુ પડે છે.

૨. રાજ્ય સરકાર, આ કાયદાની કોઈ જોગવાઈ અથવા તમામ જોગવાઈ અથવા તમામ જોગવાઈઓ, કેન્દ્ર સરકારે કે રાજ્ય સરકારે ક. ૨(ii) (એચ)માં નીદાર્ષ્ટ કરાયેલ કોઈપણ સંસ્થાના વર્ગ ને કે સંસ્થામાં

ISBN-978-81-973071-9-5
First Edition

કામે રખાયેલ વ્યક્તિઓને લાગુ પાડી શકે છે, પરંતુતે અગાઉ રાજ્ય સરકારે સત્તાવાર અજ્ઞાપત્રિકામાં ત્રણ માસની નોટીસ આપવી જોઈએ.

પરંતુ જોગવાઈ એવી કરવામાં આવે છે કે કેન્દ્ર સરકારની માલિકીની કોઈ સંસ્થાના સંબંધમાં તે સરકારની સંમતિ સિવાય આવું જાહેરનામું બહાર પાડવામાં આવશે નહિ.

આ કાયદો સમગ્ર ભારતમાં લાગુ પડે છે. આ કાયદો ૨૮, માર્ચ, ૧૯૩૭ના રોજથી અમલમાં આવેલ છે. આ કાયદા રૂ. ૧૬૦૦-૦૦ સુધીનો પગાર મેળવતા કામદારોને લાગુ પડે છે. પહેલા આ મર્યાદા રૂ. ૧૦૦૦-૦૦ ની હતી, પરંતુ ૧૯૮૨ના સુધારાથી આ મર્યાદા રૂ. ૧૦૦૦-૦૦ વધારીને રૂ. ૧૬૦૦-૦૦ સુધી કરવામાં આવેલ છે.

**વેતન(Wages)**

વેતન એટલે નાણાકીય મુલ્યમાં વ્યક્ત કરી શકાય તેવું વળતર. તે વેતન કે અન્ય ભથ્થાઓ રૂપે હોઈ શકે. તે એવી રકમ છે કે નોકરીની શરતો પાડવામાં આવે, તો તેના હેઠળ જે રકમ કામદારને તેના કામ માટેઆપવાની થતી હોય અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(અ) પક્ષકરો વચ્ચેના સમાધાનથી લવાદી ફેંસલાથી કે અદાલતના હુકમથી આપવાના થતાં વળતર,

(બ) કોઈ વ્યક્તિએ કરેલ ઓવરટાઈમ કામ બદલ કે આરામના કે રજાના દિવસોમાં કરેલ કામ બદલ તેને આપવાના થતાં વળતર,

(ક) નોકરીની શરતો હેઠળ આપવાના થતાં વધારાનાં વળતરો, (ભલે પછી તેને બોનસ કે બીજું કોઈ નામ આપવામાં આવે),

(ડ) કામ કરવા રોકાયેલી વ્યક્તિની નોકરીનો અંત લાવવાના કારણે, તેને કોઈ કાયદા, કરાર કે દસ્તાવેજ હેઠળ કપાત વગર ચુકવવાની થતી રકમનો સમાવેશ થાય છે, ભલે પછી તેમાં રકમ ચૂકવી આપવાનો સમય નક્કી કરવામાં આવ્યો ન હોય.

પરંતુ પગારમાં નીચેનાનો સામાવેશ થતો નથી:

(અ) નફાની વહેચણીની યોજના હેઠળ કે બીજી રીતે પણ બોનસની રકમનો તેમાં સમાવેશ થતો નથી. તે રકમ નોકરીની સહારો હેઠળ આપવાની થતી રકમનો ભાગ હોવો જોઈએ નહિ અથવા તે રકમ પક્ષકારો વચ્ચેના સમાધાનથી, લવાદી ફેસલાથી કે આદલાતના હુકમ હેઠળ ભરપાઈ કરવાપાત્રથતી હોવી જોઈએ નહિ,

(બ) રાજ્ય સરકારના હુકમથી પગારની ગણતરીનમાંથીબાકાત રાખવામાં આવેલ, પૂરું પાડવામાં આવેલ મકાન, વીજળી, પાણી, ડોકટરી સારવાર કે અન્ય સગવડોનો તેમાં સમાવેશ થતો નથી,

(ક) માલિકે આપેલ પેન્શન કે પ્રોવિડંડ ફંડના ફાળામાં આપેલ રકમ અને તેના પરના વ્યાજનો પગારમાં સમાવેશ થતો નથી.

(ડ) મુસાફરી ભથ્થું કે રાહતની કિંમતનો તેમાં સમાવેશ થતો નથી,

ISBN-978-81-973071-9-5
First Edition

(ઈ) નોકરીના પ્રકારણે ધ્યાનમાં રાખીને કોઈ ખાસ ખર્ચ માટે કામદારને આપવામાં આવેલ રકમનો તેમાં સમાવેશ થતો નથી.

(ફ) નોકરીમાંથી છુટા થતી વખતે મળતી ગ્રેચ્યુઇટીની રકમનો તેમાં સમાવેશ થતો નથી.

ઔદ્યોગિક તકરારના ફેસલાથી નક્કી કરવામાં આવેલ વેતનનો આ વ્યાખ્યમાંસમાવેશ થાય છે, જયારે નોકરીની સાથે સંબંધિત ન હોય, તેવા કોઈ કારણથી કોઈ કામદારની નોકરીનો અંત લાવવામાંઆવેલ હોય અને તેને નોટિસને બદલે રકમ આપવામાં આવે, તો તેનો વેતનમાં સમાવેશ થતો નથી. વધારાના વળતરનો પગારમાં સમાવેશ થાય છે. મેસર્સ ચમન ટેક્ષ્ટાઇલ મિલ્સ વિ તારાચંદના કેસમાં ઠરાવવામાં આવ્યું છે કેજયારે ધી ફેક્ટરીઝ એક્ટની કલમો ૭૯,૮૦ અને ૮૨ હેઠળ હક્ક રજાની રકમ લેણી થતી હોય, તો તે વેતન છે અને તે રકમ આ કાયદાની જોગવાઈઓ હેઠળ વસુલ કરી શકાય છે.

**૪) કારખાનાઓનો કાયદો- ૧૯૪૮:**

ફેક્ટરીના તમામ પાસાઓને આવરી લેતો ધી ફેક્ટરીઝ એક્ટ, ૧૯૪૮ નામનો આ કાયદો આ વિષય પરનો સંપૂર્ણ કાયદો છે. ફેક્ટરીની મંજુરી લાઇસન્સ, નોંધણી, કામદારોની સલામતી, તંદુરસ્તી, કામના કલાકો, બાળ-કામદારો, રજાઓ, દંડ વગેરે અંગે આ કાયદામાં જોગવાઈઓ કરવામાં આવી છે. લગભગ દરેક રાજ્યે આ કાયદા હેઠળના નિયમો બનાવીને કામદારોનું વધુમાં વધુ શ્રેય સાધવાનો પ્રયાસ કર્યો છે. જેપ્રસ્તુત અભાસમાં મજૂરોની સલામતી, તંદુરસ્તી, કામના કલાકો, રજાઓ તેમજ કામનું વેતનની જોગવાઈઓ લાગુ પડતી જોવા મળે છે.

**કામદારોની સલામતી**

૧. મશીનરીને વાડ (ક.૨૧)

૨. મશીનરી ચાલુ હોય ત્યારે તેના કામ પર અથવા તેની નજીક થતા કામ માટે (ક. ૨૨)

૩. ભયજનક મશીનો પર યુવાન વ્યક્તિઓને નોકરીમાં રાખવા અંગે (ક. ૨૩)

૪.સ્ટ્રાઈકિંગ ગીયર અને પાવર બંધ કરવાની યુક્તિઓ (ક.૨૪)

૫. સ્વયંસંચાલિત મશીનો (ક. ૨૫)

૬.નવી મશીનરીનું કવર (ક.૨૬)

૭. કપાસ ફોલનાર મશીન પાસે સ્ત્રીઓ અને બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ (ક.૨૭)

ફેકટરીના જે ભાગમાં ફોલવાનું મશીન કામ કરતુ હોય ત્યાં સ્ત્રી કે બાળકને રૂ પ્રેસ કરવા માટે કામે રાખવામાં આવશે નહિ. આ જોગવાઈ અજ્ઞાત્મક છે અને તેમાં કોઈ અપવાદ નથી. આવા મશીન પાસે કામ કરવાનું સ્ત્રીઓ અને બાળકો માટે ભયજનક છે અને તેથી આ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

૮. ઊંચક મશીનો (ક. ૨૮)

૯. ઊંચક મશીનો, સાંકળો,દોરડાઓ અને ઊંચક ગરગડીઓ (ક.૨૯)

ISBN-978-81-973071-9-5
First Edition

૧૦. ફરતી મશીનરી (ક.૩૦)

૧૧. પ્રેશર પ્લાન્ટ (ક.૩૧)

૧૨. ભોઉંતાડીયાઓ, દાદરાઓ અને અવરજવરના સાધનો (ક.૩૨)

૧૩. ભોઉંતાડીયામાં ખાડાઓ, કુવાઓ અને ખુલ્લી જગ્યાઓ(ક.૩૩)

૧૪. વધારે વજન (ક.૩૪)

૧૫. આંખોનું રક્ષણ (ક.૩૫)

૧૬. ભયજનક ધુમાડા સામે સાવચેતી (ક.૩૬)

૧૭. વિસ્ફોટક અથવા સળગી ઉઠે તેવા પાઉંડર, વાયુ(ક.૩૭)

૧૮. આગના પ્રસંગે સાવચેતી (ક.૩૮)

૧૯. ક્ષતિવાળા ભાગોની વિગતો મંગાવવાની સત્તા અથવા તેની મજબૂતાઈની કસોટીઓ(ક.૩૯)

૨૦. જગ્યાઓ અને મશીનની સલામતી (ક.૪૦)

**૫) અનુબંધિત મજૂર (નિયમન અને નાબૂદી) કાયદો, ૧૯૭૦:**

કેટલાક વ્યવસાયોમાં અનુબંધિત શ્રમિકોની રોજગારીનું નિયમન કરવાનો તથા કેટલાક સંજોગોમાં તેને નાબૂદ કરવાનો આ કાયદાનો મુખ્ય હેતુ છે. ઔદ્યોગિક પ્રતિષ્ઠાનના માલિકની જાણ વગર જ્યારે કોઈ શ્રમિક કોઈ ઠેકેદાર દ્વારા તે ઔદ્યોગિક એકમના અથવા તેને લગતા કામ માટે ભાડે રાખવામાં આવ્યો હોય ત્યારે તે શ્રમિકને અનુબંધિત મજૂર ગણવામાં આવશે અને આવા મજૂરની રોજગારી આ કાયદાની જોગવાઈઓ દ્વારા આવરી લેવામાં આવશે. આ કાયદાના અમલીકરણ અંગે કેન્દ્ર-સરકારણે સલાહ આપવા માટે એક મધ્યસ્થ સલાહકાર બૉર્ડ (Central Advisory Contract Labour Board)ની રચના કરવાની સત્તા કેન્દ્ર-સરકારણે આપવામાં આવી છે. તેવા જ પ્રકારના બૉર્ડની રચના કરવાની સત્તા સંલગ્ન રાજ્યોને આપવામાં આવી છે, જે ‘રાજ્યસ્તરના સલાહકાર બૉર્ડ’(State Advisory Contract Labout Board)ના નામે ઓળખાશે અને તે રાજ્ય-સરકારણે સલાહ આપવાની ફરજ બજાવશે. આ બંને સલાહકાર-મંડળોને આ કાયદા સાથે સંબંધ ધરાવતી બાબતો અંગે જુદી જુદી સમિતિઓની સત્તા આપવામાં આવી છે. જે ઔદ્યોગિક એકમોમાં આવા શ્રમિકો પાસેથી કામ લેવાય છે તે એકમોની ફરજિયાત નોંધણી માલિક દ્વારા કરાવવાનું પ્રાવધાન આ કાયદામાં કરવામાં આવ્યું છે અને તે માટે નોંધણી અધિકારીઓ નીમવાની સત્તા કેન્દ્ર તથા રાજ્ય સરકારોને બક્ષવામાં આવી છે. ખોટી માહિતી આપી અથવા કપટ દ્વારા અથવા મહત્વની ગણાય તેવી માહિતી ઇરાદાપૂર્વક છુપાવીને જો કોઈ એકમની નોંધણી કરવામાં આવી હોય તો તે રદ કરવાની સત્તા નોંધણી અધિકારીને રહેશે. જે એકમોની નોંધણી કરાયેલી ન હોય અથવા જેમની નોંધણી રદ કરવામાં આવી હોય તેવા ઔદ્યોગિક એકમો આવા અનુબંધિત શ્રમિકોને રોકી શકશે નહિ. ઉપરાંત, કોઈ પણ વ્યવસાયમાં ચાલતી પ્રક્રિયા માટે કે અન્ય કામ માટે અનુબંધિત શ્રમિકોને રોકવા પર પ્રતિબંધ મૂકવાની સત્તા કેન્દ્ર/રાજ્ય-સરકારોને આપવામાં આવી છે અને તેમ કરતી વેળાએ કઈ બાબતો ધ્યાનમાં

ISBN-978-81-973071-9-5
First Edition

લેવાની રહેશે તેનો ઉલ્લેખ આ કાયદામાં કરવામાં આવેલ છે. દા.ત., તે પ્રક્રિયા અથવા કામ એકમ માટે જરૂરી છે કે નહિ, તે પ્રક્રિયા કે કામ કામચલાઉ સ્વરૂપનું છે કે કાયમી સ્વરૂપનું, તે પ્રક્રિયા કે કામ નિયમિત રીતે રોકાયેલા શ્રમિકો કરે છે કે કેમ, તે પ્રક્રિયા કે કામ માટે પૂર્ણ સમયના અને પૂરતી સંખ્યાના શ્રમિકો ઇચ્છનીય છે કે નહિ વગેરે. જે ઠેકેદારો આવા શ્રમિકોને રોકે છે તેમના માટે તે અંગે ફરજિયાત પરવાના લેવાની જોગવાઈ કાયદા દ્વારા કરવામાં આવી છે, જેના વગર ઠેકેદારો અનુબંધિત શ્રમિકોને રોકી શકશે નહિ. ઠેકેદારોને અપાતા પરવાનામાં શ્રમિકોના કામની શરતોનો ઉલ્લેખ કરવાનું પ્રાવધાન છે; દા.ત., તેમના કામના કલાકો, તેમનું વેતન, તેમને આપવાપાત્ર સગવડો વગેરે. ખોટી માહિતી આપી અથવા કપટ દ્વારા અથવા મહત્વની માહિતી છુપાવીને જો કોઈ ઠેકેદારે પરવાના મેળવ્યા હોય તો તે રદ કરવાની સત્તા પરવાના-અધિકારીને આપવામાં આવી છે, પરંતુ આવા પગલાની વૈધતાને પડકારવા માટે અપીલ કરવાનો અધિકાર સંબંધિત ઠેકેદારને આપવામાં આવેલ છે.

અનુબંધિત શ્રમિકોના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે આ કાયદામાં વિસ્તૃત પ્રાવધાન કરવામાં આવ્યું છે; દા.ત., કૅન્ટીન, આરામગૃહ, પીવાનું સ્વચ્છ પાણી, સંડાસ-બાથરૂમ, નાહવા-ધોવાની સગવડ, પ્રાથમિક સારવારની સગવડ વગેરે. જો કોઈ ઠેકેદાર આ પ્રકારની સગવડો પૂરી પાડશે નહિ, તો તે કિસ્સામાં એ પૂરી પાડવાની ફરજ ઔદ્યોગિક એકમના માલિકની રહેશે. કોઈ એકમમાં કાયદાના પ્રાવધાન મુજબ સગવડો પૂરી પાડવામાં આવે છે કે નહિ તેની ચકાસણી કરવાની સત્તા તે માટેના નિરીક્ષકોને આપવામાં આવી છે અને તેમના કામકાજમાં અવરોધો ઊભા કરનાર વ્યક્તિ સા

**૬) સમાન વેતનની ચુકવણીને લગતો કાયદો, ૧૯૭૬** :

પુરુષ અને મહિલા કામદારોને સરખા કામ માટે સરખા કે સમાન ધોરણે વેતનની ચુકવણી થાય તે મુખ્ય હેતુથી તથા માત્ર લિંગભેદને કારણે મહિલા-કામદારો સાથે વળતર કે વેતનની ચુકવણીનાં ધોરણોમાં ભેદભાવનો વ્યવહાર થતો હોય તો તે નાબૂદ કરવા માટે આ કાયદો પસાર કરવામાં આવ્યો છે. આ કાયદામાં આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ સરખું કામ અથવા સરખા પ્રકારનું કામ એટલે એવું કામ, જેમાં સરખી આવડત, સરખો પરિશ્રમ અને સરખી જવાબદારી સંકળાયેલાં હોય તથા મહિલા અને પુરુષ કામદારોને એકસરખી પરિસ્થિતિમાં આવું કામ કરવું પડતું હોય. મહિલા અને પુરુષ કામદાર વચ્ચે ભેદભાવ વિના વળતર કે વેતનનું સરખું ધોરણ અમલમાં મૂકી તે મુજબ બંને પ્રકારનાં શ્રમિકોને સરખા વળતર કે વેતનની ચુકવણી કરવાની જવાબદારી આ કાયદા દ્વારા માલિક પર લાદવામાં આવી છે.

આ કાયદાનો અમલ થાય તે પહેલાં જે કોઈ એકમમાં પુરુષ અને મહિલા કામદારો માટે માત્ર લિંગભેદને કારણે સરખા કે સરખા પ્રકારના કામ માટે વળતરના કે વેતનના ભિન્ન ભિન્ન દરો અમલમાં હોય તે એકમોમાં આ કાયદાના અમલની તારીખથી ભિન્ન ભિન્ન દરોમાંથી જે દર ઊંચો હોય તે દરે બધા જ કામદારોને વળતર ચૂકવવાનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. તેવી જ રીતે સરખા કામ માટે કે સરખા પ્રકારના કામ માટે નવી ભરતી કરતી વેળાએ પણ પુરુષ અને મહિલા ઉમેદવારો વચ્ચે કોઈ ભેદભાવ

ISBN-978-81-973071-9-5
First Edition

આચરવામાં આવશે નહિ એવી જોગવાઈ આ કાયદા દ્વારા કરવામાં આવી છે, સિવાય કે કોઈ અન્ય કાયદા દ્વારા કોઈ વ્યવસાયમાં મહિલા કામદારોની ભરતી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હોય અથવા મર્યાદા મૂકવામાં આવી હોય. અલબત્ત, જે જગ્યાઓ અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે આરક્ષિત કરવામાં આવી હોય તેવા કિસ્સાઓને સામાન્ય સમાન વ્યવહાર કે ભેદભાવ વિનાના સામાન્ય વ્યવહાર અંગેની જોગવાઈ લાગુ પાડવામાં આવશે નહિ એવી ચોખવટ આ કાયદામાં કરવામાં આવી છે.મહિલા-કામદારોની ભરતીને પ્રોત્સાહન આપવા માટે સરકારણે તે અંગે જરૂરી સલાહસૂચન કરી શકે એવી સલાહકાર-સમિતિઓ સરકાર દ્વારા નીમવાની જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

**સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણ ૫માં મજુરોના વેતન ને લગતા કાયદાઓ અને જોગવાઈઓનો ઉલેલ્ખ કરવામાં આવેલ છે જેમાં મજુરોને વેતન ચુકાવીના કાયદાઓની ચર્ચા કરવામાં આવી છે.

ISBN-978-81-973071-9-5
First Edition

# પ્રકરણ-૬ માહિતીનું અર્થઘટન અને વિશ્લેષણ

## પ્રસ્તાવના

કોઈ પણ સંશોધન પાયામાં સંશોધનમાં હેતુઓ, માહિતીનું પૃથ્થકરણ અર્થઘટન તેમજ તારણો સમાયેલા હોય છે. સંશોધન એટલે સત્ય શોધ. ઉદ્યોગક્ષેત્રે કામ કરતા મજુરો પોતાનું જીવન ધોરણ ચલાવવામાં સફળ સાબિત થતા જણાય છે તેમની આર્થિક સ્થિતિ માટે આ શોધ ઉપયોગી નીવડે છે. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધન કાર્યમાં હેતુઓને સિદ્ધ કરવા માટે અને કરવામાં આવેલ પરિકલ્પનાઓને સાબિત કરવામાં આવેલ છે. આ સંશોધન પદ્ધતિમાં કુલ ૧૧૦ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ૪૪૦ મજુરો પાસે પ્રશ્નાવલી ભરાવવામાં આવેલ છે. કડી તાલુકામાં કુલ ૭૧ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરી, વિસનગર તાલુકામાં કુલ ૧૦ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરી અને વિજાપુર તાલુકામાં કુલ ૨૯ કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીની પસંદગી કરેલ છે. જેમાં મજૂરોની આર્થિક-સામાજિક સ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે. જેનો સમયગાળો ૨૦૧૮-૨૧નો રાખવામાં આવ્યો છે. આ માહિતીનું વિશ્લેષણ કોષ્ટક અને આલેખમાં વ્યવસ્થિત રીતે રજુ કરવામાં આવેલ છે. મજૂરોની માહિતીને આઠ વિભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે.

## માહિતીનું આર્થિક-સામાજિક સ્થિતિનું અર્થઘટન અને વિશ્લેષણ

આ સંશોધન અભ્યાસમાં પસંદ કરવામાં આવેલા મજૂરોની આર્થિક - સામાજિક માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલ છે. કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોની આર્થિક સામાજિક સ્થિતિમાં સુધારો થયો છે કે નહિ તે ચકાસવા માટે મજૂરોની આર્થિક- સામાજિક માહિતીનો અભ્યાસ કરવામાં આવેલ છે. કારણ કે મજુરોને આર્થિક પરિબળોની સાથે સામાજિક પરિબળો અસર કરતા હોય છે. આથી મજૂરોની વય, જાતિ, ધર્મ, આવક, બચત, ખર્ચ, કામના કલાકો, આરોગ્ય વગેરે પરિબળોની બાબતો તપાસ કરવામાં આવેલ છે. જેનું અર્થઘટન અને વિશ્લેષણ નીચે મુજબ છે.

## વ્યક્તિગત માહિતી

કોટન જીનીંગ પ્રેસિંગ ફેકટરીમાં રોજગારી પ્રાપ્ત કરતા મજૂરોની વ્યક્તિગત માહિતીનું આ વિભાગમાં વિશ્લેસણ કરવામાં આવેલ છે જેમાં મજૂરોની ઉંમર, જ્ઞાતિ, જાતિ, ધર્મ, વૈવાહિક દરજ્જો, ભાષા વગેરે બાબતોને આવરી લેવામાં આવેલ છે. જેના આધારે તેની સામાજિક પરિસ્થિતિ ચકાસવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## મજૂરોની ઉંમર દર્શાવતું વર્ગીકરણ

'વ્યક્તિની ઉંમર સમાજ અને સંસ્કૃતિ પર મહત્વની અસર ઉપજાવતું પરિબળ.' મજૂરોની ઉંમર એ જરૂરિયાતો, કામ કરવાની ક્ષમતા અને સમાજના દરજ્જા મુજબ બદલાતી રહે છે. આમ ઉંમર મુજબ મજૂરોનું વર્ગીકરણ કરવું જરૂરી બની રહે છે જે નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૧ મજૂરોની ઉંમર દર્શાવતું કોષ્ટક**

| ઉંમર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ૧૮ થી ૨૭ | ૨૫૯ | ૫૮.૯ |
| ૨૮ થી ૩૭ | ૧૮૦ | ૪૦.૯ |
| ૩૮ થી ૪૭ | ૧ | ૦.૨ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ ઉત્તરદાતાનો અભ્યાસ કરવામાં આવેલ છે. ઉપરોકત કોષ્ટક ૬.૧માં જોઈ શકાય છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં ૧૮ થી ૨૭ ઉંમરના ૨૫૯ મજૂરોની સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૮.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે ૨૮ થી ૩૭ની ઉંમર ધરાવતા મજૂરોની ૧૮૦ સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૦.૯% જેટલુ જોવા મળે છે. તથા ૩૮ થી ૪૭ની ઉંમર ધરાવતા મજુરો ની સંખ્યા ૦૧ (૦.૨%) જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોની સરેરાશ રીતે નાની ૧૮ થી ૨૭ ઉમરના વધુ જોવા મળે છે.

## મજૂરોની જાતિ દર્શાવતું વર્ગીકરણ

કોઈપણ મજુરીકામમાં સ્ત્રી અને પુરુષ બંનેનો દરજ્જો જોવા મળે છે. આથી કહી શકાય કે રોજગારી સ્ત્રી મજૂરોનું વર્ચસ્વ જોવા મળે છે. જેનું વર્ગીકરણ આ મુજબ છે.

**કોષ્ટક- ૬.૨ મજૂરોની જાતિ દર્શાવતું કોષ્ટક**

| જાતિ પ્રમાણ | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| સ્ત્રી મજુરો | ૭૨ | ૧૬.૪ |
| પુરુષ મજુરો | ૩૬૮ | ૮૩.૬ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition




ઉપરોકત કોષ્ટક ૬.૨માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં સ્ત્રી મજુરોની સંખ્યા ૭૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૬.૪% જેટલુ નીચું જોવા મળે છે. જ્યારે પુરુષ મજૂરોની સંખ્યા ૩૬૮ સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૩.૬% જેટલુ ઊંચું જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે સ્ત્રી મજુરોને કોટન જીનીંગ-પ્રેસિંગ ક્ષેત્રે ઓછું મહત્વ આપવામાં આવે છે. આમ, સરેરાશ રીતે પુરુષ મજૂરોનું પ્રમાણ ૮૩.૬% વધુ અને સ્ત્રી મજૂરોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

(નોંધ : કામદારોના સલામતીના ધોરણ કલમ - ૨૭ મુજબ સ્ત્રી મજૂરોને કપાસ ફોલનાર મશીન પાસે રાખવામાં આવતી નથી. આ કાયદો સ્ત્રી મજૂરો પણ લાગુ પડે છે તથા ફેક્ટરીના જે ભાગમાં મશીન કામ કરવામાં આવતું હોય સ્ત્રીઓને પ્રેસિંગ કામ કરવા માટે રાખવામાં આવશે નહીં. કલમ - ૨૭ મુજબ જોગવાઇ મુકવામાં આવેલ છે. તથા સમાન વેતનની ચુકવણીને લગતા કાયદા ૧૯૭૬ મુજબ પુરુષો મજૂરોની સરખામણીમાં સ્ત્રી મજૂરોને સમાન ધોરણે વેતન ચુકવણી થાય માટે આ કાયદો પસાર કરવામાં આવેલ છે.)

## મજૂરોનો ધર્મ દર્શાવતું વર્ગીકરણ

ભારત દેશમાં અનેક ધર્મો જોવા મળતા હોવાથી તેને લોકશાહી દેશ કહેવાય છે આપણા દેશની વસ્તી અનેક ધર્મોમાં વિભાજીત કરેલ છે લોકો રોજગારી પ્રાપ્ત કરવા માટે એક જગ્યાથી બીજી જગ્યાએ સ્થાંળતર કરતા હોય છે. આથી આ અભ્યાસમાં ધર્મ આનુસાર મજુરોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૩ મજૂરોનો ધર્મ દર્શાવતું કોષ્ટક**

| ધર્મ | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **હિન્દુ** | ૩૭૦ | ૮૪.૧ |
| **મુસ્લિમ** | ૬૫ | ૧૪.૮ |
| **શીખ** | ૨ | ૦૦.૫ |
| **પારસી** | ૩ | ૦૦.૭ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૩માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં હિન્દુ મજુરોની સંખ્યા ૩૭૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૪.૧% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે મુસ્લિમ મજુરોની સંખ્યા ૬૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૪.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે શીખ મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલું જોવા મળે છે. પારસી મજુરોની સંખ્યા ૦૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૭% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે હિન્દુ મજુરોની સંખ્યા ૩૭૦ સૌથી વધુ જોવા મળે છે.

## મજૂરોની કેટેગરી (જ્ઞાતિ) અનુસાર વર્ગીકરણ

દેશમાં ધર્મને લઈને જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં વિભાગ જોવા મળે છે. દેશમાં કેટલાક રોજગારી ક્ષેત્રે કેટેગરીને લઈને કામ આપવામાં આવે છે. આથી વર્તમાન સમયમાં કેટેગરી વિષે લોકોની સમજ બદલાતી જાય છે. મહેસાણા જિલ્લામાં જુદા જુદા રાજ્યોમાંથી મજુરો સ્થળાંતર કરતા હોવાથી મજૂરોની કેટેગરી વિષે માહિતી પ્રાપ્ત કરવી અનિવાર્ય છે.

**કોષ્ટક- ૬.૪ મજૂરોની કેટેગરી અનુસાર કોષ્ટક**

| કેટેગરી | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **SC** | ૧૫૭ | ૩૫.૭ |
| **ST** | ૧૯૯ | ૪૫.૨ |
| **OBC** | ૮૩ | ૧૮.૯ |
| **Open** | ૧ | ૦૦.૨ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition




ઉપરોકત કોષ્ટક ૬.૪ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં અનુસુચિત જાતિ મજુરોની સંખ્યા ૧૫૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૭% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે અનુસુચિત જનજાતિ મજુરોની સંખ્યા ૧૯૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૫.૨% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે અન્ય પછાત વર્ગ મજુરોની સંખ્યા ૮૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૮.૯% જેટલું જોવા મળે છે. સામાન્ય કેટેગરીવાળા મજુરોની સંખ્યા ૦૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે અનુસુચિત જનજાતિના મજૂરોની સંખ્યા ૧૯૯ જેટલી આ રોજગારી ક્ષેત્રે સૌથી વધુ જોવા મળે છે.

## મજૂરોની માતૃભાષા દર્શાવતું વર્ગીકરણ

ભારત દેશમાં અનેક ધર્મો જોવા મળતા હોવાથી તેને લોકશાહી દેશ કહેવાય છે. અનેક ધર્મોમાં વિભાજીત કરેલ હોવાથી લોકોની ભાષા પણ અલગ અલગ જોવા મળે છે. આથી ભાષાકીય મજુરોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૫ મજૂરોની માતૃભાષા**

| ભાષા | મજૂરોની સંખ્યા | મજૂરોની ટકાવારી |
|---|---|---|
| હિન્દી | ૩૩૪ | ૭૫.૯ |
| મરાઠી | ૫૦ | ૧૧.૪ |
| મારવાડી | ૫૫ | ૧૨.૫ |
| અન્ય | ૦૧ | ૦૦.૨ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૫માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં ૪૪૦ મજુરોમાંથી હિન્દી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૩૩૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૫.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે મરાઠી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૫૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૧.૪%

ISBN-978-81-973071-9-5
First Edition

જોવા મળે છે. જ્યારે મારવાડી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૫૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૫% જેટલું જોવા મળે છે. અન્ય માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૦૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. આમ, વિશ્લેષણના આધારે કહી શકાય કે આ જીનીંગ પ્રેસિંગ ફેકટરી ગુજરાતમાં આવી હોવા છતાં ગુજરાતી માતૃભાષા ધરાવનાર એક પણ મજુર નથી અને અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરી આવતા મજૂરોમાં સૌથી વધુ મજુરોની માતૃભાષા હિન્દી જોવા મળે છે.




## મજૂરો વૈવાહિક દરજ્જો દર્શાવતું વર્ગીકરણ

આપણા દેશની સંસ્કૃતિમાં લગ્ન એ પવિત્ર સંબંધ ગણાય છે. કેટલાક મજુરો પરણિત છે કે અપરણિત તે માહિતી અગત્યની છે. આમ મજૂરોનો વૈવાહિક દરજ્જાની માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે.

**કોષ્ટક- ૬.૬ મજૂરોનો વૈવાહિક દરજ્જો**

| વૈવાહિક દરજ્જો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| પરણિત | ૩૭૪ | ૮૫.૦ |
| અપરણિત | ૬૦ | ૧૩.૬ |
| વિધુર | ૨ | ૦૦.૫ |
| છુટાછેડા | ૪ | ૦૦.૯ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition




ઉપરોક્ત કોષ્ટક ૬.૬માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેક્ટરીમાં ૪૪૦ મજુરોમાંથી પરણિત મજુરોની સંખ્યા ૩૭૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૫.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે અપરણિત મજુરોની સંખ્યા ૬૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૬% જોવા મળે છે. જ્યારે વિધુર મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલું જોવા મળે છે. છુટાછેડાવાળા મજુરોની સંખ્યા ૦૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૯% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે જાણી શકાય છે કે મોટાભાગના મજુરો પરણિત છે.

## મજૂરોનું મુળવતન દર્શાવતું વર્ગીકરણ

મજુરો રોજગારી પ્રાપ્ત કરવા માટે એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતા હોય છે.ક્યા રાજ્યમાંથી, કયા જિલ્લામાંથી કેટલા મજુરો રોજગારી પ્રાપ્ત કરવા સ્થળાંતર કરતા હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં મહારાષ્ટ્રમાંથી ૮૮ મજૂરોની સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ઉત્તરપ્રદેશમાંથી મજુરોની સંખ્યા ૨૧૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૯.૮% જોવા મળે છે. જ્યારે રાજસ્થાનના મજુરોની સંખ્યા ૮૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૦.૨% જેટલું જોવા મળે છે. બિહારનાં મજુરોની સંખ્યા ૪૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦.૦% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે જાણી શકાય છે કે ઉત્તરપ્રદેશ અને બિહારમાંથી સ્થળાંતર મજૂરોની સંખ્યા ૨૬૩ સૌથી વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મોટાભાગના મજુરોની રોજગારી પ્રાપ્ત કરવા મુળવતનમાંથી સ્થળાંતર કરે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## મજૂરોની ઉંમર અને સરેરાશ કામના કલાકો દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ મજૂરોનો અભ્યાસ કરવામાં આવેલ છે. મજૂરોની ઉંમર પર તેમના કામ કરવાની શક્તિનો અંદાજ રાખવામાં આવે છે. સામાન્ય રીતે એવું કહી શકાય કે નાની ઉંમરના મજુરો વધુ કલાક અને વધુ ઉંમરના મજુરો ઓછા કલાક કામ કરી શકે છે. આથી અહી મજૂરોની ઉંમર અને કામના સરેરાશ કલાકો વચ્ચે સંબંધ જોવા મળે કે નહિ તેની ચકાસણી કરવાનો પ્રયત્ન કરેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૭ મજૂરોની ઉંમર અને સરેરાશ કામના કલાકો દર્શાવતું કોષ્ટક**

| સરેરાશ કામના કલાકો | | | | | |
|---|---|---|---|---|---|
| **ઉંમર** | ૬ કલાક | ૮ કલાક | ૧૦ કલાક | ૧૨ કલાક | કુલ |
| **૧૮ થી ૨૭**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૪<br>(૦.૯%) | ૧૨૯<br>(૨૯.૩%) | ૫૦<br>(૧૧.૪%) | ૭૬<br>(૧૭.૩%) | ૨૫૯<br>૫૮.૯% |
| **૨૮ થી ૩૭**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૨<br>(૦.૫%) | ૭૩<br>(૧૬.૬%) | ૩૭<br>(૮.૪%) | ૬૮<br>(૧૫.૫%) | ૧૮૦<br>(૪૦.૯%) |
| **૩૮ થી ૪૭**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૦<br>(૦.૦%) | ૦<br>(૦.૦%) | ૦<br>(૦.૦%) | ૧<br>(૦.૨%) | ૧<br>(૦.૨%) |
| **કુલ**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૬<br>(૧.૪%) | ૨૦૨<br>(૪૫.૯%) | ૮૭<br>(૧૯.૮%) | ૧૪૫<br>(૩૩.૦%) | ૪૪૦<br>(૧૦૦%) |
| $x^2$ | ૬.૫૪૧ | | ક્રેમર વી | ૦.૧૨૨ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| **૪૪૦** | કાઈવર્ગ | ૬.૫૪૧ | ૬ | ૦.૦૮૬ |
| **૪૪૦** | ક્રેમર V | ૦.૧૨૨ | | ૦.૦૮૬ |

ઉપરોકત કોષ્ટક ૬.૭ મુજબ પ્રસ્તુત અભ્યાસમાં કુલ મજૂરોમાંથી ૮ કલાક કામ કરતા મજુરોની સંખ્યા ૨૦૨ (૪૫.૯%) સૌથી વધુ જોવા મળેલ છે. જેમાં ૧૮ થી ૨૭ ઉંમરનાં મજૂરોની સંખ્યા સૌથી વધુ જોવા મળેલ છે. ૬ કલાક કામ કરતા મજૂરોની સંખ્યા ૦૬ (૧.૪%) ખુબ નીચી જોવા મળે છે. ૧૦ કલાક કામ કરતા મજૂરોની સંખ્યા ૮૭ (૧૯.૮%) જેટલી ઓછી જોવા મળે છે. ૧૨ કલાક કામ કરતા મજૂરોની સંખ્યા ૧૪૫ (૩૩.૦%) વધુ જોવા મળે છે.જયારે ૨૮ થી ૩૭ અને ૩૮ થી ૪૭ ઉંમર ના મજૂરોની સંખ્યા અનુક્રમે ૭૩ અને ૦ જેટલી ઓછી જોવા મળે છે જે ઓછા કલાકો કામ કરે છે. આથી કહી શકાય કે જેમ

મજૂરોની નાની ઉંમર તેમ વધુ કલાક કામ અને વધુ ઉંમર તેમ ઓછા કલાક કામ કરતા મજૂરોની સંખ્યા જોવા મળે છે.

મજુરોની ઉંમર અને સરેરાશ કામના કલાકો વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

| | | |
|---|---|---|
| નિરાકરણીય પરિકલ્પના $H_0$ | = | મજુરોની ઉંમર અને સરેરાશ કામના કલાકો વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી. |
| વૈકલ્પિક પરિકલ્પના $H_1$ | = | મજુરોની ઉંમર અને કામના કલાકો વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે. |

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૬.૫૪૧ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૦૮૬ છે જે ૦.૦૫ કરતા વધુ છે. આથી ૯૫.૦% ની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પનાનો અસ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની ઉંમર અને કામના સરેરાશ કલાકો વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી. ક્રેમર V નું મુલ્ય ૦.૧૨૨ છે જે દર્શાવે છે કે મજૂરોની ઉંમર અને તેમના કામના સરેરાશ કલાક વચ્ચે નીચો ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય ૦.૦૮૬ જે ૦.૦૫ કરતા વધુ હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળતો નથી.

## કૌટુંબિક માહિતી

મજૂરોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ જાણવા માટે જીનીંગ ઉદ્યોગમાં મજુરોના કૌટુંબિક માહિતી તપાસવી જરૂરી બની રહે છે. જન્મથી જ વ્યક્તિ એ કુંટુંબનો ભાગ હોય છે. કુંટુંબનું ભરણપોષણ કરવા માટે તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે રોજગારી મેળવવા માટે તેઓ સંયુકત કુંટુંબ કે વિભક્ત કુંટુંબમાં રહે છે.

“કુંટુંબ એટલે માતા-પિતા, પુત્ર-પુત્રી અને અન્ય લોહીની સગાઈવાળા સાથે રહેતા હોય તેને કુંટુંબ કહે છે.” મજુરોના અભ્યાસ પરથી જાણી શકાય છે કે કુંટુંબના બે પ્રકારના જોવા મળે છે. સંયુકત કુંટુંબ અને વિભકત કુંટુંબ. સંયુકત કુંટુંબમાં એવા કુંટુંબનાં સભ્યો જેમાં માતા-પિતા, પુત્ર, પુત્રી, દાદા-દાદી, કાકાનો સમાવેશ થાય છે. વિભક્ત કુંટુંબમાં માતા-પિતા પુતા-પુત્રીનો સમાવેશ થાય છે. કુંટુંબના સભ્યોની સંખ્યા કેટલી જોવા માળે છે કેટલી મહિનાની આવક, કેટલો ખર્ચ જોવા મળે છે વગેરેની માહિતી પરથી મજુરોના કુટુંબની માહિતી આ અભ્યાસમાં સામાજિક સ્થિતિને અનેક પરિબળોથી અસર કરે છે.

## મજૂરોના કુંટુંબનાં પ્રકાર દર્શાવતું વર્ગીકરણ

આ અભ્યાસમાં મજુરોના કુંટુંબનાં સભ્યો સંયુકત કે વિભક્ત કુંટુંબમાં વસવાટ કરે છે. કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા ૪૦૬ મજુરો એવા છે જે સંયુકત કુંટુંબમાં વસવાટ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૨.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૪ મજુરો એવા છે જે વિભકત કુંટુંબમાં વસવાટ કરે છે જેનું

ISBN-978-81-973071-9-5
First Edition

ટકાવારી પ્રમાણ ૭.૭ % જેટલુ જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ક્ષેત્રે ઓછા સમય માટે રોજગારી મળતી હોવાથી મોટાભાગના મજુરો સંયુકત કુંટુંબને વધુ મહત્વ આપે છે. આમ, સરેરાશ રીતે સંયુકત કુટુંબનું પ્રમાણ ૯૨.૩% જેટલું વધુ અને વિભકત કુટુંબનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

## મજુરોના કુંટુંબનાં સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ

જીનીંગ પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોના કુંટુંબના પ્રકાર પરથી જાણી શકાય છે કે સંયુકત કુંટુંબમાં વસવાટ કરતા મજૂરોનું પ્રમાણ વધુ જોવા મળે છે. આથી કુંટુંબનાં પ્રકારની સાથે તેમના કુંટુંબમાં વસવાટ કરતા વ્યક્તિઓની સંખ્યા જાણવી જરૂરી બની રહે છે.જે નીચે મુજબ કોષ્ટકમાં રજુ કરેલ છે.

**કોષ્ટક- ૬.૮ કુંટુંબનાં સભ્યોની સંખ્યા દર્શાવતું કોષ્ટક**

| સંખ્યા | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૦ થી ૫** | ૯૬ | ૨૧.૮ |
| **૬ થી ૧૦** | ૨૯૦ | ૬૫.૯ |
| **૧૧ થી વધુ** | ૫૪ | ૧૨.૩ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૮માં સ્પષ્ટ થાય છે કુલ મજૂરોનાં કુટુંબની સભ્ય સંખ્યા ૦ થી ૫ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૯૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૧.૮% જેટલુ જોવા મળે છે. જયારે મજૂરોનાં કુટુંબની સભ્ય સંખ્યા ૬ થી ૧૦ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૨૯૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૫.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે કુટુંબની સભ્ય સંખ્યા ૧૧ થી વધુની હોય તેવા મજૂરોની સંખ્યા ૫૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૩% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે કુટુંબમાં સભ્ય સંખ્યા ૬ થી ૧૦ હોય તેવા મજુરો સૌથી વધુ છે.

## મજુરોના કુંટુંબનાં કમાવનાર સભ્યોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ

કુટુંબની સામાજિક અને આર્થિક સ્થિતિ જાણવા માટે કુંટુંબના કેટલા વ્યક્તિઓ રોજગારી પ્રાપ્ત કરે છે અને કેટલા કુટુંબનું જીવનધોરણ સુધરેલ છે તેની જાણકારી મેળવવા માટે કુંટુંબના કેટલા સભ્યો કમાય છે તેની માહિતી જરૂરી બને છે. આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કુલ મજૂરોનાં કુટુંબની કમાવનાર સભ્ય સંખ્યા ૦ થી ૧ની હોય તેવા મજૂરોની સંખ્યા ૭૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૬.૬% જેટલુ જોવા મળે છે. જયારે કમાવનાર કુટુંબની સભ્ય સંખ્યા ૨ થી ૩ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૩૦૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૯.૮% જેટલુ ઊંચું જોવા મળે છે. તેમજ કામાવનાર કુટુંબની સભ્ય સંખ્યા ૪ થી વધુની હોય તેવા મજૂરોની સંખ્યા ૬૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૭% જેટલુ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોનાં કુટુંબની સભ્ય સંખ્યા જેટલી વધુ એટલાજ કમાવનાર સભ્ય પણ વધુ જોવા મળે છે.

### મજુરોના કુંટુંબની મહિનાની આવક દર્શાવતું વર્ગીકરણ

મજુરોના જીવનધોરણની માહિતી મેળવવા માટે કુંટુંબની માસિક આવકની માહિતી પ્રાપ્ત કરવી આનિવાર્ય બની રહે છે. નીચે આપેલ કોષ્ટકમાં મજુરોના કુંટુંબની માસિક આવકની માહિતી તપાસવામાં આવેલ છે. જે નીચે મુજબ દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૯ મજુરોના કુંટુંબની મહિનાની આવક દર્શાવતું કોષ્ટક**

| સંખ્યા | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૦ થી ૧૦૦૦૦ રૂ.** | ૩૨ | ૭.૩ |
| **૧૦૦૦૧ રૂ. થી  ૨૦૦૦૦ રૂ.** | ૧૫૧ | ૩૪.૩ |
| **૨૦૦૦૧ રૂ. થી  ૩૦૦૦૦ રૂ.** | ૧૮૮ | ૪૨.૭ |
| **૩૦૦૦૧ રૂ. થી વધુ** | ૬૯ | ૧૫.૭ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૯ની માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૨ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૦ થી ૧૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫૧ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૪.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૮૮ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૨.૭% જેટલુ જોવા મળે છે. ૬૯ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૩૦૦૦૧ રૂ. તેથી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૭% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોનાં કુટુંબની મહિનાની આવક ૨૦૦૦૧ રૂ. થી ૩૦૦૦૦ રૂ.  જોવા મળે છે.

### મજુરોના કુંટુંબના મહિનાનો ખર્ચ દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસની માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૪૪૦ મજુરોમાંથી ૫૯ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૦ થી ૧૦૦૦૦ રૂ.નો જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૪૧ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂ.નો જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૪.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧૫ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૫ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૩૦૦૦૧ રૂ. તેથી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫.૭% જેટલુ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ સરેરાશ રીતે ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ની જોવા મળે છે. આથી કહી શકાય કે તેઓ બચત કરી શકે છે.

**કુંટુંબનાં કમાવનારની સભ્યોની આવક અને ખર્ચ દર્શાવતું વર્ગીકરણ**

જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોનાં કુંટુંબના સભ્યોની માસિક આવક મુજબ કેટલું ખર્ચ જોવા મળે છે મજૂરો કુંટુંબના સભ્યોની સાથે રહે છે કે નહિ તેની માહિતી પરથી મજુરોના કુંટુંબના સભ્યોની આવક મુજબ કેટલું ખર્ચ થાય છે આથી કુટુબના સભ્યોની આવક અને ખર્ચ વચ્ચે તફાવત જોવા મળે છે કે નહિ તેની ચકાસણી કરવાનો પ્રયત્ન કરેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૧૦ કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ દર્શાવતું કોષ્ટક**

| કુંટુંબના સભ્યોનો ખર્ચ | | | | | |
|---|---|---|---|---|---|
| કુંટુંબના સભ્યોની આવક | ૧૦૦૦૦ થી ઓછી | ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ | ૩૦૦૦૧ થી વધુ | કુલ |
| ૧૦૦૦૦ થી ઓછી (ટકાવારી પ્રમાણ) | ૩૦ (૬.૮%) | ૨ (૦.૫%) | ૦ (૦.૦%) | ૦ (૦.૦%) | ૩૨ (૭.૩%) |
| ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ (ટકાવારી પ્રમાણ) | ૨૮ (૬.૪%) | ૧૨૦ (૨૭.૩%) | ૩ (૦.૭%) | ૦ (૦. ૦%) | ૧૫૧ (૩૪.૩%) |
| ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ (ટકાવારી પ્રમાણ) | ૧ (૦.૨%) | ૧૧૬ (૨૬.૪%) | ૭૧ (૧૬.૧%) | ૦ (૦.૦%) | ૧૮૮ (૪૨.૭%) |
| ૩૦૦૦૧ થી વધુ (ટકાવારી પ્રમાણ) | ૦ (૦.૦%) | ૩ (૦.૭%) | ૪૧ (૯.૩%) | ૨૫ (૫.૭%) | ૬૯ (૧૫.૭%) |
| કુલ (ટકાવારી પ્રમાણ) | ૫૯ (૧૩.૪%) | ૨૪૧ (૫૪.૮%) | ૧૧૫ (૨૬.૧%) | ૨૫ (૫.૭%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^2$ | ૪૬૯.૨૦૯ | | ક્રેમર વી | ૦ .૫૯૬ | |

| નિર્દશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૪૬૯.૨૦૯(a) | ૯ | 0.000 |
| ૪૪૦ | ક્રેમર વી | ૦ .૫૯૬ | | 0.000 |

પ્રસ્તુત અભ્યાસમાં ૧૦૦૦૦ થી ઓછી માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોનું ટકાવારી પ્રમાણ ૩૨ (૭.૩%) જેટલું સૌથી ઓછું જોવા મળેલ છે. ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોનું ટકાવારી પ્રમાણ ૧૮૮ (૪૨.૭%) જેટલું સૌથી વધુ જોવા મળેલ છે. જયારે ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ અને ૩૦૦૦૧ થી વધુ માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોની અનુક્રમે સંખ્યા ૧૫૧ અને ૬૯ જેટલી ઓછી જોવા મળે છે. આથી કહી શકાય કે જેમ વધુ માસિક આવક તેમ વધુ ખર્ચ અને ઓછી આવક તેમ ઓછું ખર્ચ જોવા મળે છે.

મજુરોના કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

| | | |
|---|---|---|
| નિરાકરણીય પરિકલ્પના $H_0$ | = | મજુરોના કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી. |
| વૈકલ્પિક પરિકલ્પના $H_1$ | = | મજુરોના કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે. |

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૪૬૯.૨૦૯ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૦ છે જે ૦.૦૧ કરતા ઓછું છે. આથી નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજુરોના કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ઉપરોકત પરીક્ષણ પરથી કહી શકાય કે મજુરોના કુંટુંબનાં સભ્યોની આવક અને ખર્ચ એકબીજાથી સ્વતંત્ર નથી. એટલે કે આવકમાં વધારો ઘટાડો થવાથી તેમના ખર્ચમાં પણ વધારો ઘટાડો થાય છે. ક્રેમર V નું મુલ્ય ૦.૫૯૬ છે જે દર્શાવે છે કે મજુરોના કુંટુંબના સભ્યોની આવક અને ખર્ચ ઉંચો ધન સહસંબંધ જોવા મળે છે. તેનું સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૦ જે ૦.૦૧% કક્ષાએ સાર્થકતા ધરાવે છે આથી સંબંધ આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## શૈક્ષણિક માહિતી

વર્તમાન સમયમાં કોઈપણ વ્યક્તિ માટે શિક્ષણ એ મહત્વનું છે શિક્ષણ એ વ્યક્તિની પાયાની જરૂરિયાત છે શિક્ષણ વિના વ્યક્તિનો વિકાસ શક્ય નથી. આથી વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ મહત્વનું પરિબળ ગણી શકાય છે. આમ દેશના અર્થતંત્રના વિકાસ માટે પણ શિક્ષણ એ મહત્વનો પાયો ગણી શકાય. 'શિક્ષણ એટલે શારીરિક અને માનસિક ગુણોની કેળવણી.' આથી જીનિંગ અને પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજૂરોની શૈક્ષણિક લાયકાતનો ખ્યાલ મેળવવો આવશ્યક બની રહે છે જે નીચે મુજબ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## મજૂરોનું શૈક્ષણિક સ્તર વર્ગીકરણ

**કોષ્ટક- ૬.૧૧ મજૂરોનું શૈક્ષણિક સ્તર**

| શૈક્ષણિક સ્તર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| પ્રાથમિક | ૧૭૫ | ૩૯.૮ |
| માધ્યમિક | ૩૩ | ૭.૫ |
| ઉચ્ચતર માધ્યમિક | ૮ | ૧.૮ |
| અશિક્ષિત | ૨૨૪ | ૫૦.૯ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




ઉપરોકત કોષ્ટક ૬.૧૧માં સ્પષ્ટ થાય છે કુલ ૪૪૦ મજૂરોમાંથી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા ૧૭૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૯.૮% જેટલુ જોવા મળે છે. જયારે માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા ૩૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા માત્ર ૮ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૮% જેટલુ જોવા મળે છે. તેમજ અશિક્ષિત મજૂરોની સંખ્યા ૨૨૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૦.૯% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે કોટન જીનિંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મોટાભાગના મજુરો અશિક્ષિત અને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ જોવા મળે છે. આથી કહી શકાય છે કે મજુરોમાં ઓછું શિક્ષણ અને અશિક્ષિત હોવાથી મજુરીકામમાં જોડાયેલ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત દર્શાવતું વર્ગીકરણ

આ સંશોધન અભ્યાસમાં મજૂરોની જાતિ પ્રમાણે શિક્ષણ મેળવેલ છે કે નહિ તેની માહિતીનો અભ્યાસ જરૂરી બને છે આથી મજૂરોની જાતિ અને તેમના શિક્ષણની લાયકાત વચ્ચે કોઈ તફાવત જોવા મળે છે કે નહિ તેની ચકાસણી માટેની સમજુતી નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૧૨ મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત દર્શાવતું કોષ્ટક**

| શૈક્ષણિક લાયકાત | | | |
|---|---|---|---|
| **મજૂરોની જાતિ** | શિક્ષિત | અશિક્ષિત | કુલ |
| **સ્ત્રીઓ**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૩૫<br>(૮.૦%) | ૩૭<br>(૮.૪%) | ૭૨<br>(૧૬.૪%) |
| **પુરુષો**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૧૮૧<br>(૪૧.૧%) | ૧૮૭<br>(૪૨.૫%) | ૩૬૮<br>(૮૩.૬%) |
| **કુલ**<br>**(ટકાવારી પ્રમાણ)** | ૨૧૬<br>(૪૯.૧%) | ૨૨૪<br>(૫૦.૯%) | ૪૪૦<br>(૧૦૦%) |
| $x^2$ | ૦.૦૦૮ | ફિશર | -૦.૦૦૪ |

| **નિર્દેશનની સંખ્યા** | **કસોટીનું નામ** | **મુલ્ય** | **સ્વાતંત્ર્યની માત્રા** | **સાર્થકતાની કક્ષા** |
|---|---|---|---|---|
| **૪૪૦** | કાઈવર્ગ | ૦.૦૦૮ | ૧ | ૦.૯૨૯ |
| **૪૪૦** | ફિશર | -૦.૦૦૪ | | ૦.૯૨૯ |

ઉપરોકત કોષ્ટક ૬.૧૨ પરથી કહી શકાય કે શિક્ષણ મેળવેલ મજૂરોમાંથી સ્ત્રી મજૂરોનું ટકાવારી પ્રમાણ પુરુષ મજૂરોનું સરખું જોવા મળે છે. જેમાં કુલ ૭૨ સ્ત્રી મજૂરોમાંથી ૩૫ (૮.૦%) મેળવેલ છે અને ૩૭ (૮.૪) શિક્ષણ મેળવેલ નથી. જ્યારે ૩૬૮ પુરુષ મજુરોમાંથી ૧૮૧ (૪૧.૧%) મેળવેલ છે અને ૧૮૭ (૪૨.૫%) મેળવેલ નથી. આમ, મજૂરોની જાતિ અને તેમના શિક્ષણ વછે કોઈ જ તફાવત જોવા મળતો નથી. આથી કહી શકાય કે મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે કોઈ સંબંધ જોવા મળતો નથી.

મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૦.૦૦૮ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૯૨૯ છે જે ૦.૦૫ કરતા વધુ છે. આથી નિરાકરણીય પરિકલ્પના અસ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. ફીશરનું મુલ્ય -૦.૦૦૪ છે જે દર્શાવે છે કે મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે ખુબ નીચો ઋણ સહસંબંધ (નિષેધક) જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય ૦.૯૨૯ જે ૦.૦૫ કરતા વધુ હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળતો નથી.

## મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક સ્તર વર્ગીકરણ

ઉપરોકત માહિતી પરથી કહી શકાય કે જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ નીચું જોવા મળે છે આ માહિતી પરથી જ્ઞાતિ મુજબ મજુરો કેટલું શિક્ષણનું પ્રમાણ ધરાવે છે એનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે જે નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૧૩ મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક સ્તરનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| | શૈક્ષણિક સ્તર | | | | |
|---|---|---|---|---|---|
| જ્ઞાતિ | પ્રાથમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | અશિક્ષિત | કુલ |
| SC (ટકાવારી પ્રમાણ) | ૫૯ (૧૩.૪%) | ૧૧ (૨.૫%) | ૬ (૧.૪%) | ૮૧ (૧૮.૪%) | ૧૫૭ (૩૫.૭%) |
| ST (ટકાવારી પ્રમાણ) | ૮૦ (૧૮.૨%) | ૧૫ (૩.૪%) | ૧ (૦.૨%) | ૧૦૩ (૨૩.૪%) | ૧૯૯ (૪૫.૨%) |
| OBC (ટકાવારી પ્રમાણ) | ૩૪ (૭.૭%) | ૭ (૧.૬%) | ૧ (૦.૨%) | ૪૧ (૯.૩%) | ૮૩ (૧૮.૯%) |
| OPEN (ટકાવારી પ્રમાણ) | ૦ (૦.૦%) | ૦ (૦.૦%) | ૦ (૦.૦%) | ૧ (૦.૨%) | ૧ (૦.૨%) |
| કુલ (ટકાવારી પ્રમાણ) | ૧૭૩ (૩૯.૩%) | ૩૩ (૭.૫%) | ૮ (૧.૮%) | ૨૨૬ (૫૧.૪%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^૨$ | ૬.૯૧૫ | | ક્રેમર વી | ૦.૦૭૨ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૬.૯૧૫(a) | ૯ | ૦.૬૪૬ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૦૭૨ | | ૦.૬૪૬ |

ISBN-978-81-973071-9-5
First Edition

આ સંશોધન અભ્યાસમાં કુલ મજૂરોમાંથી ૫૧.૪% મજુરો અશિક્ષિત જોવા મળેલ છે. જેમાં અનુસુચિત જનજાતિના મજૂરોની સંખ્યા ૧૦૩ જેટલી સૌથી વધુ અશિક્ષિત અને અનુસુચિત જાતિ મજૂરોની સંખ્યા ૮૧ જેટલી વધુ જોવા મળેલ છે. જયારે પ્રાથમિક, માધ્યમિક અને તેથી વધુ શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેમાં અન્ય પછાતવર્ગ અને સામાન્ય જ્ઞાતિનાં મજૂરોની સંખ્યા ઉંચી જોવા મળેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ મજુરોનો અભ્યાસ કરવામાં આવેલ છે જેમાં મજુરોની જ્ઞાતિ અને શૈક્ષણિક સ્તર વચ્ચે તફાવત સાર્થક સંબંધ છે કે નહિ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજુરોની જ્ઞાતિ અને શૈક્ષણિક સ્તર વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજુરોની જ્ઞાતિ અને શૈક્ષણિક સ્તર વચ્ચે સાર્થક જોવા મળે છે.

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૬.૯૧૫ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૬૪૬ છે જે ૦.૦૫ કરતા વધુ છે. તેથી ૯૫.૦%ની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પનાનો અસ્વીકાર થતો નથી. આથી કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ અને શિક્ષણનાં સ્તર વચ્ચે જોવા મળે છે. ઉપરોકત પરીક્ષણ પરથી કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ(કેટેગરી) અને શૈક્ષણિક સ્તર એકબીજાથી સ્વતંત્ર છે. એટલેકે શૈક્ષણિક સ્તર એ મજુરની જ્ઞાતિ(કેટેગરી) પર આધારિત નથી. ક્રેમર V નું મુલ્ય ૦.૦૭૨ છે જે દર્શાવે છે કે મજૂરોની જ્ઞાતિ અને શિક્ષણનાં સ્તર વચ્ચે ખુબ નીચો ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેના સાર્થકતાનું મુલ્ય ૦.૬૪૬ છે જે ૦.૦૫ કરતા વધુ હોવાથી સંબંધ આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળતો નથી.

### મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત દર્શાવતું વર્ગીકરણ

આ સંશોધન અભ્યાસમાં મજૂરોની જ્ઞાતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે. મજૂરોની જ્ઞાતિ અનુસાર તેઓ કેટલું શૈક્ષણિક લાયકાત ધરાવે છે તેની માહિતી મેળવવી જરૂરી છે આમ, માજુરોની જ્ઞાતિ અને તેમની શૈક્ષણિક લાયકાતમાં તફાવત જોવા મળે છે કે નહિ તેની સમજુતી નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૧૪ મજૂરોની જ્ઞાતિ (કેટેગરી) અને શૈક્ષણિક લાયકાત દર્શાવતું કોષ્ટક**

| શૈક્ષણિક લાયકાત | | | |
|---|---|---|---|
| મજૂરોની જ્ઞાતિ (કેટેગરી) | શિક્ષિત | અશિક્ષિત | કુલ |
| SC (ટકાવારી પ્રમાણ) | ૭૭ (૧૭.૫%) | ૮૦ (૧૮.૨%) | ૧૫૭ (૩૫.૭%) |
| ST (ટકાવારી પ્રમાણ) | ૯૬ (૨૧.૮%) | ૧૦૩ (૨૩.૪%) | ૧૯૯ (૪૫.૨%) |
| OBC (ટકાવારી પ્રમાણ) | ૪૩ (૯.૮%) | ૪૦ (૯.૧%) | ૮૩ (૧૮.૯%) |
| OPEN (ટકાવારી પ્રમાણ) | ૦૦ (૦.૦%) | ૦૧ (૦.૨%) | ૦૧ (૦.૨%) |
| કુલ (ટકાવારી પ્રમાણ) | ૨૧૬ (૪૯.૧%) | ૨૨૪ (૫૦.૯%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^૨$ | ૧.૨૬૭ | ક્રેમર વી | ૦.૦૫૪ |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૧.૨૬૭ | ૩ | ૦.૭૩૭ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૦૫૪ | | ૦.૭૩૭ |

આ સંશોધન અભ્યાસમાં કુલ મજૂરોમાંથી અનુસુચિત જનજાતિના મજૂરોની સંખ્યા ૧૯૯ માંથી ૯૬ શિક્ષિત અને ૧૦૩ અશિક્ષિત અને અનુસુચિત જાતિ ૧૫૭ માંથી ૭૭ શિક્ષિત અને ૮૦ અશિક્ષિત વધુ જોવા મળેલ છે. જયારે અન્ય પછાતવર્ગ અને સામાન્ય જ્ઞાતિનાં મજૂરોની સંખ્યા નીચી જોવા મળેલ છે. આમ મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે તફાવત જોવા મળતો નથી.

મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_૧$ = મજૂરોની જ્ઞાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૧.૨૬૭ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૭૩૭ છે જે ૦.૦૫ કરતા વધુ છે. આથી નિરાકરણીય પરિકલ્પના અસ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. ઉપરોકત પરીક્ષણ પરથી કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ(કેટેગરી) અને શૈક્ષણિક લાયકાત એકબીજાથી સ્વતંત્ર છે. એટલેકે શૈક્ષણિક લાયકાત એ મજુરની જ્ઞાતિ(કેટેગરી) પર આધારિત નથી. ક્રેમર V નું મુલ્ય ૦.૦૫૪ છે જે દર્શાવે છે કે મજૂરોની જાતિ અને શૈક્ષણિક લાયકાત વચ્ચે ખુબ નીચો ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેના સાર્થકતાનું મુલ્ય ૦.૭૩૭ છે જે ૦.૦૫ કરતા વધુ હોવાથી સંબંધ આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળતો નથી.

## સામાજિક માહિતી

મજૂરોની સામાજિક સ્થિતિનો ખ્યાલ મેળવવા માટે મજૂરોની લગ્ન વયમર્યાદા, બાળકોની સંખ્યા, સામાજિક સ્થિતિ, મિલકત, સમસ્યાઓ વગેરેનો ખ્યાલ જરૂરી બની રહે છે. ત્યારે મજૂરોની સામાજિક સ્થિતિનું સાચું ચિત્ર મેળવી શકાય છે. જેની સમજુતી નીચે મુજબ જોવા મળે છે.

## મજૂરોની લગ્ન વયમર્યાદા દર્શાવતું વર્ગીકરણ

મજુરો કેટલી વયમર્યાદામાં લગ્નના બંધનમાં જોડાય છે એની સમજુતી નીચે મુજબ છે.

**કોષ્ટક- ૬.૧૫ મજૂરોના લગ્ન વયમર્યાદા કોષ્ટક**

| લગ્નની ઉંમર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૧૫ થી ઓછા ઉંમર** | ૯૨ | ૨૦.૯ |
| **૧૬ થી ૨૦ ઉંમર** | ૨૩૭ | ૫૩.૯ |
| **૨૧ થી ૨૫ ઉંમર** | ૪૩ | ૯.૮ |
| **૨૬ થી વધુ ઉંમર** | ૦૨ | ૦.૫ |
| **અપરણિત** | ૬૬ | ૧૫.૦ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૧૫માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૧૫થી ઓછી ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૯૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૦.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૬ થી ૨૦ની વચ્ચેની ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૨૩૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૩.૯% જોવા મળે છે. જ્યારે ૨૧થી ૨૫ની વચ્ચેની ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૪૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૯.૮% જેટલું જોવા મળે છે. ૨૬ થી વધુ ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે અપરણિત મજુરોની સંખ્યા ૬૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૦% જેટલુ જોવા મળે છે. આમ

વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોમાં સામાજિક વિકાસના લીધે પુખ્તવયની વયે લગ્ન કરનાર મજૂરોની સંખ્યા સૌથી વધુ જોવા મળે છે.

## મજૂરોના બાળકોની સંખ્યા દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૧ બાળક ધરાવનાર મજુરોની સંખ્યા ૩૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨ બાળકો ધરાવનાર મજુરોની સંખ્યા ૧૭૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૯.૮% જોવા મળે છે. જ્યારે ૩ બાળકો ધરાવનાર મજુરોની સંખ્યા ૧૨૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૭.૭% જેટલું જોવા મળે છે. જ્યારે ૪ કરતા વધારે બાળકો ધરાવનાર મજુરોની સંખ્યા ૩૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૮.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે એક પણ બાળક નહિ ધરાવનાર મજુરોની સંખ્યા ૭૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૭.૩% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોમાં કુંટુંબનિયોજનની જાગૃતતાનાં કારણોસર મજૂરોની બાળકોની સંખ્યા વધુમાં વધુ  ૨ જોવા મળે છે. આથી કહી શકાય કે મજૂરોમાં સામાજિક વિકાસની સાથે સામાજિક જીવન ધોરણ સુધરેલું જોવા મળે છે. સંયુક્ત કુંટુંબ હોવાથી મજુરો વધુ રોજગારી પ્રાપ્ત થશે એવી ગણતરીના લીધે મજુરો વધુ બાળકો રાખે છે. (કારણકે સંયુકત કુટુંબમાં બાળકને જવાબદારીનાં બદલે આવકનું સાધન તરીકે તેને સ્વીકારવામાં આવે છે.)
(નોંધ : મજુરોના સલામતીના કાયદા ધોરણ મુજબ બાળકોને રૂ મશીનોથી દૂર રાખવા માટે તથા બાળકોને આ કામગીરીમાં રાખી શકાય નહિ આ માટે કલમ ૨૭ દાખલ કરવામાં આવી છે.)

## મજૂરો મિલકત દર્શાવતુ વર્ગીકરણ

મજૂરોની સામાજિક સ્થિતિ જાણવા માટે મજૂરોની પાસે કેવા પ્રકારની મિલકત રહેલી છે. તેની સમજુતી જાણવી જરૂરી બની રહે છે.

**કોષ્ટક- ૬.૧૬  મજૂરોની મિલકત ધરાવતું કોષ્ટક**

| મિલકતના પ્રકાર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| મકાન | ૩૨૭ | ૭૪.૩ |
| ખેતીવાડી | ૪૩ | ૯.૮ |
| જમીન | ૨૦ | ૪.૫ |
| અન્ય | ૫૦ | ૧૧.૪ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition




ઉપરોકત કોષ્ટક ૬.૧૬માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા ૪૪૦ મજુરોમાંથી મકાનની મિલકત ધરાવનાર મજુરોની સંખ્યા ૩૨૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૪.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ખેતીવાડીની મિલકત ધરાવનાર મજુરોની સંખ્યા ૪૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે જમીનની મિલકત ધરાવનાર મજુરોની સંખ્યા ૨૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે અન્ય પ્રકારની મિલકત ધરાવનાર મજુરોની સંખ્યા ૫૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૧.૪% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કેમોટાભાગના મજુરોની પાસે મિલકત ધરાવે છે આથી કહી શકાય છે કે મજૂરોની સ્થિતિ સારી છે.

## મજૂરોની સામાજિક સ્થિતિ દર્શાવતુ વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૧૨ મજુરોની સામાજિક સ્થિતિ સારી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧૬ મજુરોની સામાજિક સ્થિતિ ખરાબ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૪% જોવા મળે છે. જ્યારે ૩૧૨ મજુરોની સામાજિક સ્થિતિ મધ્યમ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૭.૯% જેટલું જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોને આ વ્યવસાય ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થતી હોવાથી મોટાભાગના મજૂરોની સામાજિક સ્થિતિ મધ્યમ જોવા મળે છે આથી કહી શકાય કે મજૂરોનું જીવન ધોરણ સુધરેલું જોવા મળે છે. (સામાજિક સ્થિતિમાં મજુરો પોતાના વતનમાં પાકું મકાન, વીજળીની સુવિધા, જમીન, ખેતીવાડી, સમાજમાં સન્માન જેવી વગેરે બાબતોનો સમાવેશ કરાયો છે.)

## મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત દર્શાવતું વર્ગીકરણ

જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોની સામાજિક સ્થિતિ કેવા પ્રકારની જોવા મળે છે તે મુજબ તેમની પાસે કેવા પ્રકારની મિલકત જોવા મળે છે આમ, મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત તુલનાત્મક અભ્યાસ કરવામાં આવેલ છે જે નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૧૭ મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત દર્શાવતું કોષ્ટક**

| | મિલકત | | | | |
|---|---|---|---|---|---|
| **કુટુંબની સામાજિક સ્થિતિ** | મકાન | ખેતીવાડી | જમીન | અન્ય | કુલ |
| **સારી** (ટકાવારી પ્રમાણ) | ૬ (૧.૪%) | ૧ (0.૨%) | ૪ (0.૯%) | ૧ (0.૨%) | ૧૨ (૨.૭%) |
| **ખરાબ** (ટકાવારી પ્રમાણ) | ૮૨ (૧૮.૬%) | ૬ (૧.૪%) | ૧ (0.૨%) | ૨૭ (૬.૧%) | ૧૧૬ (૨૬.૪%) |
| **મધ્યમ** (ટકાવારી પ્રમાણ) | ૨૩૯ (૫૪.૩%) | ૩૬ (૮.૨%) | ૧૫ (૩.૪%) | ૨૨ (૫.0%) | ૩૧૨ (૭0.૯%) |
| **કુલ** (ટકાવારી પ્રમાણ) | ૩૨૭ (૭૪.૩%) | ૪૩ (૯.૮%) | ૨૦ (૪.૫%) | ૫0 (૧૧.૪%) | ૪૪0 (૧00%) |
| $x^૨$ | ૪૯.૯૮૯ | | ક્રેમર વી | 0.૨૩૮ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪0 | કાઈવર્ગ | ૪૯.૯૮૯ | ૬ | 0.000 |
| ૪૪0 | ક્રેમર વી | 0.૨૩૮ | ધન | 0.000 |

મજૂરોની સામાજિક સ્થિતિ મુજબ તેઓ પોતાની પાસે કેવા પ્રકારની મિલકત ધરાવે મળે છે આ સંશોધન અભ્યાસમાં કુલ મજૂરોમાંથી ૩૧૨ (૭0.૯%) મજુરોની સમાજિક સ્થિતિ સૌથી વધુ મધ્યમ જોવા મળે છે. જેઓ મકાનની મિલકત સૌથી વધુ ધરાવે છે. જયારે સારી અને ખરાબ સામાજિક સ્થિતિ ધરાવતા મજૂરોની અનુક્રમે સંખ્યા ૧૨ અને ૧૧૬ જેટલી ઓછી જોવા મળે છે. જેમની પાસે મકાન અને અન્ય પ્રકારની મિલકત ઓછા પ્રમાણમાં જોવા મળે છે.આથી કહી શકાય કે મધ્યમ સામાજિક સ્થિતિ ધરાવતા મજૂરોની મિલકત સારા પ્રકારની અને ખરાબ સ્થિતિ ધરાવતા મજૂરોની મિલકત સામાન્ય પ્રકારની જોવા મળે છે.

મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત વચ્ચે સાર્થક સંબંધ જોવા છે.

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૪૯.૯૮૯ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય 0.000 છે જે 0.0૧ કરતા ઓછું છે. આથી નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ક્રેમર V નું મુલ્ય 0.૨૩૮ છે જે દર્શાવે છે કે મજૂરોની સામાજિક સ્થિતિ અને મિલકત વચ્ચે આંશિક ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય જે 0.0૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## મજૂરોની જુદા જુદા પ્રકારની મુશ્કેલી દર્શાવતુ વર્ગીકરણ

મજૂરો રોજગારી પ્રાપ્ત કરવા માટે એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતા હોય છે આથી તેઓને અન્ય સ્થળે કેટલાક પ્રકારની મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડે છે. જે દર્શાવતું કોષ્ટક આ મુજબ છે.

**કોષ્ટક ૬.૧૮ મજૂરોની જુદા જુદા પ્રકારની મુશ્કેલી દર્શાવતુ કોષ્ટક**

| મજૂરોની જુદા જુદા પ્રકારની મુશ્કેલી | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| આર્થિક મુશ્કેલી | ૨૨ | ૫.0 |
| સામાજિક મુશ્કેલી | 0૯ | ૨.0 |
| ભાષાકીય મુશ્કેલી | ૪0૭ | ૯૨.૫ |
| અન્ય પ્રકારની મુશ્કેલી | 0૨ | 0.૫ |
| કુલ | ૪૪0 | ૧00.0 |

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪0 મજુરોમાંથી ૨૨ મજુરોને આર્થિક મુશ્કેલી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫.0% જેટલુ જોવા મળે છે. જ્યારે ૯ મજુરોને સામાજિક મુશ્કેલી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨.0% જોવા મળે છે. જ્યારે ૪0૭ મજુરોને ભાષાકીય મુશ્કેલી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૨.૫% જેટલું જોવા મળે છે. જ્યારે ૨ મજુરોને અન્ય પ્રકારની મુશ્કેલી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ 00.૫% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરતા મજુરોને ભાષાકીય મુશ્કેલી સૌથી વધારે જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## આર્થિક માહિતી

દરેક વ્યક્તિનાં જીવનમાં સામાજિક અને આર્થિક સ્થિતિનું વિશેષ મહત્વ રહેલુ છે. વ્યક્તિનો સમાજમાં કેવો દરજ્જો રહેલો છે એનો આધાર વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ કેવા પ્રકારની જોવા મળે છે. વ્યક્તિનું જીવનધોરણ કેવું જોવા મળે છે. એ વ્યક્તિએ રોજગારી મેળવવા આ વ્યવસાયમાં કેટલા સમયથી છે, કેટલા સમયથી સ્થળાંતર, વાહનવ્યવહાર- સંદેશાવ્યવહારની સુવિધા, પાણીની સુવિધા, વીજળીની સુવિધા, ઇલેક્ટ્રિક વસ્તુઓની સુવિધા, આ ઉદ્યોગ સિવાય અન્ય ઉદ્યોગમાં રોજગારી, કેવા પ્રકારની નિમણુક તેમજ વ્યક્તિની આર્થિક સ્થિતિ કેવી જોવા મળે છે તેનો ખ્યાલ જરૂરી બની રહે છે. જેના આધારે કહી શકાય કે વ્યક્તિનું જીવનધોરણ નીચું જોવા મળે છે કે ઊંચું જોવા મળે છે. આમ મજૂરોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે મજૂરોની આર્થિક સ્થિતિનો ખ્યાલ મેળવવો જરૂરી છે. જેની સમજુતી આ મુજબ છે.

## કેટલા સમયથી કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીમાં જોડાયેલ દર્શાવતું વર્ગીકરણ

આ વ્યવસાયમાં વ્યક્તિ કેટલા સમયથી કામ કરે છે  તે અંગેની માહિતી પરથી મજુરના કામની આવડત, કામ કરવાની કુશળતા, તેની ઝડપ અને ચોકસાઈ વગેરે તેની રોજગારીને અસર કરતુ મહત્વનું પરિબળ કહી શકાય છે. આથી તે આ વ્યવસાયમાં કેટલા સમયથી કામ કરે છે.

**કોષ્ટક- ૬.૧૯  કેટલા સમયથી કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીમાં જોડાયેલ દર્શાવતુ કોષ્ટક**

| અનુભવ | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૧૦ થી ઓછા વર્ષ** | ૩૨૨ | ૭૩.૨ |
| **૧૧ થી ૨૦ વર્ષ** | ૧૧૧ | ૨૫.૨ |
| **૨૧ થી ૩૦ વર્ષ** | ૬ | ૧.૪ |
| **૩૧ થી વધુ વર્ષ** | ૧ | ૦.૨ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૧૮માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા  મજુરોમાંથી ૧૦ થી ઓછા વર્ષથી કામ કરનાર મજુરોની સંખ્યા ૩૨૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૩.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧ થી ૨૦ વર્ષથી આ વ્યવસાયમાં કામ કરનાર મજુરોની સંખ્યા ૧૧૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૫.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૦ થી ૩૦ વર્ષથી આ વ્યવસાયમાં કામ કરનાર મજુરોની સંખ્યા ૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૧ થી વધુ વર્ષથી આ વ્યવસાયમાં કામ કરનાર મજુરોની સંખ્યા ૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મોટાભાગના મજુરો નાની ઉંમરનાં જોવા મળે છે જેમાં ૧૦થી ઓછા વર્ષોથી કામ કરનાર મજૂરોની સંખ્યા

ISBN-978-81-973071-9-5
First Edition

વધુ જોવા મળે છે. જેમની આવડત, કુશળતા અને ઝડપ વધુ જોવા મળે છે અને તેઓની ઉંમર નાની હોવાથી તેઓ તાલીમ સરળતાથી લઇ શકે છે.

**આલેખ ૬.૮ કેટલા સમયથી કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીમાં જોડાયેલ દર્શાવતો**




## મજુરોના કામના સરેરાશ કલાકો દર્શાવતુ વર્ગીકરણ

કોટન જીનિંગ પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરો દરરોજ સરેરાશ કેટલા કલાક કામ કરે છે તેની માહિતી પ્રાપ્ત કરવી અનિવાર્ય બને છે કારણ કે મજુરોને તેમના કામના કલાક મુજબ કયુ કામ અને કેટલું વેતન પ્રાપ્ત થાય છે તે નક્કી થાય છે. મજુરોના સરેરાશ કામના કલાકોની માહિતી પરથી જાણી શકાય છે કે મજૂરોનું વધુ કામના કલાકો મુજબ ઓછા વેતનનું શોષણ થાય છે કે નહિ. આમ મજુરોના સરેરાશ કામના કલાકોની માહિતી આ મુજબ જોવા મળે છે.

**કોષ્ટક- ૬.૨૦ કામના સરેરાશ કલાકો કોષ્ટક**

| સરેરાશ કલાકો | મજૂરોની સંખ્યા | મજૂરોની ટકાવારી |
|---|---|---|
| ૧ થી ૪ | ૫ | ૧.૧ |
| ૫ થી ૮ | ૨૧૫ | ૪૮.૯ |
| ૯ થી ૧૨ | ૨૦૦ | ૪૫.૫ |
| ૧૩ થી ૧૬ | ૨૦ | ૪.૫ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૨૦ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૫ એવા મજુરો છે જે ૧ થી ૪ કલાક કામ કરતા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૧૫ એવા મજુરો છે જે ૫ થી ૮ કલાક કામ કરતા જોવા મળે છે જેનું ટકાવારી

ISBN-978-81-973071-9-5
First Edition

પ્રમાણ ૪૮.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૦૦ એવા મજુરો છે જે ૯ થી ૧૨ કલાક સુધી કામ કરતા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૫.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૦ એવા મજુરો છે જે ૧૩ થી ૧૬ કલાક સુધી કામ કરતા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં ૫ થી ૮ કલાક કામ કરનાર મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરોના કામના કલાકોમાં વિવિધતા જોવા મળે છે.

(નોંધ : કારખાના કાયદાઓ ૧૯૪૮ મુજબ મજુરો તેમના કામના સરેરાશ કલાકો મુજબ વેતન પ્રાપ્ત થવા જોઈએ.)

## મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં મજૂરોના કામના કલાકો એક મહત્વનું પરિબળ કહી શકાય છે આથી સામાન્ય રીતે એવું કહી શકાય કે મજૂરોને તેમના કામના કલાકો મુજબ કેટલી માસિક આવક ચૂકવાય છે વાસ્તવમાં મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે સંબંધ જોવા મળે કે નહિ તેની ચકાસણી કરવાનો પ્રયત્ન કરેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક- ૬.૨૧ મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક દર્શાવતું કોષ્ટક**

| માસિક આવક | | | | | |
|---|---|---|---|---|---|
| સરેરાશ કલાકો | ૫૦૦૦ | ૭૦૦૦ | ૯૦૦૦ | ૯૦૦૦ થી વધુ | કુલ |
| ૧ થી ૪ (ટકાવારી પ્રમાણ) | ૦૧ (૦.૨%) | ૦૩ (૦.૭%) | ૦૨ (૦.૫%) | ૦૦ (૦.૦%) | ૦૬ (૧.૪%) |
| ૫ થી ૮ (ટકાવારી પ્રમાણ) | ૨૫ (૫.૭%) | ૬૪ (૧૪.૫%) | ૭૦ (૧૫.૯%) | ૪૩ (૯.૮%) | ૨૦૨ (૪૫.૯%) |
| ૯ થી ૧૨ (ટકાવારી પ્રમાણ) | ૦૪ (૦.૯%) | ૧૭ (૩.૯%) | ૩૭ (૮.૪%) | ૨૯ (૬.૬%) | ૮૭ (૧૯.૮%) |
| ૧૩ થી ૧૬ (ટકાવારી પ્રમાણ) | ૦૪ (૦.૯%) | ૩૧ (૭.૦%) | ૪૯ (૧૧.૧%) | ૬૧ (૧૩.૯%) | ૧૪૫ (૩૩.૦%) |
| કુલ (ટકાવારી પ્રમાણ) | ૩૪ (૭.૭%) | ૧૧૫ (૨૬.૧%) | ૧૫૮ (૩૫.૯%) | ૧૩૩ (૩૦.૨%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^2$ | ૩૩.૮૯૬ | | ક્રેમર વી | ૦.૧૬૦ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૩૩.૮૯૬ | ૯ | 0.000 |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૧૬૦ | | 0.000 |

પ્રસ્તુત અભ્યાસમાં ૮ કલાક કામ કરતા મજૂરોની સંખ્યા ૨૦૨ (૪૫.૯%) જેટલી વધુ જોવા મળે છે જેમની માસિક આવક ૯૦૦૦ રૂ. જેટલી વધુ જોવા મળેલ છે. જ્યારે ૮ કલાકથી વધુ કલાક કામ કરતા મજૂરોની માસિક આવક જુદા જુદા પ્રકારની જોવા મળે છે. ૪ કલાક કામ કરતા મજુરની માસિક આવકનું ટકાવારી પ્રમાણ ૧.૪% જોવા મળે છે જ્યારે ૧૨ કલાક અને ૧૬ કલાક કામ કરતા મજૂરોની માસિક આવકનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૧૯.૮% અને ૩૩.૦% જેટલું ઓછું જોવા મળે છે. આથી કહી શકાય કે જેમ વધુ કામના કલાકો તેમ વધુ ખર્ચ અને ઓછી આવક તેમ ઓછું ખર્ચ જોવા મળે છે.

મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૩૩.૮૯૬ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય 0.000 છે જે 0.0૧ કરતા ઓછું છે. આથી નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી મજુરોના કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે. ઉપરોકત પરીક્ષણ પરથી કહી શકાય કે મજુરોના કામના સરેરાશ કામના કલાક અને માસિક આવક એકબીજાથી સ્વતંત્ર નથી. એટલેકે કામના સરેરાશ કલાક વધે તેમ તેમની માસિક આવક પણ વધુ જોવા મળે છે. ક્રેમર V નું મુલ્ય 0.૧૬0 છે જે દર્શાવે છે કે મજુરોનાં કામના સરેરાશ કલાકો અને માસિક આવક વચ્ચે સામાન્ય ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સંબંધિત સાર્થકતાનું મુલ્ય 0.000 જે 0.0૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

### આ ઉદ્યોગમાં જોડાવા પાછળના કારણો દર્શાવતું વર્ગીકરણ

કોઈ પણ વ્યક્તિ પોતાનું ગુજરાન ચલાવવા માટે તથા કોઈ અન્ય કારણોસર રોજગારી મેળવવા માટે એક વ્યવસાય માંથી બીજા વ્યવસાયમાં જોડાતો હોય છે તેને કયા કયા પરિબળો અસર કરે છે. આમ કોટન જીનિંગ પ્રેસિંગ વ્યવસાય ક્ષેત્રે જોડાવા પાછળ કયા કારણોસર જોડાયેલ છે તેની સમજુતી મેળવવી જરૂરી છે. જે આ મુજબ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૨૨ આ વ્યવસાયમાં જોડાવા માટેના કારણો દર્શાવતું કોષ્ટક**

| કારણો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| નબળી આર્થિક સ્થિતિ | ૧૦૩ | ૨૩.૪ |
| ઓછું ભણતર | ૨૮૮ | ૬૫.૫ |
| વારસાગત વ્યવાસાય | ૪૩ | ૯.૮ |
| અન્ય | ૬ | ૧.૪ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

**આલેખ ૬.૯ આ વ્યવસાયમાં જોડાવા માટેના કારણો દર્શાવતો આલેખ**




ઉપરોકત કોષ્ટક ૬.૨૨ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૦૩ મજૂરો નબળી આર્થિક સ્થિતિનાં કારણે આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૨૩.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૮૮ મજૂરો ઓછું ભણેલા હોવાના કારણે આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૬૫.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૪૩ મજૂરો વારસાગત વ્યવસાયનાં કારણે આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૦૬ મજૂરો અન્ય કારણોસર આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો ઓછું ભણેલા હોવાથી તેઓને મજુરીકામ કરવું પડે છે જેમાં ૨૮૮ જેટલા મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરો અશિક્ષિત હોવાથી મજુરીકામમાં તેમની સંખ્યા વધુ જોવા મળે છે.

### સ્થળાંતરનો સમય દર્શાવતું કોષ્ટક

આ અભ્યાસમાં કામ કરતા મજુરો અન્ય રાજ્યમાંથી રોજગારી પ્રાપ્ત કરવા હેતુસર સ્થળાંતર કરે છે. “એક સ્થળેથી બીજા સ્થળે કેટલાક કારણોસર કાયમી કે થોડા સમય મતે કરવામાં આવતા વસવાટને સ્થળાંતર કહે છે.” વ્યક્તિ સ્થળાંતર આકર્ષણ કે અપાકર્ષણથી કરતો હોય છે. આમ મજુરોએ કેટલા સમયથી

ISBN-978-81-973071-9-5
First Edition

આ વ્યવસાય માટે સ્થળાંતર કરેલ છે જે એમની આર્થિક સ્થિતિને અસર કરતુ મહત્વનું પરિબળ છે તેની સમજુતી મેળવવી જરૂરી છે. જે આ મુજબ જોવા મળે છે.

**કોષ્ટક- ૬.૨૩ સ્થળાંતર કેટલા સમયથી તે દર્શાવતું કોષ્ટક**

| સ્થળાંતર સમય | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૧ વર્ષથી** | ૪૫ | ૧૦.૨ |
| **૫ વર્ષથી** | ૧૭૩ | ૩૯.૩ |
| **૧૦ વર્ષથી** | ૧૨૪ | ૨૮.૨ |
| **૧૦ વર્ષથી વધુ** | ૯૮ | ૨૨.૩ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૨૩માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૪૫ મજૂરોએ એક વર્ષથી આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦.૨% જેટલુ જોવા મળે છે. ૧૭૩ મજૂરોએ પાંચ વર્ષથી આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૩૯.૩% જેટલુ જોવા મળે છે. ૧૨૪ મજૂરોએ ૧૦ વર્ષથી આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૨૮.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૯૮ મજૂરોએ ૧૦ વર્ષથી વધુ આ વ્યવસાયમાં જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં પાંચ વર્ષ તથા તેથી વધુ સમયથી મજુરો સ્થળાંતર કરેલ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરો રોજગારી પ્રાપ્ત કરવા માટે લાંબા સમય માટે સ્થળાંતર કરતા હોય છે.

**મજૂરોની આર્થિક સ્થિતિ દર્શાવતુ વર્ગીકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૧૪ મજુરોની આર્થિક સ્થિતિ પછાત જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩.૨% જેટલુ જોવા મળે છે. ૧૨૯ મજુરોની આર્થિક સ્થિતિ ખરાબ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૯.૩% જોવા મળે છે. ૨૯૫ મજુરોની આર્થિક સ્થિતિ મધ્યમ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૭.૦% જેટલું જોવા મળે છે. જ્યારે ૨ મજુરોની આર્થિક સ્થિતિ સારી જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલું જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોને આ વ્યવસાય ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થતી હોવાથી મોટાભાગના મજૂરોની આર્થિક સ્થિતિ મધ્યમ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૭.૦ ટકા જોવા મળે છે. આથી કહી શકાય કે મજૂરોનું જીવન ધોરણ સુધરેલું જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

### મજુરો પાસે ઇલેક્ટ્રિક સાધનો દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં મજૂરોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવેલ છે આથી મજુરોને તેમના મનોરંજન માટે સાધનો પ્રાપ્ત થાય છે કે નહિ તેની માહિતી પરથી જ મજૂરોની આર્થિક સુવિધા વિષે માહિતી પ્રાપ્ત થઇ શકે છે. જેની સમજુતી આ મુજબ છે.

**કોષ્ટક- ૬.૨૪ મજુરો પાસે ઇલેક્ટ્રિક સાધનો દર્શાવતું કોષ્ટક**

| ઇલેક્ટ્રિક સાધનો | મજૂરોની સંખ્યા | મજૂરોની ટકાવારી |
|---|---|---|
| ટીવી | ૩૨૩ | ૭૩.૪ |
| ફ્રીઝ | ૪૧ | ૯.૩ |
| ટીવી અને ફ્રીઝ બંને | ૧૭ | ૩.૯ |
| અન્ય સાધનો | ૫૯ | ૧૩.૪ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

**આલેખ ૬.૧૦ મજુરો પાસે ઇલેક્ટ્રિક સાધનો દર્શાવતો આલેખ**




ઉપરોકત કોષ્ટક ૬.૨૪માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૩૨૩ મજૂરો પાસે ટીવી જેવું ઇલેક્ટ્રિક સાધન જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૩.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૪૧ મજૂરો પાસે ફ્રીઝ જેવું ઇલેક્ટ્રિક સાધન જોવા છે જેનું ટકાવારી પ્રમાણ ૯.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૭ મજૂરો પાસે ટીવી અને ફ્રીઝ બંને ઇલેક્ટ્રિક સાધન જોવા છે જેનું ટકાવારી પ્રમાણ ૩.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૫૯ પાસે મજૂરો અન્ય પ્રકારના ઇલેક્ટ્રિક સાધનો જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૪% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં સૌથી વધુ મજૂરો પાસે ટીવી ઈલેક્ટ્રોનિક સાધન વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરોને તેમના મનોરંજન સાધનો પ્રાપ્ત થાય છે.

## મજુરો પાસે વાહનવ્યવહાર સાધનો દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં મજૂરોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવેલ છે. સામાન્ય રીતે મજુરોને ભૌગોલિક વિસ્તારમાં વારંવાર સ્થળાંતર કરતા હોવાથી તથા વર્ષમાં માત્ર છ મહિના કે આઠ મહિના જ કામ મળતું હોવાથી અન્ય ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત કરવા હેતુસર વ્યક્તિને વાહનવ્યવહારની સુવિધા માટે પર્યાપ્ત સાધનની જરૂર પડે છે જે તેના કુંટુંબ માટે પણ ઉપયોગી સાબિત થાય છે. આથી વાહનવ્યવહાર માટે સાધનો છે કે નહિ તેની માહિતી પરથી જ મજૂરોની આર્થિક સુવિધા વિષે માહિતી પ્રાપ્ત થઇ શકે છે. જેની સમજુતી આ મુજબ છે.

**કોષ્ટક- ૬.૨૫ મજુરો પાસે વાહનવ્યવહાર સાધનો દર્શાવતું કોષ્ટક**

| વાહનવ્યવહાર સાધનો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| સાયકલ | ૨૧૦ | ૪૭.૭ |
| મોટર સાયકલ | ૨૧૯ | ૪૯.૮ |
| રિક્ષા | ૧૧ | ૨.૫ |
| કાર | ૦૦ | ૦૦ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૨૫ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાં વાહનવ્યવહારના સાધન તરીકે ૨૧૦ મજૂરો પાસે સાયકલ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૭.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૧૯ મજૂરો પાસે મોટર સાયકલ જોવા છે જેનું ટકાવારી પ્રમાણ ૪૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧ મજૂરો પાસે રિક્ષા જોવા છે જેનું ટકાવારી પ્રમાણ ૨.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે એકપણ મજૂર પાસે કાર જોવા મળતી નથી. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોને વાહનવ્યવહાર ક્ષેત્રે પર્યાપ્ત સાધન પ્રાપ્ત થાય છે.

## મજુરો પાસે સંદેશાવ્યવહાર સાધનો દર્શાવતું વર્ગીકરણ

આ સંશોધન અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૪૪૦ મજૂરો પાસે મોબાઈલ ફોન સંદેશાવ્યવહાર માટે જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦૦% જેટલુ જોવા મળે છે. આથી કહી શકાય કે આ વ્યવસાય ક્ષેત્રે કામ કરતા બધા જ મજૂરોને સંદેશાવ્હવહાર માટેના સાધનો તેઓ એમની આવકમાંથી ખરીદી શકે છે.

## મજુરોને વીજળી અને પીવાના પાણીની સુવિધા દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૪૪૦ મજૂરો પાસે વીજળી અને પીવાના પાણીની સુવિધા પૂરતા પ્રમાણમાં જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦૦% જેટલુ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરોને માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થઇ રહે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## મજૂરોની ભરતી દર્શાવતું કોષ્ટક

પ્રસ્તુત અભ્યાસમાં મજૂરો આ વ્યવસાયમાં ભરતી શેના દ્વારા કરવામાં આવી છે જેની માહિતી આ મુજબ દર્શાવામાં આવી છે.

**કોષ્ટક- ૬.૨૬ મજૂરોની ભરતી કેવી રીતે થઇ તે દર્શાવતું કોષ્ટક**

| મજૂરોની ભરતી | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| રોજગાર સમાચાર દ્વારા | ૨ | ૦.૫ |
| વર્તમાન પત્રો દ્વારા | ૧ | ૦.૨ |
| રૂબરૂ મુલાકાત દ્વારા | ૪૦૫ | ૯૨.૦ |
| ભલામણ દ્વારા | ૩૨ | ૭.૩ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

**આલેખ ૬.૧૧ મજૂરોની ભરતી કેવી રીતે થઇ તે દર્શાવતો આલેખ**




ઉપરોકત કોષ્ટક ૬.૨૬માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી રોજગાર સમાચાર દ્વારા ૦૨ મજૂરોની ભરતી કરવામાં આવી છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે વર્તમાન પત્રો દ્વારા ૦૧ મજૂરોની ભરતી કરવામાં આવી છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે રૂબરૂ મુલાકાત દ્વારા ૪૦૫ મજૂરોની ભરતી કરવામાં આવી છે જેનું ટકાવારી પ્રમાણ ૯૨.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ભલામણ દ્વારા ૩૨ મજૂરોની ભરતી કરવામાં આવી છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૩% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે વધુમાં વધુ મજુરો રૂબરૂ મુલાકાત દ્વારા આ વ્યવસાયમાં વધુ જોવા મળે છે. જેનું ટકાવારી પ્રમાણ ૯૨.૦ ટકા જેટલું ઊંચું પ્રાપ્ત થાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

### અન્ય વ્યવસાયમાં કામ દર્શાવતું વર્ગીકરણ

મજુરોએ આ વ્યવસાયમાં જોડાયેલ પહેલા રોજગારી મેળવવા માટે મજુરોએ અન્ય કયા વ્યવસાયમાં કામ કરેલ છે કે નહિ તેની જાણકારી જરૂરી બને છે.

**કોષ્ટક- ૬.૨૭ આ વ્યવસાય સિવાય અન્ય વ્યવસાયમાં કામ તે દર્શાવતું કોષ્ટક**

| અન્ય વ્યવસાયમાં | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| હા | ૩૭૪ | ૮૫.૦ |
| ના | ૬૬ | ૧૫.૦ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




ઉપરોકત કોષ્ટક ૬.૨૭ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૭૪ મજૂરો અન્ય વ્યવસાયમાં રોજગારી પ્રાપ્ત કરેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૮૫.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ૬૬ મજૂરો એવા છે જેને અન્ય કોઈ વ્યવસાયમાં રોજગારી પ્રાપ્ત કરેલ નથી. જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૦% જેટલુ નીચું જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજુરો અન્ય વ્યવસાયમાં કામ કરતા જોવા મળે છે જેમાં ૩૭૪ જેટલા મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે.

### અન્ય કયા વ્યવસાયમાં કામગીરી

મજુરો આ વ્યવસાય સિવાય અન્ય કયા વ્યવસાયમાં કામ કરે છે કે નહિ તેની તપાસ કરતા જાણવા મળ્યું જેમાંથી ૩૭૪ મજૂરો અન્ય વ્યવસાયમાં રોજગારી પ્રાપ્ત કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૫.૦ જેટલું ઊંચું જોવા મળે છે આથી તેઓ અન્ય કયા વ્યવસાયમાં કામ કરે છે જેની જાણકારી આ મુજબ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક ૬.૨૮ અન્ય કયા વ્યવસાયમાં તે દર્શાવતું કોષ્ટક**

| અન્ય કયા વ્યવસાયમાં | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ખેતીક્ષેત્ર | ૧૬૭ | ૩૮.૦ |
| ગૃહ ઉદ્યોગ | ૧૧૫ | ૨૬.૧ |
| પશુપાલન | ૯૨ | ૨૦.૯ |
| લાગુ પડતો નથી | ૬૬ | ૧૫.૦ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




ઉપરોકત કોષ્ટક ૬.૨૮ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૬૭ ખેતીક્ષેત્ર સાથે જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૩૮.૦% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે ૧૧૫ મજૂરો ગૃહઉદ્યોગ સાથે જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૯૨ મજૂરો પશુપાલન સાથે જોડાયેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૨૦.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૬૬ મજૂરો અન્ય કોઈ વ્યવસાયમાં જોડાયેલ નથી જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૦% જેટલુ નીચું જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો ઓછું ભણેલા હોવાથી તેઓને મજુરીકામ કરવું પડે છે જેમાં ૨૮૮ જેટલા મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરો અશિક્ષિત હોવાથી મજુરીકામમાં તેમની સંખ્યા વધુ જોવા મળે છે.

## મજુરોની  કેવા પ્રકારની નિમણુક દર્શાવતું વર્ગીકરણ

દરેક વ્યવસાયમાં મજુરો કે શ્રમિકો તથા કર્મચારીઓની નિમણુક કરવામાં આવેલ હોય છે પરંતુ તેઓની નિમણુક કેવા પ્રકારની જોવા મળે છે એ જાણવું અગત્યનું બની રહે છે કારણ કે મજુરોને તેમની રોજગારી અને વેતનની જાણ રહે છે. આથી મજૂરોની આ વ્યવસાયમાં કાયમી, હંગામી, માસિક કે દૈનિક નિમણુક કરેલ છે જેની માહિતી નીચે મુજબના કોષ્ટકમાં રજુ કરેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક ૬.૨૯ મજુરોની નિમણુક દર્શાવતું કોષ્ટક**

| મજુરોની નિમણુક | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| કાયમી | ૦૦ | ૦૦ |
| હંગામી | ૪૨૯ | ૯૭.૫ |
| દૈનિક | ૦૪ | ૦.૯ |
| માસિક | ૦૭ | ૧.૬ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

**આલેખ ૬.૧૪ મજૂરોની નિમણુક દર્શાવતો આલેખ**




ઉપરોક્ત કોષ્ટક ૬.૨૯ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૪૨૯ મજૂરોની હંગામી ધોરણે નિમુણક કરવામાં આવે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૭.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૪ મજૂરોની દૈનિક ધોરણે નિમુણક કરવામાં આવેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૭ મજૂરોની માસિક ધોરણે નિમુણક કરવામાં આવેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૬% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મોટાભાગના મજૂરોની નિમુણક હંગામી ધોરણે જ કરવામાં આવે  છે જેનું ટકાવારી પ્રમાણ ૯૭.૫ જેટલું ઊંચું જોવા મળે છે. સ્થળાંતર કરતા મજુરોને ધોરણે પુરતું કામ મળતું હોવાથી તેઓની નિમુણક હંગામી ધોરણે કરવામાં આવે છે.

## મજૂરોનું આર્થિક જીવનધોરણનું દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૯૫ મજુરોનું આર્થિક જીવનધોરણ સારૂં જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૧.૬% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૪૫ મજુરોનું આર્થિક જીવનધોરણ મધ્યમ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૮.૪% જોવા મળે છે. આમ વિશ્લેષણના

ISBN-978-81-973071-9-5
First Edition

આધારે કહી શકાય કે મજુરોને આ વ્યવસાય ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થતી હોવાથી મોટાભાગના મજૂરોનું આર્થિક જીવનધોરણ મધ્યમ જોવા મળે છે આથી કહી શકાય કે મજૂરોનું આર્થિક જીવન ધોરણ સુધરેલું જોવા મળે છે.(મજુરોના આર્થિક જીવનધોરણમાં તેમની પાસે જીવન ગુજારવા માટે પર્યાપ્ત રોજગારી, આવક, વપરાશી ખર્ચ, મકાન, વાહનવ્યવહાર માટે સાધનો તેમના જીવનધોરણ ટકાવી રાખવા માટેની બાબતોનો સમાવેશ કરેલ છે.)

### મજૂરોની જ્ઞાતિ (કેટેગરી) અને આર્થિક જીવનધોરણ દર્શાવતું વર્ગીકરણ

મજૂરોની જ્ઞાતિ મુજબ તેમનું આર્થિક જીવનધોરણ કેવા પ્રકારનું જોવા મળે છે એ બાબતનો અભ્યાસ આ સંશોધનમાં કરવામાં આવેલ છે કઈ જ્ઞાતિનાં મજૂરોનું જીવનધોરણ સારું છે કે ખરાબ તેમાં તફાવત જોવા મળે છે કે નહિ તે માહિતી નીચે મુજબના કોષ્ટકમાં દર્શાવામાં આવેલ છે.

**કોષ્ટક ૬.૩૦ મજૂરોની જ્ઞાતિ (કેટેગરી) અને આર્થિક જીવનધોરણ દર્શાવતું કોષ્ટક**

| | આર્થિક જીવનધોરણ | | |
|---|---|---|---|
| મજૂરોની જ્ઞાતિ (કેટેગરી) | સારું | મધ્યમ | કુલ |
| SC (ટકાવારી પ્રમાણ) | ૩૩ (૭.૫%) | ૧૨૪ (૨૮.૨%) | ૧૫૭ (૩૫.૭%) |
| ST (ટકાવારી પ્રમાણ) | ૪૯ (૧૧.૧%) | ૧૫૦ (૩૪.૧%) | ૧૯૯ (૪૫.૨%) |
| OBC (ટકાવારી પ્રમાણ) | ૧૩ (૩.૦%) | ૭૦ (૧૫.૯%) | ૮૩ (૧૮.૯%) |
| OPEN (ટકાવારી પ્રમાણ) | ૦૦ (૦.૦%) | ૦૧ (૦.૨%) | ૦૧ (૦.૨%) |
| કુલ (ટકાવારી પ્રમાણ) | ૯૫ (૨૧.૬%) | ૩૪૫ (૭૮.૪%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^૨$ | ૩૩.૦૩૭ | ક્રેમર વી | ૦.૦૮૪ |

| નિર્દશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૩.૧૦૯ | ૩ | ૦.૩૭૫ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૦૮૪ | ધન | ૦.૩૭૫ |

પ્રસ્તુત અભ્યાસમાં અનુસુચિત જનજાતિના મજૂરોની સંખ્યા ૧૯૯ (૪૫.૨%) જેટલી વધુ જોવા મળે છે જેમનું આર્થિક જીવનધોરણ મધ્યમ જોવા મળેલ છે. જ્યારે અનુસુચિત જાતિનાં મજૂરોની સંખ્યા ૧૫૭ (૩૫.૭), અનુસુચિત જાતિનાં મજૂરોની સંખ્યા ૮૩ (૧૮.૯) અને સામાન્ય જાતિના ૦૧ (૦.૨) જેટલું

ISBN-978-81-973071-9-5
First Edition

ઓછું જોવા મળે છે. આથી કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ મુજબ આર્થિક જીવનધોરણનું પ્રમાણ વધુ જોવા મળે છે આથી મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે કોઈ સંબંધ જોવા મળતો નથી.

મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

| | | |
|---|---|---|
| નિરાકરણીય પરિકલ્પના $H_0$ | = | મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી. |
| વૈકલ્પિક પરિકલ્પના $H_1$ | = | મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે. |

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૩.૧૦૯ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૩૭૫ છે જે ૦.૦૫ કરતા વધુ છે. આથી નિરાકરણીય પરિકલ્પના અસ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે સાર્થક સંબંધ  છે. ઉપરોકત પરીક્ષણ પરથી કહી શકાય  મજૂરોની જ્ઞાતિ(કેટેગરી) અને આર્થિક જીવનધોરણ એકબીજાથી સ્વતંત્ર છે. એટલેકે મજૂરોની જ્ઞાતિ(કેટેગરી) આર્થિક જીવાધોરણને અસર કરતી નથી. કેમર V નું મુલ્ય ૦.૦૮૪ છે જે દર્શાવે છે કે મજૂરોની જ્ઞાતિ અને આર્થિક જીવનધોરણ વચ્ચે ખુબ નીચો ધન સહસંબંધ જોવા મળે છે.પરંતુ તેના સાર્થકતાનું મુલ્ય ૦.૩૭૫ છે જે ૦.૦૫ કરતા વધુ હોવાથી આંકડાકીય દ્રષ્ટીએ સાર્થક જોવા મળતો નથી.

### વેતનમાંથી બાળકોને શિક્ષણ દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોમાંથી ૩૩૨ મજુરો પોતાના બાળકોને વેતનમાંથી શિક્ષણ આપી શકે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૫.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૦૮ મજુરો પોતાના બાળકોને વેતનમાંથી શિક્ષણ આપી શકતા નથી જેનું ટકાવારી પ્રમાણ ૨૪.૫% જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોને આ વ્યવસાય ક્ષેત્રે રોજગારી પ્રાપ્ત થતી હોવાથી મોટાભાગના મજુરો પોતાના વેતનમાંથી બાળકોને શિક્ષણ અપાવવા માટે સક્ષમ સૌથી વધુ જોવા મળે છે.

### મજુરો બચત દર્શાવતું વર્ગીકરણ

“વ્યક્તિ પોતાની આવકમાંથી કેટલોક ભાગ કોઈ વસ્તુ કે સંપતિની પાછળ રોકવામાં આવતી આવકને બચત કહે છે.” મજુરોને જે વેતન કે માસિક આવક ચૂકવાય છે એ આવકમાંથી બચત કરે છે કે નહિ તેની માહિતી નીચે મુજબ દર્શાવામાં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૩૧ બચત દર્શાવતું કોષ્ટક**

| બચત | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| હા | ૪૧૩ | ૯૩.૯ |
| ના | ૨૭ | ૬.૧ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૩૧માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૪૧૩ મજૂરો આ વ્યવસાયનાં વેતનમાંથી બચત કરી શકે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૩.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૭ મજૂરો આ વ્યવસાયનાં વેતનમાંથી બચત કરી શકતા નથી જેનું ટકાવારી પ્રમાણ ૬.૧% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજુરો બચત કરી શકે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૩.૯ જેટલું ઊંચું જોવા મળે છે.

## આરોગ્ય માહિતી

આ વ્યવસાયમાં કામ કરતા મજુરોની આરોગ્ય સંબંધિત માહિતી તપાસવી જરૂરી બની રહે છે. મજુરો કેટલા કલાક કામ કરે છે જેની અસર આરોગ્ય પર થાય છે કે નહિ, કેવા પ્રકારના રોગ જોવા મળે છે કે નહિ. મજૂરોનો ખોરાક કેવા પ્રકારનો જોવા મળે છે તેઓ માંસાહારી છે કે શાકાહારી તે મુજબ એ લોકો કામ કરવા માટે પૂરતા પ્રમાણમાં કેલરી લે છે કે નહિ, મજુરોના રહેઠાણ નજીક આરોગ્ય કેન્દ્ર જોવા મળે છે કે નહિ તેની જાણકારી અગત્યની બની રહે છે.

## ગામમાં આરોગ્ય કેન્દ્ર દર્શાવતું વર્ગીકરણ

મજુરોના ગામમાં આરોગ્ય કેન્દ્ર જોવા મળે છે કે નહિ તેઓ પૂરતા પ્રમાણમાં આરોગ્ય રહિત જીવન જીવી શકે છે જેની જાણકારી નીચેના કોષ્ટક મુજબ જાણી શકાય છે.

**કોષ્ટક- ૬.૩૨ ગામમાં આરોગ્ય કેન્દ્ર દર્શાવતું કોષ્ટક**

| આરોગ્ય કેન્દ્ર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| હા | ૩૮૪ | ૮૭.૩ |
| ના | ૫૬ | ૧૨.૭ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૩૨ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૮૪ જેટલા મજૂરોનાં ગામમાં આરોગ્ય કેન્દ્ર જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૭.૩% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે ૫૬ જેટલા મજૂરોનાં ગામમાં આરોગ્ય કેન્દ્ર જોવા મળતું નથી જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૭% જેટલુ નીચું જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય

કે આ વ્યવસાયમાં કામ કરતા મોટાભાગના મજુરોનાં ગામમાં આરોગ્ય કેન્દ્ર જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૭.૩ જેટલું ઊંચું જોવા મળે છે.

## મજુરોના ખોરાકનો પ્રકાર દર્શાવતું વર્ગીકરણ

મજુરો આ વ્યવસાયમાં કામગીરી બજાવવા માટે પૂરતા પ્રમાણમાં આહાર કે કેલરી લે છે કે નહિ. આ માહિતીનો અભ્યાસ કરવા માટે મજુરો કેવા પ્રકારનો ખોરાક લે છે જેની સમજુતી આ મુજબ છે.

**કોષ્ટક- ૬.૩૩ મજુરોના ખોરાકનો પ્રકાર**

| ખોરાકનો પ્રકાર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| માત્ર શાકાહારી | ૬૦ | ૧૩.૬ |
| શાકાહારી અને માંસાહારી | ૩૮૦ | ૮૬.૪ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૩૩ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી માત્ર ૬૦ જેટલા મજૂરો શાકાહારી ખોરાક લે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૬% જેટલુ ઓછું જોવા મળે છે. જ્યારે ૩૮૦ જેટલા મજૂરો માંસાહારી ખોરાક લે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૬.૪% જેટલુ વધુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મોટાભાગના મજુરો માંસાહારી ખોરાક લે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૬.૪ જેટલું ઊંચું જોવા મળે છે.

## રજા દરમિયાન કપાત પગાર દર્શાવતું વર્ગીકરણ

આ વ્યવસાયમાં કામ કરતા મજુરોને માંદગી દરમ્યાન રજાનો પગાર કપાય છે કે નહિ અને કપાય છે તો કેટલા અને કયા આધારે કપાય છે જેની સમજુતી આ મુજબ છે.

**કોષ્ટક- ૬.૩૪ રજા દરમિયાન પગાર કપાય દર્શાવતું કોષ્ટક**

| રજા દરમિયાન પગાર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| હા | ૪૪૦ | ૧૦૦.૦ |
| ના | ૦૦ | ૦૦ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૩૪ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોનો રજા દરમિયાન પગાર કપાય છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦૦% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજૂરોનો રજા દરમિયાન પગાર કપાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

## રજા દરમિયાન કેટલો કપાત પગાર દર્શાવતું વર્ગીકરણ

**કોષ્ટક- ૬.૩૫ રજા દરમિયાન કેટલો પગાર કપાય દર્શાવતું કોષ્ટક**

| રજા દરમિયાન કપાત પગાર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ૧૦૦ રૂ. | ૧૩૦ | ૨૯.૫ |
| ૧૫૦ રૂ. | ૧૮૧ | ૪૧.૧ |
| ૨૦૦ રૂ. | ૧૦૮ | ૨૪.૫ |
| ૨૫૦ રૂ. | ૨૧ | ૪.૮ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




ઉપરોકત કોષ્ટક ૬.૩૫ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૦૦ રૂ. જેટલો પગાર ૧૩૦ મજૂરોનો કપાય છે જેનું ટકાવારી પ્રમાણ ૨૯.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫૦ રૂ. જેટલો પગાર ૧૮૧ મજૂરોનો કપાય છે જેનું ટકાવારી પ્રમાણ ૪૧.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૦૦ રૂ. જેટલો પગાર ૧૦૮ મજૂરોનો કપાય છે જેનું ટકાવારી પ્રમાણ ૨૪.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૫૦ રૂ. જેટલો પગાર ૨૧ મજૂરોનો કપાય છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૮% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં સૌથી વધુ ૧૫૦ જેટલી દૈનિક રોજગારી પ્રાપ્ત કરતા મજૂરોનો પગાર કપાય છે.

(નોંધ : કારખાના કાયદા ૧૯૪૮ મુજબ જો કોઈ મજૂર નિયમના પાલનમાં કે કોઈ ભૂલને પાત્ર થવાથી તેને અધિનિયમ મુજબ દંડ ચૂકવવો પડે છે.)

ISBN-978-81-973071-9-5
First Edition

## ઉધોગ સંબધિત માહિતી

"ઉદ્યોગ એટલે અનેકવિધ પેઢીઓનો સમૂહ." ઉદ્યોગમાં એક કરતા વધારે પેઢીઓનો સમાવેશ કરવામાં આવે છે. ઉદ્યોગમાં મજુરોને કેટલી માસિક આવક , કેટલું દૈનિક વેતન, કેટલીક માળખાકીય સુવિધાઓ, શેના આધારે વેતન, વેતન દ્વારા ખરીદાતી મિલકત, મજુરોને કેટલા સમય માટે કામ મળી રહે છે વગેરેની જાણકારી ઉદ્યોગ સંબંધિત માહિતી દ્વારા પ્રાપ્ત થાય છે. જેની સમજુતી આ મુજબ જોવા મળે છે.

## કોટનના ઉત્પાદનના સાધનો દર્શાવતું વર્ગીકરણ

કોઈ પણ વ્યવસાયમાં મજુરો પોતાની કાર્યક્ષમતા કે કુશળતા મુજબ અનેક સાધનોનો ઉપયોગ કરે છે કોટન જીનીગ પ્રેસિંગ ક્ષેત્રે અલગ- અલગ સાધનો ઉપયોગ થાય છે જેમાં પ્રેસિંગ, ફીડર, સ્પિનિંગ, પેકિંગ વગેરે સાધનોનો ઉપયોગ થાય છે જેમાંથી કેટલા મજુરો કયા સાધનનો આ વ્યવસાયમાં ઉપયોગ કરે છે જેની સમજુતી અનિવાર્ય છે.

**કોષ્ટક- ૬.૩૬ કોટનના ઉત્પાદનના સાધનો દર્શાવતું કોષ્ટક**

| ઉત્પાદનના સાધનો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| પ્રેસિંગ | ૧૮૦ | ૪૦.૯ |
| પેકિંગ | ૭૮ | ૧૭.૭ |
| સ્પિનિંગ | ૧૧૪ | ૨૫.૯ |
| ફીડર | ૬૮ | ૧૫.૫ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |



ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત કોષ્ટક ૬.૩૬ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૮૦ મજૂરો પ્રેસિંગનાં સાધનો આ વ્યવસાયમાં વાપરે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૦.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૭૮ મજૂરો પેકિંગનાં સાધનો આ વ્યવસાયમાં વાપરે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૭.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧૪ મજૂરો સ્પિનિંગનાં સાધનો આ વ્યવસાયમાં વાપરે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૫.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૬૮ મજૂરો ફીડરનાં સાધનો આ વ્યવસાયમાં વાપરે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો પ્રેસિંગનાં સાધનોનો વધુ ઉપયોગ કરે છે જેનું ૪૦.૯ જેટલું વધુ પ્રમાણ જોવા મળે છે. (નોંધ : મજુરોના સલામતીના કાયદા મુજબ સ્વયંસંચાલિત મશીનો અને નવા મશીનો કલમ ૨૫ અને ૨૬ મુજબ ઉદ્યોગમાં આ સાધનો રાખવા ફરજીયાત છે.) (કન્વીનર બેલ્ટ, પ્રેસિંગ મશીન, ફીડર, સ્પિનિંગ મશીન, ઓઈલ મશીનો વગેરે)

## મજૂરોની જ્ઞાતિ અને કામનો પ્રકાર દર્શાવતું (ઉત્પાદનના સાધનો) વર્ગીકરણ

કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજુરો માંથી કઈ જ્ઞાતિના મજુરો કયા પ્રકારનું કામ કરે છે કયા પ્રકારના સાધનો ઉપયોગ કરે છે આથી મજૂરોની જ્ઞાતિ અને તેમના કામના પ્રકાર વચ્ચે કોઈ તફાવત જોવા મળે છે કે નહિ તેની સમજુતી આ મુજબ દર્શાવામાં આવેલ છે.

**કોષ્ટક ૬.૩૭ મજૂરોની જ્ઞાતિ અને કામનો પ્રકાર દર્શાવતું (ઉત્પાદનના સાધનો) કોષ્ટક**

| | કામનો પ્રકાર (ઉત્પાદનના સાધનો) | | | | |
|---|---|---|---|---|---|
| મજૂરોની જ્ઞાતિ | પ્રેસિંગ | પેકિંગ | સ્પિનિંગ | ફીડર | કુલ |
| SC<br>(ટકાવારી પ્રમાણ) | ૭૩<br>(૧૬.૬%) | ૨૪<br>(૫.૫%) | ૪૦<br>(૯.૧%) | ૨૦<br>(૪.૫%) | ૧૫૭<br>(૩૫.૭%) |
| ST<br>(ટકાવારી પ્રમાણ) | ૭૪<br>(૧૬.૮%) | ૪૨<br>(૯.૫%) | ૧૭<br>(૧૧.૬%) | ૩૨<br>(૭.૩%) | ૧૯૯<br>(૪૫.૨%) |
| OBC<br>(ટકાવારી પ્રમાણ) | ૩૨<br>(૭.૩%) | ૧૧<br>(૨.૫%) | ૨૩<br>(૫.૨%) | ૧૭<br>(૩.૯%) | ૮૩<br>(૧૮.૯%) |
| OPEN<br>(ટકાવારી પ્રમાણ) | ૦૦<br>(૦.૦%) | ૦૦<br>(૦.૦%) | ૦૦<br>(૦.૦%) | ૦૧<br>(૦.૨%) | ૦૧<br>(૦.૨%) |
| કુલ<br>(ટકાવારી પ્રમાણ) | ૧૭૯<br>(૪૦.૭%) | ૭૭<br>(૧૭.૫%) | ૧૧૪<br>(૨૫.૯%) | ૭૦<br>(૧૫.૯%) | ૪૪૦<br>(૧૦૦%) |
| $x^2$ | ૧૨.૨૬૨ | | ક્રેમર વી | ૦.૦૯૬ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૧૨.૨૬૨ | ૯ | ૦.૧૯૯ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૦૯૬ | | ૦.૧૯૯ |

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોક્ત કોષ્ટક ૬.૩૭ ની માહિતી પરથી કહી શકાય છે કે મજુરો સૌથી વધુ પ્રેસિંગનાં કામ સાથે જોડાયેલા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ સૌથી વધુ ૪૦.૭% જોવા મળે છે જેમાં અનુસુચિત જનજાતિનાં મજુરોનું ટકાવારી પ્રમાણ ૧૬.૮% અને અનુસુચિત જાતિના મજુરોનું ટકાવારી પ્રમાણ ૧૬.૬% જેટલું સોથી વધુ જોવા મળે છે જેમાં બક્ષીપંચ અને સામાન્ય જ્ઞાતિનાં મજુરોનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૭.૩% અને ૦.૦% જેટલું નીચું જોવા મળેલ છે. મજૂરોની જ્ઞાતિ અને કામને કોઈજ સંબંધ જોવા મળતો નથી. આમ મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે તફાવત જોવા મળતો નથી.

મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_o$ = મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_૧$ = મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ઉપરોક્ત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૧૨.૨૬૨ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૧૯૯ છે જે ૦.૦૫ કરતા વધુ છે. આથી નિરાકરણીય પરિકલ્પના અસ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. ઉપરોક્ત પરીક્ષણ  પરથી કહી શકાય મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકારએકબીજાથી સ્વતંત્ર છે એટલેકે મજૂરોની જ્ઞાતિથી તેમના કામના પ્રકાર પર કોઈ અસર થતી નથી. ક્રેમર V નું મુલ્ય ૦.૦૯૬ છે જે દર્શાવે છે કે મજૂરોની જ્ઞાતિ અને કામના પ્રકાર વચ્ચે ખુબ નીચો ધન સહસંબંધ જોવા મળે છે પરંતુ તેના સાર્થકતાનું મુલ્ય ૦.૧૯૯ છે જે ૦.૦૫ કરતા વધુ હોવાથી સંબંધ આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળતો નથી.

## કોટનના માર્કેટ દરમિયાન ઉપયોગી વાહન દર્શાવતું વર્ગીકરણ

કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજુરો કોટનને માર્કેટ સુધી કે અન્ય કોઈ સ્થળે સ્થળાંતર કરવા માટે કયા સાધનનો ઉપયોગ કરે છે જેની સમજુતી નીચે મુજબના કોષ્ટકમાં રજુ કરેલ છે.

**કોષ્ટક- ૬.૩૮ કોટનના માર્કેટ દરમિયાન ઉપયોગી વાહન દર્શાવતું કોષ્ટક**

| કોટન માર્કેટના વાહન | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ટ્રક | ૧૭૯ | ૪૦.૭ |
| ટ્રેકટર | ૨૪૬ | ૫૫.૯ |
| કન્વીનર બેલ્ટ | ૧૫ | ૩.૪ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત કોષ્ટક ૬.૩૮ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૭૯ મજુરો કોટનને માર્કેટ સુધી લાવવા- લઇ જવા માટે ટ્રકનો ઉપયોગ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૦.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૪૬ મજુરો કોટનને માર્કેટ સુધી લાવવા- લઇ જવા માટે ટ્રેક્ટરનો ઉપયોગ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૫.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫ જેટલા મજુરો કોટનને માર્કેટ સુધી લાવવા- લઇ જવા માટે કન્વીનર બેલ્ટનો ઉપયોગ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૩.૪% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો કોટનને માર્કેટ સુધી લાવવા લઇ જવા માટે ટ્રેક્ટરનો ઉપયોગ વધુ કરે છે જેનું ૫૫.૯ ટકા જેટલું વધુ પ્રમાણ જોવા મળે છે.

## કોટનની ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા રોગ દર્શાવતું વર્ગીકરણ

મજુરો આ વ્યવસાયમાં વધુ કલાક સુધી કે લાંબા સમયથી કામ કરતા મજુરોમાં આરોગ્યને લક્ષી કોઈ રોગ જોવા મળે છે કે નહિ અને જો જોવા મળે છે તે રોગ કેવા પ્રકારના જોવા મળે છે. એની માહિતી નીચેના કોષ્ટકમાં રજુ કરેલ છે.

**કોષ્ટક- ૬.૩૯ કોટનની ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા રોગ દર્શાવતું કોષ્ટક**

| રોગ | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| આંખના રોગ | ૧૫ | ૩.૪ |
| ફેફસાના રોગ | ૨૬ | ૫.૯ |
| ટી.બી. | ૫૨ | ૧૧.૮ |
| અન્ય | ૧૯ | ૪.૩ |
| કોઈ રોગ નહિ | ૩૨૮ | ૭૪.૫ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

**આલેખ ૬.૧૭ કોટનની ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા રોગ દર્શાવતો આલેખ**



ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત કોષ્ટક ૬.૩૯ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૫ મજૂરોને આ વ્યવસાયનાં કારણે આંખના રોગ થાય છે જેનું ટકાવારી પ્રમાણ ૩.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૬ મજૂરોને આ વ્યવસાયનાં કારણે ફેફસાંના રોગ થાય છે જેનું ટકાવારી પ્રમાણ ૫.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૫૨ મજૂરોને આ વ્યવસાયનાં કારણે ટીબીના રોગ થાય છે જેનું ટકાવારી પ્રમાણ ૧૧.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૯ મજૂરોને આ વ્યવસાયનાં કારણે અન્ય રોગ થાય છે જેનું ટકાવારી પ્રમાણ ૪.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૨૮ મજૂરોમાં આ વ્યવસાયનાં કારણે એકપણ રોગ જોવા મળતો નથી જેનું ટકાવારી પ્રમાણ ૭૪.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મોટાભાગના મજૂરોને રોગ થતો નથી.

(નોંધ : મજુરોના સલામતીના ધોરણ કલમ ૩૫ અને કલમ 36 મુજબ મજૂરોને (રોગો) શારીરિક નુકસાન ન થાય તથા મજૂરોને શારીરિક રક્ષણ પ્રાપ્ત થાય તેવા સાધનો વસાવવા જોઈએ એવી જોગવાઈઓ રચવામાં આવી છે.)

## જીનમાં પાળીઓ દર્શાવતું વર્ગીકરણ

કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજુરો રાત પાળીમાં કે દિવસ પાળીમાં કે પછી બપોર પાળીમાં કામ કરે છે દિવસ અને રાતીના પગાર ધોરણ સરખા જોવા મળે છે કે વધુ કે ઓછા જેના દ્વારા મજૂરોનું શારીરિક શોષણ થાય છે કે નહિ તેની સમજુતી મેળવવા માટે મજુરો જીનમાં કેટલી પાળીઓ જોવા મળે છે જેની માહિતી નીચે મુજબ જોવા મળે છે.

**કોષ્ટક- ૬.૪૦ જીનમાં કેટલી પાળીઓ દર્શાવતું કોષ્ટક**

| જીનમાં પાળીઓ | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **એક** | ૧૮૭ | ૪૨.૫ |
| **બે** | ૨૩૮ | ૫૪.૧ |
| **ત્રણ** | ૧૫ | ૩.૪ |
| **ચાર** | ૦૦ | ૦૦ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૪૦ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી આ વ્યવસાયમાં ૧૮૭ જેટલા મજૂરો જીનની એક પાળીઓમાં(૧ થી ૮ કલાક) કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૨.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૩૮ જેટલા મજૂરો જીનની બે પાળીઓમાં(૧ થી ૧૦ કલાક) કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૪.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫ જેટલા મજૂરો જીનની ત્રણ પાળીઓમાં(૧ થી ૧૨ કલાક) કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૩.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે  એકપણ મજૂરો જીનની ચાર પાળીઓમાં(૧ થી ૧૫ કલાક) કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૦%

ISBN-978-81-973071-9-5
First Edition

જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં બે જીનની પાળીઓ વધુ જોવા મળે છે. જેનું ટકાવારી પ્રમાણ ૫૪.૧ ટકા જેટલું જોવા મળે છે.

**આલેખ ૬.૧૮ જીનમાં કેટલી પાળીઓ દર્શાવતો આલેખ**




## જીનમાં મજુરોનાં સરેરાશ કામના કલાકો દર્શાવતું વર્ગીકરણ

મજુરો જીનીંગ ક્ષેત્રે કામ કેટલા કલાક કરે છે અને આ કલાકો મુજબ તેમને કેટલી વેતન રોજગારી કે આવક મળી રહે છે જેની સમજુતી મેળવવા માટે મજુરોને તહેવાર કે માંદગીના સમયે કેટલા કલાક કામ ઓછું કરવા મળે છે કે નહિ તથા તેમના કામના કલાકોની અસર તેમના આરોગ્ય પર અસર કરે છે કે નહિ વધુ કામના કલાકો મુજબ ઓછું વેતન ચૂકવીને શોષણ થાય છે કે નહિ તેની સમજુતી મેળવવા માટે પ્રયત્ન કરવામાં આવેલ છે.

**કોષ્ટક- ૬.૪૧ જીનમાં મજુરોનાં સરેરાશ કામના કલાકો દર્શાવતું કોષ્ટક**

| સરેરાશ કામના કલાકો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ૬ કલાક | ૬ | ૧.૪ |
| ૮ કલાક | ૨૦૨ | ૪૫.૯ |
| ૧૦ કલાક | ૮૭ | ૧૯.૮ |
| ૧૨ કલાક | ૧૪૫ | 33.0 |
| કુલ | ૪૪૦ | ૧00.0 |

ઉપરોકત કોષ્ટક ૬.૪૧ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી આ વ્યવસાયમાં ૬ જેટલા મજૂરો ૬ કલાક કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૦૨ જેટલા મજૂરો ૮ કલાક કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૫.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૮૭ જેટલા મજૂરો ૧૦ કલાક કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૫ જેટલા મજૂરો ૧૨ કલાક કામ કરે છે જેનું ટકાવારી પ્રમાણ 33.0% જેટલુ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મોટાભાગના મજૂરો ૮ કલાક કામ કરતા વધુ જોવા મળે છે. જેનું ટકાવારી પ્રમાણ ૪૫.૯ ટકા જેટલું ઊંચું જોવા મળે છે.

## જીનમાં મજુરો દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા કુલ ૪૪૦ મજૂરોમાંથી કેટલા મજુરો જીનમાં જોવા મળે છે તેની સમજુતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**કોષ્ટક- ૬.૪૨ જીનમાં કેટલા મજુરો દર્શાવતું કોષ્ટક**

| જીનમાં મજુરો | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **૨૫ થી ૩૦** | ૩૦૧ | ૬૮.૪ |
| **૩૫ થી ૪૦** | ૧૦૨ | ૨૩.૨ |
| **૫૦ થી ૫૫** | ૩૩ | ૭.૫ |
| **૬૦ થી વધુ** | ૦૪ | ૦.૯ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૪૧માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૦૧ (૬૮.૪%) મજૂરો એવી જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરે છે જ્યાં ૨૫ થી ૩૦ મજૂરો કામ કરે છે. જયારે ૧૦૨(૨૩.૨%) મજૂરો એવી જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરે છે જ્યાં ૩૫ થી ૪૦ મજૂરો કામ કરે છે. જ્યારે ૩૩ (૭.૫%) મજૂરો એવી જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરે છે જ્યાં ૫૦ થી ૫૫ મજૂરો કામ કરે છે. જ્યારે ૦૪ (૦.૯%) મજૂરો એવા જોવા મળ્યા છે કે  જે એવી જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરે છે જ્યાં ૩૦ થી વધુ મજૂરો કામ કરે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો એવી કોટન જીનીંગ- પ્રેસિંગ કોટન ફેકટરીમાં કામ કરે છે જ્યાં મજૂરોની સંખ્યા ઓછી માત્રામાં જોવા મળે છે.

## મજુરોનું આર્થિક સંગઠન મંડળ દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોનો કરવામાં આવેલ છે. મજુરોનું આર્થિક સંગઠન મંડળ જોવા મળતું નથી જેનું ટકાવારી પ્રમાણ ૧૦૦% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજૂરો અશિક્ષિત અને કાયદાઓ વિશે અજ્ઞાત હોવાથી તેઓનું કોઈ મંડળ જોવા મળતું નથી.

## મજુરોને નિવાસ સ્થાન તથા વિના મુલ્યે સુવિધા દર્શાવતું વર્ગીકરણ

આ અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોનો કરવામાં આવેલ છે. મોટાભાગના મજુરો સ્થળાંતર કરેલ હોવાથી તેઓને જીનીંગ ક્ષેત્રે જ નિવાસ સ્થાન વિના મુલ્યે આપવામાં આવે છે. તેમજ તેમને લાવવા લઇ જવા માટે કોઈ વાહનની જરૂર પડતી નથી કારણકે તેઓનું

નિવાસ સ્થાન ફેકટરીના કમ્પાઉન્ડમાં જ જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરોને વિના મુલ્યે નિવાસ, વાહનવ્યવહાર ખર્ચ શૂન્ય એવા કોઈ આર્થિક ખર્ચ આ વ્યવસાયમાં કરવા પડતા નથી જેના લીધે તેઓની આર્થિક સ્થિતિ સારી જોવા મળે છે તેવું કહી શકાય છે. આમ, ૪૪૦ મજુરોને તેની પાયાની આર્થિક સામાજિક સુવિધાઓ કોટન જીનિંગ ક્ષેત્રે જ  સરળતાથી પ્રાપ્ત થાય છે.જેનું ૧૦૦%  ટકાવારી પ્રમાણ જેટલું જોવા મળે છે.

(નોંધ : અનુબંધિત મજુર કાયદાઓ 1970 મુજબ મજૂરોને જો કામ માટે ભાડે રાખવામાં આવે છે તો તેને અનુબંધિત મજુર કહેવામાં આવે છે જેના માટે કાયદાઓની અલગ-અલગ જોગવાઈ રજુ કરવામાં આવેલ છે તે મુજબ તેની વેતન ચૂકવાય છે.)

## જીનમાં કામની વહેચણીનો દરજ્જો દર્શાવતું વર્ગીકરણ

**કોષ્ટક- ૬.૪૩ જીનમાં કામની વહેચણીનો દરજ્જો દર્શાવતું કોષ્ટક**

| કામની વહેચણી | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **અનુભવ** | ૧૫૫ | ૩૫.૨ |
| **કુશળતા** | ૧૨૮ | ૨૯.૧ |
| **કાર્યક્ષમતા** | ૧૪૭ | ૩૩.૪ |
| **ઓળખાણથી** | ૧૦ | ૨.૩ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૪૩ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૫૫ જેટલા મજૂરોની કામની વહેચણી અનુભવના આધારે કરેલ છે. જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૨% જેટલુ વધુ જોવા મળે છે. જ્યારે ૧૨૮ જેટલા મજૂરોની કામની વહેચણી કુશળતાના આધારે કરેલ છે. જેનું ટકાવારી પ્રમાણ ૨૯.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૭ જેટલા મજૂરોની કામની વહેચણી તેમની કાર્ય કરવાની ક્ષમતાના આધારે કરેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૩૩.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૦ જેટલા મજૂરોની કામની વહેચણી ઓળખાણના આધારે કરેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૨.૩% જેટલુ ઓછું જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં મજૂરોની કામની વહેચણી સૌથી વધુ અનુભવના આધારે કરેલ  છે આથી કહી શકાય કે મજુરોને તેમના અનુભવનાં આધારે કામમાં લેવાય છે કોઈ લાગવગ જોવા મળતી નથી.

## મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનું ધોરણ દર્શાવતું વર્ગીકરણ

મજુરોના શૈક્ષણિક સ્તર મુજબ એમને કેટલી માસિક આવક મળે છે તેની માહિતી પરથી મજુરોને તેમના શૈક્ષણિક સ્તર મુજબ એમના કામની વહેચણી માટે કયું ધોરણ જોવામાં આવે છે આથી મજુરોના શૈક્ષણિક સ્તર મુજબ કામની વહેચણીમાં તફાવત જોવા મળે છે કે નહિ જેની જાણકારી નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૪૪ મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનું ધોરણ દર્શાવતું કોષ્ટક**

| કામની વહેચણીનું ધોરણ | | | | | |
|---|---|---|---|---|---|
| **શૈક્ષણિક સ્તર** | અનુભવ | કુશળતા | કાર્યક્ષમતા | ઓળખાણથી | કુલ |
| **પ્રાથમિક (ટકાવારી પ્રમાણ)** | ૪૭ (૧૦.૭%) | ૬૨ (૧૪.૧%) | ૬૧ (૧૩.૯%) | ૦૩ (૦.૭%) | ૧૭૩ (૩૯.૩%) |
| **માધ્યમિક (ટકાવારી પ્રમાણ)** | ૧૩ (૩.૦%) | ૦૩ (૦.૭%) | ૧૭ (૩.૯%) | ૦૦ (૦.૦%) | ૩૩ (૭.૫%) |
| **ઉચ્ચતર માધ્યમિક (ટકાવારી પ્રમાણ)** | ૦૧ (૦.૨%) | ૦૧ (૦.૨%) | ૦૬ (૧.૪%) | ૦૦ (૦.૦%) | ૦૮ (૧.૮%) |
| **અશિક્ષિત (ટકાવારી પ્રમાણ)** | ૯૪ (૨૧.૪%) | ૬૨ (૧૪.૧%) | ૬૩ (૧૪.૩%) | ૦૭ (૧.૬%) | ૨૨૬ (૫૧.૪%) |
| **કુલ (ટકાવારી પ્રમાણ)** | ૧૫૫ (૩૫.૨%) | ૧૨૮ (૨૯.૧%) | ૧૪૭ (૩૩.૪%) | ૧૦ (૨.૩%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^2$ | ૨૬.૭૯૮ | | ક્રેમર વી | ૦.૧૪૨ | |

| નિર્દશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| **૪૪૦** | કાઈવર્ગ | ૨૬.૭૯૮ | ૯ | ૦.૦૦૨ |
| **૪૪૦** | ક્રેમર વી | ૦.૧૪૨ | | ૦.૦૦૨ |

ઉપરોકત કોષ્ટક ૬.૪૪ ની માહિતી મુજબ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ મજુરોમાંથી ૧૭૩ (૩૯.૩%) મજુરોને અનુભવના ધોરણે, કુશળતા, કાર્યક્ષમતા અને ઓળખાણના ધોરણે કામની વહેચણી કાર્ય છે જેનું ટકાવારી પ્રમાણ નીચું જોવા મળે છે જ્યારે ૨૨૬ (૫૧.૪%) અશિક્ષિત મજુરોને અનુભવના ધોરણે, કુશળતા, કાર્યક્ષમતા અને ઓળખાણના ધોરણે કામની વહેચણી કાર્ય છે જેનું ટકાવારી પ્રમાણ ઊંચું જોવા મળે છે જેમાં અનુક્રમે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મજૂરોનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૭.૫% અને ૧.૮% જેટલું નીચું જોવા મળે છે. આથી કહી શકાય કે જેમ શૈક્ષણિક સ્તર મુજબ તેમની કામની વહેચણી વચ્ચે તફાવત જોવા મળે છે.

મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનાં ધોરણ વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનાં ધોરણ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનાં ધોરણ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૨૬.૭૯૮ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૨ છે જે ૦.૦૧ કરતા ઓછું છે. આથી ૯૫.૦%ની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનાં ધોરણ વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ઉપરોકત વિશ્લેષણ પરથી કહી શકાય કે મજૂરોમાં કામની વહેચણી અને શૈક્ષણિક સ્તર એકબીજાથી સ્વતંત્ર છે. એટલેકે મજૂરોમાં કામની વહેચણી તેમની કાર્યક્ષમતા, કુશળતા અને અનુભવ પ્રમાણે વહેચવામાં આવે છે શૈક્ષણિક સ્તર મુજબ વહેચવામાં આવતું નથી. ક્રેમર V નું મુલ્ય ૦.૧૪૨ છે જે દર્શાવે છે કે મજૂરોનું શૈક્ષણિક સ્તર અને કામની વહેચણીનાં ધોરણ વચ્ચે સામાન્ય ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૨ છે જે ૦.૦૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## વેતન સંબધિત માહિતી

ઉત્પાદનના મુખ્યત્વે ચાર સાધનો જોવા મળે છે જેમાં જમીન,મૂડી,શ્રમ અને નિયોજકનો સમાવેશ થાય છે જેમને અનુક્રમે જમીનને ભાડું, મુડીને વ્યાજ, શ્રમને વેતન અને નિયોજકને નફો પ્રાપ્ત થાય છે. આથી જે વ્યક્તિ કામ કરે છે તેને વળતર રૂપે વેતન કે આવક પ્રાપ્ત થાય છે. “કામના બદલામાં મળતા વળતરને વેતન કહે છે.” મજુરોને આ વેતન કેવા પ્રકારનું, કેટલું, દિવસ કે કલાક મુજબ, શેના આધારે તથા કેટલા સમય માટે વગેરેની જાણકારી માટે વેતન સંબંધિત માહિતી જાણવી જરૂરી બની રહે છે.

મજુરોના શૈક્ષિણક લાયકાત કે સ્તર મજુબ કેટલું વેતન મળી રહે છે, મજુરોને વેતન શેના આધારે મળે છે, મજુરોને કેટલું દૈનિક વેતન ચૂકવાય છે, વેતનની ચૂકવી શેના દ્વારા, નિયમિત કે અનિયમિત સ્વરૂપે થાય છે, મજૂરો માસિક આવક કે વેતનથી કઈ મિલકત ખરીદે છે જેવી પરિકલ્પનાનાં આધારે સંશોધન અભ્યાસની સમજુતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### મજુરોની માસિક આવક દર્શાવતું વર્ગીકરણ

મજુરોને આ વ્યવસાયમાં કેટલા સમય સુધી કામ મળી રહે છે તે મુજબ મજુરોને રોજગારી પ્રમાણે કેટલી માસિક આવક મળે છે વર્તમાન સમયમાં તેઓની માસિક આવક ભૂતકાળમાં સંકળાયેલા વ્યવસાય કરતા વધુ આવક કે ઓછી આવક મળે છે તેની જાણકારી અગત્યની બની રહે છે. આમ મજુરોને મળતી માસિક આવક મુજબ તેમની આર્થી અને સામાજિક સ્થિતિનું સાચું ચિત્ર જાણી શકાય છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૪૫ મજુરોની માસિક આવક દર્શાવતું કોષ્ટક**

| મહિનાની આવક | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ૫૦૦૦ | ૩૪ | ૭.૭ |
| ૭૦૦૦ | ૧૧૫ | ૨૬.૧ |
| ૯૦૦૦ | ૧૫૮ | ૩૫.૯ |
| ૯૦૦૦ થી વધુ | ૧૩૩ | ૩૦.૨ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૪૫ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૪ મજૂરોની મહિનાની કુલ આવક ૫૦૦૦રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧૫ મજૂરોની મહિનાની કુલ આવક ૭૦૦૦રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫૮ મજૂરોની મહિનાની કુલ આવક ૯૦૦૦રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૩૩ મજૂરોની મહિનાની કુલ આવક ૯૦૦૦રૂ. થી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૦.૨% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મોટાભાગના મજૂરોની મહિનાની આવક ૯૦૦૦રૂ. જેટલી વધુ જોવા મળે જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૯ જેટલું ઊંચું જોવા મળે છે.




## મજૂરોની ઉંમર અને માસિક આવક દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ મજૂરોનો અભ્યાસ કરવામાં આવેલ છે. મજૂરોની ઉંમર મુજબ તેમને કેટલી માસિક આવક ચૂકવાય છે આમ મજૂરોની ઉંમર અને માસિક આવકમાં તફાવત જોવા મળે છે કે નહિ તેની ચકાસણી કરવાનો પ્રયત્ન કરેલ છે. જે નીચે મુજબ કોષ્ટકમાં દર્શાવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૪૬ મજૂરોની ઉંમર અને માસિક આવક દર્શાવતું કોષ્ટક**

| માસિકની આવક | | | | | |
|---|---|---|---|---|---|
| **ઉંમર** | ૫૦૦૦ | ૭૦૦૦ | ૯૦૦૦ | ૯૦૦૦ થી વધુ | કુલ |
| **૧૮ થી ૨૭ (ટકાવારી પ્રમાણ)** | ૨૬ (૫.૯%) | ૯૦ (૨૦.૫%) | ૯૪ (૨૧.૪%) | ૪૯ (૧૧.૧%) | ૨૫૯ (૫૮.૯%) |
| **૨૮ થી ૩૭ (ટકાવારી પ્રમાણ)** | ૮ (૧.૮%) | ૨૫ (૫.૭%) | ૬૩ (૧૪.૩%) | ૮૪ (૧૯.૧%) | ૧૮૦ (૪૦.૯%) |
| **૩૮ થી ૪૭ (ટકાવારી પ્રમાણ)** | ૦ (૦.૦%) | ૦ (૦.૦%) | ૧ (૦.૨%) | ૦ (૦.૦%) | ૧ (૦.૨%) |
| **કુલ (ટકાવારી પ્રમાણ)** | ૩૪ (૭.૭%) | ૧૧૫ (૨૬.૧%) | ૧૫૮ (૩૫.૯%) | ૧૩૩ (૩૦.૨%) | ૪૪૦ (૧૦૦%) |
| $x^2$ | ૫૦.૮૭૦ | | ક્રેમર વી | ૦.૨૪૦ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| **૪૪૦** | કાઈવર્ગ | ૫૦.૮૭૦ | ૬ | ૦.૦૦૦ |
| **૪૪૦** | ક્રેમર વી | ૦.૨૪૦ | | ૦.૦૦૦ |

મજૂરોની ઉંમર મુજબ તેમને કેટલી માસિક આવક ચૂકવાય છે તે મુજબ અભ્યાસ કરતા ૧૮ થી ૨૭ ઉંમરના ૨૫૯ મજુરોને અનુક્રમે રૂ.૫૦૦૦, રૂ.૭૦૦૦, રૂ.૯૦૦૦ અને રૂ.૯૦૦૦ થી વધુ માસિક આવક પ્રાપ્ત થાય છે જેમાં નાની ઉંમરના મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે. જયારે ૨૮ થી ૩૭ અને ૩૮ થી ૪૭ ઉમરના મજૂરોને ઓછી માસિક આવક પ્રાપ્ત થાય છે જેમની સંખ્યા અનુક્રમે ૧૮૦ અને ૦૧ જેટલી ઓછી જોવા મળે છે. આથી કહી શકાય કે નાની ઉંમર વાળા મજૂરોની માસિક આવક વધુ જોવા મળે છે કારણકે તેમની કાર્યક્ષમતા મોટી ઉંમરવાળા મજુરો કરતા વધુ હોય છે.

મજુરોની ઉંમર અને માસિક આવક વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજુરોની ઉંમર અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_1$ = મજુરોની ઉંમર અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૫૦.૮૭૦ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૦ છે જે ૦.૦૧ કરતા ઓછું છે. આથી ૯૯.૦%ની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજૂરોની ઉંમર અને કામના સરેરાશ કલાકો વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ઉપરોકત વિશ્લેષણ પરથી કહી શકાય કે મજુરોની ઉંમર અને માસિક આવક એકબીજાથી સ્વતંત્ર છે એટલેકે મજુરોની ઉંમર તેમની માસિક આવકને અસર કરે છે. ક્રેમર V નું મુલ્ય ૦.૨૪૦ છે જે દર્શાવે છે કે મજૂરોની ઉંમર અને તેમના કામના સરેરાશ કલાક વચ્ચે નીચો ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય ૦.૦૦૦ જે ૦.૦૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## મજૂરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક દર્શાવતું વર્ગીકરણ

આ સંશોધન અભ્યાસમાં મજુરો એ શિક્ષણ મેળવેલ છે તેની માહિતી પ્રાપ્ત કર્યા બાદ માજુરોના શૈક્ષણિક સ્તર મુજબ તેઓને કેટલી માસિક આવક ચૂકવાય છે એની બાબતમાં તફાવત જોવા મળે છે કે નહિ તેની સમજુતી માટે નીચે મુજબનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬.૪૭ મજૂરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક દર્શાવતું કોષ્ટક**

| | માસિક આવક | | | | |
|---|---|---|---|---|---|
| શૈક્ષણિક સ્તર | ૫૦૦૦ | ૭૦૦૦ | ૯૦૦૦ | ૯૦૦૦ થી વધુ | કુલ |
| પ્રાથમિક<br>(ટકાવારી પ્રમાણ) | ૧૯<br>(૪.૩%) | ૪૩<br>(૯.૮%) | ૫૪<br>(૧૨.૩%) | ૫૯<br>(૧૩.૪%) | ૧૭૫<br>(૩૯.૮%) |
| માધ્યમિક<br>(ટકાવારી પ્રમાણ) | ૦૦<br>(૦.૦%) | ૦૨<br>(૦.૫%) | ૧૦<br>(૨.૩%) | ૨૧<br>(૪.૮%) | ૩૩<br>(૭.૫%) |
| ઉચ્ચતર માધ્યમિક<br>(ટકાવારી પ્રમાણ) | ૦૦<br>(૦.૦%) | ૦૩<br>(૦.૭%) | ૦૨<br>(૦.૫%) | ૦૩<br>(૦.૭%) | ૮<br>(૧.૮%) |
| અશિક્ષિત<br>(ટકાવારી પ્રમાણ) | ૧૫<br>(૩.૪%) | ૬૭<br>(૧૫.૨%) | ૯૨<br>(૨૦.૯%) | ૫૦<br>(૧૧.૪%) | ૨૨૪<br>(૫૦.૯%) |
| કુલ<br>(ટકાવારી પ્રમાણ) | ૩૪<br>(૭.૭%) | ૧૧૫<br>(૨૬.૧%) | ૧૫૮<br>(૩૫.૯%) | ૧૩૩<br>(૩૦.૨%) | ૪૪૦<br>(૧૦૦%) |
| $x^૨$ | ૩૨.૨૫૬ | | ક્રેમર વી | ૦.૧૫૬ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૩૨.૨૫૬ | ૯ | ૦.૦૦૦ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૧૫૬ | ધન | ૦.૦૦૦ |

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત કોષ્ટક ૬.૪૭ મુજબ કુલ ૪૪૦ મજૂરોમાંથી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ કુલ ૧૭૫ મજુરોમાંથી ૧૯ મજૂરોની માસિક આવક ૫૦૦૦ રૂ. છે, ૪૩ મજૂરોની માસિક આવક ૭૦૦૦રૂ છે,૫૪ મજૂરોની માસિક આવક ૯૦૦૦ રૂ છે જ્યારે ૫૯ મજુરોની માસિક આવક ૯૦૦૦રૂ થી વધુ જોવા મળે છે જ્યારે ૨૨૪ અશિક્ષિત મજુરોમાંથી ૯૨મજૂરોની  માસિક આવક ૯૦૦૦રૂ. પ્રાપ્ત થાય છે જેમાં અનુક્રમે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મજૂરોનું ટકાવારી પ્રમાણ અનુક્રમે ૭.૫% અને ૧.૮% જેટલું નીચું જોવા મળે છે. આથી કહી શકાય કે જેમ શૈક્ષણિક સ્તર મુજબ તેમને કેટલી માસિક આવક વચ્ચે તફાવત જોવા મળે છે.

મજુરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

| | | |
|---|---|---|
| નિરાકરણીય પરિકલ્પના $H_0$ | = | મજુરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી. |
| વૈકલ્પિક પરિકલ્પના $H_1$ | = | મજુરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક  વચ્ચે સાર્થક સંબંધ જોવા  મળે છે. |

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૩૨.૨૫૬ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય 0.000 છે જે 0.0૧ કરતા ઓછું છે. આથી ૯૯.0%ની સાર્થકતાની કક્ષાએ નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજુરોનું શૈક્ષણિક સ્તર અને માસિક આવક વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ઉપરોકત વિશ્લેષણ પરથી કહી શકાય કે મજૂરોની માસિક આવક અને શૈક્ષણિક સ્તર સ્વતંત્ર નથી એટલેકે મજૂરોની માસિક આવક એ શૈક્ષણિક સ્તર ઉપર આધાર રાખે છે. જેમ શૈક્ષણિક સ્તર વધુ તેમ તેમની માસિક આવક પણ વધુ જોવા મળે છે. ક્રેમર V નું મુલ્ય 0.૧૫૬ છે જે દર્શાવે છે કે મજુરોનાં શૈક્ષણિક સ્તર અને માસિક આવક વચ્ચે સામાન્ય ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય જે 0.0૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## મજૂરોનું દૈનિક વેતન દર્શાવતું વર્ગીકરણ

દરેક વ્યક્તિને તેમના જુદા જુદા પ્રકારની સેવા બજાવતો હોય છે અને આ સેવાઓના બદલામાં વ્યક્તિને જે કંઈ વળતર મળે છે જેને વેતન કહેવામાં આવે છે. મજુરોને આ વેતન કેટલું, કયા આધારે ચૂકવાય છે તથા મજુરો આ વેતનના બદલામાં એટલી જવાબદારી પૂર્વક કામગીરી બજાવે છે કે નહિ. તેમજ મજુરોને તેમના કામના દિવસો કે કલાકો મજુબ વેતન કેટલું પ્રાપ્ત થાય છે એમનું આર્થિક કે શારીરિક શોષણ થાય છે તે જાણવા માટે મજુરોને ચુકવાતા વેતનની સમજુતી મેળવવી જરૂરી બની રહે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

કોષ્ટક- ૬.૪૮ મજૂરોનું દૈનિક વેતન દર્શાવતું કોષ્ટક

| દૈનિક વેતન | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ૧૦૦ થી ૧૫૦ | ૩૫ | ૮.૦ |
| ૧૫૦ થી ૨૦૦ | ૧૪૧ | ૩૨.૦ |
| ૨૦૦ થી ૨૫૦ | ૧૪૫ | ૩૩.૦ |
| ૨૫૦ થી વધુ | ૧૧૯ | ૨૭.૦ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |




ઉપરોકત કોષ્ટક ૬.૪૮ માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૫ મજૂરોનું દૈનિક વેતન ૧૦૦ થી ૧૫૦ રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૧ મજૂરોનું દૈનિક વેતન ૧૫૦ થી ૨૦૦ રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૨.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૫ મજૂરોનું દૈનિક વેતન ૨૦૦ થી ૨૫૦ રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૩.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૫ મજૂરોનું દૈનિક વેતન ૨૫૦ રૂ. થી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૭.૦% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરો આર્થિક જીવનધોરણ સારૂં પ્રાપ્ત કરવા માટે તેઓને મજુરીકામ કરવું પડે છે જેમાં ૧૪૫ જેટલા મજૂરોને ૨૦૦ થી ૨૫૦ રૂ જેટલું દૈનિક વેતન મળી રહે છે જેની સંખ્યા વધુ છે. જેનું ટકાવારી પ્રમાણ ૩૩.૦ જેટલું જોવા મળે છે.

(નોંધ : મજૂરોને વેતનની ચુકવણી અંગેના કાયદા ૧૯૩૬ મુજબ નિયોજક કે માલિક દ્વારા નિર્ધારિત વેતન દર એ કામ મુજબ વેતન ચુકવણી કરવાની રહે છે. તથા જો કોઈ નુકસાન થાય તો દંડ ચૂકવવાની રકમ તેના પાસેથી જ વસૂલ કરવામાં પણ આવે છે.)

ISBN-978-81-973071-9-5
First Edition

## કામની વહેચણીનું ધોરણ અને દૈનિક વેતન દર્શાવતું વર્ગીકરણ

મજુરોને તેમના કામના બદલામાં કેટલું વેતન મળે છે એ પ્રશ્ન ખુબ જ અગત્યનો છે. એવીજ રીતે મજુરોને તેમના કામની વહેંચણીનાં ધોરણે તેમને કેટલું દૈનિક વેતન મળે છે તેમાં તફાવત જોવા મળે છે કે નહિ તેની ચકાસણી અગત્યની છે આથી કામની વહેંચણીનું ધોરણ પ્રમાણેના દૈનિક વેતનનો તફાવત દર્શાવતું કોષ્ટક આ મુજબ છે

**કોષ્ટક- ૬.૪૯ કામની વહેચણીનું ધોરણ અને દૈનિક વેતન દર્શાવતું કોષ્ટક**

| | દૈનિક વેતન | | | | |
|---|---|---|---|---|---|
| કામની વહેચણી | ૧૦૦ થી ૧૫૦ | ૧૫૦ થી ૨૦૦ | ૨૦૦ થી ૨૫૦ | ૨૫૦ થી વધુ | કુલ |
| અનુભવ<br>(ટકાવારી પ્રમાણ) | ૫<br>(૧.૧%) | ૩૭<br>(૮.૪%) | ૬૩<br>(૧૪.૩%) | ૫૦<br>(૧૧.૪%) | ૧૫૫<br>(૩૫.૨%) |
| કુશળતા<br>(ટકાવારી પ્રમાણ) | ૧૭<br>(૩.૯%) | ૬૯<br>(૧૫.૭%) | ૩૧<br>(૭.૦%) | ૧૧<br>(૨.૫%) | ૧૨૮<br>(૨૯.૧%) |
| કાર્યક્ષમતા<br>(ટકાવારી પ્રમાણ) | ૧૨<br>(૨.૭%) | ૩૩<br>(૭.૫%) | ૪૭<br>(૧૦.૭%) | ૫૫<br>(૧૨.૫%) | ૧૪૭<br>(૩૩.૪%) |
| ઓળખાણથી<br>(ટકાવારી પ્રમાણ) | ૦૧<br>(૦.૨%) | ૦૨<br>(૦.૫%) | ૦૪<br>(૦.૯%) | ૦૩<br>(૦.૭%) | ૧૦<br>(૨.૩%) |
| કુલ<br>(ટકાવારી પ્રમાણ) | ૩૫<br>(૮.૦%) | ૧૪૧<br>(૩૨.૦%) | ૧૪૫<br>(૩૩.૦%) | ૧૧૯<br>(૨૭.૦%) | ૪૪૦<br>(૧૦૦%) |
| $x^2$ | ૬૫.૪૬૯ | | ક્રેમર વી | ૦.૨૨૩ | |

| નિર્દેશનની સંખ્યા | કસોટીનું નામ | મુલ્ય | સ્વાતંત્ર્યની માત્રા | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|
| ૪૪૦ | કાઈવર્ગ | ૬૫.૪૬૯ | ૯ | ૦.૦૦૦ |
| ૪૪૦ | ક્રેમર વી | ૦.૨૨૩ | | ૦.૦૦૦ |

પ્રસ્તુત અભ્યાસમાં મજુરોને તેમના કામની વહેચણીના ધોરણ મુજબ કેટલું દૈનિક વેતનમાં તફાવત જોવા મળ્યો છે જેમાં અનુભવના ધોરણે કામ કરતા ૧.૧% મજુરોને ૧૦૦ થી ૧૫૦ જેટલું દૈનિક વેતન પ્રાપ્ત થાય છે જ્યારે કુશળતાનાં ધોરણે ૩.૯%, કાર્યક્ષમતાનાં ધોરણે ૨.૭% અને ઓળખાણના ધોરણે ૦.૨% જોવા મળે છે. તેમજ અનુભવના ધોરણે કામ કરતા ૮.૪% મજુરોને ૧૫૦ થી ૨૦૦ જેટલું દૈનિક વેતન પ્રાપ્ત થાય છે જ્યારે કુશળતાનાં ધોરણે ૧૫.૭ %, કાર્યક્ષમતાનાં ધોરણે ૭.૫% અને ઓળખાણના ધોરણે ૦.૫% જોવા મળે છે. અનુભવના ધોરણે કામ કરતા ૧૪.૩% મજુરોને ૨૦૦ થી ૨૫૦ જેટલું દૈનિક વેતન પ્રાપ્ત થાય છે જ્યારે કુશળતાનાં ધોરણે ૭.૦%, કાર્યક્ષમતાનાં ધોરણે ૧૦.૭% અને ઓળખાણના ધોરણે ૦.૯% જોવા મળે છે. અનુભવના ધોરણે કામ કરતા ૧૧.૪% મજુરોને ૨૫૦ થી વધુ દૈનિક વેતન પ્રાપ્ત થાય છે જ્યારે કુશળતાનાં ધોરણે ૨.૫%, કાર્યક્ષમતાનાં ધોરણે ૧૨.૫% અને ઓળખાણના ધોરણે

૦.૭% જોવા મળે છે. આથી કહી શકાય કે મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે ખુબ મોટો તફાવત જોવા મળે છે.

મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે તફાવત સાર્થક છે કે નહિ રહેલ છે કે તેની આંકડાકીય ચકાસણી કરવા માટે કાઈવર્ગ અને સહસંબંધ કસોટીનો ઉપયોગ કરવામાં આવેલ છે. જે આ મુજબ છે.

નિરાકરણીય પરિકલ્પના $H_0$ = મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

વૈકલ્પિક પરિકલ્પના $H_૧$ = મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે સાર્થક સંબંધ જોવા મળે છે.

ઉપરોકત પરિકલ્પનાના પરિક્ષણ મુજબ કાઈવર્ગનું મુલ્ય ૬૫.૪૬૯ જોવા મળે છે, જેને સંબધિત સાર્થકતાનું મુલ્ય ૦.000 છે જે ૦.૦૧ કરતા ઓછું છે. આથી નિરાકરણીય પરિકલ્પના સ્વીકાર થતો નથી. આથી એમ કહી શકાય કે મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે સાર્થક સંબંધ રહેલો છે. ઉપરોકત વિશ્લેષણ પરથી કહી શકાય કે મજુરોની કામની વહેચણી અને દૈનિક વેતન એકબીજાથી સ્વતંત્ર નથી એટલેકે કામની વહેચણી મુજબ મજૂરોનું દૈનિક વેતન નક્કી કરાય છે. ક્રેમર V નું મુલ્ય ૦.૨૨૩ છે જે દર્શાવે છે કે મજુરોના કામની વહેચણીના ધોરણ અને દૈનિક વેતન વચ્ચે ઉંચો ધન સહસંબંધ જોવા મળે છે. પરંતુ તેનું સાર્થકતાનું મુલ્ય જે ૦.૦૧ કરતા ઓછું હોવાથી આંકડાશાસ્ત્રીય રીતે સાર્થક જોવા મળે છે.

## મજુરોને વેતન ચુકવણીનો આધાર દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત સંશોધનમાં મજુરોને ‘કામના બદલામાં વળતર રૂપે વેતન’ ચુકવવામાં આવે છે. જેમાં મજુરોને વેતન અલગ અલગ રીતે ચુકવવામાં આવે છે. મોટાભાગે મજુરોને તેમના કામની જવાબદારી અને કાર્યક્ષમતા મુજબ વેતન ચૂકવાય છે એની સાથે મજુરોને ઉચ્ચક, કામના દિવસો , કામના કલાકો તેમજ ઉત્પાદનના પ્રમાણે ચૂકવાય છે જેની સમજુતી નીચે મુજબના કોષ્ટકની માહિતી પરથી જાણી શકાય છે.

**કોષ્ટક- ૬.૫૦ મજુરોને વેતન ચુકવણીનો આધાર દર્શાવતું કોષ્ટક**

| વેતનનો આધાર | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| **ઉચ્ચક** | ૧૫૫ | ૩૫.૨ |
| **કામના કલાકોથી** | ૧૨૭ | ૨૮.૯ |
| **દિવસ પ્રમાણે** | ૫૫ | ૧૨.૫ |
| **ઉત્પાદનના પ્રમાણ સાથે** | ૧૦૩ | ૨૩.૪ |
| **કુલ** | ૪૪૦ | ૧૦૦.૦ |

ISBN-978-81-973071-9-5
First Edition

ઉપરોકત કોષ્ટક ૬.૫૦માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૧૫૫ મજૂરોને ઉચ્ચક વેતન ચુકવાય છે. જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૨૭ મજૂરોને કામના કલાકો પ્રમાણે ચુકવાય છે. જેનું ટકાવારી પ્રમાણ ૨૮.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૫૫ મજૂરોને દિવસ પ્રમાણે વેતન ચુકવાય છે. જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૦૩ મજૂરોને ઉત્પાદનના પ્રમાણ સાથે વેતન ચુકવાય છે. જેનું ટકાવારી પ્રમાણ ૨૩.૪% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરોને ઉચ્ચક જ વેતન ચુકવવામાં આવે છે. જેમાં ૧૫૫ મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે.

## મજુરોના દિવસ રાત્રિના પગાર ધોરણ દર્શાવતું વર્ગીકરણ

આ અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોનો અભ્યાસ કરવામાં આવેલ છે. કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોની અંદાજે ૨-૩ જેટલી પાળીઓ ચાલતી હોય જેના લીધે મજુરોને દિવસ- રાત્રિ દરમિયાન કામ કરવું પડે છે આથી કહી શકાય કે મજુરોનાં દિવસ અને રાતના પગાર એકસરખા જોવા મળે છે. આમ, પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરાયેલ ૪૪૦ મજુરોનાં દિવસ અને રાત્રિના પગાર એકસમાન જોવા મળે છે જેનું ૧૦૦% ટકાવારી પ્રમાણ જેટલું જોવા મળે છે. આથી કહી શકાય કે બધા જ મજુરો માટે મળતા પગાર ધોરણના કાયદા એક સરખા જોવા મળે છે.

(નોંધ : વેતન ચૂકવણીના કાયદા ૧૯૩૬ મુજબ દિવસ અને રાત્રિના પગારધોરણ સમાન હોવા જરૂરી છે.)

## મજુરોને મળતી વધારાની સુવિધા દર્શાવતું વર્ગીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોનો અભ્યાસ કરવામાં આવેલ છે. કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરોને માત્ર બોનસ જ આપવામાં આવે છે. તેમને કોઈ વધારાનું પ્રોવિડન્ટફંડ, માંદગી ભથ્થું, વીમો આપવામાં આવતા નથી. આમ, પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરાયેલ ૪૪૦ મજુરોને બોનસ જ આપવામાં આવે છે. જેનું ૧૦૦% ટકાવારી પ્રમાણ જેટલું જોવા મળે છે. આથી કહી શકાય કે બધા જ મજુરોને વિના મુલ્યે જીનીંગ પ્રેસિંગ ફેકટરી ક્ષેત્રે જ રહેવાની સગવડ આપવામાં આવે છે આથી તેઓને માત્ર બોનસની સુવિધા આપાય છે.

(નોંધ : વેતન ચુકવણી ધારા ૧૯૩૬ મુજબ પેન્શન પ્રોવિડન્ટ ફંડ બોનસ કે માંદગી ભથ્થું આ પગારધોરણ કાયદા મુજબ વેતન ચૂકવવામાં આવતા નથી તેનો સમાવેશ આ કાયદામાં થતો નથી.)

## મજુરોને કઈ રીતે વેતન આપવામાં આવે છે તે દર્શાવતું વર્ગીકરણ

કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૬ મજૂરોને સીધું બેંકમાં વેતન જમા કરવામાં આવે છે. જેનું ટકાવારી પ્રમાણ ૧.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૯૨ મજૂરોને ચેક દ્વારા

ISBN-978-81-973071-9-5
First Edition

વેતન ચુકવાય છે. જેનું ટકાવારી પ્રમાણ ૬૬.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૨ મજૂરોને રોકડમાં વેતન ચુકવાય આવે છે. જેનું ટકાવારી પ્રમાણ ૩૨.૨% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મોટાભાગના મજૂરોને ચેક દ્વારા વેતન ચુકવવામાં આવે છે. જેનું ટકાવારી પ્રમાણ ૬૬.૪ જેટલું ઊંચું જોવા મળે છે આથી કહી શકાય કે બધાજ મજુરોને જીનીંગ ફેક્ટરી દ્વારા બેંકમાં ખાતું ખોલાવી આપવામાં આવે છે જેના કારણે તેઓ બચત કરવા માટે પ્રેરાય છે.

### મજુરોને વેતન ચુકવવાનો સમય

કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી આ વ્યવસાયમાં ૦૧ મજૂરને દૈનિક વેતન ચૂકવાય છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે આ વ્યવસાયમાં ૪૩૩ મજૂરને માસના અંતે વેતન ચૂકવાય છે જેનું ટકાવારી પ્રમાણ ૯૮.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે આ વ્યવસાયમાં ૦૬ મજૂરને એક માસ થી વધુ સમયે વેતન ચૂકવાય છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૪% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરોને નિયમિત રૂપે મહિનાના અંતે વેતન ચૂકવાવમાં આવે છે.

### મજુરો દ્વારા વેતનમાંથી ખરીદવામાં આવેલ મિલકત

કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૫૦ મજૂરોએ આ વેતનમાંથી પોતાના મકાન નામની મિલકત ખરીદી છે જેનું ટકાવારી પ્રમાણ ૭૯.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ૫૬ મજુરોએ આ વેતનમાંથી જમીન ખરીદી છે જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૦૩ મજૂરોએ આ વેતનમાંથી ઘરેણાં ખરીદેલ છે જેનું ટકાવારી પ્રમાણ ૦.૭% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૧ મજૂરોએ વેતનમાંથી અન્ય પ્રકારની મિલકત ખરીદી છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૦% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજુરોને તેમની આવકમાંથી મિલકત ખરીદી શકે છે.

### મજૂરોની માસિક આવક અને આવક દ્વારા ખરીદાતી મિલકત દર્શાવતું વર્ગીકરણ

આ સંશોધન અભ્યાસમાં મજુરોને કેટલી માસિક આવક પ્રાપ્ત  થાય છે મજૂરો તેમની માસિક આવક મુજબ કઈ મિલકત, કેવા પ્રકારની મિલકત ખરીદે છે તેમાં તફાવત જોવા મળે છે કે નહિ તે માહિતી દર્શાવતું કોષ્ટક આ મુજબ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**કોષ્ટક- ૬.૫૧ મજૂરોની માસિક આવક અને આવક દ્વારા ખરીદાતી મિલકત દર્શાવતું કોષ્ટક**

| આવક દ્વારા ખરીદાતી મિલકત | | | | | |
|---|---|---|---|---|---|
| માસિક આવક | મકાન | જમીન | ઘરેણાં | અન્ય પ્રકારની મિલકત | કુલ |
| ૫000<br>(ટકાવારી પ્રમાણ) | ૨૯<br>(૬.૬%) | 03<br>(0.૭%) | 00<br>(0.0%) | 0૨<br>(0.૫%) | ૩૪<br>(૭.૭%) |
| ૭000<br>(ટકાવારી પ્રમાણ) | ૯૨<br>(૨0.૯%) | ૧0<br>(૨.૩%) | 00<br>(0.0%) | ૧૩<br>(૩.0%) | ૧૧૫<br>(૨૬.૧%) |
| ૯000<br>(ટકાવારી પ્રમાણ) | ૧૨૬<br>(૨૮.૬%) | ૨૩<br>(૫.૨%) | 0૨<br>(0.૫%) | 0૭<br>(૧.૬%) | ૧૫૮<br>(૩૫.૯%) |
| ૯000 થી વધુ<br>(ટકાવારી પ્રમાણ) | ૧03<br>(૨૩.૪%) | ૨0<br>(૪.૫%) | 0૧<br>(0.૨%) | 0૯<br>(૨.0%) | ૧૩૩<br>(30.૨%) |
| કુલ<br>(ટકાવારી પ્રમાણ) | ૩૫0<br>(૭૯.૫%) | ૫૬<br>(૧૨.૭%) | 03<br>(0.૭%) | ૩૧<br>(૭.0%) | ૪૪0<br>(૧00%) |

ઉપરોકત કોષ્ટક ૬.૫૧ની માહિતી પરથી જાણી શકાય છે કે કુલ ૪૪0 મજૂરોમાંથી ૫000રૂ. થી ૯000રૂ. થી વધુ માસિક આવક ધરાવનાર મકાન ખરીદનાર મજૂરોની સંખ્યા ૩૫0 જેટલી સૌથી વધુ જોવા મળે છે. જ્યારે ઘરેણાં ખરીદનાર મજૂરોની સંખ્યા 03 જેટલી સૌથી ઓછી જોવા મળે છે. જેમાં અનુક્રમે જમીન, ઘરેણાં અને અન્ય પ્રકારની મિલકત ખરીદે છે જેનું ટકાવારી નીચું જોવા મળે છે. આથી કહી શકાય કે મજૂરોની માસિક આવકથી ખરીદાતી મિલકત વચ્ચે તફાવત જોવા મળતો નથી.

### કામ પૂર્ણ કર્યા બાદ અન્ય કામ કરવા જાય તેનું વર્ગીકરણ

કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪0 મજુરોમાંથી 0૬ મજૂરો ઉદ્યોગપતિને ત્યાં અન્ય કામ કરવા જાય છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૪% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૪૬ મજૂરો એવા છે જેમને જીનીંગમાં જ કોઈ બીજું કામ મળી રહે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૩.૨% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૮૮ મજૂરો એવા છે જે અન્ય કોઈ જ કામ કરતા નથી જેનું ટકાવારી પ્રમાણ ૬૫.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં કામ કરતા મજુરોને અન્ય કોઈ વ્યવસાયમાં કામ કરતા જોવા મળતા નથી જેનું ટકાવારી પ્રમાણ ૬૫.૫ ટકા જેટલું ઊંચું જોવા મળે છે.

### મજુરોને કામ કેટલા મહિના મળે તે દર્શાવતું વર્ગીકરણ

મજુરોને કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કપાસની ખેતી દરમિયાન કે ખેતી બાદ કેટલા સમય સુધી કામ મળી રહે છે તેની જાણકારી અગત્યની બની રહે છે આ માહિતી પરથી જ જાણી શકાય છે કે મજૂરોને પૂરતા પ્રમાણમાં રોજગારી અને કેટલી આવક પ્રાપ્ત થશે. આમ, મજૂરોની આર્થિક સ્થિતિ જાણવા માટે તેમના કામના સમયને ધ્યાનમાં લેવો જરૂરી બની રહે છે.

**કોષ્ટક- ૬.૫૨ મજુરોને કામ કેટલા મહિના મળે તે દર્શાવતું કોષ્ટક**

| મહિના | મજૂરોની સંખ્યા | મજુરોની ટકાવારી |
|---|---|---|
| ત્રણ | ૦૦ | ૦૦ |
| છ | ૪૦૯ | ૯૩.૦ |
| આઠ | ૨૯ | ૬.૬ |
| બાર | ૦૨ | ૦૦.૫ |
| કુલ | ૪૪૦ | ૧૦૦.૦ |

ઉપરોકત કોષ્ટક ૬.૫૨માં જોઈ શકાય છે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા કુલ ૪૪૦ મજુરોમાંથી ૪૦૯ મજૂરો એવા છે જેમને છ મહિના કામ મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૩.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૯ મજૂરો એવા છે જેમને આઠ મહિના કામ મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬.૬% જેટલુ જોવા મળે છે. જ્યારે માત્ર ૦૨ મજૂરો એવા છે જેમને ૧૨ મહિના કામ મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલુ જોવા મળે છે. આ માહિતી પરથી વિશ્લેષણના આધારે કહી શકાય કે આ વ્યવસાયમાં મજુરોને માત્ર કપાસની સીઝન પુરતું જ કામ અમી રહે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૩.૦ જેટલું ઊંચું જોવા મળે છે. કપાસની સીઝનની કામગીરી માત્ર છ મહિનાની હોય છે.

**હેતુઓનું સ્પષ્ટીકરણ** :

**૧) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં મજૂરોની વ્યક્તિગત માહિતીનો અભ્યાસ કરવો.**

ગુજરાત રાજ્યમાં સ્થળાંતર કરતા મજૂરોની વ્યક્તિગત માહિતી ચકાસવા હેતુસર પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મજૂરોની વ્યક્તિગત માહિતીનો હેતુ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરતા મજૂરો કયા અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરે છે?, મજુરોની ભાષા, મજૂરોની જાતિ, મજૂરોની ઉંમર, મજૂરોનો વૈવાહિક દરજ્જો, મજુરોના ધર્મ વગેરેના બાબતો જાણવા માટે આ હેતુ હાથ ધરવામાં આવ્યો છે.

આમ, અન્ય રાજ્યમાંથી કેટલા મજૂરો ગુજરાત રાજ્યમાં રોજગારી પ્રાપ્ત કરવા માટે સ્થળાંતર કરે છે, તેઓ કાયમી સ્થળાંતર કરે છે કે કામ પૂરતું સ્થળાંતર કરે છે, મજૂરોની આ બધી માહિતી પરથી ગુજરાતના ઉદ્યોગ અને અન્ય રાજ્યના ઉદ્યોગની માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

**૨) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં મજૂરોના શિક્ષણની માહિતીનો અભ્યાસ કરવો.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં મજૂરોની શૈક્ષણિક માહિતી જાણવા હેતુસર આ હેતુ હાથ ધરવામાં આવેલ છે. જેમાં કોટન જિનિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોનો શૈક્ષણિક દરજ્જો શું છે?, મજૂરોની શૈક્ષણિક લાયકાત, શિક્ષણ સરકારી રીતે પ્રાપ્ત કરેલ છે કે ખાનગી, તેમજ આ શિક્ષણ કઈ ભાષામાં મેળવેલ છે?,

ISBN-978-81-973071-9-5
First Edition

તેમના ગામમાં કે શહેરમાં શૈક્ષણિક સુવિધાઓ છે કે નહીં? અને છે તો કેટલા અભ્યાસક્રમ સુધીની સુવિધા છે? વગેરે બાબતોનો અભ્યાસ કરવા આ હેતુ હાથ ધરેલ છે.

આથી આ માહિતી પરથી જાણી શકાશે કે મજૂરો અશિક્ષિત હોય છે કે નહીં?, જો અશિક્ષિત હોય તો હજી સુધી સરકારી શિક્ષણની સુવિધા બધાજ ગામમાં પહોંચી નથી કે શું? અને જો શિક્ષિત હશે તો એવું કહી શકાય કે આપણા રાજ્યમા શૈક્ષણિક બેકારીનું પ્રમાણ જોવા મળે છે.

**૩) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં મજૂરોના કુટુંબની આવક અને ખર્ચની માહિતી તપાસ્વી.**

આ સંશોધન કાર્યમાં કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોના કુટુંબની માસિક આવક અને ખર્ચની માહિતી તપાસવા અંગે આ હેતુ હાથ ધરવામાં આવેલ છે. જેમાં મજુરોના કુટુંબની કેટલી વ્યક્તિ રોજગારી પ્રાપ્ત કરે છે, આ રોજગારી વેતન માંથી કેટલો ખર્ચ કરે છે, આમ તેઓના કુટુંબમાં કેટલા સભ્યોની સભ્ય સંખ્યા મુજબ ખર્ચ કરવામાં આવે છે તથા બચત કરાય છે કે નહીં? અને આ બચતમાંથી બાળકોને શિક્ષણ અપાય છે કે નહીં? વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવેલ છે.

આમ આ બધી માહિતી અભ્યાસ પરથી જાણી શકાય કે કેટલા કુટુંબો વર્તમાન સમયમાં ગરીબી રેખા નીચે જીવે છે? તથા તેઓના જીવન ધોરણનો સુધારો થયો છે કે નહીં?, તેઓ બેરોજગારથી પીડાય છે કે નહીં? વગેરે બાબતોના અભ્યાસ હેતુસર આ હેતુ અભ્યાસમાં હાથ ધરેલ છે.

**૪) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજુરના ઉદ્યોગ સંબંધિત માહિતી ચકાસવી.**

આ સંશોધન અભ્યાસમાં કોટન જીનીંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોની ઉદ્યોગ સંબંધિત માહિતી ચકાસવા હેતુસર આ ધ્યેય હાથ ધરવામાં આવેલ છે. જેમાં મજૂરો આ વ્યવસાય સાથે કેટલા વર્ષોથી સંકળાયેલા છે, તેઓ કેટલા કલાક કામ કરે છે, તેઓએ આ ઉદ્યોગમાં કામ કરવા માટે કેટલા સમયથી સ્થળાંતર કરેલ છે, આ ઉદ્યોગમાં કયા કારણોસર જોડાયેલ છે, આ ઉદ્યોગમાં તેઓ કયા ધોરણે રોકાયેલ છે, તેઓને આ વ્યવસાયના કારણે તેઓના શરીરમાં કોઈ રોગ જોવા મળે છે કે નહીં, તેઓને આ ઉદ્યોગ ક્ષેત્રે રહેઠાણની સુવિધા આપવામાં આવે છે કે નહીં વગેરે જેવી બાબતોનો અભ્યાસ કરવા માટે આ હેતુ હાથ ધરવામાં આવેલ છે.

આમ, આ માહિતી પરથી જાણી શકાય છે કે આ વ્યવસાય સાથે સંકળાયેલ મજૂરોની શારીરિક સ્થિતિ કેવી જોવા મળે છે, તેઓને કાયમી રોજગારી પ્રાપ્ત થાય છે કે નહીં? તથા આ રોજગારી માંથી તેઓ જીવન જરૂરિયાત સુવિધા મેળવી શકે છે કે નહીં? વગેરે બાબતોનો અભ્યાસ કરવા માટે આ હેતુ હાથ ધરવામાં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

**૫) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં મજૂરોની કૌટુંબિક અને સામાજિક માહિતીનો અભ્યાસ કરવો.**

આ સંશોધન અભ્યાસમાં મજૂરોની કૌટુંબિક માહિતી પરથી તેમની સામાજિક સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મજૂરો કેવી કુટુંબ વ્યવસ્થા માં રહે છે, કુટુંબ નો પ્રકાર, કુટુંબના સભ્યોની સંખ્યા કેટલી જોવા મળે છે, કુટુંબ માં કેટલા બાળકો છે, તેઓ તેમના ગામમાં મિલકત ધરાવે છે કે નહીં અને મિલકત ધરાવે છે તો કેવા પ્રકારની મિલકત ધરાવે છે, વગેરે બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

આથી મજૂરોની કુટુંબ વ્યવસ્થા પરથી જાણી શકાય છે કે મજૂરોનું સામાજિક જીવનધોરણ કેવા પ્રકારનું જોવા મળે છે, મજૂરોની સામાજિક સ્થિતિ સારી છે કે ખરાબ, કુટુંબમાં વસવાટ કરતા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બચત થાય છે કે નહીં, સ્થળાંતર કરતાં કુટુંબના મજૂરોને કોઈ સામાજિક સમસ્યા જોવા મળે છે કે નહીં, વગેરે બાબતોનો અભ્યાસ કરવા માટે આ હેતુ હાથ ધરવામાં આવ્યો છે.

**૬) મહેસાણા જીલ્લાના સંદર્ભમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં મજૂરોના વેતન માળખાનો અભ્યાસ કરી આર્થિક પરિસ્થિતિ તપાસ્વી.**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં કોટન જિનિંગ ક્ષેત્રે કામ કરતા મજૂરોની આર્થિક સ્થિતિ કેવા પ્રકારની જોવા મળે છે તે તપાસવા માટે હેતુ હાથ ધરવામાં આવેલ છે. જેમાં મજૂરો ને માસિક રોજગારી વેતન મળે છે, મજૂરોને શેના આધારે વેતન અપાય છે, મજૂરોને રાત્રિ દિવસના એક જ ધોરણ મુજબ વેતન ચૂકવાય છે કે નહીં, મજૂરોની વેતન ઉપરાંત અન્ય નાણાં ચૂકવાય છે કે નહીં, માંદગીના સમયે વેતન કપાય છે કે નહીં તથા તેમના આ વેતન માંથી તેઓ પોતાની આર્થિક સુખ સુવિધાઓ મેળવી શકે છે કે નહીં, જેમકે સાયકલ, મોટર બાઇક, મોબાઇલ, વીજળી, રહેઠાણની સુવિધા વગેરે જેવી બાબતો દ્વારા તેમની આર્થિક પરિસ્થિતીનો ખ્યાલ લેવાય છે.

આથી, મજૂરોને પ્રાપ્ત થતાં વેતન માંથી તેઓ કેવા પ્રકારની મિલકત ખરીદે છે, કેવા પ્રકારનું જીવન જીવે છે, આ વેતન માંથી તેઓની આર્થિક પરિસ્થિતિ કેવી છે અને કેટલો સુધારો થયો છે તેની સમજૂતી પ્રાપ્ત થાય છે.

**સારાંશ**

પ્રસ્તુત પ્રકરણમાં મજૂરોની પાસે રૂબરૂ મુલાકાત યોજીને પ્રશ્નાવલી દ્વારા માહિતી મેળવામાં આવેલ છે. આ પ્રાથમિક માહિતી પરથી માહિતીનું SPSS સોફ્ટવેર દ્વારા કાઈવર્ગ, સહસબંધ જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓથી અર્થઘટન કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

ISBN-978-81-973071-9-5
First Edition

# પ્રકરણ-૭ અભ્યાસના તારણો, સૂચનો અને મર્યાદાઓ

## પ્રસ્તાવના

પ્રસ્તુત અભ્યાસમાં સમગ્ર સંશોધન અભ્યાસના તારણો, સૂચનો અને તેની કેટલીક મર્યાદાઓની રજૂઆત કરવામાં આવેલ છે. આ સંશોધન અભ્યાસના કેટલાક હેતુઓ સિદ્ધ કરવામાં આવ્યા છે જેના પરથી તેની પરિકલ્પનાઓ પણ રજુ કરીને તે સ્વીકાર્ય છે કે અસ્વીકાર્ય તેની વાસ્તવિકતા રજુ કરાઈ છે. તે અંગેના અભ્યાસ પરથી કેટલાક તારણો, સૂચનો અને મર્યાદાઓની રજૂઆત મહેસાણા જિલ્લામાં કોટન જીનીંગ પ્રેસિંગ એકમોમાં કામ કરતા મજૂરોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિમાં વિશ્લેષણ કરાયું છે.

## અભ્યાસના તારણો

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોની આર્થિક અને સામાજિક સ્થિતિનો અભ્યાસ કરવામાં આવેલ છે જેમાં મજૂરોની વ્યક્તિગત માહિતી, કૌટુંબિક માહિતી, શૈક્ષણિક માહિતી, સામાજિક માહિતી, આર્થિક માહિતી, આરોગ્યલક્ષી માહિતી, ઉદ્યોગ સબંધિત માહિતી અને વેતન સંબધિત માહિતીઓને આઠ વિભાગમાં વર્ગીકૃત કરેલ છે.

## વ્યક્તિગત માહિતી

મજૂરોની વ્યક્તિગત માહિતીમાં મજૂરોની ઉંમર, મજુરોની કેટેગરી, તેમનો ધર્મ, જાતિ, ભાષા તેમજ મજુરોના મૂળવતન જેવી માહિતીઓનો અભ્યાસ કરવામાં આવેલ છે. મજૂરોની ઉંમર દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા ૧૮ થી ૨૭ની નાની ઉંમરના મજૂરો સૌથી વધુ જોવા મળે છે કારણ કે નાની ઉંમર ધરાવતા મજુરોની કામ કરવાની ક્ષમતા વધુ હોય છે. મજૂરોની જાતિ દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાં સ્ત્રી મજૂરોની સરખામણીમાં પુરુષ મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે કારણકે સ્ત્રી મજુરો પુરુષ મજુરોની સરખામણીમાં ઓછું સ્થળાંતર કરે છે. મજૂરોનાં ધર્મ દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાં બીજા ધર્મના મજુરો કરતા હિન્દુ ધર્મનાં મજુરો સૌથી વધુ જોવા મળે છે. મજૂરોની કેટેગરી (જ્ઞાતિ) દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાં સામાન્ય, અન્ય પછાતવર્ગ, અનુસૂચિત જનજાતિ અને અનુસુચિત જ્ઞાતિના મજુરોમાંથી અનુસુચિત જનજાતિના વર્ગના મજુરોની સંખ્યા વધુ જોવા મળે છે. મજૂરોની માતૃભાષા દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરો અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરતા હોવાથી મજુરોની માતૃભાષા ગુજરાતી ભાષાની તુલનામાં હિન્દી માતૃભાષા ધરાવનાર મજૂરોની સંખ્યા ૩૩૪ જેટલી વધુ જોવા મળે છે. મજુરોના મુળવતન દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજુરો ઉત્તરપ્રદેશમાંથી સ્થળાંતર મજૂરોની સંખ્યા ૨૧૯ વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મોટાભાગના મજુરો રોજગારી

પ્રાપ્ત કરવા મુળવતનમાંથી સ્થળાંતર કરે છે. આંકડાકીય માહિતીના વિશ્લેષણ પરથી પ્રાપ્ત થયેલ માહિતીના તારણોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ ઉત્તરદાતાનો અભ્યાસ કરવામાં આવેલ છે. કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં ૧૮ થી ૨૭ ઉંમરના ૨૫૯ મજૂરોની સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૮.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે ૨૮ થી ૩૭ની ઉંમર ધરાવતા મજૂરોની ૧૮૦ સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૦.૯% જેટલુ જોવા મળે છે. તથા ૩૮ થી ૪૭ ની ઉંમર ધરાવતા મજુરોની સંખ્યા ૦૧ (૦.૨%) જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા નાની ૧૮ થી ૨૭ની ઉમરના મજુરો વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં સ્ત્રી મજુરોની સંખ્યા ૭૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૬.૪% જેટલુ નીચું જોવા મળે છે. જ્યારે પુરુષ મજૂરોની સંખ્યા ૩૬૮ સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૩.૬% જેટલુ ઊંચું જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે સ્ત્રી મજુરોને કોટન જીનીંગ-પ્રેસિંગ ક્ષેત્રે ઓછું મહત્વ આપવામાં આવે છે. આમ, સરેરાશ રીતે પુરુષ મજૂરોનું પ્રમાણ ૮૩.૬% વધુ અને સ્ત્રી મજૂરોનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં હિન્દુ મજુરોની સંખ્યા ૩૭૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૪.૧% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે મુસ્લિમ મજુરોની સંખ્યા ૬૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૪.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે શીખ મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલું જોવા મળે છે. પારસી મજુરોની સંખ્યા ૦૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૭% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે હિન્દુ મજુરોની સંખ્યા ૩૭૦ વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં અનુસુચિત જાતિ મજુરોની સંખ્યા ૧૫૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૫.૭% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે અનુસુચિત જનજાતિ મજુરોની સંખ્યા ૧૯૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૫.૨% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે બક્ષીપંચ મજુરોની સંખ્યા ૮૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૮.૯% જેટલું જોવા મળે છે. જનરલ મજુરોની સંખ્યા ૦૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે અનુસુચિત જનજાતિના મજૂરોની સંખ્યા ૧૯૯ જેટલી આ રોજગારી ક્ષેત્રે વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં ૪૪૦ મજુરોમાંથી હિન્દી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૩૩૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭૫.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે મરાઠી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૫૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૧.૪% જોવા મળે છે. જ્યારે મારવાડી માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૫૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૫% જેટલું જોવા મળે છે. અન્ય માતૃભાષા બોલનાર મજુરોની સંખ્યા ૦૧ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૨%

જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરો અન્ય રાજ્યમાંથી સ્થળાંતર કરતા હોવાથી તેઓની માતૃભાષા ગુજરાતી ભાષાની તુલનામાં હિન્દી માતૃભાષા ધરાવનાર મજૂરોની સંખ્યા ૩૩૪ જેટલી આ ક્ષેત્રે વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં ૪૪૦ મજુરોમાંથી પરણિત મજુરોની સંખ્યા ૩૭૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૮૫.૦% જેટલુ જોવા મળે છે. જ્યારે અપરણિત મજુરોની સંખ્યા ૬૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૬% જોવા મળે છે. જ્યારે વિધુર મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલું જોવા મળે છે. છુટાછેડા મજુરોની સંખ્યા ૦૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૯% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે જાણી શકાય છે કે પરણિત મજૂરોની સંખ્યા ૩૭૪ વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં મહારાષ્ટ્રમાંથી ૮૮ મજૂરોની સંખ્યા જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૯.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ઉત્તરપ્રદેશમાંથી મજુરોની સંખ્યા ૨૧૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૯.૮% જોવા મળે છે. જ્યારે રાજસ્થાનના મજુરોની સંખ્યા ૮૯ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૦.૨% જેટલું જોવા મળે છે. બિહારનાં મજુરોની સંખ્યા ૪૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૦.૦% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે જાણી શકાય છે કે ઉત્તરપ્રદેશમાંથી સ્થળાંતર મજૂરોની સંખ્યા ૨૧૯ વધુ જોવા મળે છે. આથી કહી શકાય કે મોટાભાગના મજુરો રોજગારી પ્રાપ્ત કરવા મુળવતનમાંથી સ્થળાંતર કરે છે.

**કૌટુંબિક માહિતી**

મજૂરોની કૌટુંબિક માહિતીમાં મજુરોના કુટુંબનો પ્રકાર, મજૂરોની કુટુંબની સભ્ય સંખ્યા, મજુરોના કુટુંબની કમાવનાર સભ્ય સંખ્યા, મજુરોના કુટુંબની માસિક આવક તથા મજુરોના કુટુંબનો વપરાશી ખર્ચ વગેરે જેવી માહિતીનો આ વિભાગમાં સમાવેશ  કરાય છે. મજુરોના કુટુંબના પ્રકારની માહિતી પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ પ્રેસિંગ ફેક્ટરીમાં કામ કરતા મજુરોમાંથી મોટાભાગના મજૂરો સંયુક્ત કુટુંબમાં વસવાટ કરે છે કારણ કે સંયુક્ત કુટુંબમાં ઓછી રોજગારી મળતી હોવાથી પોતાનું ભરણપોષણ તેઓ સરળતાથી કરી શકે. મજુરોના કુટુંબની સભ્ય સંખ્યા પરથી તારણ નીકળે છે કે મોટાભાગના મજૂરો સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતા હોવાથી ૨૯૦ કુટુંબ એવા છે જેની સભ્ય સંખ્યા ૬ થી ૧૦ જેટલી વધુ જોવા મળે છે. કુટુંબની કમાવનાર સભ્ય સંખ્યાના વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે સંયુક્ત કુટુંબ વધુ જોવા મળતા હોવાથી તેમાં કમાવ નાની સભ્ય સંખ્યા પણ વધુ જોવા મળે છે  તેનું ટકાવારી પ્રમાણ ૬૯.૮% જેટલું વધુ જોવા મળે છે. મજૂરોની માસિક આવકના અભ્યાસ પરથી તારણ નીકળે છે કે કુલ ૪૪૦ મજુરો માંથી ૧૮૮ મજૂરોની માસિક આવક ૨૦ હજારથી ૩૦ હજાર રૂપિયા સૌથી વધુ જોવા મળે છે. કુટુંબના વપરાતી ખર્ચની માહિતી પરથી તારણ નીકળે છે કે સંયુક્ત કુટુંબ હોવાથી તેઓનો વપરાશી ખર્ચ તેમની

ISBN-978-81-973071-9-5
First Edition

આવક  કરતા ઓછો જોવા મળે છે જેના લીધે તેઓ માસિક બચત પણ કરી શકે છે. આંકડાકીય માહિતીના વિશ્લેષણ પરથી પ્રાપ્ત થયેલ માહિતીના તારણોનું વર્ગીકરણ નીચે મુજબ છે

આ અભ્યાસમાં મજુરોના કુંટુંબનાં સભ્યો સંયુકત કે વિભક્ત કુંટુંબમાં વસવાટ કરે છે. કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા ૪૦૬ મજુરો એવા છે જે સંયુકત કુંટુંબમાં વસવાટ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૯૨.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૩૪ મજુરો એવા છે જે વિભકત કુંટુંબમાં વસવાટ કરે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૭ % જેટલુ જોવા મળે છે. આમ આ માહિતી પરથી જાણવા મળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ક્ષેત્રે ઓછા સમય માટે રોજગારી મળતી હોવાથી મોટાભાગના મજુરો સંયુકત કુંટુંબને વધુ મહત્વ આપે છે. આમ, સરેરાશ રીતે સંયુકત કુટુંબનું પ્રમાણ  ૯૨.૩% જેટલું વધુ અને વિભકત કુટુંબનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કુલ મજૂરોનાં કુટુંબની સભ્ય સંખ્યા ૦ થી ૫ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૯૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૧.૮% જેટલુ જોવા મળે છે. જયારે મજૂરોનાં કુટુંબની સભ્ય સંખ્યા ૬ થી ૧૦ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૨૯૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૫.૯% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે કુટુંબની સભ્ય સંખ્યા ૧૧ થી વધુની હોય તેવા મજૂરોની સંખ્યા ૫૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૨.૩% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોનાં કુટુંબની સભ્ય સંખ્યા ૬ થી ૧૦ સુધીની જોવા મળે છે.

આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કુલ મજૂરોનાં કુટુંબની કમાવનાર સભ્ય સંખ્યા ૦ થી ૧ની હોય તેવા મજૂરોની સંખ્યા ૭૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૬.૬% જેટલુ જોવા મળે છે. જયારે કમાવનાર કુટુંબની સભ્ય સંખ્યા ૨ થી ૩ ની હોય તેવા મજૂરોની સંખ્યા ૩૦૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૬૯.૮% જેટલુ ઊંચું જોવા મળે છે. જ્યારે કુટુંબની સભ્ય સંખ્યા ૪ થી વધુની હોય તેવા મજૂરોની સંખ્યા ૬૦ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૭% જેટલુ જોવા મળે છે.  આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોનાં કુટુંબની સભ્ય સંખ્યા જેટલી વધુ હોય છે એટલાજ વધુ પ્રમાણમાં કમાવનારની સંખ્યા વધુ જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ મજુરોમાંથી ૩૨ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૦ થી ૧૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૫૧ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૪.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૮૮ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂ.ની જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૪૨.૭% જેટલુ જોવા મળે છે. ૬૯ મજૂરોનાં કુટુંબની મહીનાની કુલ આવક ૩૦૦૦૧ રૂ. તેથી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૭% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોનાં સંયુક્ત કુટુંબ હોવાથી મહિનાની કુલ આવક સરેરાશ રીતે ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ની  જોવા મળે છે.

ISBN-978-81-973071-9-5
First Edition

પ્રસ્તુત અભ્યાસની માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે કુલ ૪૪૦ મજુરોમાંથી ૫૯ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૦ થી ૧૦૦૦૦ રૂ.નો જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૩.૩% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૪૧ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ રૂ.નો જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૪.૮% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૧૫ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ રૂ. જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૬.૧% જેટલુ જોવા મળે છે. જ્યારે ૨૫ મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ ૩૦૦૦૧ રૂ. તેથી વધુ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫.૭% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજૂરોનાં કુટુંબના મહીનાનો કુલ ખર્ચ સરેરાશ રીતે ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ની  જોવા મળે છે. આથી કહી શકાય કે તેઓ બચત કરી શકે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ૧૦૦૦૦ થી ઓછી માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોનું ટકાવારી પ્રમાણ ૩૨ (૭.૩%) જેટલું સૌથી ઓછું જોવા મળેલ છે. ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોનું ટકાવારી પ્રમાણ ૧૮૮ (૪૨.૭%) જેટલું સૌથી વધુ જોવા મળેલ છે. જયારે ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ અને ૩૦૦૦૧ થી વધુ માસિક આવક મુજબ ખર્ચ ધરાવતા મજૂરોની અનુક્રમે સંખ્યા ૧૫૧ અને ૬૯ જેટલી ઓછી જોવા મળે છે. આથી કહી શકાય કે જેમ વધુ માસિક આવક તેમ વધુ ખર્ચ અને ઓછી આવક તેમ ઓછું ખર્ચ જોવા મળે છે.

**શૈક્ષણિક માહિતી**

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક માહિતીમાં મજૂરોની શૈક્ષણિક લાયકાત જાણવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ કુલ ૪૪૦ મજુરો માંથી ૨૧૬ જેટલા મજુરો શિક્ષિત અને ૨૨૪ જેટલા મજુરો અશિક્ષિત જોવા મળે છે. જેમાંથી ૧૭૫ જેટલા મજુરો મજૂરોએ પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ છે આથી આ અભ્યાસ પરથી તારણ નીકળે છે કે મજુરોના શિક્ષણ અને તેમના કામની કાર્યક્ષમતાને કોઈ જ સંબંધ નથી. આંકડાકીય માહિતીના વિશ્લેષણ પરથી પ્રાપ્ત થયેલ માહિતીના તારણોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસમાં કુલ ૪૪૦ મજૂરોમાંથી પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા ૧૭૫ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૩૯.૮% જેટલુ જોવા મળે છે. જયારે માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા ૩૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૭.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેવા મજૂરોની સંખ્યા માત્ર ૮ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧.૮% જેટલુ જોવા મળે છે. તેમજ અશિક્ષિત મજૂરોની સંખ્યા ૨૨૪ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૦.૯% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે કોટન જીનિંગ પ્રેસિંગ ક્ષેત્રે કામ કરતા મોટાભાગના મજુરો અશિક્ષિત અને પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરેલ જોવા મળે છે. આથી કહી શકાય છે કે મજુરોમાં ઓછું શિક્ષણ અને અશિક્ષિત હોવાથી મજુરીકામમાં જોડાયેલ જોવા મળે છે.

## સામાજિક માહિતી

મજૂરોની સામાજિક માહિતીમાં મજુરોની લગ્નની વયમર્યાદા, મજુરોના બાળકોની સંખ્યા, મજુરોની મિલકતનો પ્રકાર, મજૂરોની સામાજિક સ્થિતિ, મજૂરોને કેવા પ્રકારની મુશ્કેલીઓ જેવી વાગ્રેરે બાબતોનો સમાવેશ કરાય છે. મજુરોની લગ્નની વયમર્યાદાની માહિતીના વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાંથી ૧૬થી ૨૦ ઉંમરમાં લગ્ન કરનારની સંખ્યા ૨૩૭ જેટલી વધુ જોવા મળે છે આથી કહી શકાય કે મજુરોમાં સામાજિક વિકાસના લીધે પુખ્તવયની વયે લગ્ન કરનાર મજૂરોની સંખ્યા વધુ જોવા મળે છે. મજુરોના બાળકોની સંખ્યા દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાંથી બે બાળકો ધરાવતા મજૂરોની  સંખ્યા વધુ જોવા મળે છે કારણકે મજુરોમાં કુંટુંબનિયોજનની જાગૃતાનાં કારણોસર બાળકોની સંખ્યા વધુમાં વધુ ૨ જોવા મળે છે. આથી કહી શકાય કે મજૂરોમાં સામાજિક વિકાસની સાથે સામાજિક જીવન ધોરણ સુધરેલું જોવા મળે છે. મજુરો કેવા પ્રકારની મિલકત દર્શાવતા વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા મજૂરોમાં મકાનની મિલકત ધરાવનાર મજુરોની સંખ્યા ૩૨૭ સૌથી વધુ જોવા મળે છે એટલે કે મજૂરોની સ્થિતિ સારી છે. મજૂરોને પડતી મુશ્કેલીઓના વિશ્લેષણ પરથી તારણ નીકળે છે કે કોટન મજૂરોની ભાષા જુદી જોવા મળે છે. આંકડાકીય માહિતીના વિશ્લેષણ પર પ્રાપ્ત થયેલ માહિતીના તારણોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

પ્રસ્તુત અભ્યાસમાં કોટન જીનીંગ-પ્રેસિંગ ફેકટરીમાં કામ કરતા  મજુરોમાંથી ૧૫થી ઓછી ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૯૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૨૦.૯% જેટલુ જોવા મળે છે. જ્યારે ૧૬થી ૨૦ ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૨૩૭ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૫૩.૯% જોવા મળે છે. જ્યારે ૨૧થી ૨૫ ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૪૩ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૯.૮% જેટલું જોવા મળે છે. ૨૬થી વધુ ઉંમરમાં લગ્ન કરનાર મજુરોની સંખ્યા ૦૨ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૦૦.૫% જેટલુ જોવા મળે છે. જ્યારે અપરણિત મજુરોની સંખ્યા ૬૬ જોવા મળે છે જેનું ટકાવારી પ્રમાણ ૧૫.૦% જેટલુ જોવા મળે છે. આમ વિશ્લેષણના આધારે કહી શકાય કે મજુરોમાં સામાજિક વિકાસના લીધે પુખ્તવયની વયે લગ્ન કરનાર મજૂરોની સંખ્યા ક્ષેત્રે વધુ જોવા મળે છે.

